[૪]

મનોવિકાસ

તું શિક્ષિત છે એમ તો માની જ લીધું છે, પરંતુ સાથે સાથે એમ પણ માન્યું છે કે આજે શાળા-કોલેજમાં જે શિક્ષણ અપાય છે તેની જ તને પ્રાપ્તિ થઈ હશે. એ શિક્ષણ સામે મારે ગમે તેટલો સખત વિરોધ હોય તો યે જ્યાં બીજી કોઈ વ્યવસ્થા નથી ત્યાં એનો સ્વીકાર કરી લઈને જ આગળ વધવામાં ડહાપણ છે. આધુનિક શિક્ષણની જે ખામીઓ છે તેનું વિગતવાર વર્ણન કરવાનું આ સ્થળ નથી, પરંતુ એ ખામીઓ શી રીતે પૂરી લેવી તે આ પત્રમાં હું તને જણાવવા માગું છું. આધુનિક શિક્ષણમાંથી આપણા વિકાસ માટે પૂરેપૂરો લાભ ઉઠાવવો હોય તો શિક્ષણ ઉપરાંત કેટલુંક જ્ઞાન અને કેટલાક અનુભવો મેળવવાનો આપણો પ્રયત્ન હોવો જોઈએ.

પહેલી જરૂર બુદ્ધિ સાથે શરીર અને મનના વિકાસની છે. એ વિષે હું અગાઉ લખી ચૂક્યો છું એટલે અહીં એની ચર્ચા વિસ્તારથી નહિ કરું, માત્ર એટલું જ બતાવીશ કે મનુષ્ય શબ્દ આપણા કાને અથડાય છે ત્યારે આપણા મન સમક્ષ જે ચિત્ર ઊભું થાય છે તેનો આપણે વિચાર કરવો જોઈએ. મનુષ્ય બોલતાં આપણને માત્ર બુદ્ધિ નથી દેખાતી, માત્ર શરીર નથી દેખાતું, માત્ર લાગણીતત્ત્વો પણ નથી દેખાતાં, પરંતુ એ ત્રણેયનો જ્યાં મેળ છે તે જ દેખાય છે. મનુષ્યનો વિકાસ એમ આપણે બોલીએ ત્યારે પણ આપણને આ ત્રણેય તત્ત્વોનો વિકાસ એવો ખ્યાલ રહેવો જોઈએ.

આપણે શરીરના દાખલાથી જ આ વસ્તુનો વિચાર કરીએ. શરીર જેટલાં અંગોનું બનેલું છે તે તમામ અંગોનો એક સરખો જ વિકાસ

જો થયો હોય તો જ એ શરીર સુદૃઢ, સુંદર, સપ્રમાણ અને બળવાન હોઇ શકે. શરીરના બળનો આધાર પણ સર્વ અંગોના વિકાસ પર છે. એક અંગ સૂક્ષ્મ રીતે કે સ્થૂળ રીતે ખૂબ વિકસેલું હોય અને બીજું તદ્દન કંગાળ હોય તો એ દેહ સામે જોવું યે આપણને ન ગમે, કારણ કે એ નિર્બળ જ નહિ, કદરૂપ પણ હોય. એ જ રીતે માનવના શરીર, મન અને બુદ્ધિ વિષે છે. એ ત્રણેયનો એક સરખો અને એક સાથે જ વિકાસ થયો હોય તો માનવી આંતરબાહ્ય સુંદરતા અને બળ મેળવી શકે. આપણે જાણીએ છીએ કે જે પહેલવાનોએ કેવળ શરીર જ ખડક્યું હોય છે તેની સામે સૌ હસે છે. એ જ રીતે જેની લાગણીઓ મુલાયમ હોય, સ્વભાવમાં સરલતા હોય તે પણ મૂર્ખ કે ભોળો ગણાય છે અને હાસ્યપાત્ર બને છે, માત્ર જેઓ બુદ્ધિના પહેલવાન છે તેમની સામે કોઇ હસી શકતું નથી કારણ કે હસવાનું બુદ્ધિ દ્વારા જ સૂઝે છે અને એમાં તો એ બળવાન હોય છે એટલે એવાની પાસે માણસો ચૂપ રહે છે, પરંતુ એવો માણસ ઘડીકવાર આંજી નાખવાથી વિશેષ સ્થાન હૃદયમાં મેળવી શકતા નથી.

આજના શિક્ષણમાં આ ત્રણેય તત્ત્વોના વિકાસને સ્થાન નથી. જે થોડોઘણો વિકાસ થાય છે તે માત્ર બુદ્ધિનો જ, પરંતુ આ બાબતમાં આપણે ઊંડા પાણીમાં નહિ ઊતરીએ. કહેવા હું એટલું જ માગું છું કે તું જાતે જ આ ત્રણેય તત્ત્વોનું ચિંતન કરજે અને વિકાસ એકધારો થયા કરે તે વિષે લક્ષ આપજે. શરીરનો વિકાસ કરતી વખતે કેવળ પહેલવાન બનવાનું તો તને સૂઝવાનું જ નથી એટલે એ વિષે હું નિર્ભય છું. શરીરને ખડતલ, કાર્યક્ષમ, ચપળ અને હળવું બનાવજે. એમ કરવાથી તારી જ્ઞાનેંદ્રિયો પણ તેજસ્વી બનશે.

મનના વિકાસ માટે એટલું જ કહેવાનું છે કે માનવજીવનને સુંદર અને સુવાસિત બનાવનારા જે સદ્‌ગુણો છે એ કેળવજે. આ બાબતમાં

કેળવણીની જરૂર નથી એમ માનતી જ નહિ. આવી કેળવણી આત્મનિરીક્ષણથી, સારી મૈત્રીથી, એવા માણસોના સંસર્ગથી અને દરરોજ બીજાને માટે કંઈક કરવાની કાળજી રાખવાથી પ્રાપ્ત થાય છે. જ્યાં સંયુક્ત કુટુંબો સુવ્યવસ્થિત અને પ્રેમની ગાંઠે બંધાયેલાં હોય છે, જ્યાં વ્યક્તિમાં સામાજિક દૃષ્ટિ કેળવાયલી હોય છે, જ્યાં રાષ્ટ્રિય ભાવના જ્વલંત હોય છે ત્યાં આ કેળવણી કશા યે પ્રયત્ન વિના મળ્યા કરે છે. આપણાં દેશ અને સમાજમાં એ કેળવણીનો આરંભ થઈ ચૂક્યો છે. તું એ પ્રવાહમાં સામેલ થઈ જજે એટલું જ હું તો ઇચ્છું છું.

બૌદ્ધિક વિકાસ માટે મારે બહુ કહેવું નથી. મન અને બુદ્ધિ બનેના વિકાસ અંગે અહીં જે થોડીક સૂચનાઓ હું કરવા માગું છું તેમાં બુદ્ધિ અંગે પણ મારે જે કહેવુ છે તે કહેવાઈ જશે. હું જે કહીશ તે વર્તમાન યુગને લક્ષમાં રાખીને જ કહીશ.

સૌથી પહેલું હું વાચન અંગે કહેવા માગું છું. હું જોઈ રહ્યો છું કે વાચનનો શોખ વધતો જ જાય છે. મને એનો આનંદ છે. અફસોસ એટલો જ થાય છે કે કેમ અને શું વાંચવું તે બહુ જ ઓછા માણસો સમજતા હોય એમ દેખાય છે અને વાંચ્યા પછી શું? વાચન કેવળ આનંદ માટે પણ હોઇ શકે, પરંતુ એ આનંદ પણ બળ આપનાર તો હોવા જ જોઈએ. મનની કૂણી લાગણીઓને ગલગલીઆં કરાવતો કે પંપાળતો આનંદ બળ ન આપી શકે.

અને બધુ વાચન માત્ર આનંદ આપનાર પણ ન હોય. હોય તો એ આનંદ પણ શોખની ગરજ સારે. વાચન જ્ઞાનનો પ્રકાશ આપે જ. એ પ્રકાશ પ્રાપ્ત થયા પછી શું? જે જ્ઞાનમાંથી ક્રિયાની શક્તિ પેદા ન થાય તે જ્ઞાન ભાર રૂપ બને, કેવળ સમજને જ વિકસાવે. એથી ન તો પોતાનું ભલું થાય કે ન તો સમાજનું; એટલે દરેક જ્ઞાન ક્રિયામાં ઊતરવું જ જોઈએ. સાચા જ્ઞાનની કસોટી પણ એ જ છે.

આ દૃષ્ટિએ જોઈએ તો આરંભકાળમાં વાચન માટે માર્ગદર્શનની જરૂર રહે છે. નવલકથાઓ અને વાર્તાઓના વાચનનો હું વિરોધી નથી, કેમ હોઈ શકું ? કોણ નથી જાણતું કે માનવચિત્તને સંસ્કારવા માટે યુગયુગથી એ વાર્તાઓ જ મહત્ત્વનો ભાગ ભજવી રહી છે ! પુરાણોની કથાઓ જ નહિ, ઉપનિષદ્‌ની વાતો પણ શું છે ? પૃથ્વીના પટ ઉપર માનવ-ઉદ્ધારનો દાવો કરતો એકેય ધર્મ કે સંપ્રદાય એવો નથી કે જેણે જનસામાન્યની કેળવણી માટે વાર્તાનો આશ્રય ન લીધો હોય. વાર્તાની વિશેષતા એ છે કે એ બુદ્ધિને નહિ પણ હૃદયને સ્પર્શે છે. એનો જે સંદેશ હોય છે તે પણ સીધો ત્યાં જ પહોંચે છે અને તેથી જ એનું બળ પણ અમાપ હોય છે.

પરંતુ કદી ન ભૂલવું કે ચિત્તને અસર કરનારી એ સૂક્ષ્મ શક્તિ સારી અને ખરાબ બંને અસર ઉપજાવી શકે છે. આ માટે વાર્તાના વાચનમાં વિવેક હોવો જરૂરી છે. અને છતાં યે કેવળ વાર્તાથી ચાલી શકે જ નહિ. કેટલુંક જ્ઞાન એવું છે કે જે વાર્તા મારફત મળી જ ન શકે. એ માટે તો જેને ગંભીર અથવા ચિંતનાત્મક કહે છે તેવું સાહિત્ય વાંચવું આવશ્યક છે. તારે જો જ્ઞાનના ભંડારમાં પ્રવેશ કરવો હોય તો ઓછામાં ઓછું આટલી ભાષાઓનું સામાન્ય જ્ઞાન તારે મેળવી લેવું જોઈએ : માતૃભાષા ગુજરાતી, કારણ કે એ જ તારા વિચારની ભાષા છે. કદાચ એ ભાષામાં જ તારું જીવનક્ષેત્ર અને કાર્યક્ષેત્ર રહેવાનું છે. આ ભાષાને તો તારે જ્ઞાનયુક્ત થઈને ખીલવવાની પણ છે. છેલ્લા પચીસ વર્ષમાં આ ભાષાનું તેજ ખૂબ વધ્યું છે. પિતૃભાષા સંસ્કૃત, જેમાંથી હિંદની ઘણી ખરી ભાષાઓને જન્મ થયો છે અને આજે એનો વિકાસ અટકી ગયો છે છતાં જગત્‌સાહિત્યમાં હજી યે એનું મસ્તક ઉન્નત છે. ભારતીય ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં રસ લેવા માટે તો એ ભાષાનું જ્ઞાન મેળવ્યા વિના છૂટકો નથી. રાષ્ટ્રભાષા હિંદી, એ વિષે મને લાગે છે કે હજી યે દલીલને

એટલે યુવાનીના ઉંબરમાં પગ પડે કે તુરત જ ચેતી જજો. મૈત્રીઓ રચાય ત્યારે પણ જાગ્રત રહેજો. કદી હીન બની જતાં નહિ. કોઈથી અંજાઈ જતાં નહિ. નવા યુગના ભભકામાં તમારા આદર્શને વીસરી જતાં નહિ. યુવાનોની શેહમાં કોઈ દિવસ આવી જતાં નહિ. લગ્ન વિષે તમારા મનને જરા મજબૂત બનાવી લેજો. સમાજમાં આજે તમારી દશા બહુ બૂરી છે. માતાપિતા તમને 'સાપનો ભારો' માને છે, તમને બીજાના હાથમાં સોંપી નિશ્ચિંત બની જવા માટે તલસતાં હોય છે. તમે એ પણ જાણતાં હશો કે તમને જે કેળવણી, જે સંસ્કાર, જે લલિત કલાઓનું જ્ઞાન આપવામાં આવે છે તેની પાછળ પણ માતાપિતાની દૃષ્ટિ તમારો વિકાસ સાધવાની નહિ, પણ તમને લગ્નને યોગ્ય બનાવવાની છે. આ યોગ્યતાનો મર્મ પણ સમજી લેજો. એનો બીજો કશો અર્થ નથી. લગ્નના બજારમાં તમારી કિંમત વધારવાના જ આ બધા પ્રયત્નો છે.

તમે જાણો છો કે એક બાજુ યુવકોનાં ટોળાં તમારી આસપાસ ભમતાં હોય છે અને બીજી બાજુ તમને યોગ્ય જીવનસાથી મળવાની મુશ્કેલી હોય છે. સમજી જજો તમારી આ પામર અવસ્થાને અને એમાંથી છૂટવાનો પ્રયત્ન કરજો. માતાપિતાને તમારી વાણીથી નહિ પરંતુ વર્તનથી, શક્તિથી, સદ્‌ગુણથી ખાતરી કરાવી દેજો કે તમે 'સાપનો ભારો' નથી. સામાન્ય બોજો પણ નથી; તમે એમને ટેકો આપી શકો એવાં સંતાન છો અને લગ્નના સવાલમાં 'હાય રે, શું થશે?' એવી ભાવના કદી સેવતાં જ નહિ. ગમે ત્યાં જોડાઈ જવાનો પ્રયાસ પણ ન કરજો. આકર્ષવાનું હલકું કૃત્ય તો તમને કદી સૂઝવું જ ન જોઈએ.

જો લગ્ન પહેલાં આવું સ્વત્વ અને સ્વમાન તમે જાળવી શકશો તો લગ્ન પછી સમાનતાની આશા રાખી શકશો. જો કે ત્યારે પણ તમારે પ્રગટવું તો પડશે, પરંતુ ખાતરી રાખજો કે તમે જો સાચા રાહ પર હશો, વિનય અને પ્રેમ અખંડ હશે તો અંતે તમે જીતશો જ.

તમારો જીવનસાથી તમારા આત્મા જેવા આદર્શોને છૂંદી શકશે નહિ, પરંતુ તમે જ આરામમાં, શોખમાં, મોજમાં લપટાઈ જશો તો તમને કોઈ કરતાં કોઈ બચાવી શકશે નહિ. એ પછી તમે તમારા પતિને દોષ આપી જુઠ્ઠો આત્મસંતોષ ન લેતાં.

હું સુકન્યાની વિદાય લઉં, છેલ્લે એટલું જ કહીને કે તેં ક્રાંતિની મશાલ જે પ્રગટાવી છે તો જીવનના અંત સુધી એને નીચે પડવા દઈશ મા. યાદ રાખજે કે આ મશાલને પ્રજ્વલિત રાખવા માટે તારે તારું પોતાનું જ લોહી, એટલે કે તારાં દુન્યવી સુખો, સ્વાર્થો, સગવડો, આરામ એ બધું એમાં રેડવાનું છે. વિશ્વાસ રાખજે કે જો તું એ બધું જ્ઞાનપૂર્વક કરશે તો એનો આનંદ પણ અદ્ભુત હશે અને મશાલનું અજવાળું માત્ર તને જ નહિ, તારી કરોડો બહેનોનો પંથ ઉજાળતું હશે. હું તો એટલું જ કહું કે એ કલ્યાણ માર્ગે તારું પ્રયાણ સુખરૂપ હો. તારા શુભ માર્ગમાં દેવોના આશીર્વાદ વરસો. તમારી પવિત્ર મનોકામના સદાસર્વદા પૂર્ણ હો!

★

નણંદબા

★



[૧]

ધીમું ઝેર

વહાલાં નણંદબા,

પરણીને તમારા ભાઈને ત્યાં આવી, નહોતી ત્યારથી તમને 'વહાલાં નણંદબા' કહીને કાગળ લખું છું. મારું સગપણ થયું ત્યારે તમારા ભાઈ કરતાં તો તમને જ હું વિશેષ ઓળખતી હતી. તમારાં બા અને તમે મને જોવા માટે ભાવનગર આવેલાં જ્યારે હું યે તમારી આંખોમાં મારા વિષેનો અભિપ્રાય વાંચવા અને તમારા મનને ઓળખવા મથી રહી હતી. કંઈકેટલી આશાઓ ત્યારે મારા મનમાં જન્મી હતી! તમે મને હસીને પાસે બોલાવી ત્યારે મારી મોટી બહેન માટે કોઈ દિવસ નહોતી થઈ એટલી હેતની લાગણી તમારા માટે મને થઈ આવી હતી. જેવાં તમે હતાં તેવાં જ તમારાં બા હતાં અને સાથે તમારો તેર વરસનો નાનો ભાઈ,

જે મારો લાડકો દિયરીઓ બનવાનો હતો તે પણ મારી સામે પ્રેમ અને મુગ્ધતાના ભાવથી જોઈ રહ્યો હતો.

મારી પાસે બોલવાની ભાષા નહોતી અને ભગવાન પાસેય હું પ્રાર્થના કરવાનું ભૂલી ગઈ હતી. પરંતુ મારું રોમેરોમ કોઈ અજાણ્યુ ભાષામાં પોકારી રહ્યું હતું કે તમે ને તમારાં બા સંતોષ પામો તો કેવું સારું!

અને થયું પણ એવું જ. તમારા આંખના પલકારા ઉપરથી તમારાં બાએ માથું હલાવ્યું અને મારાં બા સમજી ગયાં. ઘડીક-વારમાં તો તમે મારાં નણંદ બની ગયાં. પ્રતાપભાઈ હજી યે મારી સામે ટાંપી રહ્યા હતા. હું યે સ્નેહભરી આંખે નાના દિયરની મુખ-રેખાઓ જોઈ રહી.

આજે એ વાતને સાડા સાત વર્ષ વીતી ગયાં છે. તમે છૂટાં પડયાં તેનાં બીજા દિવસે જ 'વહાલાં નણંદબા' કહીને મેં તમને એક કાગળ લખ્યો હતો તે પછી તો કેટલા યે કાગળ મેં તમને લખ્યા હશે. બધા કાગળોમાં સંબોધન એક જ પ્રકારનું મેં વાપર્યું છે. પરંતુ, તમે ય જાણો છો અને હું યે જાણું છું કે એ શબ્દો જે લાગણીમાંથી પહેલે દિવસે પ્રગટ્યા હતા તે લાગણી હવે રહી નથી. જ્યાંથી એ સ્નેહનું ઝરણું ફૂટેલું તે સ્થળ તો હવે ગંધાઈ અને કોહાઈ ગયું છે. છેલ્લા સાત વરસમાં કેટલો બધો કચરો અને કેટલી બધી ગંદકી ત્યાં એકઠી થઈ છે! હું જાણું છું કે મારું નામ હવે તમને ગમતું નથી અને સાચું પૂછો તો તમારા નામની યે હવે મને સૂગ જ ઊપજે છે. તમને હું કાગળો તો અવારનવાર લખું છું અને અહીં મુંબઈ આવી જવાનું આમંત્રણ પણ મોકલાવું છું. પરંતુ એ તો તમારા ભાઈને રાજી રાખવાનું અને કુટુંબનો વ્યવહાર સાચવવાનું માત્ર બહાનું છે. મારા અંતરની લાગણી તો એ છે કે જેટલા દિવસ, મહિના કે વર્ષો મારે આ દુનિયામાં રહેવાનું હોય તેટલા સમય સુધી તમે મારી આંખ આગળ આવો જ નહિ.

તરફથી સૂચન આવે ત્યારે એ કલ્પના સાથે એ વ્યક્તિનો કેટલે અંશે મેળ બેસે છે તે જોજો અને પછી આખરી નિર્ણય ઉપર આવજો.

હું અત્યારથી જ કહી દઉં છું કે તમારી કલ્પનાના સોએ સો ટકા આ જગતમાં મળશે જ નહિ. કારણ કે જગતની રચના કરનાર તમે નથી. તેમ જે નિયમથી આ સૃષ્ટિ ચાલે છે તેમાં પણ એવું સર્વસંપૂર્ણ કશું મળતું જ નથી. એટલે તમારે સમાધાન તો કરવું જ પડશે; પરંતુ સમાધાન શબ્દનો અર્થ બરાબર સમજજો. સમાધાન અને શરણાગતિ વચ્ચેનો ભેદ કદી ભૂલતાં નહિ. સમાધાન એને જ કહી શકાય જેમાં આપણી વાત કે વિચારનો તત્ત્વતઃ સ્વીકાર થયો હોય એટલે કે તમારી કલ્પનાને લગભગ પહોંચી શકે એવું પાત્ર મળે તો તમારે મેળવી લેવું જોઈએ. કલ્પનાથી વિપરીત દેખાય તો એ તરફ વિચાર જ ન કરવો જોઈએ.

આ વિષે વિસ્તારથી લખું તો પાર આવે તેમ નથી. કારણ કે હું જોઈ રહ્યો છું કે આવી કલ્પના બહુ જ ઓછી કન્યાઓએ પોતાના વિચારોની શાન્ત ક્ષણોમાં કરી રાખી હોય છે. મોટા ભાગની કન્યાઓ પ્રવાહમાં જ ઘસડાય છે. કેટલીકને માતાપિતા ઠેકાણે પાડી દે છે. કેટલીક મૈત્રીઓની મર્યાદાઓ સમજતી નથી અને તેમાં અટવાઈ પડે છે. કેટલીક ધન, વિદ્યા કે બીજી ચાતુરીથી અંજાઈ જાય છે. શાન્ત વિચારણા જાણે ક્યાંય દેખાતી જ નથી !

લગ્નના જટિલ પ્રશ્ન વિષે હું આથી વધુ નહિ લખું. એ સવાલનો જે સુયોગ્ય જવાબ ચાહતું હોય તેને હું કહું છું કે બધા જ દૃષ્ટિકોણથી તમારા જીવનસાથીને જોઈ લેજો. કેવળ હૃદયના ખેંચાણને વશ થતાં નહિ, કારણ કે ઘણી વાર નબળું હૃદય ગમે તે બાજુ ખેંચાઈ જાય છે. તેમ જ બુદ્ધિના નિર્ણયને વશ થતાં નહિ. કારણ કે માનવચિત્તને પારખવામાં એ ઘણી ય વાર ગોથું ખાય છે. હૃદય અને બુદ્ધિ એક

સાથે જ જો સંમતિ નોંધાવે તો તમારા નિર્ણયમાં ઓછામાં ઓછી ભૂલનો સંભવ છે એમ હું માનું છું. એ બંને એકમેકનો વિરોધ કરતાં કરતાં તમારી સમક્ષ એક સત્યને ખડું કરી દેશે એવી મારી ધારણા છે.

આમ છતાં લગ્નજીવન સરળ અને સુખમય જ વીતશે એવા ભરોસે કદી લગ્નની સાધના ભૂલી જતાં નહિ. આ સાધના વિષે હું સુકન્યાને કશું લખીશ નહિ. કારણ કે મારી નજર સામે તો આ પત્ર લખતાં કન્યાની જ મૂર્તિ રહી છે. નવવધૂને ઉદ્દેશીને જ્યારે પત્ર લખીશ ત્યારે પરિણીત જીવન વિષે મારે જે કહેવું હશે તે હું અવશ્ય કહીશ. અત્યારે તો એના જ જે સ્વતંત્ર પ્રશ્નો છે તે વિષે મારું કહેવાનું પૂરું કરી હું વિદાય લઈશ.

એક વસ્તુ તરફ હું ગંભીર ભાવે તારું ધ્યાન ખેંચવા માગું છું. લગ્નનો કે જીવનનો કોઈ પણ સવાલ વિચારતી વખતે તારા આખરી વિકાસની તેં શી કલ્પના કરી રાખી છે એ વિષે તારા અંતરાત્માને તું અવશ્ય પૂછજે. આજે શિક્ષિત કન્યાઓમાં આ કલ્પના અતિશય વિકૃત સ્વરૂપમાં વસેલી છે એમ હું જોઈ રહ્યો છું. કન્યા ભૂલી જ જાય છે કે પોતે બીજું બધું પછી છે. પ્રથમ સ્ત્રી છે. હજારો વર્ષોથી એ પુરુષને આધીન રહી છે, પોતાની તમામ ઇચ્છાઓ એણે સ્વતંત્ર અધિકારથી નહિ, પણ પુરુષને ખુશ કરીને જ સંતોષી છે. કેટલાક દાખલાઓમાં એણે નીચ ગુલામીનું પણ સેવન કર્યું છે. પુરુષે એને લગભગ પશુ બનાવી મૂકી હોય એવું પણ બન્યું છે. આ બધાને પરિણામે આજની કન્યાઓમાં એક બાજુ પુરુષો સામે રોષ પ્રગટ્યો છે અને બીજી બાજુ એ જ એનો આદર્શ બની ગયો છે. એને એમ જ લાગે છે કે પોતે પુરુષ જેવી બની શકે તો એણે પૂરો વિકાસ સાધી લીધો ગણાય.

આનું પરિણામ બહુ જ માઠું આવી રહ્યું છે. મારા મત પ્રમાણે આજની સ્ત્રી પુરુષનું અંધ અનુકરણ કરીને પોતાની ગુલામીને વધુ દૃઢ બનાવી રહી છે. ફેર એટલો પડ્યો છે કે પેલી ગુલામી સ્થૂળ હતી અને આ નવી ગુલામી સૂક્ષ્મ છે, પણ સૂક્ષ્મ ગુલામી હંમેશાં વધુ ભયાનક હોય છે.

આનો અર્થ એવો નથી કે પુરુષ આજે જે ક્ષેત્રોમાં પ્રવૃત્તિ કરી રહ્યો છે તે ક્ષેત્રોમાં સ્ત્રીને પ્રવેશવાનો હક્ક નથી. અર્થ એટલો જ છે કે સ્ત્રીએ પોતાની પ્રકૃતિ, કુદરતે જ આપેલી મર્યાદા અને અનેક આઘાતો સામે પણ હજી યે જે સદ્‌ગુણો સાચવી રાખ્યા છે એ બધું લક્ષમાં રાખીને પોતાનું કાર્યક્ષેત્ર નક્કી કરવું. એણે માતા બનવાનું છે, તે કદી ભુલાવું જ ન જોઇએ. બાળકના ઉછેર અને શિક્ષણનો ભાર ઉપાડવાની તૈયારી પણ એણે કરી રાખવી જોઇએ. પુરુષની નકલ કરવાને બદલે દરેક કાર્યને પોતાની શક્તિ અને પ્રકૃતિની દૃષ્ટિએ જ તપાસવું જોઈએ. પુરુષ જો ઉચ્છૃંખલ, ઉદ્ધત અને જુલમી બન્યો છે તો તેણે પણ એ જ માર્ગે જવું, એમાં આખા સમાજનું અધઃપતન છે. પુરુષોનાં પાપો સ્વીકારીને એ કદી સ્વતંત્ર કે સમાન સ્થાન પ્રાપ્ત કરી શકે નહિ.

સમાનતા અને સ્વતંત્રતાનો મર્મ એવી સ્થિતિ માટે મથનારે સમજી લેવો જોઇએ. સ્વતંત્રતા એટલા માટે ઇચ્છવી જોઇએ કે જેથી પોતાનો પૂર્ણ વિકાસ થઈ શકે. કુદરતે જે શક્તિઓનાં બીજ મૂક્યાં હોય તેને કોઈ બાળી ન નાખે, ઉખેડી ન નાખે. સમાનતા માટે એક જ પ્રકારના કાર્યની જરૂર નથી. સમાનતાનો અર્થ સ્વમાન, પ્રતિષ્ઠા અને વ્યક્તિત્વના સરખા જ સ્વીકારનો છે. સ્ત્રીએ એવો પ્રયત્ન કરવો જોઈએ એ પણ સમાજનું પુરુષના જેટલું જ અને જેવું જ પ્રતિષ્ઠાપાત્ર અંગ છે એમ એ સાબિત કરી શકે. આવી સ્વતંત્રતા અને સમાનતા મેળવવા માટે પ્રિયજનોનો રોષ વહોરવો

પડે કે જીવનભર દુઃખો સહેવાં પડે તો યે સ્ત્રીઓએ તૈયાર રહેવું જોઈએ.

આ પત્ર પૂરો કરતાં પહેલાં સુકન્યાને મારે કહેવું છે એટલું જ કે તું કોણ છે તે કદી ભૂલતી નહિ. તું શું થવાની છે તેનું પણ સ્મરણ રાખજે. કન્યામાંથી પત્ની અને પત્નીમાંથી તું માતા બનવાની છે. આ બધું લક્ષમાં રાખીને એ માટેનું જ્ઞાન અને તાલીમ તું મેળવી લેજે, પરંતુ એક ક્ષણ માટે પણ ભૂલતી નહિ કે તું, તારો આખો કન્યાસમાજ, સ્ત્રીસમાજ, માતૃસમાજ આજે પતન પામેલો છે. તમારી ગણતરી આજે દલિત વર્ગમાં થાય છે. તમે કચરાઓમાં છૂંદાયેલાં જંતુ જેવાં છો. એમાંથી તમારે ઊડવાનું છે અને મનુષ્ય બનવાનું છે. આ જ તમારું જીવનકાર્ય અને આ જ હોવું જોઈએ તમારા જીવનનું આખરી ધ્યેય.

આ પત્રમાં દેશ અને સમાજના ઉદ્ધારની વાત મેં કરી છે. બીજું પણ ઘણું ઘણું કહ્યું છે, પરંતુ એક વાત અત્યંત ભારપૂર્વક કહેવા ઇચ્છું છું કે જો તમે તમારો અને તમારી જાતિનો ઉદ્ધાર કરવા પાછળ જ જીવન ખર્ચી નાખશો તો સમસ્ત સમાજનો અને દેશનો ઉદ્ધાર અવશ્ય થશે કારણ કે દેશ અને સમાજનું અર્ધું અને અતિ મહત્ત્વનું અંગ તો તમે જ છો.

હું જાણું છું, ફરી ફરીને કહું છું ને જાણું છું કે તમે આજે એવાં સ્વપ્નાંઓ સેવો છો. તમારી આંખમાં એવો ચમકાર પણ હું વાંચું છું, તમારું હૈયું પણ અજબ થનગનાટ અનુભવે છે. તમે આશા સેવો છો કે જિંદગીમાં કંઈક મહાન, કંઈક નવું, કંઈક ચમત્કારિક તમે કરી જશો. પરંતુ મેં તમને એક ભયસ્થાન બતાવી દીધું છે. તમારી સર્વ કલ્પનાઓ ત્યાં આવતાં જ સંકેલાઈ જાય છે. આ ભયસ્થાનને ભૂલશો નહિ. એ વિષે બેદરકાર પણ બનશો નહિ. તમારું સ્વત્વ તમે જાળવશો તો સેવેલાં સ્વપ્નો અવશ્ય પાર પડશે.

પણ શું કરું ? જે મનમાં છે તે બહાર કાઢવાની હિંમત આવતી નથી. ઉકળાટમાં ક્યારેક જેમતેમ બોલી નાંખું છું અને તેના પરિણામે તમારા ભાઈનો રોષ અને અણગમો વહોરી લઉં છું. પરંતુ એમાં યે મારી લાગણી એના પૂર્ણ રૂપમાં તો કોઈ દિવસ પ્રગટ થતી જ નથી. જે મનમાં છે તે દિવસે દિવસ વધતું જ જાય છે. હું જાણું છું કે હવે તો તમારા તરફનો મારો અણગમો છાનું ઝેર હોય એવો થઈ ગયો છે અને ઝેરનો સંગ્રહ તો કોઈએ કરવો જ ન જોઈએ, પરંતુ મારામાં આ ઝેરને બહાર કાઢવાની હિંમત આવતી જ નથી.

અત્યારે હું જે લખી રહી છું તે બધું તમને મોકલવાનું હોય, વંચાવવાનું હોય એમ ધારી લઈને જ લખું છું. પરંતુ મને ખાતરી છે કે કાં તો હું પોતે જ આ કાગળો ફાડી નાખીશ અથવા મારા ઘરેણાંની ટ્રંકમાં છાનામાના રાખી મૂકીશ. હું જીવતી રહીશ ત્યાં સુધી ફરી ફરીને આ વાંચીશ અને મારા મનને હલકું કરીશ.

અને આ લખું છું પણ એટલા જ સારુ : કોઈ રીતે મનનું ઝેર બહાર નીકળી જાય તો મારા જીવને નિરાંત થાય. તમારા ભાઈ વડોદરા ગયા છે. વળતી ફેરા સૂરત ઊતરીને તમને જરૂર મળવા માટે આવશે. તમે એમના કાનમાં ઝેર રેડવામાં કાંઈ બાકી નહિ રાખો. આઠ દશ દિવસે એ ઘેર આવશે ત્યારે થોડાક દિવસ મારે મૂંગે મોંએ સાંભળી લઈ એ ઝેરને બહાર નીકળવા દેવું પડશે. એ પછી જ મને અને એમને શાંતિ મળશે. પણ હું ક્યાં હવે મૂંગી રહી શકું છું ? મારાથી યે સામે બોલી જવાય છે અને બે દિવસનો કંકાસ બે મહિના સુધી પહોંચે છે.

પણ હવે તો મેં છેલ્લો નિશ્ચય કરી લીધો છે. જે તમને કે તમારા ભાઈને હું નથી કહી શકી તે બધું આ કાગળમાં સારે લખી નાખવું છે. એમ કરીને મનને ખાલી કરી દેવું છે. એ પછી તમો ક્યારે ત્યાં

ન જામે તેની મારે કાળજી રાખવી છે. આ વખતે તમારા ભાઈ ગમે તેટલો રોષ કે તિરસ્કારનું ભાથું બાંધીને સૂરતથી આવે, પરંતુ મારે એમની સાથે લડવું નથી. તમારું નામ મારે ઉચ્ચારવું નથી. મારા કમનસીબે તમને કદાચ દિવાળી કરવા માટે તેઓ સાથે લઈને આવશે તો યે મારે મૂગા મૂગા એ ઝેરના કટોરા પી જવા છે.

તમારી સાથે લડાઈ કરવાનું અને તમારા હૈયાફૂટા ભાઈને પાંસરા કરી દેવાનું જોશ મને અનેક વખત ચડી આવે છે અને એ જોશમાં હું જેમ તેમ બોલી નાખું છું. પરંતુ એથી તો મને બાળીને ખાખ કરી નાખનારી આગમાં વધારો થાય છે. આ આગમાં કૂદી પડવાનું મને મન થાય છે પણ તેટલી હિંમત કદી પ્રગટતી જ નથી. એટલે હું મેણાં અને ગાળો સાંભળતી પાછી પડું છું.

પણ, હવે એ બધી વાતથી હું થાકી છું. તમે અને તમારા ભાઈ જેના ઉપર ટાણે-કટાણે ગાળોનો વરસાદ વરસાવો છો તે મારા ફૈબાની શિખામણ મને હવે હાડોહાડ લાગી ગઈ છે. તમે એમના માટે ભલે ગમે તે બોલો, પરંતુ હું અને મારો ભગવાન સાચી વાતના સાક્ષી છે. એમણે જ મને જીવતી રાખી છે અને એમણે જ મને હજી સુધી તમને ભરખી જનારી ડાકણ બનવા નથી દીધી. જ્યારે જ્યારે મોકો મળે ત્યારે ત્યારે એ મને શાન્ત કરે, સમજાવે, મારી સુશી અને સુલોચના સામે નજર નોંધાવીને મારામાં જીવનની આશા પ્રગટાવે. એ ફૈબા ન હોત તો તમારા કુટુંબ ઉપર કે' દિવસનું મારું લોહી છંટાઈ ગયું હોત.

એ ફૈબાના પ્રતાપે જ હવે મેં આ બધું એક વખત મનમાંથી કાઢવી દઈ કાયમ માટે શાંતિ રાખવાનો નિશ્ચય કર્યો છે. મારી સુશી અને ત્રણ મહિનાની આ સુલોચનાનું મારા સિવાય બીજું છે કોણ? બરકંદાસનું ઝેર પીને મારો શરદ તો ચાલ્યો ગયો. બિચારી ચંદા પણ લાડ લડવા માટે ન જીવી!

લખું છું ને હૈયું ભરાઈ આવે છે. તમારાં બા, એક વખતનાં મા કરતાં યે વધુ પ્રેમાળ સાસુ, હવે આ દુનિયામાં નથી પણ એમણે ય મારા ઉપર માછલાં ધોવામાં બાકી નહોતી રાખી. એક પ્રતાપભાઈ મારા અંતરનો વિસામો હતા, પરંતુ એ બિચારા શું બોલી શકે? કૉલેજમાં દાખલ થયા કે આ કંકાસથી થાકીને ભણવાને બહાને બનારસ ચાલ્યા ગયા. સસરા તો મારે હતા જ નહિ. હોત તો શું કરત તે પ્રભુ જાણે! પણ તમારા કુટુંબમાં, જેને જોઈને મારું હૈયું ફૂલના પેઠે ઊઘડી જાય એવા તો એક પ્રતાપભાઈ જ. વરસમાં એક વાર આવે છે. મહિનોક રહી જાય છે. બસ, ત્યારે મને લાગે છે કે મારો ભાઈ આવ્યો. એની પાસે હું પોસ પોસ આંસુએ રોઈ પડું છું. મારું મન હળવું થઈ જાય છે. એ મને હિંમત આપે છે—પણ એ તો પંખી જેવા છે. આવીને ઊડી જાય છે.

શું લખું? લખતાં કંઈ પાર આવે એવું નથી. લખવા બેઠી ત્યારે એમ નક્કી કર્યું હતું કે સમર્પણ કરવા માટે તમે આવ્યાં તે દિવસથી તે આ લખું છું તે ઘડી સુધીની આખી કથા આમાં ઉતારી લઈશ. પણ મન હાથમાં જ રહેતું નથી અને આ કલમ પણ મનના ઘોડાની પાછળ જેમતેમ ચાલી જાય છે. લખતી વખતે જે ધીરજ હતી તે અત્યારે રહી નથી. તમારા ભાઈ આવે તે પહેલાં મારે લખી નાખવું છે. એ આવે ત્યારે તો મારે સાવ બદલાઈ જ જવું છે. એમને શું, મને ય આશ્ચર્ય થાય એવો ફેરફાર કરી નાખવો છે. ગમે તેટલું બોલે, અરે, મારવા દોડે તો યે મારે શાંતિ કે મૌન છોડવાં નથી. ફૈબા કહે છે કે ધાતકીમાં ધાતકી માણસ પણ દીવાલ સાથે તો લડી જ ન શકે. હાં, મારે હવે દીવાલ જ બની જવું છે!

તમને કદાચ ખબર નહિ હોય, તમારા અને તમારા ભાઈના જૂના કાગળો મારી પાસે પડ્યા છે. આજે એ વાંચવા માટે મેં કાઢ્યા છે. એક વખતનો સ્નેહ, જેની આજે રાખ પણ ઊડી ગઈ છે તેને તાજો

કરવા માટે એ કાગળ મેં ઉપાડયા છે, હું જાણું છું કે એમાં જે લખ્યું છે તે સાવ ખોટું છે. સ્વપ્ના જેવું ય એ નથી, પણ એ ઉપરથી મારી સાડા સાત વરસની લાંબી કથા, તમારા ભાઈની ગેરહાજરીના સાત દિવસમાં લખી નાખીશ. મારા જીવતાં નહિ તો મારા મર્યા પછી તો કોઈકના હાથમાં આ કાગળો આવશે જ. હું એટલું જ કહી જાઉં છું કે જેના હાથમાં આ કાગળ આવે તે એને સાચવે અને હિંમત કરી એક વખત તો સમાજની આંખ આગળ મૂકી દે. મને વિશ્વાસ છે કે જે કોઈ આ વાંચશે તે મારા માટે અને મારા જેવી બીજી અભાગિણીઓ માટે આંસુ સાર્યા વિના રહેશે નહિ.

વમે, તમે પોતે પણ જો ભૂલી જાઓ કે આ કાગળ તમારી ભાભીએ લખ્યા છે અને તમને લખ્યા છે તો તમારું હૈયું પણ આ વાંચીને રડી પડશે. મારાં ફૈબા મને હંમેશ કહે છે કે 'તારો વર કે તારી નણંદ કસાઈ જેવાં નથી.' હું તો એમને કહું છું કે 'કસાઈથી યે કઠોર છે.' પણ એ માનતાં નથી. એ તો કહે છે કે 'સમજણ ઓછી છે.' 'જગ અંધાર છે.' 'જૂની રૂઢિના છે.' એથી આકરું તો કોઈ દિવસ બોલતાં જ નથી. પણ હું એ કેમ માનું ? તમે મારાથી વધુ ભણ્યાં છો. મોટા શહેરમાં રહ્યાં છો, આમ તો સુધારાવાળાં પણ કહેવાઓ છો. મારાં ફૈબા મારા વાંક પણ બતાવે છે. હશે, હું કબૂલ કરું છું, પણ તમારા પ્રમાણમાં તો એ વાંક જ ન કહેવાય અને તમે રાતદિવસ મને ત્રાસ આપ્યા કરો તો ક્યારેક મને ય સામે બચકું ભરી લેવાનું જોશ ચડી આવે કે નહિ ?

પણ હવે લાંબી વાત જવા દઉં. આજથી સાડાસાત વરસ પહેલાં ભાવનગર મારા બાપાને ઘેર મને જોવા અને પસંદ કરવા તમે આવ્યાં હતાં તે દિવસથી આજ સુધીની જે કથા મારી છાતીમાં કોતરાઈ ગઈ છે તે અહીં ઉતારી લઉં. ભૂંસાઈ અને ધસાઈ ગયું છે તે હું યાદ કરી લઈશ અને તમને ખાતરી આપું છું કે જે કંઈ લખીશ તે પરમાત્માને

નજર સામે રાખીને લખીશ. તમારા તરફ મને જે તિરસ્કાર પેદા થયો છે તેથી મારી આ કથાને હું અભડાવા નહિ દઉં. જે લખીશ તે સાચું જ લખીશ અને જે બન્યું છે તે જ લખીશ. એક અક્ષરે ય જો મારાથી ખોટો લખાશે, તો હું જાણું છું કે મેં જે સાચું લખ્યું હશે તે પણ કોઈ માનશે નહિ. અસત્યની એક ફૂંકથી મારું સાચનું હોડકું ડૂબી જશે.

અને એ ભલે ડૂબી જાય. જો આ કથામાં મારાથી ખોટું લખાય તો તેનો નાશ થજો. આટલું લખતા લખતાં જ મારું હૈયું ખળભળી ઊઠ્યું છે. જે ઝેર મનમાં ઊભરાતું હતું તે ક્યાંક દબાઈ ગયું હોય એમ લાગે છે. અત્યારે હું જોઉં છું તો મારા અંતરમાં જાણે આંસુનો દરિયો ઊમટી આવ્યો છે. આંસુની સાક્ષીમાં ખોટા અક્ષરો નહિ પાડું. મારો વાંક હશે તે પણ હું જણાવીશ અને મારા મનમાં પણ કોઈ અભાગી ઘડીએ પાપ પેદા થયું હશે તે પણ સ્પષ્ટ રીતે પ્રગટ કરીશ.

ભગવાન મને સાચું લખવાનું જરૂર બળ આપશે.

[૧]

પહેલી નારાજી

તમને તમારા ભાઈ પ્રત્યે અપાર પ્રેમ છે અને એ જ રીતે એમને પણ તમારા તરફ પ્રેમ અને વિશ્વાસ છે. તમે આટલા વર્ષોમાં જે કંઈ કર્યું તે એમ કહીને કર્યું છે કે 'જો હું આમ ન કરું તો મારો ભાઈ વહુનો ગુલામ બની જાય; વહુ માથાભારે થઈ જાય; મારી બાનું પણ કશું ઘરમાં ચાલે નહિ!' પણ એક વાત હું તમને કહી

કહું કે તમે તમારા ભાઈને ગુલામ ન બનવા દીધા પણ મને તો સાચે જ ગુલામ, ઢોરથી યે ઊતરતી બનાવી મૂકી. તમે મને માથા-ભારે ન થવા દીધી; પરંતુ તમારા સૌના પગરખાં મારા માથા ઉપર ઠોકવામાં યે બાકી ન રાખી. અને તમારા બાનું હમેશાં ઘરમાં ચાલ્યું, પરંતુ ઘરમાં સળગેલી હોળી કોઈ દિવસ બુઝાઈ નહિ.

આ બધું તમે તમારા ભાઈ અને બા પ્રત્યેની પ્રેમની લાગણીથી પ્રેરાઈને કર્યું છે. આમ કરવામાં તમેય અશાન્તિ અને દુઃખ વહોર્યાં છે. જો મારા નિસાસાની કાંઈ કિંમત હોય તો તે પણ રાતદિવસ તમારા ઉપર ઠલવાયા છે. પણ બહેન, જરા વિચાર કરી જુઓ. તમે જે કર્યું તેથી ખરેખર કોઈનું ભલું થયું છે? રોજના ઘરકંકાસે તમારા ભાઈનું શરીર કેવું થઈ ગયું છે? તમારા બા પણ કેવાં રિબાઈ રિબાઈને મર્યાં છે? મારાં—એટલે તમારા જ ભાઈનાં બાળકોની પણ શી દશા છે?

પણ તમે આવો વિચાર જ ક્યાં કરવા માગો છો? તમને તો તમારું કરેલું હમેશાં બરાબર જ લાગે છે. ભૂલ તો તમે કરો જ નહિ એવું તમે માની બેઠાં છો. ઉપરાંત તમે થોડું વધુ ભણ્યા છો અને તમે જ મને પસંદ કરી છે તેનું તમારા મનમાં અભિમાન છે. હું તો કહું છું કે તમારા આ અભિમાને જ આપણા ઘરમાં દિવાસળી મૂકી છે. તમે મારા ઉપર રોફ ચલાવવા માગતા હતા. હું તાબે ન થઈ અને ઘરમાં કજિયો દાખલ થયો.

પણ આ બધું મારે જેમતેમ ન લખવું જોઈએ. વિગતવાર અને કડીબંધ જ્યારે હું કહીશ ત્યારે જ તમારી આંખ ઊઘડશે. તમે અને તમારાં બાએ પાડોશીઓ અને સગાંવહાલાંની વહુઓના દાખલા મને હજાર વાર સંભળાવ્યા છે. આજે આ કાગળમાં બહેન અને મા જેવાં નણંદ—સાસુના દાખલા હું તમને સંભળાવું? ભગવાન જાણે આ

કાગળ તમારા હાથમાં આવવાનો છે કે નહિ! ગઈ કાલે હું કાગળ લખવા બેઠી ત્યારે તો મનનો ભાર મારે ઓછો કરવો હતો પણ જેમ જેમ લખતી જાઉં છું અને જે જે લખવાનું છે તે મનમાં ગોઠવતી જાઉં છું તેમ તેમ તેમ આ કાગળ તમને આપવાની હિંમત આવતી જાય છે. ક્યારેક તો એવું ય થઈ આવે છે કે કોઈક માસિકના તંત્રીને આ કાગળ મોકલી આપું! આપણે ત્યાં આવતા માસિકોમાં હું વાર્તા ને કથાઓ વાંચું છું. મારી આ કથા પણ ભલેને હજારો ભાઈ–બહેનો વાંચે!

પણ જે થાય તે ખરું. એક વખત જે લખવું છે તે લખી નાખું અને પછી જ નક્કી કરું કે આ કાગળનું મારે કરવું શું!

તમને પણ યાદ તો હશે જ. સાડાસાત વરસ પહેલાં તમે, તમારાં બા અને પ્રતાપભાઈ ભાવનગર આવેલાં. તે દિવસે મારા માતાપિતાની સ્થિતિ સારી હતી. પિતાની ઇચ્છા મને ભણાવવાની હતી. પણ મારાં બા જૂની રૂઢિના એટલે બે અંગ્રેજી ભણીને હું ઊઠી ગયેલી. ઘરકામ તો બધું હું જાણતી હતી. જ્ઞાતિમાં અને સમાજમાં મારાં રૂપ–ગુણનાં વખાણ થતાં હતાં. બીજાં માતાપિતાની પેઠે મારા બાપાને મારા સગપણની ચિંતા નહોતી. હું યે જાણતી હતી કે ઊલટું મારા માટે જ મારા પિતા ઉપર સગાંસંબંધીઓનું આડકતરું દબાણ આવતું હતું.

તમારા પિતા ત્યારે હતા નહિ. ત્રણ વરસ પહેલાં સારી એવી મિલકત મૂકીને ગુજરી ગયેલા. તમારા ભાઈ કૉલેજમાં ભણતા હતા. પિતાની મિલકતનો વહીવટ કરવા માટે એમણે કૉલેજ છોડી દીધી હતી. તમારા પિતા અને મારા પિતા જૂના મિત્રો હતા. બંનેએ ધંધાની શરૂઆત ભાવનગરમાં જ કરી હતી. તમારા પિતાને ભાવનગર ન ફાવ્યું એટલે એ મુંબઈ ગયા. મારા પિતા ભાવનગર જ રહ્યા. પણ સંબંધ તો કાયમ જ રહ્યો.

એ સંબંધમાંથી જ આ વાત ઊભી થઈ. મૂળ તો તમારા કાકા જ મારા બાપુ પાસે આવેલા. મારા બાપુએ અને બાએ તમારા ભાઈને જોયા હતા. એમ તો મેં પણ જોયેલા હતા. એ જ રીતે તમારાં બાએ અને ભાઈએ પણ મને જોઈ હતી. પણ તમે મારાથી થોડુંક વધુ ભણેલાં અને તમારા ભાઈને તમારા ઉપર વિશ્વાસ વધારે, એટલે છેલ્લી પસંદગી તમને સોંપી હતી. તમે મારાથી ત્રણ વરસ અને તમારા ભાઈથી દોઢ વરસ મોટાં હતા. તમારાં બા તમારું જ કહ્યું માનતા.

એમ તો તમારું યે સગપણ થઈ ગયું હતું. પણ કોણ જાણે કેમ સામા પક્ષે લગ્ન કરવાની ઇચ્છા નહોતી. આનું કારણ પાછળથી તો મેં જાણ્યું. એમાં તમારો વાંક નહોતો. પણ એ રીતે, તમે પિયરમાં જ હતાં અને હજી યે બે ત્રણ વરસ રહેવાના હતાં.

મને તો જે દિવસે તમારા ભાઈ વિષેની ખબર પડી તે દિવસે જ મેં આડકતરી રીતે મારી બાને મારી સંમતિ આપી દીધી હતી. એમાં તમારા આવવાની ખબર સાંભળીને હું વધુ આનંદમાં આવી હતી. મારા બાપુજી પાસેથી મેં તમારાં ખૂબ વખાણ સાંભળ્યાં હતાં. તમે મેટ્રિક સુધી ભણેલાં છો એ સમાચારથી તો મને તમારા પ્રત્યે ખૂબ માન ઊપજી આવેલું. શી ખબર તે દિવસે કે એ અભ્યાસ જ મને મારી નાખવામાં વધુ ઉપયોગી થઈ પડશે!

અને મેં તમને જોયાં. પ્રતાપભાઈને જોયા, તમારાં બાને જોયાં. મેં કહ્યું ને કે મારું રોમેરોમ ત્યારે બોલી ઊઠ્યું. ખરું પૂછો તો તે દિવસે, સામાન્ય કન્યાના દિલમાં જે ભય અને શંકાઓ જન્મે તેમાંનું કશું મને થયું નહોતું. 'મારું શું થશે, સાસરું કોણ!' એવા વિચાર મને આવ્યા જ નહોતા. પૂર્ણ ઉત્સાહથી મારું મન ઊભરાતું હતું. આનું કારણ તમારા ભાઈ નહોતા. વાર્તા-

એમાં હું વાંચતી કે સાચો પ્રેમ હોય, પ્રેમનું આકર્ષણ હોય તો આવો ઉલ્લાસ પેદા થાય, પણ આવો કશો મને અનુભવ નહોતો. મારા ઉલ્લાસનું કારણ તમે હતા. તમારા ઉપર મને અપૂર્વ શ્રદ્ધા હતી. આવી બહેનના ભાઈના હાથમાં અને સાથમાં મને સ્વર્ગસુખની જ પ્રાપ્તિ થશે એમ મેં માન્યું હતું.

અને તમે કેટલા હેતથી મારા ગળા ઉપર હાથ મૂક્યો હતો ? કેટલા હેતથી મારી હડપચી ઊંચી કરી હતી ! કેટલા હેતથી મારા મુખ ઉપર આવેલી વાળની લટને ખેસવી હતી ! હું કેમ બધું ભૂલી જાઉં ? તમે જીભેથી બોલ્યાં નહોતા પણ તમારી આંખો બોલતી હતી અને આંગળીના ટેરવા સંમતિ નોધાવતાં હતાં કે ' તુ મૂંઝાઈશ મા. તારી તમામ આશાઓ અમે પૂરી કરીશું. મારો ભાઈ તને ફૂલની પેઠે જાળવશે. અને હું તારી મોટી બહેન બની સર્વ દિશાએથી તારું રક્ષણ કરીશ. '

અને તમે એમ કરી શક્યાં હોતં ! મારો સંસાર સાચે જ સ્વર્ગનો બની ગયો હોત. મારી બેનપણી સુશીલાની નણંદ...પણ એ બધું વખત આવ્યે કહીશ.

તમે સંમતિ આપી અને બધી જગ્યાએથી સંમતિ મળી ગઇ. મારા પિતાના આગ્રહને વશ થઈ તમે તમારા ભાઈ ને તારથી પુછાવ્યું. એણે પણ લખ્યું કે ' બહેન ઉપર મને પૂરો વિશ્વાસ છે. મારી સંમતિ છે. '

તે પછી ત્રણ મહિનામાં જ લગ્ન થયાં, પરંતુ આ ત્રણ મહિનામાં કેટલા બધા પત્રો આ ' વહાલુડી ભાભી ' ને તમે લખ્યા હતા ! આજે યાદ કરું છું તો આશ્ચર્યનો પાર રહેતો નથી. તમે અને ઘરનાં સૌ મને ત્યારે ઝંખતા હતાં અને હું યે ત્યાં આવવા માટે તલસી રહી હતી. માતાપિતાને ત્યાં ગાળેલાં સત્તર-અઢાર વર્ષ જાણે હું ભૂલી જ

ગઈ હતી. મારી બેનપણીઓ આશ્ચર્ય પામતી હતી. કહેતીઃ 'તું તારી નણંદની વાત કરતાં તો થાકતી જ નથી. નણંદીના વીરાની તો કંઈક વાત કર.' હું એમની શી વાત કરું? એમના ને તમારા કાગળો એક જ કવરમાં આવતા. એમના કાગળમાં પણ વિશેષ તો તમારા વિષે જ બધું લખેલું હોય અને તમારો કાગળ મોજ અને મજાકથી ઊભરાતો જ હોય.

મારા માતાપિતાના હર્ષને પણ અવધિ નહોતી. તમારા કુટુંબને તેઓ વર્ષોથી ઓળખતા હતાં છતાં સગપણ પછીના તમારા ને મારા સંબંધથી તેઓ આનંદાશ્ચર્ય અનુભવતાં હતાં. સૌથી વિશેષ પ્રશંસા તો તમારી જ થતી હતી. હું જ્યાં જાઉં ત્યાં સાંભળતી કે 'એના બાપુ ગુજરી ગયા પછી ઘરની તમામ બાબત મોટી દીકરી જ સંભાળે છે. તમારા ભાઈ-કરતાં યે તમારું મહત્ત્વ વધુ ગવાતું હતું.

અને એમાં ખોટું યે શું હતું? બા તમારું જ માનતા. તમારા ભાઈએ પણ કયે દિવસે તમારી વાત ખોટી માની છે? પ્રતાપભાઈ તો ત્યારે બાળક જેવા હતા છતાં કંઈ પણ કરવું હોય ત્યારે બાની નહિ પણ બહેનની જ રજા લેવા આવતા.

સુખની મધુર કલ્પનામાં ત્રણ મહિના પસાર થઈ ગયા અને એક શુભ મુહૂર્તે મારાં લગ્ન થયાં. લગ્નના ત્રણ દિવસમાં પણ તમારું જ વર્ચસ્વ દેખાતું હતું. તમારાં બાનો થોડો પરિચય મને ત્યારે થયો. બા ભોળાં હતાં. સાસુ અને નણંદના ત્રાસની અનેક હકીકતો નાનપણથી મેં સાંભળી હતી. ને ઉપર હું ત્યારે હસી રહી હતી. મને એમ જ થઈ ગયું કે મારે પિયરના સ્વર્ગમાંથી હવે સાસરિયાના ઊંચેરા સ્વર્ગમાં જવાનું છે.

અને એવી આશા બાંધીને તમારા સૌની સાથે ભાવનગરના સ્ટેશને મારા માતાપિતાની મેં વિદાય લીધી. પિતા પ્રેમાળ હતા. માતાના

હેતનો યે પાર નહોતો. મા તો છેવટ સુધી છાની જ ન રહી શકી અને પિતાની આંખમાંથી પણ આંસુનાં ટીપાં પડી ગયાં. હું ત્યારે રડી પડી. તમે મારી બાજુમાં બેસીને હસી રહ્યાં હતાં. મારું અંતર ત્યારે દ્રવી ગયું હતું. માતાપિતાના આંસુ જોઈને. પણ હૈયામાં જાગેલી મધુર કલ્પના તો ત્યારે ય એટલી જ જાગ્રત હતી.

આપણે મુંબઈ આવ્યાં. બીજા દિવસથી મારી બેનપણીઓના કાગળો આવવા શરૂ થયા. મેં જવાબ આપવા માંડયા: 'કોણ જાણે કોના પુણ્યથી આ પરમ સુખમાં હું આવી પહોંચી છું! કોઈ જાતનું દુઃખ નથી, 'બહેન' (એટલે તમે-મારાં નણંદબા) મારું સર્વસ્વ છે. એના ભાઈ વિષે શું લખું? પ્રભુ જન્મોજન્મ આ ઘર અને આ 'બહેન' આપે.'

પણ કેટલા મહિના આ સુખ? ભગવાનને પોતાને પણ કદાચ ઈર્ષા થઈ આવી હશે કારણ કે મને એના સ્વર્ગની, વૈકુંઠની કે મોક્ષની ઇચ્છા થાય એવું નહોતું, કન્યાકાળમાં અધખીલ્યા ફૂલના જેવી જે અનેક અભિલાષાઓ મેં સેવી હતી તે સર્વ હવે પૂરી થતી હતી. હું કોઈ સુધારક કે બહુ ભણેલી છોકરી તો હતી નહિ. ઘર મને વહાલું હતું. બહોળું કુટુંબ પણ મને ગમતું હતું. સાસુ તો મને બા જેવાં હેતાળ મળ્યાં હતાં. અને નાનો દિયરીઓ મારાં નાનાં ભાઈબહેનને ભુલાવી દેતો હતો.

અને તમે? તમે જ મારો આધારસ્તંભ હતાં. કોઈપણ વાતમાં મારા સુખનો—મારા આનંદનો ખ્યાલ કરવો એ જ તમારું કામ હતું. હું ના પાડતી તો યે તમે કામ કરવા લાગી જતાં અને બાને પણ કામે વળગાડતાં. તમારા ભાઈ, એમના વિષે લખતાં થોડોક સંકોચ તો અનુભવું છું પણ મારે મન મૂકીને જ લખવું જોઈએ. એમનો પ્રેમ પણ મારી તમામ આશાઓને સંતોષે એવો હતો. એમાં તમારી

મીઠી મજાક, વાતવાતમાં મારો પક્ષ ખેંચવો. તમારા ભાઈને મોંડા પાડી મને હસાવી મૂકવી. જૂના વિચારના બાને પણ અમારી વાત સંભળાવી સહેજ હસાવી દેવાં—એ બધું કેમ ભુલાય ? એવા જ દિવસો આખી જિંદગી સુધી ટક્યા હોત તો ?

હું તો ક્યારેક ચિંતામાં પડતી : 'બહેન ચાલ્યાં જશે તો ? સમજતી હતી કે કોઈ ને કોઈ દિવસ તો તમે આ ઘર છોડી જ જશો. છતાં, એમ થયા કરતું કે ન જાય તો કેવું સારું ! અને તમારા ભાઈને હું કહેતી : 'આ સગપણ તોડી નાખી બહેનને મુંબઈમાં જ પરણાવવાં જોઈએ.' તમારા ભાઈ આ વાત તમને કહેતા અને તમે બોલતાં : 'નણંદને પાસે રાખવાં સારી નથી, ભાભી !' અને હું હસી પડતી.

કેવા એ દિવસો હતા ! કોણે લૂંટી લીધું મારું એ સ્વર્ગ ? કોણે ? કોણે ? મને કહો, તમે જે સ્વર્ગ રચ્યું હતું તેનો તમે જ નાશ કર્યો ? શા માટે નાશ કર્યો ? મેં તમારું શું બગાડ્યું હતું ?

પહેલી વાર તમે મારા તરફ નારાજ થયાં એ વાત કેટલી સામાન્ય હતી ? મારાં બા માંદાં પડ્યાં હતાં. એમનો કાગળ આવ્યો. મેં એ વાંચ્યો ય નહોતો. તમે વાંચી લીધેલો. તમેં નક્કી કરી નાખેલું કે મારે જવાની જરૂર નથી. મને એ ન ગમ્યું ને મારી આંખમાં આંસુ આવી ગયાં. મને યાદ છે ત્યાં સુધી તો તમે પ્રથમ પહેલી વાર ત્યારે જ નારાજ થયાં. તમે યાદ કરજો. હું કંઈ બોલી નહોતી. જવા માટે મેં હઠ પણ પકડી નહોતી. હું રડી પડી એ જ મારો ગુનો ? તમે કહેવા લાગ્યાં : 'એવી કઈ ગંભીર માંદગી છે ?' હું પણ સમજતી હતી કે ગંભીર માંદગી નહોતી. મને બોલાવવા પાછળ તો માના હૈયાનું હેત જ હતું. પણ તમે કેમ નક્કી કરી નાખ્યું ? મને કેમ સીધો કાગળ ન આપી દીધો ? મારા મનને કેમ બોલવા જ ન દીધું ?

મને એ દિવસ બરાબર યાદ છે. મારાથી રડી પડાયું; તે બાંકીના સમાચારથી નહિ, પણ તમારી 'ના'થી, અને છતાં યે તમે નારાજ થયા. હું તો તુરત છાની રહી ગઈ. તમને રાજી કરવા કેટલા પ્રયત્નો મેં કર્યા. બહાનું કાઢી કાઢી કેટલી વાતો મેં કરી. પણ તમારી ગંભીરતા છૂટી જ નહિ.

એ આખી રાત મેં રડવામાં પસાર કરી. તમારા ભાઈ એના સાક્ષી છે. સવારે જ્યારે તમે એ જાણ્યું ત્યારે તમારો રોષ ઊતર્યો છતાં તમે તો શાન્તિ આપવાને બદલે પૂછ્યું: 'ફરી આવું કરશો?' મેં માથું હલાવી શરમથી ના પાડી. મેં શું કર્યું હતું ત્યારે? મારી બા વિષે તો તમે મને આશ્વાસન આપ્યું જ નહિ. કાગળ લખવાનું પણ ઉત્તેજન ન આપ્યું.

પણ મારા મનનો ભાર હળવો થઈ ગયો, 'બહેન' ફરીને હસ્યાં તેનો સંતોષ મારા અંતરમાં વ્યાપી ગયો. ફરીને ઘરમાં કલ્લોલનું વાતાવરણ જામી ગયું. રાત્રે તમારા ભાઈ આવ્યા ત્યારે તેઓ પણ પ્રસન્ન થયા. આપણે એ રાતે છેક એક વાગ્યા સુધી હસતા, વાતો કરતાં બેઠા હતા તે તમને યાદ છે?

[૩]

અધિકારની અથડામણ

તે દિવસે કલ્લોલનું વાતાવરણ તો જામ્યું, પરંતુ મારી બાને કાગળ ન લખી શકાયો તેનું દુઃખ મારા મનમાં રહી ગયું. હું બોલી શકી નહિ. તમે ઇરાદાપૂર્વક એ વિષે મૌન જ રાખ્યું. કદાચ તમારે મારી પરીક્ષા કરવી હશે. તે દિવસે હું તમને ઓળખી શકી નહોતી;

પરંતુ હવે તો ઓળખ્યું અને તેથી કહું છું કે તમારો ઇરાદો મારા ઉપર બરાબરનો કાબૂ જમાવવાનો જ હતો. આઠેક દિવસમાં જ આનો પુરાવો આપતો એક બીજો બનાવ બની ગયો.

મારી એક બેનપણી એના પતિ સાથે મને મળવા આવી હતી. તમે પણ ત્યારે હાજર હતાં. આપણા ઘરનો એવો રિવાજ હતો કે કોઈ મળવા આવે ત્યારે તેને ચા, દૂધ વગેરે આપવું. એકાદ વરસે મળેલી બેનપણી માટે મને એવી ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. પરંતુ મેં ધાર્યું કે તમે જ કહેશો, પણ તમે ન બોલ્યા. વાતોમાં અર્ધો કલાક પસાર થઈ ગયો. મને થયું કે તમે કદાચ ભૂલી ગયાં હશો. છતાં મારી હિંમત ચાલી નહિ. એક વાર હું ઊભી થઈ ત્યારે પણ તમે ન બોલ્યાં. આખરે એ લોકો ચા પીધા વિના જ ગયાં. એમનાં ગયા પછી મારાથી ગંભીર બની જવાયું. તમે કારણ પૂછ્યું. હું મૂગી રહી. તમે સોગંદ આપ્યા. મેં સાચી વાત કહી દીધી. બસ, તમે કંઇ બોલ્યાં જ નહિ, મારી ગંભીરતા જાણે તમે ધારણ કરી લીધી!

એ જ દિવસ પછી તમારા ભાઈના એક મિત્ર એમનાં પત્ની સાથે આવ્યા. તમે ક્યાંક બહાર ગયાં હતાં. મને થયું કે મારે સ્વાગત કરવું જોઈએ, બા આપણાં સગાંને ત્યાં બેસવા ગયાં હતાં. પ્રતાપભાઈ હતા, મેં એમની પાસે દૂધ મંગાવ્યું અને ચા મૂકી. ત્યાં તો તમે આવી પહોંચ્યા. મને રસોડામાં ગયેલી જોઈ તમે સમજી ગયાં. તુરત જ ત્યાં આવ્યા. કંઇ બોલ્યાં નહિ, પણ તમે નારાજ થયાં એટલું હું સમજી ગઇ. મહેમાનોના ગયા પછી તમે કહ્યું: 'મારા આવવાની રાહ તો જોવી હતી!' હું કશું ન બોલી.

આ પ્રસંગો આજે સાવ નજીવા લાગે છે. કારણ કે એ પછી આપઘાત કરવો પડે એવું બધું બની ગયું છે, પરંતુ આજની સ્થિતિનું મૂળ ત્યાં છે: એ દિવસે મને એટલું સમજાયું કે બહેન મને લાડ લડાવે છે પણ આ ઘરને 'મારું' બનવા નથી દેતાં.

પણ એ ભુલાઈ ગયું. મારી બાની તબિયત સારી થયાનો કાગળ પણ આવી ગયો. એ કાગળમાં મારો પત્ર ઘણા દિવસથી નથી એવી ફરિયાદ હતી એટલે બાએ મને કારણ પૂછ્યું. તમે જવાબ આપ્યા: 'આળસ, બીજું શું?' અને મારે દર આઠ દિવસે કાગળ લખવો જોઈએ એવી સૂચના પણ કરી.

આ અરસામાં મારા પિતાને ધંધામાં મોટી ખોટ ગઈ અને એ સમાચાર ઝપાટાબંધ આપણાં બધાં સગાંવહાલામાં ફરી વળ્યા. મારા ઉપર મારા બાપુજીનો જ કાગળ આવ્યો. એમાં ચિંતા ન કરવા અને પ્રભુ સૌ સારું કરશે, લક્ષ્મી ચંચળ છે વગેરે આશ્વાસનના શબ્દો લખેલા હતા. સાથે મારી બાનો કાગળ હતો. એમાં એક વખત આવી જવાની સૂચના હતી. સાવ સહજ રીતે એમણે લખ્યું હતું, પરંતુ એનો તમે ઊલટો જ અર્થ કર્યો. તમે બોલ્યાં: 'જો તને બોલાવવી હોય તો અમને લખવું જોઈએ.'

પિતા ઉપર આવેલી આફતથી હું ખૂબ દુઃખી થઈ. પિયર પક્ષના કેટલાક સગાંઓ મને આશ્વાસન આપવા આવ્યાં. તમારા ભાઈએ પણ મને હિંમત આપી, પણ કોણ જાણે શું થયું, તમે કંઈ બોલ્યાં જ નહિ. બા પણ બિચારાં ચિંતા કરવા લાગ્યાં. ગમે તેમ તો યે મારા પિતા તમારા કુટુંબનાં અતિશય નિકટના સગા હતા તેમની આબરુ સાથે તમારે ય થોડો સંબંધ હતો.

એ દિવસ ગયા ને મારાં બાનો તમારા તથા તમારા ભાઈ ઉપર કાગળ આવી પડ્યો. મારા પિતાને ખૂબ આઘાત લાગ્યો છે અને એ કારણે તબિયત પણ ઠીક નથી રહેતી એટલે મને મોકલવામાં આવશે તો સૌને સારું લાગશે એવું ભારપૂર્વક એમાં લખ્યું હતું. આ બાજુ મારા જીવનમાં પણ મહત્ત્વનો ફેરફાર થઈ રહ્યો હતો. હું માતા બનવાની હતી, એક બાજુ એનો આનંદ અને બીજી બાજુ પિતા

ઉપર આવેલી આફતનો આઘાત—બે લાગણી વચ્ચે હું ઊભી હતી. તમારા ભાઈએ તો કાગળ વાંચીને મારે જવું જોઈએ એવો અભિપ્રાય આપ્યો પણ તમે અનિચ્છા બતાવી.

મારા મનની વાત તો હું એ દિવસોમા પ્રગટ કરી શકતી નહોતી. તમારા ભાઈએ પૂછ્યું એટલે મેં કહ્યું કે 'મારી ઇચ્છા છે' એમણે કહ્યું : 'બહેન ના પાડે છે.' મેં કારણ પૂછ્યુ. એમણે જણાવ્યું કે મારા જીવનમા જે પ્રસંગ આવી રહ્યો છે તેની ત્યાં જોઈએ તેવી સારવાર ન થાય.

ચાર દિવસ બીજા વીત્યા અને મારા પિતાનો કાગળ આવ્યો. એમાં વધુ ભારપૂર્વક મને મોકલવાનુ લખ્યું હતું. હું ધીમેથી બોલેલી: 'થોડા દિવસ માટે જઈ આવું તો ?' તમે કહ્યું : 'આ સ્થિતિમાં કોઈ પાછું આવવા દે ? અમારાથી બોલાવી પણ શકાય ?'

મારે બોલવું હતું : 'તે શો વાંધો છે? હું ત્યાં રહીશ. મારા માતાપિતા ભલે ગરીબ બની ગયા—મારી સારવારમાં વાંધો આવશે નહિ.' પણ હું બોલી શકી નહિ.

એ રાત્રે તમે જે ભાષણ આપ્યું તે મને બરાબર યાદ છે. સૌની વચ્ચે તમે મને ઉપદેશ આપવાનું શરૂ કર્યું.

'અત્યારે ત્યાં જવાનો વિચાર જ ન થઈ શકે. ત્યાંના વાતાવરણમાં શાન્તિ મળે નહિ. સારવાર પણ બરાબર ન થાય. આવે વખતે લાગણીવશ ન થવું જોઈએ. જે જવાબદારી આવે છે તેને માટે તૈયાર થવું જોઈએ. મન પ્રફુલ્લ રાખવું જોઈએ.'

પણ મારા મનની સાચી સ્થિતિ જાણવાની તમે દરકાર જ ન કરી. અત્યાર સુધી તો મારા મન ઉપર માત્ર ટકોરા જ વાગ્યા હતા. આ વખતે મને ધક્કો વાગ્યો. મને થયું કે 'બહેન મારા

ઉપર પ્રેમ ઘણો રાખે છે, પણ મારું સુખ અને પોતાને શોધવા દેતાં નથી.' આ ધક્કાની અસર મારા મન ઉપર બહુ ગંભીર રીતે થઈ.

રાત્રે જ્યારે હું એકલી પડી ત્યારે તમારા ભાઈને ખબર ન પડે એમ જાગતી જ પથારીમાં સૂઈ રહી. એક પછી એક વિચાર મારા મનમાં આવ્યા જ કરે. આટલા સમય સુધી મને ભાન જ નહોતું થયું કે હું કયાં છું અને આ ઘરમાં મારું શું સ્થાન છે. તે રાત્રે એ વિચારો જોરજોરથી મારા મન ઉપર આવવા લાગ્યા. મને એમ થવા લાગ્યું કે જો હું આવો જ, નાના બાળક જેવો જ વર્તાવ રાખીશ તો કોઈ દિવસ આ ઘર મારું થઈ શકશે નહિ. સાથે સાથે એમ પણ થયું કે 'આ બધા મારા મનના જ ઘોડા છે. બ્હેન જે કરે છે તે ઠીક જ કરતાં હશે. મારા ઉપર એમને આટલું બધું હેત છે. તેઓ જે કરે તે મારું હિત સમજીને જ કરે.'

પાછલી રાત્રે હું કયારે ઊંઘી ગઈ તેની મને ખબર નથી પરંતુ જ્યારે જાગી ત્યારે એ જ વિચારોએ મારું માથું ઘેરી લીધું. 'ઘર મારું છે, તમારું નથી. તમે તો આજે અહીં છો, આવતી કાલે ચાલ્યા જશો. તમારું ઘર બીજે ઠેકાણે થવાનું જ છે' વગેરે વિચારો મને આવવા લાગ્યા. હવે એ રીતે જ મારે વર્તવું એવા કંઈક નિશ્ચય સાથે જ્યારે હું ઊઠી ત્યારે, તમારે ત્યાં આવ્યા પછી પહેલી જ વાર, મારામાં મને જીવ હોય એવું દેખાયું.

અને મારા આ મનોભાવને જોર આપવા જ જાણે સવારના પહોરમાં બાએ મારા ભાવનગર જવા–ન જવા વિષેની વાત ઉચ્ચારી. તમે તુરત બોલી ઊઠયાં:

'એક વખત નક્કી થઈ ગયું પછી એ વાત શા માટે ઉખાળો છો?'

બા બોલ્યાં: 'મને થાય છે કે નહિ મોકલીએ તે સારું નહિ

દેખાય. વહુ પોતે જ ના પાડતાં હોય તો ભલે ન જાય, આપણે તો રજા આપવી જોઈએ.'

તમારા સામે જોયા વિના જ હું બોલી ઊઠી: 'મારે તો જવું છે જો તમે રાજીખુશીથી રજા આપો તો.'

તમારી આંખમાં એ વખતે કેવી કડકાઈ આવી ગઈ હતી એ આજે પણ મને બરાબર યાદ છે. પણ પહેલી જ વાર, એ કડકાઈથી દબાઈ જવાને બદલે મને હઠ પકડવાનું શૂર ચઢયું અને હું ફરીને બોલી:

'હું તો મારાં બાનો કાગળ વાંચું છું ને રોઉં છું. બીજું કરુ શું! માબાપની આવી હાલતમાં...' અને સાથેસાથ મારી આંખમાં આંસુ આવી ગયાં. તમે એકદમ ગુસ્સે થઈને બોલ્યાં:

'આનો અર્થ એ કે હું જ ના પાડું છું! બાની મરજી છે, ભાઈની મરજી છે, તમારી મરજી છે તો ભલે જાવ, પણ યાદ રાખજો. ત્યાં ગયા પછી બાંને કે મને બોલાવવા ન પડે!'

મારે જવાબ આપવા હતો છતાં હું ચૂપ રહી. કારણ કે ચર્ચા કરવામાં સાર નહોતો. તમારી અનિચ્છા છતાં મારે જવાનું તો થશે એવી મને આશા બંધાઈ, પણ તમારા રોષથી બા ઢીલાં પડી ગયાં અને બોલ્યાં:

'ભાઈને આવવા દે, પછી વિચાર કરશું.'

ત્યાં તો તમારા ભાઈ આવી પહોંચ્યા. હું અંદરના ઓરડામાં જતી રહી. આપણા ઘરમાં લાજ કાઢવાનો તો રિવાજ નહોતો છતાં પણ આવી મર્યાદાઓ પાળવી જોઈએ એવી તમારી પણ માન્યતા હતી. તમારા ભાઈને જોઈ તમે વધુ રોષનો દેખાવ કર્યો. એમણે આવીને તમારા સામે જોયું કે એ ચમક્યા. કંઈ પૂછવા જાય ત્યાં બા જ બોલ્યાં:

'સુશીલાને ભાવનગર મોકલશું? મને થાય છે કે મોકલવી જોઈએ. બહેનની મરજી...'

'એનું મન છે તે ભલે જાય.' સહેજ ડરતાં ડરતાં તમારા ભાઈ બોલ્યા. હું બારણા પાસે આવી તમારું મોં જોવા લાગી. આશ્ચર્યકારક રીતે તમે મોંના ભાવ બદલી નાખ્યા ને બોલ્યાં:

'હું ક્યાં ના પાડું છું? મારું કહેવાનું તો એમ છે કે ત્યાં એના બાપુની તબિયત બરાબર નથી અને અત્યારે સ્થિતિ યે ઠીક ન કહેવાય. એમાં આપણે એમને તકલીફમાં ન મૂકીએ તો સારું.'

મારા પોતાના આશ્ચર્ય વચ્ચે મારું જવાનું નક્કી થઈ ગયું એટલે હું આનંદમાં આવી ગઈ. માતાપિતાને મળવાનો આનંદ તો સ્વાભાવિક ગણાય. પરંતુ તેની સાથે જાણે હું જીતી હોઉં એવા ગર્વનો આનંદ પણ મારા મનમાં વ્યાપી ગયો. હું મૂર્ખી સમજી શકી નહિ કે હિંદુ સંસારમાં એક નણંદને અને તમારા જેવી નણંદને જીતવામાં કેવું મોટું નુકસાન રહ્યું છે? મારી માન્યતા પ્રમાણે આટલા દિવસો સુધી તમને મારા પ્રત્યે પ્રેમ તો હતો જ. ભલે તમે મને તમારે આધીન રાખવા માગતાં હતાં, પરંતુ મારી આ જીતનું મને મોટું નુકસાન એ થયું કે તમારા દિલમાં પ્રેમનો નાનો સરખો છોડ હતો તે જડમૂળથી ઊખડી ગયો અને તમે મને હરાવવાનો, દુ:ખી કરવાનો, મારા આ ગુનાનો બદલો લેવાનો નિશ્ચય કરી લીધો.

તે સાંજે જ તમારું એ રૂપ મને દેખાઈ આવ્યું. મને તો ખબરે ય નથી કે ક્યારે તમે બાને એકાંતમાં મળ્યાં ને સમજાવી દીધું કે 'ભારે કિંમતનાં કપડાં કે ઘરેણાં મને સાથે લઈ જવા ન આપવાં.' બાએ જ્યારે મને કહ્યું: 'કંઈ ભારે ન લઈ જતાં અને જોખમ બધું અહીં જ રહેવા દેજે' ત્યારે હું ચમકી તો ખરી, પરંતુ મારાપિતાના ઘરનું ઘરેણું લઈ જવાની મને એમણે ના પાડી ત્યારે આ કામ તમારું હશે એમ હું સમજી ગઈ. મેં હિંમત કરીને કહી દીધું:

'એ તો મારા પિયરનું છે.'

બા મારા આ જવાબથી ચમક્યાં પણ કંઈ બોલી શક્યાં નહિ; પરંતુ તુરત જ તમે એમની મદદે આવ્યાં. અવાજમાં પૂરેપૂરી કડવાશ લાવીને તમે કહ્યું:

'પણ ત્યાં જરૂર શી છે? અહીંથી કોઈ ઉપાડી નહિ જાય. તમારાં પિયરનું અને મારા ભાઈનું બધું તમારા એકલાં માટે જ છે.'

કોણ જાણે તમારા ભાઈ ઉપર આ ચર્ચાની શી અસર થઈ ગઈ! એમણે તો હુકમ જ છોડયો:

'કંઈ નથી લઈ જવાનું. ત્યાં ઘરેણાં ને ઊંચા લૂગડાંનું કામ શું છે?'

મારી જીભ એ વખતે સિવાઇ ગઈ. રોષમાં ને રોષમાં મેં સાદાં સાદાં, ઘરમાં પહેરવાનાં જ કપડાં લીધાં ને અંગ ઉપર હતાં તે સિવાયનાં એકેય ઘરેણાંને હાથ ન લગાડયો. તમારાથી મારો આ રોષ પણ સહન ન થયો. તલવારની ધાર જેવી વાણી તમે ઉચ્ચારી:

'અંતે આ જ તમારું ઘર છે. આમ ચિડાઇને જશો તોય આવવાનું તો અંતે અહીંઆ જ છે.'

હું ઘૂંટડો ગળી ગઈ. મને લાગ્યું કે અહીં મારું કોઈ નથી!

પણ આ દુઃખદાયક પ્રસંગનો અંત આટલેથી નથી આવતો. ભાવનગર તો હું જેમતેમ પહોંચી. એ પછી બાર-પંદર દિવસે મારી બેનપણીનો એક કાગળ આવ્યો તે ઉપરથી મેં જાણ્યું કે તમે બહુ ઊંડો વિચાર કરીને મને ઘરેણાં-લૂગડાં નહોતાં લેવા દીધાં. તમે આપણાં સગાંવહાલાંમાં વાત વહેતી મૂકી કે મારા માબાપની સ્થિતિ બહુ નબળી થઈ ગઈ છે એટલે હું જાતે જ મારું બધું જોખમ ત્યાં જ મૂકી ગઈ છું! આ સમાચાર સાંભળીને મને ઝાળ લાગી. મારા માતાપિતા

ઉપર આવું કલંક! અને મને જ મારાં માબાપ ઉપર આવો અવિશ્વાસ છે એવો મારા પર આક્ષેપ! પણ શું કરું? માતાપિતાને ત્યાં દુઃખ ઉમટી આવ્યું હતું એટલે ત્યાં તો આ વિષે એક અક્ષરે ય બોલી શકાય એમ નહોતું. મારો બધો ગુસ્સો અડધી રાતે આંસુમાં વહી જવા લાગ્યો. રડવા સિવાય મારી પાસે બીજું સાધન શું હતું? આજે ય શું સાધન છે!

ચારેક મહિના પછી મેં બાળકને જન્મ આપ્યો. પુત્ર અવતર્યો એટલે મારા પિતાને બહુ હર્ષ આવી ગયો ને તમને તારથી ખબર આપ્યા. જવાબમાં તમારો ને તમારા ભાઇનો સુક્કો કાગળ આવ્યો. એ કાગળમાં ઉમળકાનો એક છાંટો ય ન જોઇને હું સુવાવડના ખાટલામાં મારા બાળકની સાક્ષીએ કેટલું રડી તે એક મારો ભગવાન જ જાણે છે. હું સમજી ગઇ કે મારા ત્યાંથી નીકળ્યા પછી આટલા વખતમાં તમે મારી નાનીમોટી ભૂલો બતાવી બતાવી તમારા ભાઇને અને બાને બહેકાવી મૂક્યાં હશે. શા માટે આવું વેર તમે લીધું?

પણ મારાં ફૈબા કહે છે કે તમારા મનમાં વેરનો ભાવ જ નહોતો. તમને–નણંદને એવું થાય જ કે ભાભી તો મારા કાબૂમાં અને કહ્યામાં જ રહેવી જોઇએ. મેં જરાક માથું ઊંચું કર્યું ને તમે આપણા સમાજમાં લાયક ગણાય એવાં નણંદ બની ગયાં. સાસુ–નણંદનાં ત્રાસ વિષે લોકવાર્તામાં વાંચ્યું હતું. કેટલાક ઘરની કારમી કથાઓ પણ સાંભળી હતી. પરંતુ, હું પોતે ય એવી કથાનું એક પાત્ર બની જઇશ એવી બીક કોઇ દિવસ જન્મી નહોતી. તમારો ને એમનો કાગળ જોયા પછી એ બીકથી મારું હૈયું ફફડવા લાગ્યું.

માતા અને ભગિની

વિચાર આવે છે કે આમ ને આમ લખ્યા કરીશ તો મારા આ કાગળનો છેડો જ કોઈ દિવસ નહિ આવે. તમારામાં વેર જાગ્યું અને મારામાં ઘરને, 'મારું' બનાવવાની ઇચ્છા જાગી ત્યાં સુધીની આ કથા તો તમને કદાચ યાદ ન હોય. શા માટે તમે એ યાદ રાખો! પરંતુ એ પછીની તમારી ખુલ્લી દુશ્મનાવટ તો તમને બરાબર યાદ હશે એમ ધારું છું. જે નજીવા લાગતા પ્રસંગોમાંથી મારો ને તમારો સંબંધ કેવો થઈ ગયો તેનું સ્મરણ મેં તમને કરાવી લીધું. હવે હું એટલે જ અટકી જાઉં તો? હવે પછીના પ્રસંગો કારમી યાતનાના છે પરંતુ એનું વર્ણન કરીને હું શો અર્થ સારવાની હતી! એના મૂળમાં તો તમારી મને કાબૂમાં લેવાની, લાચાર બનાવીને પગે પડાવવાની જ વૃત્તિ હતી ને! એ ફરીફરીને તમને યાદ આપવાથી શો ફાયદો?

ભાવનગરમાં મારો બાબો ચાર મહિનાનો થયો ત્યાં સુધી હું રહી. આ વખત દરમ્યાન વ્યવહારિક રીતે તમારા પત્રો આવતા. તમારા ભાઈ પણ કાગળો લખતા. વ્યવહાર પ્રમાણે બાબાને માટે ફૈબાની ભેટ પણ આવી, પરંતુ એ બધાંની આરપાર મારા પ્રત્યેનો તમારો અણગમો દેખાઈ આવતો હતો. 'વહાલુડી ભાભી' તો હવે હું રહી જ નહોતી, પરંતુ મારાં માતાપિતાને પણ આપણા બગડેલા સંબંધની પૂરેપૂરી જાણ થાય એ માટે તમે એમના ઉપર જ પત્રો લખતા અને તેમાં મારું નામ સુદ્ધાં ટપકાવતાં નહિ. એક દિવસ તમારો કાગળ વાંચીને મારા બાપુ જ બોલી ઊઠ્યા.

'સુશીલા ને એની નણંદ વચ્ચે પહેલાં જેવો હવે સ્નેહ નથી લાગતો!'

હું શું જવાબ આપું? મને મૂગી રહેલી જોઈ મારાં બા બોલ્યાં: 'એ આવી તે દિવસથી હું સમજી ગઈ છું પણ જાણી જોઈને વાત નથી કાઢતી. હશે, આપણે કાંઈ ન બોલવું. એનું ઘર છે ને એની નણંદ છે. બધું ઠીક થઈ પડશે.'

હું સમજી ગઈ હતી મારાં બાના કહેવાનો ભાવાર્થ. તમે પણ મને એમ જ કહ્યું હતું ને કે છેવટ મારું સ્થાન ત્યાં જ છે? ખરી વાત છે નણંદબા! મારું સ્થાન બીજે ક્યાં હોય? ભાવનગરથી પાછાં આવ્યા પછી જે કાંઈ બન્યું તેણે ફરી ફરીને સાબિત કર્યું કે ત્યાંથી મારું સ્થાન મારે ફેરવવું હોય તો ભગવાનના દરબાર સિવાય બીજે કોઈ સ્થળે જગ્યા જ નથી.

માતાપિતાએ આપેલું 'આણું' લઈને હું ભાવનગરથી નીકળી ત્યારે મારા પગમાં મુદ્દલ જોર નહોતું. લગ્ન વખતે ભાવનગર છોડેલું એ દિવસ યાદ આવી જતો અને આંખમાં આંસુ ભરાઈ આવતાં. કોઈ વાર એમ પણ થઈ આવતું કે મારો જ વાંક હશે. જઈને બહેનના પગે પડી જઈશ. ફરીને ઘર એવું જ સુખભર્યું બની જશે.

સ્ટેશન ઉપર તમે ને તમારા ભાઈ આવ્યાં હતાં. બંનેને જોઈ હું હસી, પરંતુ તમે ન હસ્યાં. એટલું સારું થયું કે બાબાને જોવા-તેડવાની જિજ્ઞાસા તમે બતાવી. કદાચ તમારા ભાઈને ખુશ કરવા માટે તમે એમ કર્યું હોય. જે હોય તે. આ વાત મારે હવે લંબાવવી નથી. મેં ઘેર આવીને તમારા મનને શાન્ત કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ, તમે તો બરાબર નણંદપણું બતાવવા માંડ્યું, આણામાં મળેલી વસ્તુઓ તરફ ટીકાઓ કરતાં કરતાં તમે મારા માતાપિતા માટે પણ ઘસાતું બોલતાં નં અચકાયાં. બાબો જરા દુબળો હતો તેમાં યે મારો ને મારા માબાપનો દોષ હોય એવું વાતાવરણ કરી મૂક્યું.

થોડા ઘણુ દિવસ વીત્યા ત્યારે મેં જાણ્યું કે મારા વિષે જાત-જાતની વાતો તમે બાને કરી હતી. એ બધી વાતનો સાર આટલો જ હતોઃ પરણીને હું આવી ત્યારે જેટલી શાન્ત લાગતી હતી તેટલી ખરેખર હતી નહિ. હવે મારું ખરું સ્વરૂપ—ઉદ્ધત સ્વરૂપ બહાર નીકળતું હતું. મને જો કાબૂમાં રાખવામાં નહિ આવે, મારા ઉપર જો દેખરેખ નહિ રહે તો ભર્યોભાદર્યો ઘરનો હું ભાંગીને ભુક્કો કરી નાખીશ.

આ ઉપરૂ તમારી આ વાતોના અસર મને સ્પષ્ટ દેખાવા લાગી. કોઈ વખત નહિ અને હવે તેઓ મારો નજીવો વાંક આવતાં ઊંચે સાદે બોલવા લાગતાં અને તમારા ભાઈ પણ ધીમે ધીમે મારા પ્રત્યે એવું જ વર્તન રાખવા લાગ્યા. બે અઢી વરસમાં જ કેટલું બધું પરિવર્તન થઈ ગયું!

આમ ચાલતું હતું ત્યાં તમારા લગ્નના ઝગડાનો અંત આવ્યો ને તમે સાસરે જવા તૈયાર થયાં. મને થયું કે હવે હું સુખી થઈશ. પણ તમને તો એમ થાય ને કે તમો જશો તો હું તમારા ભાઈ અને બાને ભરખી જઈશ. એટલે તમે જતાં પહેલાં એ બંનેના મન અને મગજમાં પૂરેપૂરું ઝેર ભરી દીધું. તમે ગયા પણ તમારું રાખેલું ઝેરી બીજ ગયું નહિ. એ તો ધીમે ધીમે ફૂલવા–ફાલવા લાગ્યું.

હું યે કેટલુંક સહન કરું! મેં તો પછી સામે બોલવા માંડયું. બદલામાં તમારા ભાઈની અને બાની ગાળો મળી. જ્યાં ને ત્યાં મારી નિંદા થવા લાગી. વચ્ચે તમે જાતે પણ આવવા લાગ્યાં અને રખે કોઈ ધીમું પડી જાય તેની તકેદારી રાખતાં ગયાં.

આવું ને આવું શું તે કેટલું લખું! રોજના લોહીઉકાળાનો ઇતિહાસ લખું તો પાનાંના પાનાં ભરાય. તમારા ભાઈ ભાન ભૂલી ક્યારેક હવે હાથ પણ ઉપાડવા લાગ્યા. મને બરાબર યાદ છે. તમે જ એમને ચડાવતાં. તમારાં બા તો એમને 'બાયલો' કહીને ઉશ્કેરી

મૂકતાં હું યે મારા માબાપની કુળમર્યાદા હવે ચૂકી ગઈ હતી. સામું બોલતી, આખો બાળો ગજાવતી અને કોઈ કોઈ વાર તો બાને ને તમને ગાળો ય દઈ દેતી.

મારા આવા સંસારમાં સુખનું નામનિશાન પણ ક્યાંથી હોય! છતાં યે સંસાર ચાલતો ને હું બબ્બે વર્ષે માતા બનતી. છોકરાં બિચારાં કલેશ વચ્ચે જ ઊછરતાં. હું યે કંટાળીને એમને મારી બેસતી. મા! દૈવ! જો અવારનવાર ન મળતાં હોત તો હું ચોક્કસ ડાકણ જ બની ગઈ હોત. તમે તો એમને ય ગાળો દઈને એમ કહેતાં એ જ મને ચડાવે છે, બગાડે છે ને ઘરમાં દિવાસળી મૂકે છે.

હવે ઝાઝું લખાતું નથી. લખીને ય શું કરવું? જ્યારે આ કાગળ મેં શરૂ કર્યો ત્યારે બે વાત મારા મનમાં ખાસ હતી. એક તો મારે તમને અને સમાજની તમામ નણંદોને ઉદ્દેશીને થોડુંક કહેવું હતું. મારા કાગળમાં મારે ઘરઘરમાં બેઠેલી ભાભીઓના અંતરની વાત મૂકવી હતી અને બીજું, તમે ને તમારાં બા જ્યારે ને ત્યારે મને બીજા ઘરના દાખલાઓ આપી તમારે ત્યાં હું કેવા સુખમાં છું તે જણાવતાં હતાં, તે સામે મારી બાજુના થોડાક ઊલટા દાખલા મારે આપવા હતા. તમારી પેઠે હું એક આંખે જોનાર હોત તો એમ જ કહેત કે હે ભગવાન! આ જગતમાંથી નણંદ માત્રનું તું નામનિશાન કાઢી નાખજે. મારા દુર્ભાગ્યે તમારે નણંદ નથી, નહિ તો તમને થોડીક તો ખબર પડત. તમે જાણો છો કે મારે બે ભાભીઓ છે પરંતુ અમારી વચ્ચે સગી બહેન જેવું હેત છે. જ્યાં જ્યાં તમારા જેવી નણંદો છે ત્યાં ત્યાં એ ઘરમાં રાત-દિવસ હોળી સળગે છે ને જ્યાં જ્યાં સગી બહેન જેવી નણંદો છે ત્યાં ત્યાં તો સ્વર્ગના દેવતાનો વાસ હોય એવું સુખ વર્તે છે.

મારે તમને ને તમામ નણંદોને જે થોડુંક ચોખ્ખે ચોખ્ખું કહેવું છે તે હું પછી કહીશ. અત્યારે તમારી પાસે બે ચાર સાચી વાતો મૂકું

ને બતાવું કે નણંદ કેવી હોવી જોઇએ, અને ભાઇની બહેન કેવી હોવી જોઇએ. તમારી પેઠે બધી બહેનો એના ભાઈના ઘરને જો ઉજ્જડ બનાવવાનું કામ કરે તો આ સંસારનો અંત જ આવી જાય.

તમે ઓળખો છો એ જમાનાની વાત કરું. એ અમારા ગામની છે. એની ખરી વાત તમે જાણશો તો તમને થશે કે જો નણંદ ન હોત તો એ બિચારીએ ક્યારનો ગામના પાદરનો કૂવો જ પૂર્યો હોત. એને જીવતદાન આપ્યું એની મોટી નણંદે. તમે એને ય ઓળખો છો. એનું નામ કસ્તુરી.

મારી બા પછી કહેતાં હતાં કે લગ્ન પછી જ્યારે એ ઘેર ગઈ ત્યારે પહેલી જ રાતે એને એના વરે ઓરડા બહાર કાઢી મૂકી. શા માટે? તો કહે 'મને ગમતી નથી.' બિચારી આમ તો સારી હતી, પણ જરા શ્યામ વાને હતી. વર કાંઇ રૂપરૂપનો અંબાર નહોતો. પણ રાજાના રૂપને કોણ જુએ છે. એનું તો રાજ, માન ને નાણું જોવાય રૂપ જોવાય રાણીનું. જમના પહેલી જ રાતે એની નણંદ ભેગી સૂઈ રહી. આખી રાત એણે ડૂસકાં ભર્યાં ને નણંદે સગી માની જેમ એને પંપાળ્યા કરી બોલો, તમે આવું કરી શકો? તમે તો ગમતીને અણગમતી બનાવવાનું કામ કર્યું.

ભાઈ ક્રોધી અને ધૂર્ત હતો છતાં એણે જમનાને સાચવી લીધી. બહેનનું સાસરું ગામમાં જ હતું. એ પોતાના ઘર કરતાં ભાઈના ઘરે વધારે રહેવા લાગી. પિયરમાં અને ગામ આખામાં આ તજી દીધાની વાત પહોંચી ગઈ. જમનાનો ભાઈ એને તેડવા માટે પણ આવ્યો પરંતુ બહેને કહ્યું: 'ત્યાં કેટલા દિવસ કાઢશે? અંતે આ જ એનું ઘર થવાનું છે.' ધીમે ધીમે એણે ભાઈને સમજાવી લીધો અને ભાભીને પણ ભાઈને અનુકૂળ બનાવી દીધી. જે સંસારમાં ઝેર હતું ત્યાં એણે અમૃત રેલાવ્યું. આજે કોઈ માને કે શાન્તિલાલને દસ વરસ પહેલાં જમના દીઠે ડોળે પણ નહિ ગમતી હોય?

મારી બેનપણી મંજુલા છે. એની જિંદગી યે નણંદે જ સુધારી છે. બિચારી પહેલાં તો સુખી હતી, પ્રભાકરને એના ઉપર હેત પણ પારાવાર હતું, પરંતુ મંજુલાએ એક 'ધરમનો ભાઈ' કર્યો હતો તેના વિષે પ્રભાકરે બે વરસ પછી કાંઈ જાણ્યું કે મંજુલા કુમારિકા હતી ત્યારે એની અને 'ધરમના ભાઈ' ચંદ્રકાન્તની પ્રેમની ગાંઠ બંધાઈ ગઈ હતી. ચંદ્રકાન્ત બ્રાહ્મણનો પુત્ર હતો. મંજુલા વણિક હતી. માતાપિતાએ વિરોધ ઉઠાવ્યો ને મંજુલા દબાઈ. હવે મંજુલા એને 'ધરમનો ભાઈ' બનાવીને સંબંધ જાળવી રાખે છે. આટલું જાણ્યા પછી પ્રભાકરને ચંદ્રકાન્ત તથા મંજુલા પ્રત્યે વહેમ આવવા લાગ્યો. વહેમનું એકે ય કારણ એ બંનેમાંથી કોઈએ આપ્યું નહોતું પરંતુ વહેમને કારણની જરૂર જ ક્યાં પડે છે?

મંજુલાએ જ આ બધી વાત મને કરી છે એટલે આને ગામગપાટા ન ગણશો. આ મંજુલા કેટલી સુશીલ અને વફાદાર હતી તે એના, ચંદ્રકાન્તના અને પરમેશ્વરના. સિવાય. કોણ જાણતું હતું! પ્રભાકરે તો કઠોર બની જઈ મંજુલા તરફનો પોતાનો તમામ પ્રેમ ખેંચી લીધો. મંજુલાને માટે જગતમાં આના કરતાં મોટું દુઃખ કયું હોય શકે? એણે એક દિવસ પ્રભાકરને પૂછ્યું પણ ખરું કે 'શા માટે મારા પ્રત્યે આવું વર્તન રાખો છો? તમારો પ્રેમ ક્યાં ચાલ્યો ગયો?'

પ્રભાકરે કઠોર હાસ્ય સાથે જવાબ આપેલો: 'અત્યારે જે વર્તન રાખું છું તે જ લગ્નના પહેલા દિવસથી રાખવું જોઈતું હતું. મારો પ્રેમ આજ લગી એક પથ્થર ઉપર ઢળી રહ્યો હતો!'

મંજુલાના હૈયા ઉપર આ સાંભળતાં કેવો ઘા પડ્યો હશે! તુરત તો એ સાચું કારણ નહિ સમજેલી, પરંતુ આઠેક દિવસ પછી ચંદ્રકાન્ત એક રવિવાર ગાળવા માટે એમને ત્યાં આવ્યો ત્યારે પ્રભાકરે એને આવકાર પણ ન આપ્યો અને મંજુલાને કટાક્ષમાં કહ્યું: 'આજ

તને સારું લાગશે' ત્યારે મંજુલા બધો ભેદ પામી ગઈ, અને એ જ વખતે બીજા ઓરડામાં ચાલી ગઈ. પ્રભાકરે એને બોલાવી અને ચંદ્રકાન્તે પણ કંઈ સમજ્યા વિના એને સાદ પાડ્યો પણ મંજુલા બહાર ન જ આવી. પ્રભાકરની સામે જોતાં ચંદ્રકાન્ત એટલું સમજી ગયો કે પોતે અણગમતો પરોણો છે એટલે એણે ચાલવા માંડ્યું.

બરાબર એ વખતે જ પ્રભાકરની બહેન બહારગામ ભણતી હતી તે રજા ગાળવા માટે ત્યાં આવી પહોંચી. આવતાં જ એણે ભાઈ–ભાભી વચ્ચેના મનદુઃખ જોઈ લીધાં. ભાભી ઉપર એને અત્યંત વહાલ હતું ભાઈને ચાહે એમા શી નવાઈ? પારકે ઘેરથી આવેલી ભાભીને જ વિશેષ ચાહવી જોઈએ ને? એણે મંજુલાને પૂછ્યું. મંજુલાએ પોતાને જે શંકા હતી તે કહી બતાવી. એ સીધી ગઈ ભાઈ પાસે. ભાઈને પોતાથી ત્રણ વરસે જ નાની બહેન ઉપર ખૂબ વહાલ હતું. બંને વચ્ચે નાનામોટાનો ભેદ પણ નહોતો. બહેન ભાઈ જેટલું જ ભણી ગઈ હતી. એકબીજાને તુકારે જ બોલાવતાં. ભાઈએ ખુલાસો કર્યો:

'હું શું કરું? આ સમાચાર જાણતાં જ પવનની ફૂંકે જેમ રૂનું પૂમડું ઊડી જાય એમ મારો પ્રેમ ઊડી ગયો. હું કેટલી તીવ્રતાથી એને ચાહતો હતો!'

'આનું એને કેટલું દુઃખ થાય છે તે તું જાણે છે?' બહેને કહ્યું.

'હું શું કરું? તું જોઈ શકે છે કે મેં ચંદ્રકાન્તને અહીં આવતાં અટકાવ્યો નથી અને તને વચન આપું છું કે કોઈ દિવસ એ બંનેના સંબંધમાં હું વિક્ષેપ નાખીશ નહિ.' ભાઈએ જવાબ આપ્યો.

'કેવું કઠોર તું બોલે છે? એ બંને વચ્ચે પ્રેમ છે એમ તું માને છે? તું સમજી ન શક્યો કે જો પ્રેમ હોત તો મંજુલાએ ચંદ્રકાન્ત સાથે સંબંધ જ ન રાખ્યો હોત!'

'ત્યારે શા માટે આ સંબંધ રાખ્યો છે? અને ચંદ્રકાન્તે હજી લગ્ન પણ કેમ નથી કર્યાં?'

'એટલા ખાતર જ મારી ભાભી એની સાથે સંબંધ રાખે છે. ચંદ્રકાન્તને એ પરણાવશે ત્યારે જ જંપશે. મને તો એમ થાય છે કે મારી ભાભીના આ જૂના પ્રેમની વાત સાંભળીને તારા મનમાં એના પ્રત્યે ભક્તિભાવ પેદા થવો જોઈતો હતો. તું વિચાર તો કર કે લગ્ન એની ઇચ્છા વિરુદ્ધ થયું. જેને એ ચાહતી હતી તેનું હૈયું ભાંગી પડ્યું. એના પોતાના દિલ ઉપર પણ કારમી ચોટ લાગી. છતાં એણે બધું ઢાંકી રાખી તને પ્રેમ અને વફાદારી બંને આપ્યાં. ચંદ્રકાન્તને પણ હડસેલી મૂક્યો નહિ. એને ભાઈ બનાવી લીધો. બેનના અધિકારે હવે એ એના લગ્ન પણ કરાવશે.'

મંજુલા આ ચર્ચા સાંભળતી જ હતી. આ વખતે એ બહાર આવીને બોલીઃ

'છતાંય તમે એમ ઇચ્છતા હો કે ચંદ્રકાન્ત અહીં આવે જ નહિ ને મારે એની સાથે મુદ્દલ સંબંધ ન રાખવો તો તે પણ મને કબૂલ છે. એના વિના હું જીવી શકીશ. તમારા પ્રેમ વિના હવે જીવવું......' અને મંજુલા રડી પડી હતી, બહેને ત્યારે એનું માથું ખોળામાં લઈ આશ્વાસન આપ્યું હતું અને એ જ વખતે પ્રભાકરનું હૈયું પીગળી ગયું હતું.

આ પણ નણંદ અને તમે પણ નણંદ! આવું કાંઈ મારી જિંદગીમાં બન્યું હોય તો! ભગવાનની મહેર છે મારા ઉપર કે તમે આંગળી ચીંધી શકો એવું કાંઈ કરતાં કાંઈ મારા જીવનમાં બન્યું નથી. મંજુલાની નણંદનો વિચાર કરું છું, ત્યારે એમ થાય છે કે એની પાસે સગી મા પણ શી વિસાતમાં? અને તમે? હા, એક વાર તો તમેય મારા પ્રત્યે પ્રેમ રાખતાં હતાં. પણ તમારો પ્રેમ સ્વાર્થી

ભરેલો હતો. તમે સ્ત્રી હતાં ને વહેલું મોડું તમારે આ ઘર છોડવાનું જ હતું. છતાં આ ઘર ઉપર તમારે કાબૂ જમાવવો હતો. તેમાંથી જ આ બધાં દુઃખો ઊભાં થયાં. અને માત્ર ઘર ઉપર નહિ, બા ઉપર, તમારા ભાઈ ઉપર અને મારા ઉપર શિરજોરી કરવી હતી !

અત્યારે હવે થાકી છું એટલે બંધ કરું છું. એ સાચી કથા તમને લખી એટલે બીજી યે યાદ આવવા માંડી છે, પણ એ હવે આવતી કાલે લખીશ એ પછી મારે જે ચોખ્ખે ચોખ્ખું કહેવું છે, તે કહીને આ કાગળ–કથા પૂરી કરીશ.

[૫]

ભાવભર્યું આમંત્રણ

આજે કાગળ પૂરો કરવા બેઠી છું ત્યારે એમ થાય છે કે મેં શા માટે આ બધું લખ્યું ? તમને હું ઓળખું છું એટલા ઉપરથી તો એમ લાગે છે કે તમને આવી કાંઈ કરતાં કાંઈ જ અસર થશે નહિ. તમે શી રીતે ભૂલી શકો કે આ તમારી જ ભાભીએ લખેલું છે ! નણંદબા, જો એટલું તમે ભૂલી જાવ તો મને ખાતરી છે કે તમારું હૈયું આ વાંચીને પીગળી ગયા વિના ન રહે. હું એમ તો કહેતી જ નથી કે બધી બાબતમાં અને બધા પ્રસંગોમાં તમારા એકલાંનો જ વાંક છે. વાંક મારો ય છે, પણ મારો વાંક તો તમારી પાછળ ચાલ્યો છે. માર ખાઈ ખાઈને હું નિર્ભય બની ગઈ. તમારી ગાળો ને મેણાંટોણાં સાંભળી મેં મારા સંસ્કાર ખોઈ નાખ્યા ! છતાં ય એમ થાય છે કે મનને હળવું કરવા માટે સાચા અંતઃકરણથી મારી તમામ ભૂલો માટે તમારી માફી માગી લઉં. તમે જો મને માફી

આપશો તો તમારા અંતરમાં પણ પશ્ચાતાપની એક સરવાણી ફૂટી નીકળશે એમ હું ધારું છું.

પરિણામ તો જે આવે તે, પણ આ કાગળ હવે ઝટપટ પૂરો કરી નાખું. ગઈ કાલે બે કથાઓ લખતાં જે બીજી બે કથાઓ મને યાદ આવી ગઈ હતી તે ટૂંકમાં તમને જણાવી દઉં. તમને ખાતરી થાય કે જ્યાં નણંદ એની ભાભીનુ ધ્યાન રાખે છે ત્યાં આખા કુટુંબમાં કેવો પ્રેમ જાગે છે.

સુલોચનાને તમે ઓળખો છો ? એ તો હમણાંનું એનું નામ છે. મૂળ નામ શાન્તિ. એનો વર વિલાયત સુધી ભણી આવેલો અને શાન્તિ સાવ અભણ. એ બંનેના લગ્ન જ કેમ થઈ શકે એવો સવાલ તમારા મનમાં ઊઠશે. પણ શાન્તિનો વર વિલાયત જઈ આવ્યા છતાં ઉદ્ધત નહોતો બન્યો અને માબાપની મર્યાદા પણ રાખતો. નાનપણમા થઈ ગયેલું સગપણ એણે તોડ્યું નહિ. એના ભાઈબંધોએ ખૂબ ચડાવેલો પણ એણે તો સૌને કહી દીધેલું—એનામાં સંસ્કાર છે, ચારિત્ર્ય છે ને આરોગ્ય છે એટલે મારે બધું છે. જો કે શાન્તિ અને એના માબાપ તો હરઘડી એમ માનતા કે આ સગપણ ચાલવાનું નથી.

પણ લગ્ન થઈ ગયાં. શાન્તિ સાસરે ગઈ. સાસરાના ઘેર બધાં ખૂબ ખૂબ ભણેલાં. ત્રણ નણંદો, ત્રણેય ખૂબ ભણેલી. બે દિયર, એમાં એક તો વિલાયતમાં. શાન્તિ મૂંઝાવા લાગી. કોઈએ એનું અપમાન ન કર્યું. એના વરે પણ એને પ્રેમથી જ રાખી. પણ શાન્તિને થતું હતું કે હું 'એમની' સાથે શોભતી નથી. આ ઓછી શોભાનું કારણ તો એ બિચારી ખાસ ભણી નહોતી એ જ હતું ને! એની નાની નણંદના ખ્યાલમાં ભાભીનું આ દુઃખ આવી ગયું. બીજા જ દિવસથી ભાભીના માથેથી ઘરની બધી જવાબદારી ઉતારી લીધી અને ત્રણેય નણંદોએ એને ભણાવવા માંડ્યું. છ મહિનામાં તો એ

ભણતી વાંચતી થઈ ગઈ. એ પછી એની શરમ દૂર થઈ એટલે એક શિક્ષક રાખી લીધો. આજ તમે એના ઘેર જાઓ તો માનો જ નહિ કે પાંચ વરસ પહેલાંની શાન્તિ અને આજની સુલોચના એક જ હશે. ભણવાને પરિણામે પતિનો પ્રેમ પણ એ વધુ મેળવી શકી. એનું જીવન સુંદર અને આનંદમય બની ગયું.

હવે ચોથી અને છેલ્લી કથા કહું. એ તો આ ત્રણે ય કથાને ટપી જાય એવી છે. એમાં ભાઈ કુછંદે ચઢી ગયેલો. ભાભી બિચારી પોસ પોસ આંસુએ રડયા કરતી. નણંદ તો પરણીને બીજે ગામ ચાલી ગઈ હતી, પણ ભાભીનું દુઃખ એણે જાણ્યું એટલે જે તે બહાના કાઢી સાસરીઆની રજા મેળવી ભાઈના ઘેર આવી પહોંચી ભાભીને આ નણંદનો સાથ ન મળ્યો હોત તો જરૂર એણે આપઘાત કરીને જીવ કાઢી નાખ્યો હોત. કારણ કે એના ઉપર કુછંદે ચડેલો પતિ જુલમ ગુજારવામાં બાકી નહોતો રાખતો. ભાઈની બહેન—સાચી બહેન અને સાચી નણંદ બની. એક બાજુ ભાઈને ઠેકાણે લાવવાના એણે પ્રયત્નો કર્યા અને બીજી બાજુ ભાભીને પોતાની બાથમાં લઇ લીધી. છ મહિનામાં એણે નર્કની જગ્યાએ સ્વર્ગ ઊભું કરી દીધું. ભાઇ પશ્ચાતાપ કરીને ખોટે માર્ગેથી પાછો વળ્યો. ભાભીને પરમેશ્વર મળ્યાનો આનંદ થયો. પાયમાલ થતું એક કુટુંબ ઊગરી ગયું. સગાંવહાલાંએ જ્યારે આ જાણ્યું ત્યારે એ નણંદને સાક્ષાત દેવી જ કહેવા લાગ્યા. અને ભાભીને મન તો એ દેવી હતાં જ. એવો ઉપકાર કોઇ જન્મમાં ભાભી ભૂલી શકશે?

બોલો, નણંદબા! હવે વધુ કથાઓની જરૂર છે? આટલું લખ્યા પછી એક ડર મારા મનમાં પેદા થાય છે. રખે, તમે ભાભીઓના ત્રાસની કથાઓ શોધી કાઢો! કારણ કે આપણા આ સંસારમાં એવું યે રોજ બન્યા કરે છે. દુનિયા સુખ અને દુઃખ, સાચ અને જૂઠ, પ્રેમ અને દ્વેષથી તો ભરેલી જ છે ને? પણ એવી કથા તમે શોધશો તો યે મને તો નહિ જ કહી શકો. કારણ કે મેં તમારું કશું યે બૂરું

નથી કર્યું અને તમે તો મારી ઉશ્કેરણીને જ કેળવણી આપી છે!

પણ હવે હું થોડીક ચોખ્ખી વાતો કહી દઉં. માત્ર તમને જ નહિ, તમામ નણંદોને. જે નણંદ ભાઈના ઘરમાં સુખશાન્તિ ઇચ્છતી હોય તેણે આટલું ધ્યાનમાં રાખવું જ પડશે. અને જો આવું વર્તન રહેશે તો નણંદ અને ભાભીનો પ્રેમ આ સંસારમાં અમર બની જશે.

સૌથી પહેલું તો દરેક નણંદ પાસે હું એ માગું છું કે આટલી વસ્તુનો એ સ્વીકાર કરી લ્યે કે જે ઘરમાં એ ઊછરીને મોટાં થાય છે તે ઘર એમનું નથી. નણંદની જે ભાભી બને છે તે જેમ પોતાના ઘર ઉપરનો તમામ હક્ક ઉઠાવી લઈને આ નવા ઘરમાં હક્ક સ્થાપવાના વિચારથી આવે છે તેમ જ નણંદે પણ માની લેવું. એનું ઘર જ્યાં એનાં લગ્ન થાય ત્યાં જ બની શકે. ભાઈનું ઘર તો ભાભીનું જ ઘર બની જાય.

આનો અર્થ એવો નહિ કે નણંદને કોઈ જાતનો હક્ક જ નહિ. હક્ક ખરો, પણ મર્યાદિત. એ હક્ક ભાભીના હક્કની તોલે ન આવી શકે. સાવ સાદી આ વાત છે. ચર્ચામાં તો સૌ એનો સ્વીકાર પણ કરે છે. પરંતુ માણસનો મોહ છૂટતો નથી. ભાભી એટલે તો અમારી લાવેલી વસ્તુ, એવી માન્યતા જ બધાં દુઃખનું મૂળ બની જાય છે. ખરું જોતાં તો પોતે ય બીજે સ્થળે વહુ અને ભાભી બનવાનાં છે. અને ત્યાં નણંદના સ્નેહની અપેક્ષા રાખવાનાં છે તેનો એણે ખ્યાલ રાખવો જોઈએ. પેલી કહેવત છે ને કે 'પોતાને જે અયોગ્ય લાગે તે બીજા પ્રત્યે ન આચરવું' આ સૂત્ર તમામ નણંદો અને સાસુઓએ સમજવા જેવું છે.

બીજો ખ્યાલ એ રાખવો કે ભાભી એમના ઘરમાં આવે છે ત્યારે એકલી-અટૂલી હોય છે. પોતાનાં માતા-પિતા અને ભાઈબહેનોનાં જૂથમાંથી એ વિખૂટી પડી ગઈ હોય છે. આ ભાભી નવા ઘરમાં

કેમ સુખ અને આનંદ પામે તે શોધવાનું કામ નણંદનું છે. નણંદનો વીર આખો દિવસ ઘરમાં હોય નહિ. જૂના રિવાજે હોય તો એ પત્નીના જીવનમાં પ્રગટ રીતે કશો રસ પણ ન બતાવી શકે. સાસુ તો હોય ઉંમરમાં મોટાં. એમના માન-મર્યાદા પણ જાળવાવાં જોઈએ. એટલે નવી વહુ માટે નાના દિયર અને નણંદ સિવાય સ્નેહનું સાધન શું? હૈયું ખોલવાનું ઠેકાણું કયું? આ સ્થિતિ લક્ષમાં રાખીને નણંદે ભાભીના પ્રવેશ સાથે જ પોતાનો પ્રેમ અને વિશ્વાસ એને આપવાં જોઈએ. જ્યાં આવો પ્રેમ–વિશ્વાસ અપાય છે ત્યાં ભાભીના સ્નેહનો બદલો ય એવો જ મળે છે. 'ભાભીના ભાવ મને ભીંજવે રે લોલ' એવું સ્નેહ અને આપ્યા–લીધા વિના ગાઈ શકાય નહિ.

નણંદ એ જેમ ભાઈની બહેન છે તેમ ભાભીની પણ બહેન જ છે. બેનપણી એ જં છે. કોઈ કોઈ વાર તો માતાપિતાનું કાર્ય પણ એણે જ બજાવવું પડે છે. ભાભી અને એના સાસરીઆના સંસાર વચ્ચે નણંદ એક સાંકળરૂપ છે. આ સાંકળ જો તૂટી જાય તો કુટુંબના સ્નેહમાં વિક્ષેપ જ આવે.

હું જાણું છું કે જેમ નણંદનું કંઈક કર્તવ્ય છે તેમ ભાભીની ય ઘણી ફરજ છે. પણ આ પત્ર હું નણંદને લખું છું ત્યારે આડી વાતમાં કેમ ઊતરું? અને જે નણંદને હું સીધી રીતે આ પત્ર લખું છું તેને કોઈ રીતે હું ભૂલી શકું એમ છું? ડાહી ડાહી વાતો તો મેં લખી નાખી પણ મારી નણંદને એની કશીયે અસર થવાની છે? મારી જિંદગી એણે બરબાદ કરી છે. હું માનું છું, એ ધારે તો આજે ય મારી જિંદગી સુધારી શકે.

હું કોને કહું છું આ બધું? તમને, નણંદબા, તમને તમે તમારા ભાઈ ઉપર કાબૂ ધરાવો છો. તમે જે બોલો છો તે એમને સાચું લાગે છે. કેટલાક ઘરમાં જેમ પત્ની બોલે તે જ બ્રહ્મવાક્ય હોય છે

તેમ આપણા ઘરમાં તમારું સ્થાન છે. તમે આજે જ તમારા ભાઈનો ખોવાઈ ગયેલો સ્નેહ મને અપાવી શકો એમ છો. તમે જો એમને ખાતરી કરાવો કે મારો સ્વભાવ સારો છે, મારાં પિયરિયાં સારાં છે, હું ઘરને બરોબર સાચવું છું, માન–મર્યાદા જાળવતાં મને આવડે છે; તો તુરત મારી દુનિયા બદલાઈ જાય. તમારા ચિત્તને પણ શાંતિ થાય. સાસરિયાનો થાક બધી સ્ત્રીઓ પિયરમાં ઉતારે છે. મારું યે એમ જ થાય છે, પણ તમારું ? તમે તો અહીં હોળી સળગાવી ગયાં છો એટલે અહીં આવીને તો વધુ કંકાસમાં પડી જાઓ છો. આમ તો મારા કરતાં તમો વધુ સમજુ ને વધુ સંસ્કારી ગણાઓ છો, પરંતુ આ ઘરમાં એમાંનું કાંઈ મેં જોયું કે અનુભવ્યું નથી.

હું તમારી ભાભી છું. તમારા ભાઈની પત્ની, એનાં બાળકોની માતા, તમારા પિયરનું હવે મુખ્ય માણસ. તમારા બાના ગયા પછી આ ઘરની એક માત્ર માલિક. તમે આ સ્થિતિ સમજશો ? અને હવે હું નાની યે નથી. ઉંમર કરતા મોટી દેખાઉં છું ને થોડા વરસમાં કદાચ ઘરડી યે થઈ જઈશ પણ જો આ ઘરમાં મારું માન રહેશે નહિ, તમારા ભાઈ મને આમ રંજાડયા કરશે અને તમે દૂર બેઠા બેઠાં પણ દિવાસળી ચાંપ્યા કરશો તો આ ઘરનું ભવિષ્ય કેવું થશે ? તમારા ભાઈના બાળકાં મોટાં થઈને શું વિચારશે ? અહીં આવનાર કોઈ એમ જાણશે કે મારું તો કશું માન નથી તો તેનું શું પરિણામ આવશે ? માત્ર મારા સુખ માટે નહિ, તમારા પિતાના ઘરની આબરૂ માટે પણ મારી સ્થિતિ ઉપર વિચાર કરવો જોઈએ.

જૂની વાતો ફરીને ઉખેળવા માગતી નથી. પણ જરી વિચાર કરી જુઓ બહેન, કે તમે જેવું મારું સ્વાગત કરેલું તેવી જ રીતે મને રાખી હોત તો ? મારા માબાપ તરફના સ્નેહની આડે ન આવ્યાં હોત તો ? તમારા ભાઈ ઉપર તમારે બદલે મારો કાબૂ થાય, તેઓ મને જ જુએ એવું કર્યું હોત તો ? તમારાં માતુશ્રી મારાં યે માતુશ્રી બને એવી

એમની ઉદારતા, દરરોજ એમના કાનમાં ઝેર રેડીને તમે મારી ન નાખી હોત તો? કદાચ મારી ભૂલ થઈ ગઈ હોય, પણ ત્યારે તમે મોટી બહેન બની સમજાવી લીધી હોત તો? અને સૌથી વિશેષ, મેં તમારું ન માન્યું ત્યારે 'ભલે એને ગમે એમ કરે. ઘર એનું છે' એવી ઉદાર વૃત્તિ રાખી હોત તો? બહેન! વિચાર તો કરો જો આ રીતે થયું હોત તો આપણો સ્નેહ કેટલો વધત?

પણ દુઃખનો કાંઈ છેડો છે? તમે પરણીને સાસરે ગયાં પછી પણ આ ઘરને છોડયું નહિ. ત્યાં બેઠાં પછી તો તમારે શાન્તિ રાખવી હતી! એ પછી તો આ ઘરને મારું થવા દેવું હતું? બાને અને તમારા ભાઈને કોણ જાણે તમે શું યે લખતાં હશો? તમારો કાગળ આવે તે દિવસે ઘરમાં હોળી સળગે જ! હું યે પછી તો વહેમીલી બની હતી. જે દિવસે કંઈક થાય તે દિવસે માનું કે તમે જ દોરીસંચાર કર્યો હશે! તમારા તરફ મારું ઝેર એમ એમ કરતાં વધતું જ ગયું.

પણ આજે આટલું લખ્યા પછી ઝેર નીચોવાઈ રહ્યું છે. એમ થાય છે કે છાતીમાં જે ડચૂરો ભરાયો હતો તે હવે બહાર નીકળી ગયો. જાણતાંઅજાણતાં તમને શાપ આપી દેતી તે સ્થિતિ યે અત્યારે નથી રહી. મન હળવું બની ગયું છે. કાગળમાં જે કાંઈ લખ્યું છે તે ફરીને વાંચવું યે નથી. કારણ કે અત્યારે તો વળી એમ થઈ આવે છે કે તમને ય શા માટે આ બધું લખવું! જે બનવાનું હશે તે બન્યા જ કરશે. ગયા ભવના પાપ જ હું ભોગવતી હોઈશ; અને વિચારું છું તો એમ થાય છે કે તમને ય આ લોહીઉકાળાથી શું સુખ મળ્યું છે? જો કાગળ ફરી વાંચવાનો પ્રયત્ન કરું તો મને ખાતરી છે, હું બધું ફાડીને ફેંકી દઉં. પણ ના, એમ મારે કરવું ય નથી, આ કાગળ લખ્યા પછી મન શાન્ત થયું છે. દુઃખ માત્ર નીતરી ગયું હોય એમ લાગે છે. હું તમને પાછાં મેળવી શકીશ એવી આશા પણ બંધાય છે. મારું પોતાનું અભિમાન ગળી ગયું છે. ક્યાં ક્યાં મારો વાંક હતો

તે મને દેખાવા લાગ્યું છે. આ બધું કાગળ ઉપર અક્ષરો પાડવાના પ્રતાપે જ બન્યું છે.

આ બધું લખવાને બદલે જો હું બોલી હોત તો આવી શાંતિ મને મળત નહિ. કારણ કે તમને જોતાં જ હું ઉશ્કેરાઈ જાત. આજે તો નથી તમે કે નથી તમારા ભાઈ. આવતી કાલે તમારા ભાઈ આવશે. શું સમાચાર લાવશે તે તો ભગવાન જાણે, પણ મારે શાંતિ છોડવી નથી. હું તો કાગળ સાથે જ મારા બધા દોષોની માફી માગી લઉં છું અને સાત વરસ પહેલાં મારા પ્રેમનો જે હક્ક હતો તે હક્ક યાદ રાખીને તમને વિનતિ કરું છું કે થોડા દિવસ માટે અહીં આવી જાઓ. આપણું આંગણું ઉજ્જડ બની ગયું છે ત્યાં નવા રોપા વાવી જાવ. ઘરમાં અંધારું છે ત્યાં દીવો પેટાવી જાવ. તમારા ભાઈના બાળકોને હસાવી-રમાડી જાવ, હું વિશ્વાસ આપું છું કે તમે છોડ રોપશો તો તેને હું રોજ પાણી સીંચીશ. તમે દીવો પેટાવશો તેમાં હું રોજ દિવેલ પૂરીશ. આપણું ઘર-આંગણું ઊજળું ને રળિયામણું બની જશે.

આવો નણંદબા, તમારી વહાલુડી ભાભીનું ભાવભર્યું આમંત્રણ છે.

લિ. **તમારી ભાભી**

★

ભાભી

★

[૧]

પ્રાસ્તાવિક

પ્રિય ભાભી,

તમે કોણ છો, ક્યાં રહો છો, તમારું નામ શું છે, વગેરે હું ક્યાં જાણું છું! જે નણંદ વતી આ પત્ર હું લખું છું તેને તમે ય ક્યાં ઓળખો છો? પણ તમે ભાભી હો, નાની કે મોટી કોઈ નણંદ તમને ભાભી કહીને બોલાવતી હોય તો તમે આ કાગળ વાંચ્યા વિના રહેશો નહિ. તમારી નણંદ તમને નાની કે મોટી બહેન જેવી વહાલી હોય અને તમે ય એને સગી બહેન જેવાં લાગતાં હો, તો યે કાગળ તમને ઉપયોગી થઈ પડશે, કારણ કે કુટુંબના સ્નેહમાં ક્યારે ને કેમ વિક્ષેપ પડી જાય છે તે બહુ ઓછા માણસો સમજે છે. આ કાગળમાં એક નણંદ પોતાનું હૈયું ઠાલવે છે. અથવા તો એ પોતાની ભાભી પાસે શું ચાહે છે—તે કહે છે એમ માનીને આનું વાચન કરશો તો તમે જોઈ શકશો કે તમારા સ્નેહને કાયમ રાખવા અને વધારવા તમારે

શું શું કરવું જોઈએ અને કોઈ અભાગી ક્ષણે 'એ સ્નેહ જોખમમાં મુકાય તો તમારે કેમ વર્તવું જોઈએ !

અને ભાગ્યયોગે નણંદ–ભાભી વચ્ચે ગમો–અણગમો કંઈ ન હોય, સારો કે માઠો, સંબંધ જ ન હોય, દુનિયાના બીજા અજાણ્યા માણસોની પેઠે જ તમે વર્તતાં હો, તો યે આ કાગળ તમને ઉપયોગી થશે. તમે જોઈ શકશો કે નણંદ–ભાભીનો સ્નેહસંબંધ જીવનમાં કેટલી મીઠાશ આપે છે ! જિંદગીના કપરા કોયડા ઉકેલવામાં કેટલો મદદગાર બને છે ! અને આખા યે કુટુંબમાં પ્રેમનું વાતાવરણ ફેલાવવામાં એનો કેટલો બધો ઉપયોગ છે એ રીતે તમે ભાભી હોવા છતાં સાચાં ભાભી નહિ બન્યાં હો તો આ પત્રથી બનવાની તમને પ્રેરણા થશે એવી આશા હું રાખું છું.

અને કોઈ દુર્ભાગ્યે નણંદ અને ભાભી વચ્ચે જો ઝેરના બીજ રોપાઈ ગયાં હશે અને એ બંને પોતાનાં રાગદ્વેષ અને અને ઈર્ષા તથા ક્રોધની જ્વાળામાં ઘરનું તમામ સુખ સળગાવી મૂકતાં હશે તો તો તમારે આ પત્રનું વાચન અવશ્ય કરવું પડશે. નણંદની ફરજ નણંદ સંભાળી લેશે. તમે ભાભી છો, તમારી જવાબદારી નણંદ કરતાં ઓછી છે એમ તમે માનશો નહિ. ઘર તમારું છે અને હજાર ઝગડાને અંતે તમારું જ રહેવાનું છે એટલે એ બાબતમાં તમારાથી બેદરકાર રહી શકાશે નહિ. તમારા ભવિષ્ય માટે, તમારા બાળકોના ભવિષ્ય માટે, તમારા પતિના સુખદુઃખ માટે આ ઝગડાઓમાંથી તમારે નીકળવું જ પડશે. નણંદ સામે ફરીઆદો કર્યા કરીને તમે સુખ મેળવી શકશો નહિ.

આ પત્ર જેમ એક નણંદની વતી હું લખું છું તેમ જ આપણા સમાજના તટસ્થ પ્રેક્ષક તરીકે પણ લખું છું. લખનાર કોણ છે તે જોવાનું તમારે કામ પણ શું છે ? તમે જો ભાભી છો અને તમારી ઇચ્છા આદર્શ ભાભી થવાની છે તો આ પત્રમાં તમને ઉપયોગી થાય

એવી હકીકતો અવશ્ય મળી આવશે. તમારું જીવન કેમ સુંદર, સમૃદ્ધ, અને પ્રેમમય બને, તમે પતિ–પત્ની કેમ સુખી રહો, તમારું સંયુક્ત કુટુંબ કેમ પરસ્પરની સેવા કરતું સમાજમાં સુવાસ ફેલાવે, તમારાં બાળકો કેમ તમારાથી યે વધુ સંસ્કારી થાય, એ દૃષ્ટિ રાખીને આ પત્રમાળા લખવા ધારું છું.

પત્રનો આરંભ કરતી વખતે એમ વિચારેલું કે તમને બે ચાર પત્રો નણંદ બનીને લખું અને બે ચાર પત્રો દિયર થઈને લખું, પણ હવે એમ લાગે છે કે એમ કરીને તમને લખીશ તો કદાચ તમારા પૂર્વગ્રહો, પુરાણા રાગદ્વેષો તમને આ પત્રનો મર્મ સમજવામાં અંતરાયરૂપ થશે. આ તો મારી નણંદ કે દિયરનો વકીલ છે ને? એમ માનીને તમે કદાચ પત્ર જ ફાડી નાખશો. એટલે તમને અગાઉ જણાવી દઉં કે કોઈના વતી કે કોઈની વકીલાત કરવા માટે આ પત્ર નથી લખતો હું તો લખું છું એક ભાભીને–જે આજના કુટુંબોમાં મહત્ત્વનું સ્થાન ધરાવી શકે એમ છે છતાં ધરાવતી નથી, જો ધારે તો પોતાના સ્નેહ અને આવડતથી આખા યે કુટુંબ ઉપર અસર ઉપજાવી શકે એમ છે છતાં એ પોતે જ હડધૂત થાય છે જેના હાથમાં ઘરની સાચી સત્તા હોવી જોઈએ છતાં જે ઝગડા કરવા સિવાય બીજી કોઈ સત્તા ધરાવતી નથી,' એવી ભાભીને આ પત્ર હું લખી રહ્યો છું. અલબત્ત, આ પત્રમા નણંદ અને દિયરના દાખલા તો મારે આપવા પડશે અને એમાં જે તમારા પ્રેમને ઝંખતાં હોય એવાં પ્રેમાળ ભાઈ–બહેન હશે. તેના અંતરની વેદના યે તમને બતાવવી પડશે, પરંતુ તમે ખચિત માનજો કે આ બધું માનવીથી શક્ય એટલી તટસ્થતા જાળવીને હું લખીશ. તમારા દોષો બતાવવા કે તમને થોડીક આળો દઈ લેવા માટે આ પત્ર લખવાનો નિર્ણય મેં નથી કર્યો.

લાંબી પ્રસ્તાવના હવે જવા દઉં અને મારો શુભ હેતુ તમે સ્વીકારી લીધો છે એમ માનીને મનમાં જે ઘોળાયા કરે છે તે કહેવા જ માંડું. તમને આ લાંબી વાતથી કંટાળો આવશે એમ ધારું છું.

તારુ સાચુ સ્થાન

સૌથી પહેલાં હું તમારી પાસે, ના, તારી પાસે, ભાભીને તમે કહીને હું પ્રેમનું અંતર કેમ વધારું? ભાભીની મારી કલ્પનાનો એક આદર્શ નમૂનો મૂકી દઉં. એ નમૂનો લક્ષમાં રાખીને તું તારી જાતનું અને સમાજનું અવલોકન કરશે તો મને ખાતરી છે કે ભાભીની ખામીઓ ને ખૂબીઓ વધુ સારી રીતે સમજી શકીશ. તને એ પણ ખબર પડશે કે આદર્શ ભાભી થવાના પ્રયાસમાં તું કેટલી સફળ થઈ છે અને કેટલી પ્રગતિ કરવાની હજી તારા માટે બાકી છે.

મારે મન આદર્શ ભાભી એની નાની કુંવારી નણંદની શિક્ષિકા ને માતા હોય, સમવયસ્કની સખી હોય, અને મોટી નણંદની નાની બહેન હોય. જેવું નણંદ માટે તેવું જ દિયર માટે સમજી લેવાનું.

આ માટે આ સંબંધો મેં રજૂ કર્યા તે વિસ્તારથી સમજાવું.

સામાન્ય રીતે આપણાં કુટુંબોમાં ભાભીનું પહેલું આગમન પ્રેમ અને કુતૂહલ પ્રેરનારું હોય છે. નાની મોટી નણંદો ને દિયરો એનું પ્રેમથી સ્વાગત કરે છે ને ભાભી કોના ઉપર પ્રેમ ઢોળશે તે વિષે મધુર હરીફાઈ એમની વચ્ચે ચાલે છે. તમામ કૌટુંબિક ઝઘડાઓની પેઠે આ સંબંધો પણ કલુષિત તો થાય છે. પાછળથી મોટે ભાગે કુટુંબ પ્રેમ કેમ જમાવવો ને જાળવવો, સંઘર્ષણના પ્રસંગો આવે તો તેમાંથી કેમ નીકળી જવું—એ વિષેનું અજ્ઞાન, ભવિષ્યના બધા કજીઆ-કંકાસ માટે કારણરૂપ હોય છે. જો પહેલે જ પગલે કુટુંબનાં તમામ અંગો પોતપોતાનું કર્તવ્ય સમજી લે ને તેનું પ્રેમપૂર્વક પાલન કરે તો એ કુટુંબમાં સ્વર્ગની સુવાસ ફેલાય.

ભાભીએ ભાભી થતાં પહેલાં અને પછી એ જાણી લેવું જોઈએ કે જેમની એ ભાભી છે તેઓ તેની પાસે શાની અપેક્ષા રાખે છે. આ અપેક્ષા કોઈ દિવસ પ્રગટ થતી નથી છતાં આદર્શ થવા ઇચ્છનારે સમજી લેવાની છે. મારું અવલોકન એમ કહે છે કે પ્રત્યેક દિયર અને નણંદ અસ્પષ્ટ રૂપમાં ઉપર જણાવેલા સંબંધોમાં જે સ્નેહ અને જે કર્તવ્યભાવના રહેલાં છે તેની અપેક્ષા એની ભાભી પાસે રાખે છે. જે ભાભી એવું આપી શકે છે તે સૌના દિલને જીતી જાય છે. જે એવું નથી આપી શકતી તે વિરોધ મેળવે છે ને જે ઇરાદાપૂર્વક એવા સંબંધથી દૂર નાસે છે તે ક્લેશના બીજ વાવે છે.

આટલી વાત જો નવી ભાભી થનાર વ્યક્તિ સમજી જાય તો આપણાં કુટુંબોના અર્ધા ઝગડાઓનો અંત આવે. ભાભી પોતે કેવી અપેક્ષા રાખે છે તે આ પત્રમાં મારે લખવું નથી કારણ કે સમાજ-જીવનને સુંદર ને પ્રગતિશીલ બનાવવા આપણે ઇચ્છતા હોઈએ તો જેના સંસર્ગમાં આપણે આવવું પડે છે તેની શી ફરજ તે વિચારવા કરતાં આપણું પોતાનું કર્તવ્ય વિચારવું ને સમજપૂર્વક આચરવું વધુ જરૂરી છે. ભાભી પોતાનો જ ધર્મ વિચારશે તો ઓછામાં ઓછી અર્ધી સફળતા તો એને પ્રાપ્ત થશે જ તેની હું ખાતરી આપું છું.

એટલે એણે નવા ઘરમાં પ્રવેશતાં જ પોતાને ' ભાભી ' કહેતાં જેમના હોઠ હસી ઊઠે છે તે સૌનું બરાબર નિરીક્ષણ કરી લેવું જોઈએ. નણંદ સાવ નાની હશે તો તેની માતા ભાભીએ બનવું જ પડશે, માતા જીવતી હશે તો પણ નાની નણંદ એવા લાડકોડની અપેક્ષા રાખે જ છે. પોતાની મા પાસે એ કન્યા જે અધિકારો નહિ ભોગવી શકતી હોય તે બધાય આ ભાભી પાસે તો ભોગવવા ઇચ્છશે જ. સાથોસાથ ભાભી એ બા નથી એવું એને ભાન હશે એટલે ભાભી સાથે નિખાલસ મૈત્રી બાંધવાની, એની ઉંમર ગમે તેટલી નાની હશે તો પણ એને ઇચ્છા થશે. બાની પાસે એનું હૈયું ક્યારેક ઊઘડતું હશે

ને ક્યારેક બીડાઈ જતું હશે, ત્યારે ભાભી જો માતા જેવું વાત્સલ્ય બતાવશે તો એનું હૈયું પૂર્ણ રૂપમાં ઊઘડી જશે.

આ સ્થિતિ આવતાં ભાભી એ નાની નણંદની શિક્ષિકા બની શકશે. નિરીક્ષણ કે પ્રયોગ કરવાથી કોઈપણ ભાભી આ વસ્તુસ્થિતિનાં દર્શન કરી શકશે. શિક્ષિકાનું જવાબદારીભર્યું કામ જે ભાભી ઊઠાવશે તેની પાસે એ નણંદ કેવી બનીને રહેશે તેનું કલ્પનાચિત્ર હું ન આપું, તો યે ભાભીની આંખ આગળ આવી જશે એવો મને વિશ્વાસ છે. જે કાર્ય જનની ન બજાવી શકી તે કાર્ય ભાભી બજાવી શકશે અને નાની નણંદ સાથે જીવનભરની પ્રેમ અને આદરની ગાંઠ એ બાંધી લેશે.

શિક્ષક થવું એટલે શાળાનું શિક્ષણ આપવું એવું તો તું નહિ સમજે એમ ધારી લઉં છું. નાની નણંદના સમગ્ર જીવનની શાળાના શિક્ષક આ ભાભીએ બનવાનું છે. નણંદના ઉછેરમાં જે ખામી રહી ગઈ હશે, એના સ્વભાવમાં જે દોષો ઘર કરી ગયા હશે, લાડકોડ કે અણગમાને પરિણામે એની જે જે લાગણીઓએ વિકૃત રૂપ લીધાં હશે, તે બધું સરલ, સુંદર ને સંપૂર્ણ કરવાનું કાર્ય ભાભી કરશે. નાની નણંદને સ્વચ્છતા, વિનય, આજ્ઞાંકિતતા વગેરેના પાઠો તો સ્નેહભર્યાં સંબોધનો ને આચરણોથી એ શીખવશે જ, પરંતુ એની કલ્પના ને બુદ્ધિનો વિકાસ પણ આ ભાભી સાધી શકશે. અનેક શક્તિ અને સદ્‌ગુણોનાં બીજ રોપવાનું પવિત્ર કાર્ય આ ભાભી ધારશે તો અવશ્ય કરી શકશે.

હું જે લખી રહ્યો છું તેમાં તું ભાવનાનું જોશ કે અતિશયોક્તિ ન ધારી લેતી. જે લખ્યું છે તે શુદ્ધ વ્યવહારને લક્ષમાં રાખીને લખ્યું છે. આજનાં આપણાં કુટુંબોમાં જે માતા છે તે શિક્ષિકા નથી. અને જે શિક્ષિકા છે તે માતા નથી. આનાં કારણો સમજાવવાં પડે તેવાં અઘરાં નથી જ. માતાનો પ્રેમ કોઈવાર જાગૃતિ અને વિવેક

ભૂલી જાય છે. બાળક એથી બગડે જ છે, પ્રેમ કરવા જતાં બાળકમાં કયા સદ્‌ગુણો સીંચવાના છે ને કઇ શક્તિનાં બીજ રોપવાનાં છે તે માતા ભૂલી જાય છે. આ વિષે જે માતાઓ અજ્ઞાન છે તેની વાત હું નથી કરતો, જે સમજદાર છે તેની પણ આ જ સ્થિતિ છે.

અને શિક્ષિકા ? શાળાઓમાં દેખાતા શિક્ષકો ને શિક્ષિકાઓમાં કોણ પોતાનું હૈયું સાથે લઈને શાળામાં આવે છે ? સુક્કી હકીકતો ને બૌદ્ધિક જ્ઞાન સિવાય તેઓ કશું આપતા નથી. કારણ કે તેમની પાસે પ્રેમ નીતરતું હૈયું જ નથી.

જ્યારે આ ભાભી માતા જેવી મોહવશ નથી અને શિક્ષિકા જેવી હૈયાસૂની પણ નથી. એ ધારે તો પોતાનાં દિયર–નણંદને પોતાની જે કાંઈ જીવનમૂડી હોય તે આપી શકે અને એ દિયર–નણંદ પ્રેમ અને પરિશ્રમપૂર્વક એનો સ્વીકાર પણ કરે છે.

હવે આપણે આગળ વધીએ. નણંદ સમવયસ્ક હોય તો ?

તો ભાભીએ એમાં સુખી બનવાનું છે. એવી નણંદમાં અધિકાર ભોગવવાની થોડી ભૂખ હોય છે ખરી અને તે સંતોષવામાં ભાભીને કશી મુશ્કેલી આવવી ન જોઈએ, પરંતુ ખરી ભૂખ મિત્ર બનવાની, સખી બનવાની હોય છે. સમવયસ્કનો અર્થ બરાબર સરખી ઉંમર એવો ન કરતાં લગભગ સરખી ઉંમર એવો કરજો. અથવા જે નણંદ કિશોરાવસ્થા વટાવીને તારુણ્યમાં પ્રવેશતી હોય તેને લક્ષમાં રાખજો. આવી કન્યા, ભલે એ નણંદ રહી, પણ અનેક પ્રશ્નોમાં મૂંઝાતી હોય છે. એનાં કલ્પનાચક્ષુ આગળ આછા રંગે એના ભાવિ ગૃહજીવનનાં ચિત્રો રચાય છે, કોઇ મિત્રની શોધમાં એ વખતે એનું હૈયું તલસતું હોય છે. આ કન્યા પોતાની ભાભીમાં જો મિત્રનાં, સખીનાં, બેનપણીનાં દર્શન કરી શકે તો એના આનંદની અવધિ આવી જાય છે. બીડાઈ રહેલાં હૈયાનાં કમાડ હસતાં–રમતાં એની પાસે આ નણંદ ઉઘાડી નાખે છે–જો ભાભી એવો સ્નેહ અને વિશ્વાસ એને બતાવી શકે તો.

યાદ રાખજો, એકલા સ્નેહથી સખીપદ પ્રાપ્ત થઈ શકશે નહિ. અને એકલા વિશ્વાસથી પણ એ નહિ મળે. નણંદને એમ લાગવું જોઈએ કે એને મારા પર પ્રીતિ છે. અને એમ પણ લાગવું જોઈએ કે ચિત્તની જે જે અવસ્થાઓ હું એની પાસે ખુલ્લી કરીશ, મનની જે જે ગૂંચોને મૂંઝવણો હું એને બતાવીશ, અંતઃકરણના જે જે પ્રવાહો એની આગળ હું વહેતા મૂકીશ, તે બધા તરફ એ પ્રેમ અને સહાનુભૂતિભરી દૃષ્ટિ રાખશે જ અને સાથોસાથ સાગર જેમ અનેક મોતી સંઘરીને સ્વસ્થ થઈ બેઠો છે તેમ એનું અંતર પણ આ બધું સંઘરી રાખશે, નાનકડી નદીની પેઠે એ છલકાઈ નહિ જાય, ગંભીર વાતો સાંભળતાં એનું હૈયું સાગર જેવું, માઝા નહિ મૂકનારું સાબિત થશે.

આદર્શ ભાભી થવું હોય તો નણંદનો પ્રેમ જીતજો અને વિશ્વાસ પણ જીતજો. એની વાત કોઈ પાસે બોલી દેતાં નહિ. એકવાર ભૂલ કરી તો ખચિત માનજો કે તમે વિશ્વાસ ગુમાવી બેઠાં. જે ભાભી આમ કરવામાં સફળ થશે તેને પોતાને પણ નણંદના આ પ્રેમનો જેવો તેવો લાભ નહિ હોય. એ નણંદ એની મિત્ર તો બનશે જ, પરંતુ કુટુંબના કોઈ પણ ઝંઝાવાતમાં એનું અદ્ભુત રક્ષણ કરશે. આવી નણંદની ભાભી બનવાનું સૌભાગ્ય તારે પ્રાપ્ત કરવું છે?

તો નણંદને પહેલે જ દિવસે પ્રેમથી સત્કારી લેજે. નણંદના અધિકારની એની ભૂખ સંતોષવામાં પાછી પડતી નહિ. બેચાર દિવસમાં જ એ ભૂખ પૂરી થશે ને નવી સ્નેહની ભૂખ એનામાં જાગી ઊઠશે. આ અવસર જે નહિ ચૂકે તે અવશ્ય સફળતા મેળવશે.

ભાભી પાસે જ્યારે નણંદ એનું અંતર ખોલશે ત્યારે સામાન્ય મિત્ર કરતાં એક વિશેષ અપેક્ષા રાખતી હશે તે પણ સમજી લેવાનું છે. પોતાની અન્ય કુમારિકા સખી સાથેની એની વાતચીત કેવળ દિલ

હળવું કરવા પૂરતી ને સામાન્ય આશ્વાસન મેળવવા પૂરતી જ હોઈ શકે, જ્યારે ભાભી પાસે તો એ માર્ગદર્શનની પણ અપેક્ષા રાખતી હશે. ભાભી એના કુટુંબનું મહત્ત્વનું અંગ છે, ભાઈના જીવનની ભાગીદાર છે. ઘરના રીતરસમની જાણકાર છે ને સૌથી વિશેષ તો લગ્નજીવન અને ગૃહજીવનનો નિત્ય અનુભવ ધરાવનાર છે. આ ભાભી એના ભાવિજીવનની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ બની શકે એવી આશા પ્રત્યેક નણંદમાં હોય જ, જો ભાભીમાં પ્રેમ અને પ્રાણ બંને હોય તો. જેનામાં પ્રાણ ન હોય તેનું માર્ગદર્શન સ્વીકારે પણ કોણ? અપેક્ષા પણ કોણ રાખે?

આવી ભાભી પોતાની નણંદને હસતાંરમતાં અંતઃપુરનો મર્મ સમજાવતી જાય. સામાન્ય મજાકમાં ભાવિજીવનની મુશ્કેલીઓ દર્શાવતી જાય, જીવનનૌકાની સફરમાં ક્યાં ક્યાં ખડક આવે છે, ક્યાં વમળનો ભય છે, કયા વખતે વંટોળ જાગે છે તે તે બધું ઉપદેશની ભાષામાં નહિ પરંતુ પ્રેમભર્યું જીવન જીવતાં જીવતાં એ શીખવી દે.

અને પ્રત્યેક કન્યા અને કુમારનો સૌથી જટિલ પ્રશ્ન, લગ્ન માટે પાત્રની પસંદગીનો; તે આ ભાભી હળવો બનાવે. નણંદનું પોતાનું હૈયું કોઈ તરફ ઢળે તો ભાભી પાસે પ્રગટ કરતાં એને સંકોચ ન થાય. મધુર મજાકમાં એવી વાર્તા પ્રગટ થઈ જાય. ભાભીની બુદ્ધિ ત્યારે એ પાત્રનું અવલોકન કરે ને અભિપ્રાય આપે. એ જ રીતે કુટુંબના વડીલોએ પસંદગી કરી હોય તો ત્યાં પણ ભાભી જ માતાપિતા ને કન્યા વચ્ચે પુલ બની શકે. પુરાણી કુટુંબરચનામાં ઘેરઘેર આ મધુર દશ્યો નજરે પડતાં હતાં. એ કુટુંબો ને એ દશ્યો આજે લુપ્ત થયાં છે. આપણે એ કાળનું શુભ હતું તે સાચવવા ઇચ્છતાં હોઈએ તો પ્રેમથી પુનિત થયેલા આ સંબંધને આજે જીવતો કરીએ ને ગૃહજીવનનું માધુર્ય માણીએ.

(૩)

દિયર અને જેઠ

ભાભીના આદર્શ રજૂ કરતું આ ચિત્ર હજી હું પૂર્ણ કરી શક્યો નથી. નણંદ અને ભાભીના મુખ્ય સંબંધને, હું માનું છું કે મેં સ્પષ્ટ કરી આપ્યો છે. હવે એક જ સ્થિતિ એમાં બાકી રહે છે—નણંદ મોટી હોય તો ? તો મોટે ભાગે એ પોતાને સાસરે રહેતી હશે. એનાં જીવનમાં રસ લેવાનું ભાભીનું કર્તવ્ય નહિ હોય. આવી નણંદનું જો એ પોતાના સાસુ જેવું જ માન રાખે તો એનો સ્નેહ મેળવી શકશે. વિશેષમાં મોટી નણંદને પોતાનું ઘર હોય છે છતાં માતાપિતાના ઘરમાં થોડો સરખો અધિકાર પણ એ ઇચ્છે છે. આ અધિકાર ભોગવવામાં જે ભાભી અંતરાય નાખે છે તે ધીમે ધીમે એની ઈર્ષાનું પાત્ર બને છે અને એમાંથી કોઈ ને કોઈ દિવસ આખા કુટુંબનું સુખ લુંટાઇ જાય છે. આવી નણંદ પોતાનો અધિકાર સ્થાપિત કરવા માટે એક બાજુ પોતાના જોર ઉપર, કડકાઈ ઉપર ઝૂઝે છે ને બીજી બાજુ માતાપિતાને, ખાસ કરીને માતાને પોતાના પક્ષમા લેવા માટે એની પાસે ભાભીના રાઇ જેવડા દોષોને પહાડ જેવડા કરીને બતાવે છે.

આજ નણંદને જો માનપાન આપવામાં આવે અને વાણી તથા વર્તનથી આ ઘર ઉપરનો એનો અધિકાર સ્વીકારવામાં આવે તો આખું યે દૃશ્ય બદલાઇ જાય છે. એ નણંદ પોતાનો અધિકાર તો સ્થાપિત કરતી જ નથી, પરંતુ ભાભીની નબળાઈઓ ઢાંકનારી ને એની પ્રગતિમાં સાથ આપનારી બની જાય છે. ભાભીની સામાન્ય વ્યહારકુશળતાનું આવું અદ્દભુત પરિણામ નીપજી શકે છે.

હવે આપણે દિયર સાથેના સંબંધનો વિચાર કરીએ. સામાન્ય રીતે તો જેવું નણંદ માટે તેવું જ લગભગ દિયર માટે. નાના દિયરની આ ભાભી માતા અને 'શિક્ષક બને અને સમવયસ્કની સ્ત્રી–મિત્ર. અલબત્ત, સમાન વયના દિયર સાથેના સંબંધમાં આવશ્યક ગણાય એવી મર્યાદા તો એ પાળે જ, છતાં એ મર્યાદા એવી ન હોવી જોઈએ કે જેથી દિયર એનું હૈયું ન ખોલી શકે. એવી મિત્રતાનો અનુભવ દિયરને મળવો જ જોઈએ. સ્ત્રી–મિત્રો મેળવવાના આ યુગમાં એવા સ્નેહસંબંધો જો કુટુંબમાં જ કેળવાતા રહે તો એમાંથી જે અનિષ્ટો નીપજે છે તે આપોઆપ નામશેષ બની જાય છે. ભાભીએ આ કાર્ય પાર પાડવાનું છે. દિયર સમાન વયનો કે સહેજ મોટો હશે તો પણ ભાભી તરફ એ સહેજ વડીલભાવ રાખશે તે સમજી લેવાનું છે. કારણ કે ભાભીનું અસ્તિત્વ એની કલ્પનામાં મોટાભાઈના એક હિસ્સા તરીકેનું હોવાથી મોટાભાઈના મોટાપણાનો લાભ ભાભીને પણ મળી જાય છે.

નણંદ અને દિયરના સંબંધમા થોડો ફેર તો રહેવાનો જ. દિયરને નણંદ જેવી તાલીમ આપવી પડશે નહિ તેમ નણંદ જેટલી સંબંધની ઘનિષ્ટતા પણ એની સાથે કેળવાશે નહિ. નણંદ મુખ્યત્વે ઘરનું પ્રાણી હશે, જ્યારે દિયર તો બહાર ફરનારું પ્રાણી. એના જીવનનો અમુક અંશ ઘર સાથે જોડાયેલો હશે, તેને જ કેળવવાનું કામ ભાભીએ કરવાનું રહેશે.

એક બીજો તફાવત પણ આદર્શ ભાભી લક્ષમાં રાખશે. નણંદ ગમે તેવી હશે અને તેની સાથે ગમે તેવા સંબંધો કેળવાયા હશે છતાં એ વહેલી કે મોડી બીજાને ઘેર ચાલી જશે. આજની સમાજરચનામાં એમ બનવાનું જ છે એટલે એની સાથેનો સંબંધ ઘનિષ્ટ છતાં અલ્પકાળનો જ બની રહેશે અને દિયર તો એના પતિની જેમ, જો કુટુંબનો પ્રેમતંતુ અખંડ રહ્યો હશે તો, જીવનભર એ ઘરમાં રહેશે. વખતમાં એની પત્ની આવશે ને સમાન હકની ઇચ્છા રાખતી હશે. દેરાણીના પ્રશ્નો અત્યારે ન વિચારીએ તો પણ એટલું તો ભાભીએ

સમજી લેવું જોઈએ કે આ દિયર સાથેનો સંબંધ જિંદગીભર ટકાવવાનો છે; આટલું જ્ઞાન ભાભીમાં હશે તો દિયરના પ્રેમની સાથે એનો આદર મેળવવાનો પણ એ પ્રયાસ કરશે જ. દિયરને મિત્ર માનશે છતાં પતિ જેવું માન આપશે અને બંને બંધુઓ વચ્ચેની પ્રેમગાંઠ સદાય મજબૂત બની રહે તેવા એ પ્રયાસો કરશે. સામી બાજુ દિયર ઉપર પણ એની અસર થશે જ. મિત્ર માનતા છતાં એ ભાભી પ્રત્યે માતા જેવી ભક્તિ બતાવશે અને પોતે જે દિવસે લગ્નનો વિચાર કરશે તે દિવસે ભાભીના અભિપ્રાયની એના મનમાં મોટી કિંમત હશે

દિયર અને ભાભી વચ્ચે આવા પરસ્પર પ્રેમ અને આદરના સંબંધો કેળવાયા હશે તો અને તો જ એમનું સંયુક્ત કુટુંબ નભી શકશે. તો જ નવી આવતી વહુ પ્રત્યે આ જેઠાણી બનેલી ભાભીને મમત્વ જાગશે ને પતિનું વર્તન જોઈ એ દેરાણી પણ એની તરફ આદરનો ભાવ કેળવશે. સંયુક્ત કુટુંબનો પાયો સ્થિર રાખવામાં દિયર-ભાભીનો સંબંધ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તે સમજવામાં કોઈ ભાભીએ ગફલત ન કરવી જોઈએ.

ભાભીના આદર્શ નમૂનાનું ચિત્ર પૂરું કરતાં મને આપણાં કુટુંબનું જેઠનું પાત્ર પણ યાદ આવી જાય છે. એટલું ખરું કે જે જેઠાણી છે તે આ 'ભાભી'ના પતિની ભાભી જ છે અને તેને ઉદ્દેશીને આ પત્ર લખાય છે, છતાં જેઠનો વિચાર કરી લેવો આવશ્યક છે, જેમ મોટી નણંદનો વિચાર આપણે કરી લીધો તેમ.

જેઠ પ્રત્યે સસરા જેવું જ માન આ ભાભીએ કેળવવું જોઈએ. સામાજિક શબ્દરચના પ્રમાણે જેઠની એ ભાભી નથી, પરંતુ એના ભાઈની પત્ની તો છે જ અને જ્યાં લાજ-ઘૂંઘટના રિવાજ નથી ત્યાં તેમની વચ્ચે ઓછાવત્તો સંસર્ગ પણ કેળવાય છે. આ જેઠ પ્રત્યે એ ભાભી સહાનુભૂતિ કેળવશે તો બંને ભાઈ વચ્ચેના અને દેરાણી-જેઠાણી

વચ્ચેના સંબંધોમાં મીઠાશ પુરાશે. જ્યાં લાજ-ઘૂંઘટનો રિવાજ હોય ત્યાં પણ આદર કરવામાં કશી હરકત આવવાનો સંભવ નથી અને જ્યાં એ રિવાજ ન હોય ત્યાં તો ભાભી એ પુત્રી કે નાની બહેન જેવી બની જશે.

આદર્શ ભાભીનું ચિત્ર અને તે જીવનમાં કેમ ચીતરવું તે તારી પાસે મેં રજૂ કરી દીધું. આ પત્રમાં હજી મારે ઘણું કહેવાનું છે પરંતુ ફરી ફરીને તારા માનસ ઉપર હું ઠસાવવા માગું છું કે જે કહેવું છે તેનું સંપૂર્ણ પ્રયોજન આટલામાં આવી ગયું છે. નવી આવતી ભાભી માટે તો હું માનું છું કે જેટલું કહેવાય છે તેટલું પૂરતું છે.

પરંતુ જે વર્ષોથી ભાભી બની ગયા છે ને જેના જીવનમાં આ આદર્શની ઝાંખી પણ થઈ નથી તેમનું શું? તેવા કુટુંબોમાં વસતી ભાભીએ આ આદર્શ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શું કરવું?

હવે પછી આ પ્રશ્નો આપણે વિચારીએ.

[૪]

પ્રેમ અને નમ્રતા

ભાભીનું સ્થાન કેવું હોવું જોઈએ તે તો મેં કહ્યું પરંતુ આજે શી સ્થિતિ છે તે કહેવાનું મેં બાકી રાખ્યું છે. આજની સ્થિતિનો પૂરેપૂરો ચિતાર જ્યાં સુધી હું આપું નહિ ત્યાં સુધી મારા આ પત્રનો ઉદ્દેશ સમજાય નહિ. આદર્શ ભાભીનો જે નમૂનો મેં રજૂ કર્યો છે તેવી બધી ભાભી ન હોય તે સ્વાભાવિક છે; કારણ કે આદર્શને તો કોઈક જ પહોંચી શકે, પરંતુ એ આદર્શથી બરાબર ઊલટી જ સ્થિતિ હોય તો? એ આદર્શનું ભાન સરખું પણ ન હોય તો?

દુઃખ સાથે કહેવું પડે છે કે સ્થિતિ એવી જ છે: કોઈ વિરલ કુટુંબમાં એ આદર્શનું ભાન દેખાય છે અને આદર્શની સિદ્ધિ એથી યે વિરલ દેખાય છે. જ્યાં જ્યાં નજર ફેંકીએ છીએ ત્યાં ત્યાં ભાભી, કાં તો દબાયેલી, કચડાએલી અને કાં તો પોતાનું સ્થાન ટકાવવા માટે ઘરમાં ક્લેશની આગ જગાવનારી જ દેખાય છે. સ્નેહ, મમતા, ત્યાગનાં દર્શન કેવાં દુર્લભ થઈ પડ્યાં છે!

ભાભી જ્યારે ઘરમાં પ્રવેશ કરે છે ત્યારે કેમ જાણે એવો નિશ્ચય જ કરી લે છે કે આ ઘર મારું એકલીનું જ છે. નણંદ અને દિયર પ્રત્યે થોડાક દિવસ એની મમતા દેખાય છે પરંતુ એ સ્થિતિનો અંત આવતાં વાર લાગતી નથી. નણંદની એ દ્વેષી બને છે અને દિયર તરફ પ્રથમ બેદરકાર અને પછી હરીફ બની જાય છે. આનાં કારણોમાં જો ઊંડા ઊતરીએ તો પરાપૂર્વના સંસ્કારોનું અને માતાપિતાએ આપેલી સૂચનાઓનું બળ દેખાઈ આવે છે. જૂના સંસ્કારોએ પ્રત્યેક ભાભીના માનસ ઉપર એવું ઠસાવી દીધું છે કે 'નણંદ તો તારી દુશ્મન છે. એ જાસૂસનું કામ કરશે, તારા પતિને અને તારી સાસુને તારી વિરુદ્ધ ઉશ્કેરી મૂકશે. તારા ઉપર પોતાની સત્તા જમાવવા માટે આકાશ પાતાળ એક કરશે..'

આ સંસ્કારના કારણે પહેલા દિવસથી જ ભાભી એની નણંદ પ્રત્યે 'જાગૃત' બની જાય છે, નણંદના પ્રત્યેક વર્તનમાં એને વહેમ આવે છે. સામાન્ય કટાક્ષમાં એ ઝેર ભાળે છે. સાસુ કે પતિના સ્વાભાવિક ઠપકામાં એને નણંદે કરેલી નિંદા દેખાઈ આવે છે.

એવું જ દિયર વિષે બને છે. આરંભમાં મોટા ભાગની ભાભીઓ એના પ્રત્યે પ્રેમ બતાવતી હોય છે. આ પ્રેમ લાંબો સમય ટકતો નથી. કારણરૂપે કશું ગંભીર હોતું નથી, પરંતુ એની નવીનતા થોડા મહિનામાં ચાલી જાય છે. તે પછી ભાભીમાં ભાન જાગે છે કે આ

દિયરના લગ્ન થશે અને ઘરમાં જે નવું માનવી આવશે તે પોતાના અધિકારો સ્થાપિત કરશે. આ વખતે એ ન જાણે એમ એના પોતામાં જ અધિકારોની ભૂખ જાગી ગયેલી હોય છે. સંયુક્ત કુટુંબ હોય એટલે મિલકતમાં પણ નાના ને નબળા દેખાતા દિયરનો સરખો હિસ્સો એને ખૂંચે છે. દિયર હંમેશાં કાંઈ નાનો રહેતો નથી. એ જેમ મોટો થાય છે તેમ પોતાના ભાઈ જેવા જ અધિકારો ને સગવડો ભોગવતો થાય છે. ભાભીથી આ સહન થતું નથી. પ્રેમની લાગણી તો હોતી જ નથી એટલે ખાલી પડેલા લાગણીના પાત્રમાં ઈર્ષા, દ્વેષ અને હરીફાઈ દાખલ થાય છે. આ દિવસોમાં ભાભીનો એક કાર્યક્રમ થઈ પડે છે: પોતાના પતિ પાસે દરરોજ દિયર સામે ફરિયાદ કરવાનો, કેટલીવાર દિયરે તેનું અપમાન કર્યું, કેટલું ખર્ચ કર્યું, કેટલી ખરીદી કરી વગેરેનો એ હિસાબ આપે છે, ને આડકતરી રીતે પતિના દિલમાં પોતાની લાગણીઓને દાખલ કરે છે.

આ સ્થિતિમાં જો દિયરના લગ્ન થાય તો ઈર્ષાની આગ ભભૂકી ઊઠે છે. અધિકાર ભોગવવાની લાલસા ઉગ્ર રૂપ પકડે છે. નવી આવનાર દેરાણી, એ પણ એવા જ સંસ્કારો લઈને આવી હોય છે. તેના ઉપર અધિકાર જમાવવા જતાં અથડામણો જાગી ઊઠે છે. ધીમે ધીમે એ ગૃહક્લેશની જ્વાળા બંને ભાઈઓના હૈયાંને પણ સ્પર્શે છે ને પત્નીઓના દરરોજના પ્રયત્ને એમના અંતરની સ્નેહની વેલ સૂકાય છે ને છેવટ બળી જાય છે. સંયુક્ત કુટુંબની ભાવનાનો ત્યારે નાશ થાય છે.

દિયર નાનો હોય, ઘણો નાનો હોય અને સાસુ ન હોય તો તેની સંભાળ રાખવાની જવાબદારી લેવાને બદલે ભાભી તો એને ઘરનો એક નોકર બનાવી નાખવાની પેરવીમાં પડે છે. જ્યાં ને ત્યાં એની ટેવોની નિંદા કરે ને થાય તેટલું અપમાન કરતાં કરતાં પોતાનું કામ કઢાવે. પતિદેવ આરંભમાં તો આવું જોતાં ગુસ્સે થઈ જાય, પરંતુ

ધીમે ધીમે એ પણ સમજી જાય કે ભાઈનું ઉપરાણું લેવા જતાં એ 'ભગડી' જશે. ભાભીના રોજના પ્રયત્નો છેવટે સફળતાને પામે અને નાનપણથી જ દિયર-ભાભી વચ્ચે ઝેર રેડાઈ જાય.

સાસુ જીવતાં હોય તો યે સારી સ્થિતિની આશા નથી. એક બાજુ સાસુ પોતાના પુત્રનો પક્ષ ખેંચે ને બીજી બાજુ ભાભી સાહેબ પોતાના પતિદેવને પક્ષમાં લેવાનો પ્રયત્ન આદરે. આ બંને વચ્ચે નાના દિયરનું ભાવિ તો રગદોળાઈ જ જાય.

અને દિયર નહિ, પણ જેઠનો વિચાર કરીએ તો ? અહીં પણ એવી જ દુઃખભરી સ્થિતિ હોય છે. જેઠાણીમાં જો સંસ્કાર હોય અને દેરાણીને નાની બહેનની પેઠે સાચવતી, પોતાના અધિકારોની એ સોંપણી કરવા માંડે તો તો અથડામણ કે ઈર્ષા ન જાગે, પરંતુ એવું જવલ્લે જ બને છે. દેરાણીનો પ્રયત્ન સમાન હક ભોગવવાનો હોય અને જેઠાણીનો પ્રયત્ન જીવનભર સાસુ જેવી જ સત્તા ભોગવવાનો હોય. આવા કિસ્સાઓમાં જ્યાં પોતાના પતિ કરતાં જેઠની શક્તિ ને આવક વિશેષ હોય છે ત્યાં તેઓ સત્તા કે વડીલપણું ન ભોગવતાં હોય તો યે ભોગવતાં હોય એવું લાગે છે ને ખૂંચે છે. ઘરનું ખર્ચ ચલાવવાની શક્તિ પોતાના પતિમાં છે એવું ભાન જાગતાં જ ભાભી સાહેબ 'જુદા' થવાની અને પિતાની મિલકત, જો કંઇ હોય તો તેના ભાગ પાડવાની વાતો કરવા માંડે છે. અંતરનું કારણ તો સત્તા જ હોય છે, છતાં બાહ્યરૂપે ઘરના નાના નાના ઝગડાઓ દેખાય છે ને છેવટે જુદા જ થવું પડે છે.

અને જેઠમાં કમાવાની તેમ જ બીજા પ્રકારની શક્તિ ઓછી હોય તો ! દેરાણી પોતે જ જેઠાણીનું રૂપ ધારણ કરવાનો પ્રયાસ આદરે છે. પતિની શક્તિ અને કમાઈની વાતો કરી કરીને પોતાની સત્તા જમાવવા માંડે છે. જેઠાણી કે જેઠથી આ કેમ સહન થાય ! એનું પરિણામ પણ 'જુદા' થવામાં જ છેવટે આવે છે.

ભાભી તને કદાચ માઠું લાગશે, પરંતુ તારું સાચું સ્વરૂપ તો આ પાનામાં મેં વર્ણવ્યું તેવું જ છે. ફરી ફરીને એમ કહું છું કે એનું કારણ તને મળેલા સંસ્કારો છે, પરંતુ એ સંસ્કારોને ભૂંસી નાખવાનું કાર્ય અઘરું નથી. એ સંસ્કારો તારા સ્વભાવમાં જ હોય કે પછી તારી અસંસ્કારી માતાએ તારા કાન વાટે હૈયા સુધી પહોંચાડ્યા હોય, એ ગમે તેવા દૃઢ હોય છતાં તે દૂર થઈ શકે છે. કપડાંને લાગેલા ડાઘને દૂર કરવા જેમ જૂદાં જૂદાં રસાયણો હોય જ છે તેમ આ ડાઘને દૂર કરવાનું રસાયણ પણ સમાજનાં શાણા સ્ત્રી-પુરુષોએ શોધી કાઢયું છે. ગમે તેવા દૃઢ સંસ્કારો પણ એથી દૂર થઈ શકે છે.

એ રસાયણ છે પ્રેમ અને નમ્રતા. આ બે ગુણો જો ભાભીમાં હશે અથવા તો ખીલવવાનો એ પ્રયત્ન કરશે, તો કુટુંબની હવા જ બદલાઈ જશે. સત્તાની ખેંચાખેંચનો સવાલ જ ઉપસ્થિત નહિ થાય. લેવાની નહિ, પણ આપવાની વૃત્તિ જાગે તો પછી અથડામણ થાય જ શી રીતે?

આજની આ ઈર્ષા ને દ્વેષ ભરેલી સ્થિતિની કરુણતા કંઈ ઓછી છે? ઈર્ષા અને દ્વેષની લાગણીઓ એક પ્રકારનું ઝેર છે. જે કોઈને એનો સ્પર્શ થાય છે તે સૌના હૈયામાં એ દાખલ થઈ જાય છે. એક રીતે જોઈએ તો આ લાગણી જ એવી હોય છે. ચેપી રોગના જંતુઓ જેમ નિરોગી ને બળવાન શરીર ઉપર અસર કરતા નથી, પરંતુ નિર્બળ દેહને તો ઘેરી લે છે, તેવું જ આ લાગણીઓનું છે. સામા પક્ષે પ્રેમ અને નમ્રતા હોય તો આ ઝેર અસરકારક બનતું નથી અથવા ઓછું બને છે, પરંતુ બીજા પક્ષનો વિચાર આપણે શા માટે કરીએ? આપણા પોતાના દિલમાંથી જ આ રોગને કેમ જડમાંથી કાઢી ન નાખીએ?

આ ઝેરનું સૌથી ગંભીર પરિણામ તો બાળકોના સંસ્કારો ઉપર આવે છે. ઉપર કહ્યું તેમ નિર્બળ શરીર ઉપર રોગના-જંતુઓનો હુમલો સફળ નીવડે છે એવું જ આ દાખલાઓમાં બને છે. ભાભી માત્ર દિયર, નણંદ કે જેઠની જ ઇર્ષા નથી કરતી, પરંતુ સમય જતાં બાળકોની પણ ઇર્ષા કરે છે. પોતાનાં અને સમોવડીઆનાં બાળકો વચ્ચે એ ભેદ પાડે છે. પોતાનાં બાળકોને એવો ભેદ એ શીખવે પણ છે. કેટલીકવાર જાસૂસીનું કામ પણ બાળકોને સોંપાય છે અને બાળકને એમાં રસ પેદા થતાં એ અનેક સાચી ખોટી વાતો મા પાસે કરી જાય છે. માને આ વસ્તુ ગમે છે. ને બાળકમાં એ દુર્ગુણ પૂરવેગથી વધવા માંડે છે.

નણંદ પરણેલી હોય તો એનાં બાળકો જ્યારે ભાભીના ઘેર આવે છે ત્યારે આ સ્થિતિ થાય છે. બાળકોના મામા અને મોટાબા બહુ દિવસે આવેલાં બાળકો ઉપર પ્રેમ કરે છે, પરંતુ આ ભાભી–બાળકોની મામી એ વખતે પ્રેમની લાગણી અનુભવતી નથી, કારણ કે એ તો બાળકમાં પણ પોતાની 'નણંદનાં જ દર્શન કરે છે. એમને નણંદનાં નાનાં સ્વરૂપો સમજીને જ વર્તે છે.

આ બધું દુઃખદાયક છે પરંતુ છે તેની ના પાડી શકાય એમ નથી. ઇર્ષા અને દ્વેષની લાગણીઓ જેટલી ચેપી છે તેટલા જ ચેપી પ્રેમ અને નમ્રતાના સદ્‌ગુણો છે. એ હકીકત હું ભાભીના માનસ ઉપર ઠસાવવા માગું છું. પ્રેમ અને નમ્રતા એ બેમાં કુટુંબજીવન માટે આવશ્યક એવા તમામ સદ્‌ગુણોનો સમાવેશ થઈ જાય છે. 'અને એનું પાલન ભાભી કરશે તો એ જોઈ શકશે કે દીવો થતાં અંધારું નાશ પામે તેમ આ ગુણો વર્તનમાં દેખાવા માંડતાં પોતાના જૂના સંસ્કારોનો નાશ થશે અને જેના જેના સંસર્ગમાં એ આવશે તેના તેના સંસ્કારો ઉપર પણ આ સદ્‌ગુણોની અસર થવા માંડશે.

[૫]

ભાભીનું અવલોકન

ભાભીનું આજનું ચિત્ર દોરવાનો આટલો પ્રયત્ન કર્યો, પરંતુ સંતોષ ન થયો. એમ થયા કરે છે કે જે શબ્દોથી કહ્યું છે તે સાચા દાખલાઓથી બતાવું. દાખલાઓ બે ચાર જ આપીશ. પરંતુ ઉઘાડી આંખ રાખનાર ભાભી એમાં સમગ્ર સમાજનું પ્રતિબિંબ જોઇ શકશે. સંભવ તો એવો પણ છે કે એ આરસીમાં એને પોતાના મુખનું પ્રતિબિંબ પણ દેખાય ! જે સત્ય ઘટનાઓ હું રજૂ કરવા મચ્યું છું તે સેંકડો કિસ્સાઓમાંથી ચૂંટેલી છે.

એક કમળાભાભી છે. મને બરાબર ખબર છે, એ જ્યારે આવ્યાં ત્યારે સગાંસંબંધીઓમાં એવી વાત ફેલાએલી કે નટુ અને વિમળાને હવે માની ખોટ નહિ સાલે. મા ગુમાવી બેઠેલાં એ બંને બાળકો અનુક્રમે દસ અને તેર વર્ષનાં હતાં. ભાભીએ આવતાંની સાથે જે વર્તન બતાવેલું તેમાં માતાના સ્નેહનાં દર્શન થયેલાં, તેની કોઇથી ના પાડી શકાશે નહિ. નટુ અને વિમુના ચહેરા ઉપર પણ એ અસર દેખાઇ આવી હતી. માતાનો ખોળો ગુમાવ્યા પછી કરમાઇ ગયેલાં એ ભાઇબહેન ભાભીના સ્નેહસ્પર્શે પ્રફુલ્લ બનવા માંડયાં હતાં. ભાભી તો કમળાભાભી જેવી હોવી જોઈએ એવી એ કુટુંબની નાનકડી દુનિયામાં વાતો થતી હતી.

પરંતુ બે વર્ષે આ રંગમાં પલટો આવ્યો. એક બાજુ વિમુના સગપણની વાતો થવા માંડી અને બીજી બાજુ ભાભીએ એક પુત્રને જન્મ આપ્યો. ત્યારથી આ ઘરનું વાતાવરણ બદલાવા માંડયું. સૂક્ષ્મ નજરે એમ કહી શકાય કે વાતાવરણના પલટાનું કારણ સગપણની વાતો કરતાં વિશેષ પુત્રજન્મનું હતું. આજ સુધી દિયર અને નણંદ

ઉપર સ્નેહની અમીધારા વર્ષાવતી ભાભી હવે બંને પાસેથી બરાબર કામ લેવા લાગી ગઈ. બાબો જરા પણ રડે તે કેમ સહન થાય ? એ માટે ભાભીને વિમુનો જ વાંક દેખાવા લાગ્યો. વિમુ આ બાબાને જોઈને કેટલો આનંદ પામતી તે જોવાની ભાભી પાસે દૃષ્ટિ જ નહોતી ! ભાભી બાબાને સાચવે ત્યારે વિમુ ઘરકામમાં રોકાય. બાબાથી થાકેલી ભાભી ઘરકામમાં પરોવાય ત્યારે એને લાગે કે વિમુએ આટલા સમયમાં કાંઈ કર્યું જ નથી !

અને આશ્ચર્ય પામશો મા. નટુ પ્રત્યે પણ આ વિમુને કારણે જ લાગણી બદલાતી ગઈ. નટુને તો ક્યારેક જ બાબો સોંપ્યો અને એના ઉપર બાબો સાચવવાની ફરજ હોય એમ ભાભી માનતાં નહિ, પરંતુ એ વિમુનો ભાઈ ખરો ને ! એ પણ વિમુ જેવો જ 'મીંઢો' લાગતો હતો. વિમુ સામાન્ય રીતે ભાભીના ગુસ્સાનો પડઘો ન પાડતી એટલે એ 'મીંઢી' લાગતી અને કોઈવાર જવાબ આપતી તો ઉદ્ધત લેખાતી.

આવી સ્થિતિ કેમ આવી ? પૃથક્કરણ કરીએ તો એમ લાગે કે ભાભીના પ્રેમની પાછળ કોઈ સમજણનું બળ નહોતું. એ પ્રેમ પુત્રજન્મ સુધી નાનકડાં દિયર–નણંદ ઉપર ઠલવાયો, પછી તો પોતાનું જ કહી શકાય એવું પાત્ર એ પ્રેમને ઝીલનારું મળ્યું. સગર્ભાવસ્થાના મહિનાઓ દરમિયાન પ્રત્યેક પળે પુત્રજન્મની મધુર ઝંખના એણે ભોગવી હતી તે તેના સમગ્ર પ્રેમને એક જ જગ્યા ઉપર ખેંચી લાવી. કમળાને અસ્પષ્ટ રૂપે એમ જ થઈ ગયું હશે કે જીવનમાં આ કરતાં મોટો આનંદ કે મોટું કર્તવ્ય બીજું છે જ નહિ. સગાંઓએ પણ હર્ષની લહાણી કરી હતી. અને પતિદેવ ? એ પુત્ર ઉપર પાગલ બન્યા હતા. અને એવી અમૂલ ભેટ આપનારી પત્ની પ્રત્યે એમનો સ્નેહભાવ પારાવાર વધી ગયો હતો. પુત્ર અને પત્નીની સંભાળ માટે કંઈ પણ કરવામાં પતિદેવ પાછા પડતા નહિ.

આમ અજાણતાં જ, એક ઘરમાં આ ત્રણ–પતિ, પત્ની અને બાળકનું–ભિન્ન એવું કુટુંબ રચાઇ ગયું. પુત્ર મધ્યસ્થ બન્યો. સૌ કોઇએ એની જ આરાધના કરવી જોઇએ એવો અણલખ્યો નિયમ ઘડાઇ ગયો.

નટુ અને વિમુ આનંદ તો પામ્યાં હતાં પરંતુ પંદર વર્ષની થયેલી વિમુ હવે બીજી કલ્પનાઓ રચતી હતી અને બાર વર્ષનો નટુ હવે અભ્યાસ અને રમતગમતમાં વધુ રસ લેતો થયો હતો. મિત્રોનું જૂથ પણ એના પ્રેમને ખેંચી રહ્યું હતું.

એ પછી શું બન્યું તે કહ્યા વિના જ સમજાઈ જશે એવી આશા છે. વિમુના સગપણની વાતોમાં ભાભીનું મન અને મગજ કયારે જ સ્થિર રહેતાં નહોતાં. વિમુ પરણી જાય તો એ હુકમ કોના ઉપર બજાવે? અને ન પરણે એવી તો કલ્પના યે કયાંથી થાય? વધુમાં એના પ્રત્યે એવું મમત્વ પણ કયાં રહ્યું હતું કે એના જવાથી આઘાત ઉપજે? વિચારો કરવાનું, પોતાની લાગણીઓનું પૃથક્કરણ કરવાનું અને વર્તન દ્વારા લાગણીની કસોટી કરવાનું તો આ ભાભીમાં કે કોઇ ભાભીમા સામર્થ્ય જ કયાં હોય છે?

બીજો દાખલો જોઇએ.

એનું નામ શાન્તાભાભી. એ પરણીને આવ્યાં ત્યારે બે નણંદ અને બે દિયર હતાં, સાસુ–સસરા પણ જીવતાં હતાં, શાન્તાભાભીનાં બાની સુવાસ સારી નહોતી. એનું શિક્ષણ કેવું હશે તે આ ઘરના માણસોએ કલ્પી જ લીધું હતું છતાં શાન્તાના રૂપની તોલે આવે એવી કન્યા મળવી મુશ્કેલ હતી, એટલે આ સંબંધ બંધાયો હતો.

આ ભાભીએ આવતાંની સાથે જ પોતાનું પોત પ્રકાશ્યું હતું. બે નણંદમાંથી એક પરણેલી હતી અને ગામમાં જ રહેતી હતી, શાન્તાભાભીનું પહેલું કામ એ નણંદને આ ઘેર આવતી બંધ કરી દેવાનું હતું.

ત્રણ મહિનામાં જ આ કાર્ય એણે સિદ્ધ કર્યું. સાસુ–સસરા અને ઘરનાં બીજાં સૌનો એ મોટી બહેન ઉપર પ્રેમ હોવા છતા, પતિદેવની પણ લાગણી હોવા છતાં.

કયું શસ્ત્ર એમણે વાપર્યું તે જાણવું છે? એ એક જ શસ્ત્ર એમણે જીવનભર વાપર્યું છે અને તેને પરિણામે આજે પતિ ને બે બાળકો સાથે પોતાની માન્યતા પ્રમાણે એ સુખી જીવન ગાળી રહ્યાં છે. મોટી બહેનનો પગ કાઢયા પછી એણે ઘરમાં કલેશની આગ સળગાવેલી ને છેવટે 'જૂદાં' થયેલા.

આ શસ્ત્ર એટલે 'મારું ખાઇ જાય છે' એવું સૂત્ર સૌથી પહેલાં એણે મોટી બહેન અને તેનાં બાળકો માટે એમ કહેવા માંડયું કે 'ખાવા માટે જ આવે છે.' એ પછી એ શું શું લઈ ગયાં અને શું શું બગાડી ગયાં તેની નોંધ તૈયાર કરવા માંડી. શરૂઆતમાં તો એના આવા વર્તનથી સૌ નારાજ થયાં ને થાકયાં નહિ. ઘર ઉપરાંત પડોશમાં અને સગાંઓમા પણ આ પ્રચાર કરવા માંડયો. ઘરમાં ખૂબ ઝગડા થયા, શિક્ષિત નણંદે એને અસરકારી અને જડ કહી, પણ જીત્યાં તો છેવટે શાન્તાભાભી જ. મોટી બહેન આ નિંદા અને કલેશથી થાકી એ ઘેર જતાં જ બંધ થયાં.

આ જ શસ્ત્ર એમણે નાનાં ભાઇ–બહેનો માટે અજમાવ્યું. પતિની નજરમાં એ સૌને અકારા કરવાના પ્રયત્નમાં તો ન ફાવ્યાં પરંતુ પતિ ઝગડાથી થાકયા, એટલે ભાઇ–બહેનનો વાંક પણ જોવા લાગ્યા. એ પછી આવ્યો સાસુ–સસરાનો વારો. ઘરમાં કમાનાર તો એ ભાભીના પતિ જ હતા. વેપાર અર્થે વહેલી સવારથી મોઢી રાત સુધી એ પરિશ્રમ કરતા. સ્થિતિ સારી હતી તે પણ તેના જ પ્રતાપે. ભાભીએ સૌને કહેવા માંડયું 'એ ગતદિવસ લોહીનું પાણી કરે અને તમે બધા છૂટે હાથે ઉડાવો.' પતિને પણ ઘરમાં કેવી ઉડાઉગીરી ચાલે છે તેના દાખલા

આપવા માંડ્યા. પોતાની દલીલને મજબૂત કરવા માટે પતિના શરીરની ચિંતા પણ કરવા માંડી. રાત્રે પગ દબાવવા ને પંખો નાખવાના ઢોંગમાંથી પણ આ ભાભી બાદ ન રહ્યાં. છેવટે એમણે સિદ્ધ કર્યું કે જો લાંબાં જીવવું હોય ને માંદા ન પડવું હોય તો માતાપિતાને અમુક ખર્ચના પૈસા આપી જુદા થવું જોઈએ.

આ જ અરસામાં ભાઈ સાહેબ માંદા પડ્યા. ભાભીને એ જ જોઈતું હતું. ઘરનું વાતાવરણ કલુષિત કરવામાં આ માંદગીનો એમણે પૂરેપૂરો ઉપયોગ કર્યો. માંદગીનું કારણ અતિશ્રમ અને દરરોજની અશાન્તિ ગણાવ્યાં અને એનું કારણ ઘરના સૌ ખાઈને ખૂંદતા સભ્યોને ગણાવ્યા.

પરિણામ જુદા થવામાં જ આવ્યું. ભાઈ સાહેબને હવે ભાભીની વાતો સાચી પણ લાગવા માંડી. વર્ષો સુધી ભાભીએ રેડેલું ઝેર અસર તો કરે જ ને? એ પછી ખર્ચ આપવાનું બંધ કરાવવાનો પ્રયાસ આદર્યો. એમાં પણ એ વર્ષે સફળતા મળી ગઈ. નાના ભાઈએ અભ્યાસ છોડીને નોકરી કરવા માંડી ત્યારે શાન્તાભાભીએ પોતાને ઘેર કંસાર બનાવ્યો!

આવાં ભાભી પોતાની જાતે સમજે તે તો અશક્ય લાગે છે પરંતુ એણે જે વિજયો મેળવ્યા તે નિષ્ફળ બનાવી શકાત, જો કુટુંબના સભ્યોએ અને ખાસ તો તેના પતિદેવે પ્રથમથી જ એના પ્રત્યે બેદરકારી સેવી હોત. સ્ત્રીને થતા અન્યાયોની આપણે દરરોજ વાતો કરીએ છીએ અને તેમાં સત્ય પણ રહેલું છે પરંતુ સ્ત્રી એનાં અજ્ઞાન અને જડતાને કારણે કેવો ત્રાસ વર્તાવે છે તે પણ આપણે જાણવું જોઈએ. અને હૈયામાં પ્રેમ તથા સહાનુભૂતિનાં ઝરણાં કાયમ રાખવા છતાં આપણે કઠોર પણ બનવું જોઈએ.

ત્રીજો દાખલો એક સુશિક્ષિત અને સંસ્કારી કહેવાય એવ ભાભીનો આપું.

ભાઈસાહેબના માતાપિતા કાઠિયાવાડમાં રહેતાં. નાનો ભાઈ એક જ અને તે પણ માતાપિતાની સાથે રહેતો. ચંદ્રવદન મુંબઈમાં એક શાળામાં ઉચ્ચ હોદ્દો ધરાવતા ને સારો પગાર મેળવતા. મનમાં એમ ખરું કે કુટુંબના બીજા સભ્યોને જે સુખ ન મળે તે મારે ન લેવું. આવકનો મોટો હિસ્સો માતાપિતાને મોકલી આપતા અને જૂના વિચારનાં માતાપિતા ખર્ચ કરવામાં સંકોચ ન રાખે તેની પૂરી કાળજી લેતા.

આ ભાઈનાં લગ્ન થયાં તેને પ્રેમલગ્ન કહી શકાય. કન્યાના સ્વભાવ વિષે કંઈ પણ લખવું બીનજરૂરી છે. એમના આવ્યા પછી માતાપિતાએ ચંદ્રવદન ઉપરનો અધિકાર ગુમાવી દીધો. પોતાની આવકમાંથી ખર્ચ જોગું રાખીને ચંદ્રવદન બધું માતાપિતાને મોકલી આપતો. તેને બદલે માતાપિતાને કેટલું જરૂરી છે તેનો હિસાબ કરવા લાગ્યો ને બે ત્રણ વર્ષ પછી તો માતાપિતાનું ખર્ચ એને બોજારૂપ જણાવા માંડ્યું.

પણ ભાભી તરીકે આ સુશિક્ષિત બહેને શું કર્યું તે તમે પૂછશો. એ પણ કહું છું. ચંદ્રવદનનો નાનો ભાઈ ભાભીનાં પગલાં થયાં ત્યારે મેટ્રિક પાસ કરી ચૂક્યો હતો. એની અને સૌની ધારણા એવી હતી કે કૉલેજનો અભ્યાસ એ મોટાભાઈ સાથે રહીને મુંબઈમાં જ કરશે. લગ્ન વખતે ભાભીએ પણ એ વાતમાં સંમતિ પૂરેલી, પરંતુ મુંબઈમાં એક મહિનાથી વધારે આ નાનો ભાઈ રહી શક્યો નહિ. કોઈએ એને ચાલ્યા જવાનું કહ્યું નહોતું, અપમાન પણ કર્યું નહોતું. એને પૂછીએ તો એટલું જ કહે 'મને ગમ્યું જ નહિ,–ઊંડા ઊતરીને જોઈએ તો જણાઈ આવે કે પ્રથમ ભાભીસાહેબે ને પછી મોટાભાઈએ એની હાજરી જ સ્વીકારી નહોતી. સ્નેહભૂખ્યો નાનો ભાઈ કોઈ અજાણી વ્યક્તિ હોય એમ જ એ બંને વર્તતાં. ભાભીની દલીલ એ હતી કે આપણા 'અંગત જીવન'માં કોઈ કુટુંબીએ પ્રવેશવું ન જોઈએ, એમના મત પ્રમાણે આ પદ્ધતિમાં સૌનો વિકાસ થાય ને સૌની સ્વતંત્રતા જળવાય.

નાનો ભાઇ આટલો આગળ વધેલો નહોતો. એકલા ફરવા જવાનું, ચિત્ર જોવા જવાનું કે રેસ્ટોરાંમાં જવાનું એને ફાવતું નહિ. સાંજે ઘેર આવે ને ભાભીને ન જુએ એટલે એ મૂંઝાય. ભાભી ભાભી નથી એવું એને લાગે. મોટાભાઈ સાથે દિલ ખોલીને વાત જ ન થાય.

એ પાછો જવા તૈયાર થયો ત્યારે ભાઇએ એને ન જવા માટે સમજાવ્યો ખરો, પરંતુ એ તો ગયો જ. ભાવનગર જઇને બધી વાત કરી એટલે માતાપિતાએ ચિંતા વ્યક્ત કરી. ભાઈની આવકની બચતને બદલે ખર્ચની રકમ હવે આવવા લાગી હતી. નાનો ભાઈ સમજી ગયો ને માતાપિતાએ એ સમજણને પુષ્ટિ આપી કે ધીમે ધીમે આ પણ બંધ થઈ જશે. કોઈએ કશો વિરોધ નોંધાવ્યો નહોતો. દુઃખ થાય એવા કાગળો કોઇ લખતું જ નહોતું.

નાનો ભાઈ બે વર્ષથી વધુ ભણ્યો નહિ. મોટાભાઇને એ ગુમાવી બેઠો હોય એવું એને લાગતું. સંબંધોમાં કશો રસ, કશી ભીનાશ રહી નહોતી. ખર્ચના પૈસા આવતા તેમાં સારી રીતે બધાનું પૂરું તો થતું, પરંતુ એ લેવામાં એક જાતનો ભાર લાગતો હતો. એક સગાનો સાથ મળતાં એણે અભ્યાસ છોડી વેપારમાં ઝૂકાવ્યું. શરૂઆત સારી થઈ. પહેલું વર્ષ ઠીક ગયું કે મોટાભાઇનો પત્ર આવ્યો: 'બા–બાપુજીને હું જે ખર્ચ મોકલું છું તે હવે બંધ કરું તો? નાનાભાઈએ વળતો જ તીખો જવાબ લખ્યો: 'મારું કામ સારું ચાલે છે. હું જ તમને લખવાનો હતો પણ તમને માઠું લાગશે એમ માનીને મેં લખ્યું નહિ, ખર્ચ હું કરું કે તમે, બધું એક જ છે.'

નાનો ભાઈ હજી યે માનતો હતો કે તેમનું કુટુંબ સંયુક્ત છે. મોટાભાઇ અને ભાભીની માન્યતા એ કરતાં જુદી હતી. સૌએ સ્વતંત્ર રહેવું જોઇએ એવું એ માનત. આ સ્વતંત્રતામાં માનવતાનો વિકાસ છે કે હ્રાસ છે એવો પ્રશ્ન પોતાની જાતને શા માટે પૂછે?

આ સંબંધનું છેલ્લું પરિણામ હું ન કહું તો સારું એમ થાય છે. આ વાત દશ વર્ષ પહેલાંની છે. આજે મોટાભાઇ પાસે લાખેક રૂપિયાની મૂડી છે, નાનોભાઇ એ જ સ્થિતિમાં—ઘર ખર્ચ ચલાવે છે. કોઇ વાત ઉચ્ચારે તો ભાભી કહે છેઃ 'સૌએ પોતાના પગ ઉપર જ ઊભા રહેવું જોઇએ. એમા જ માણસનો વિકાસ થાય ને તેની શકિત વધે નાનાભાઇને મદદ કરીએ તો તેની શકિત હણાય.'

મોટાભાઇને આ સાચું લાગે છે કે ખોટું તેની ખબર નથી કારણ કે તેઓ કશું બોલતા નથી, આચરે છે તો જે ભાભી કહે છે તે જ.

[૬]

વ્યવહારમાર્ગ

જે ત્રણ ચિત્રો મેં ભાભી સમક્ષ મૂકયાં છે. તેમાં આખા ભાભી-સમાજનો સમાવેશ થતો નથી પરંતુ જુદા જુદા વર્ગના પ્રતિનિધિઓ તો એ છે જ. પ્રેમ અને નમ્રતાના ગુણો જેના લોહી સાથે ભળી ગયા હોય એવી ભાભી મેં જોઇ જ નથી એવું અસત્ય મારાથી નહિ વદી શકાય, પરંતુ એવી ભાભીનાં દર્શન દુર્લભ છે એટલું તો મારે કહેવું જ જોઇએ.

એ જ રીતે દુષ્ટતાના અવતાર જેવી ભાભીઓ પણ નજરે પડે છે. વર્ષો પહેલાં મારી પડોશમાં રહેતી, ધનના કારણે સમાજમાં પ્રતિષ્ઠા ધરાવતી, નિષ્ઠુર ભાભીને મેં જોઇ છે. પોતાના દિયર અને દેરાણીની વાતો એ દરરોજ કરી જતી. એ બંને બિચારાં માંદાં રહેતા. એમાં જ્યારે એણે જાણ્યું કે દિયરને ક્ષય થયો છે ત્યારે એના મોં ઉપર ચાલકો

આનંદની રેખાઓ મેં મારી નજરે જોઈ છે. નિષ્ઠુર ભાવે બોલતી હતી: 'હવે દેરાણીને ખબર પડશે કે કેટલી વીસે સો થાય છે!' એની વર્ષોની મનોકામના દિયર-દેરાણીને લાચાર બનાવવાની હતી તે હવે સફળ થશે એવાં ચિહ્નો એને દેખાતાં હતાં.

એવા યે દાખલાઓ છે કે જેમાં દિયર-ભાભી વચ્ચે દુરાચાર ચાલ્યા હોય, પરંતુ તેની ચર્ચા અહીં પ્રસ્તુત નહિ ગણાય કારણ કે એ તો આપણા સમાજના સ્ત્રી-પુરુષ સંબંધ અંગેનો એક સ્વતંત્ર જ પ્રશ્ન છે.

આમ સઘળી બાજુએ નજર નાંખતાં ભાભીનું જે સમગ્ર ચિત્ર આપણી સમક્ષ ખડું થાય છે તેનું અવલોકન સુખદ નહિ, પણ દુઃખદ છે. એ ભાભીએ ઘણાં ભાઈ-બહેન વચ્ચેના પવિત્ર અને સ્વાર્થરહિત નિર્મળ પ્રેમ-સંબંધોને નષ્ટ કર્યા છે. એ ભાભીએ ઘણી બહેનો ભાઈઓનું ઘર છોડાવ્યું છે. એ ભાભીએ ઘણાં સંયુક્ત કુટુંબોના કટકા કર્યા છે. એ ભાભીએ જો ધાર્યું હોત તો જે બન્યું છે, બની રહ્યું છે તેથી બરાબર ઊલટા પ્રકારનું વાતાવરણ એ સર્જી શકી હોત.

અલબત્ત, એક વાત હું ભૂલતો નથી...આ ભાભી ધારે શી રીતે? કોણે એને એના ધર્મનું ભાન કરાવ્યું છે? કઈ માતાએ એને શીખવ્યું છે કે સસરાના ઘરમાં પગલું પાડતાં જ તારાં ભાઈબહેન પ્રત્યેની સમગ્ર લાગણીમાં ઉમેરો કરીને તારાં નણંદ તથા દિયરની સામે ધરજે? કોણે એને શીખવ્યું છે કે સંયુક્ત કુટુંબની ફૂલવાડીમાં તું અંગારો ન બનજે પણ તારી સેવાનું સીંચન કરી એ વાડીને વધુ રળિયામણી બનાવજે?

અને આટલું જ નથી. ભિન્ન પ્રકારના, સારા કે માઠા સંસ્કારો લઈને આવેલી ભાભીના સંસ્કારની શુદ્ધિનું કાર્ય કોણે કર્યું છે? કઈ નણંદ અને કયા દિયરે ભાભીના અંતરમાં પ્રવેશ કરી એનો વિશ્વાસ જીતવાનો પ્રયત્ન આદર્યો છે? કયા ભાઈસાહેબે સંયુક્ત કુટુંબમાં સદાયે પ્રેમનું સામ્રાજ્ય પ્રવર્તી રહે એવો પુરુષાર્થ કરેલો છે?

સ્વીકારી લઈએ કે ભાભીના જે દોષો દેખાય છે તેનું કારણ માત્ર ભાભી જ નથી, છતાં દોષોની જવાબદારીમાંથી ભાભી છટકી શકશે નહિ તે આપણે જાણવું જોઈએ. જગતમાં જે ગુનાઓ થાય છે તે દરેકમાં ગુનેગારની જવાબદારી કેટલી ને પરિસ્થિતિની કેટલી તેનું પૃથક્કરણ આપણે ભલે કરીએ, છતાં પ્રગટ રીતે જે ગુનેગાર છે તેને સુધારવાનો પ્રયત્ન કરવો જ પડે છે, કરવો જ જોઈએ. ગુનેગાર પોતે પણ જે દિવસે પોતાના ગુનાને સમજે તે દિવસે, પરિસ્થિતિ એની એ હોય છતાં એમાંથી મુક્ત થવાનો પ્રયાસ કરે છે.

હું જેને આ પત્ર લખી રહ્યો છું તે ભાભીને પણ એ કહેવા ઇચ્છું છું કે તારી આજની સ્થિતિ માટે ગમે તે વ્યક્તિ, કુટુંબ કે સમાજ જવાબદાર હોય છતાં તું એ તરફ બેદરકાર રહી શકે નહિ. તું પોતે પણ સમાજનું અને કુટુંબનું અંગ છે. બીજાઓ શું કરે છે તે તરફ તું તે દિવસે લક્ષ આપજે જે દિવસે તારે જે કરવું જોઈએ તે તેં કરી લીધું હોય, બીજાની ફરજના વિચારો કરી તારી પોતાની ફરજ ભૂલી જતી નહિ, તેમ બીજાના દોષોની દીવાલો રચી તારા દોષોને છુપાવતી નહિ.

તું આજે નિશ્ચય કરી લેજે નણંદ ગમે તેમ વર્તે, દિયર ગમે તેવો ભાવ રાખે, જેઠની મનોદશામાં ભલે ફેર ન પડે, પરંતુ હું તો આ પત્રના આરંભમાં દર્શાવેલી આદર્શ ભાભી બનીશ. નિશ્ચય કરજે કે મારા ઘરમાં ઉકરડો હશે તો યે હું તો ગુલાબનું ફૂલ બની એ ઉકરડાની દુર્ગંધ યત્કિંચિત પણ દૂર કરવાનો પુરુષાર્થ કરીશ.

બોલ, આમ કરવું છે? આમ કરવામાં દુનિયા જેને સુખ કહે છે તેવું સુખ તારે થોડા વખત માટે કદાચ છોડવું પડશે. જેને લોકો દુઃખ તરીકે ઓળખે છે તે પરિસ્થિતિમાં તારે કદાચ મુકાવું પડશે પરંતુ વિશ્વાસ રાખજે કે તારું દુઃખસહન નિષ્ફળ જશે નહિ. જગતમાં કોઈનું તપ નિષ્ફળ નીવડ્યાનો દાખલો નથી, શરત એક જ

છે, જે કરે તે હૃદયથી કરજે, હસતે મુખે કરજે, દિલમાં શ્રદ્ધાનો દીવો જલતો રાખીને કરજે.

બરાબર ધ્યાનમાં રાખજે કે આ પૃથ્વી ઉપર એવી કઠોર વસ્તુ એકે યે નથી, જેને ગાળી ન શકાય કે ચૂરા થઇ ન શકે. તારી સામે જે કઠોરતા આવે તેને પ્રેમના અગ્નિથી ગાળજે.' વસ્તુ વધુ કઠોર હોય તો અગ્નિ વધુ પ્રજ્જવલિત કરજે ને વધુ સમય સુધી એને જાગતો રાખજે. અગ્નિથી ન ગળે એવી કઠોરતા હોય તો કર્તવ્યનો હથોડો ઊઠાવજે.

કોઇપણ કાર્યસિદ્ધિ માટે સાચા પહેલું કામ નિશ્ચય કરી લેવાનું છે. એ પછી મનોબળને કેળવવાનું છે અને છેલ્લો તે અંગેનો વ્યવહાર સમજવાનું છે. પહેલું કામ તું કરી લે, બીજા ને ત્રીજા માટે આ પત્રમાં મેં પુષ્કળ સૂચનો મૂક્યાં છે. છતાં થોડાં વધુ રજૂ કરી આ પત્રને પૂરો કરું

તારા મનને સદાય ચોખ્ખું રાખજે. એમ માનતી જ નહિ કે નણંદ કે દિયર તારો દ્વેષ કરે છે અથવા તો તારા ઉપર સત્તા ચલાવવાનો પ્રયાસ કરે છે. કોઇ દિવસ ભૂલતી નહિ કે કુટુંબના મોટા ભાગના ઝઘડાઓમાં પૈસા કરતાં યે અભિમાન વધુ કારણરૂપ હોય છે. સૌ કોઈ એમ ઇચ્છે કે એ મોટું ગણાય, એનું ધાર્યું થાય. આ બાબતમાં તું નક્કી કરી નાખજે કે તારે નાના બનીને રહેવું છે. એવી ભ્રમણા સેવતી નહિ કે તું નાની બનશે તો બીજા તને કચડી નાખશે. કોઈ કચડશે તો નહિ પણ તું નાની બનશે એટલે તને ઊંચકી લેશે. પોતાના અભિમાનને પોષવા માટે પણ એ બધાં તારા સુખને માટે પ્રયત્ન કરશે.

આનો અર્થ એવો સમજતી નહિ કે તને અન્યાય થતો હોય તો પણ તું ખમ્યે જજે અથવા તો બીજાને મોટા બનાવવા માટે સત્ય કે સ્વમાનનો ભોગ આપજે. સત્ય, ન્યાય કે સ્વમાનનો ભોગ આપવાનું

હું કહું જ નહિ, કારણ કે એ કરતાં વધુ મૂલ્યવાન આ જગતમાં બીજું કશું છે નહિ. એ ગુમાવ્યા પછીનું જીવન જીવન નથી, માત્ર યંત્ર છે. સુગંધ વિનાનું કાગળનું ફૂલ છે.

પરંતુ ત્યારેય નમ્રતા છોડવી નહિ. વિરોધ કરવો પડે તો વિનયપૂર્વક કરજે. એવાનો ત્યાગ તો કદી કરતી જ નહિ. માત્ર માન કે અપમાન ગમે તે સૌ, જે કરવા યોગ્ય ન હોય તે કરતી જ નહિ, પરંતુ સાથોસાથ હજાર હજાર ઝગડાની વચ્ચે પણ જે કરવા યોગ્ય છે, જે કર્તવ્ય છે તે એક ઘડી માટે પણ છોડતી જ નહિ. એમ થશે તો તારી સચ્ચાઈની સામા પક્ષ ઉપર અસર થશે જ.

એક ખાસ ગુણ તારે કેળવવાનો છે. જરા વિચિત્ર લાગે એવું એનું નામ છે, પણ તારે એ જાણી લેવું જોઈએ અને દરરોજ એની સ્મૃતિ તાજી કરવી જોઈએ. એ ગુણનું નામ જાગૃત બેદરકારી. આ બંને શબ્દનો બરાબર અર્થ સમજી લેજે. એકલી બેદરકારી ગુણ નહિ, દોષ છે. જાગૃત બેદરકારી હું જેને કહું છું તેનો 'અર્થ' કે કેટલી યે બાબતો એવી હોય કે જે આપણને ગમતી ન હોય છતાં આજુબાજુ બન્યા કરે, આપણે એ તરફ બેદરકારી રાખવી જોઇએ. કેટલીકવાર સામાન્ય બાબતમાં ચર્ચા જાગે ને ગંભીર સ્વરૂપ પકડી લે. વાતમાં કંઇ માલ ન હોય છતાં એમાંથી કાયમ માટે મન જુદાં થઈ જાય. આવે વખતે એ જાગૃત બેદરકારીની જરૂર પડે છે.

સ્વમાન અવશ્ય જાળવવું અને અપમાન સહન કરવું જ નહિ, પરંતુ આળી ચામડી ન રાખવી. નજીવી બાબતમાં અપમાન લાગી જાય તો એ સ્વમાન નહિ, પણ અભિમાન કહેવાય. આમાં પણ જાગૃત બેદરકારીનો ગુણ કેળવવો.

ઘરમાં, ખર્ચ અને રહેણીકરણીમાં પણ કશું ગંભીર ન હોય ત્યાં સુધી એ વિષે કોઈને કહેવું નહિ. એવી ચર્ચા જ ન કરવી. સમજ-પૂર્વક એ બધું ગળી જવું.

અને એક મહત્ત્વની વાત. કોઈ દિવસ પતિની પાસે નણંદ કે દિયરનું ખરું ન બોલવું. એમના દોષનું પણ શક્ય હોય તો ઢાંકણ બની જવું. આમ કરવાથી દિયર—નણંદનાં વિશ્વાસ અને પ્રેમ વધશે.

આટલી બધી સાવધાની છતાં ઝગડાં થશે. નણંદ—દિયરના સંસ્કારો સારા નહિ હોય તો એ ઝઘડાઓ ઉગ્ર પણ બનશે. આ વખતે શક્ય હોય ત્યાં સુધી સમાધાન માટે મથવું. થયેલો ઝગડો સત્વર ભુલાઈ જાય ને નવી લાગણીથી નવા દિવસ શરૂ થાય એમ કરવા માટે મથવું. આપણા શિરે જ આખા કુટુંબની શાન્તિની જવાબદારી હોય તે પ્રકારનું વર્તન રાખવું.

અને આટલા પ્રયત્નો પછી પણ ઘરમાં શાન્તિ ન સ્થાપી શકાય તો ? તો જે ‘ જુદા ’ થવા સામે મેં રોષ બતાવ્યો છે તે પગલું લેવું. કોઈ પણ સંયોગોમા સંયુક્ત કુટુંબ નિભાવી રાખવાની મારી મનોવૃત્તિ નથી, પરંતુ હળવે હાથે ને અલ્પ પ્રયત્ને આપણે થાકી જઈએ તે ઇષ્ટ ન ગણાય. આપણી તમામ શકિત ખર્ચ્યા પછી પણ જો નણંદ કે દિયરના દિલમા પ્રેમની, વિશ્વાસની, ભ્રાતૃભાવની લાગણી જન્માવી જ ન શકાય તો એ સંબંધો ફોડવા જ જોઈએ. એવા સંબંધોને ખેંચી રાખવામાં કોઈનું શ્રેય થતું નથી ને સૌની શક્તિ હણાય છે.

પરંતુ યાદ રાખજો ભાભી, કે આવી નિષ્ફળતા હજારમાં એકાદ કિસ્સામા જ સાંપડશે; પ્રયત્નનો આરંભ કરો ત્યારે આ નિરાશા કલ્પી લેતાં નહિ. જે પ્રયત્ન સફળતાની શ્રદ્ધા વિના થાય છે તેનું અર્ધું બળ આરંભમાં જ તુટી જાય છે. જે પગલું ભરો તે પૂરી શ્રદ્ધા સાથે ભરજો.

ફરીને કહેવા ઇચ્છું છું કે સામો પક્ષ પોતાનું કર્તવ્ય બજાવે છે કે કેમ તે જોવા માટે થોભતાં નહિ. તમે એમ માનીને જ વર્તજો કે

એ પોતનો ધર્મ ન પાળે તો યે મારે પાળવો છે ને એ રીતે જ એના ધર્મનું એમને ભાન કરાવવું છે. ભૂલતાં નહિ, સામો પક્ષ જો પોતાનું કર્તવ્ય બરાબર બજાવે તો તમારે કરવાનું જ શું રહે છે? આ પત્રનો અર્થ પણ શો છે? આપણા પ્રત્યે જે પ્રેમની લાગણી રાખે તેના તરફના આપણા સ્નેહભાવની શી કિંમત છે? એટલું પણ આપણે ન કરીએ તો તો પશુ જ ગણાઈએ ને?–ના, પશુ પણ લાગણીનો પડઘો પાડે છે.

આપણી માનવતાની અને સજ્જનતાની કસોટી તો દુર્જન પાસે જ થઈ શકે. સામો પક્ષ પોતાનો ધર્મ ભલે ચૂકે, આપણે ન ચૂકીએ. જે આદર્શ આપણી નજર સામે રાખ્યો હોય તેવા થવાના પ્રયત્નમાં કદી ન થાકીએ. હું ખાતરી આપું છું કે કોઇ પણ ભાભી આદર્શ ભાભી થશે તો તેની આસપાસ આદર્શ દિયર અને આદર્શ નણંદ સર્જાશે.

અને એમાંથી જ કુટુંબ સંસ્થાનો આદર્શ આપણે સિદ્ધ કરી શકીશું. ભાભી, આ વિશ્વનાટકમાં તારો પાઠ તું પૂરી કુશળતાથી ભજવી લે, બીજા પોતાનું ફોડી લેશે.

*

સાસુજીની સેવામાં



[૧]

ફરિયાદ

સાસુજીની સેવામાં,

સંયુક્ત કુટુંબના ઘણાખરા સભ્યોને મેં જેમ પત્રો લખ્યા છે તેમ તમને ઉદ્દેશીને લખવાની પણ મારી ઇચ્છા છે. મૂંઝવણ એટ જ થાય છે: મારા પત્રો તમને કશી અસર ઉપજાવશે ખરા? તમે સામાન્ય રીતે પોતાની જાતને ડહાપણના અવતાર રૂપ માનો છો. વધુમાં તમને એમ પણ લાગે છે કે તને, પુરુષને, બહારનું જીવન ગાળનારને ઘરના પ્રશ્નોની શી સમજ પડે? આમ માનીને મારા પત્રો તમે વાંચ્યા વિના જ ધખતી સગડીમાં પધરાવી દો એવી મારી બીક, હું માનું છું કે પાયા વિનાની નથી.

આ મૂંઝવણમાંથી ઉગરવાનો એક રસ્તો મને સૂઝ્યો છે. હું ધારું છું કે તમને આ પત્રો વાંચવા પ્રેરવા માટે એ રસ્તો સૌથી ઉત્તમ નીવડશે. મારી પાસે તમને પત્રો લખવાની જે કાંઈ સામગ્રી

પડેલી છે તેમાં જુદા જુદા વાતાવરણમાં, જુદા જુદા પ્રકારના દુઃખની ભઠ્ઠીમાં શેકાતી ચાર વહુઓના પત્રો પણ છે. આ પુત્રવધૂઓનું અંતર એ પત્રોમાં મેં વાંચ્યું છે ને મારું હૈયું એથી ભીંજાયું છે. મેં જોયું છે કે એ પત્રોમાં રોષ નથી, ઈર્ષા નથી, અસત્ય નથી. એ પત્રોમાં તો હૈયાંનું લોહી જ ટપકતું દેખાય છે. મને આશા છે કે એનું વાચન કરવાનું મને જેવુ આકર્ષણ થયું હતું તેવું જ તમને પણ થશે. સંભવ છે કે મારા ને તમારા આકર્ષણની ભૂમિકા જુદી હોય. હું એનું દર્દ જોવા ને એમાંથી એને ઉગારવાનો માર્ગ શોધવા પત્રો વાંચવા પ્રેરાઉં અને તમે, તમારી એ પુત્રવધૂઓ તમારી કેવીક નિંદા કરે છે એ જાણવા માટે આ ન ગમતા પત્રો વાંચી નાખો.

છતાં એ પત્રો એટલા નિખાલસ ભાવે લખાયા છે કે તમારું હૈયું ગમે તેવા પૂર્વગ્રહોથી રંગાયું હશે છતાં આ લોહીનાં રંગથી સાવ અલિપ્ત રહી શકશે નહિ. હું તો તમને વિનંતિ કરું છું કે જો આ પત્રો વાંચો તો–ઇરાદાપૂર્વક આ લખી રહ્યો છું, કારણ કે તમે આ પત્રો જો વાંચો તો તમારાથી શક્ય હોય તેટલું ખુલ્લું દિલ રાખીને વાંચજો, તમે આ વાંચનાર કેવાં સાસુ હશો તે હું થોડો જ જાણી શકું છું? છતાં મને વિશ્વાસ છે કે તમને પોતાને જ ઉદ્દેશીને લખાયું હોય એવું આ પત્રોમાંથી તમને ઘણું મળી રહેશે. તમારાથી દબાઈ રહેલી કે તમને દબાવવા મથતી આ પુત્રવધૂઓના હૃદયનું વાંચન તમારા માટે સાવ નકામું તો નહિ જ નીવડે.

એક વાત તમારા મન ઉપર ઠસાવવાની મારી ઇચ્છા છે. આ પત્રો તમારી સામે ફરિયાદ કરવાના હેતુથી નથી જ લખાયા. અલબત્ત, એમાં ફરિયાદ છે જ, પરંતુ એ વ્યક્તિગત નથી, તમારા પોતા સામે નથી, પરંતુ આપણા સમાજમા જ્યાં જ્યાં સાસુ છે તે સૌના સામે છે, અને કોની પાસે આ ફરિયાદ કરવામાં આવી છે? પ્રભુ પાસે? સમાજ પાસે? તમારા ઉપર વર્ચસ્વ ધરાવતી કુટુંબની કોઈ વ્યક્તિ

પાસે ? ના રે ના, આ ફરિયાદ તમારી જ પાસે કરવામાં આવી છે. તમે પોતે જ ગુનેગાર છો. તમે પોતે જ આ દુઃખોનાં જન્માવનાર છો છતાં ફરિયાદ તમારી સમક્ષ શા માટે કરવામાં આવે છે તેનું રહસ્ય સમજજો. આ ચારે ય પુત્રવધૂઓએ જે પત્રો લખ્યા છે તે મને ઉદ્દેશીને નહિ, પણ તમને–પોતાની સાસુઓને ઉદ્દેશીને જ લખ્યાં છે. જેનાં ઘર અને જીવન સળગી ગયાં છે એ વહુઓને શું તમારી ભલમનસાઈ ઉપર હજુ વિશ્વાસ છે ? શું તેઓ એમ માને છે કે તમારા હૃદયને એમની વેદનાનો સ્પર્શ થશે ? શું એવી આશા એમણે રાખી છે કે કઠોર અને ક્રૂર દેખાતા આ સાસુનું હૈયું, હૈયાનો એકાદ ખૂણો ફૂલ જેવો કોમળ હશે ? એમ માન્યું હશે આ પુત્રવધૂઓએ કે અમારી આ સાસુ કોઈની માતા છે, કોઈની ભગિની છે, કોઈની પત્ની છે એટલે એનું હૈયું, એકાદ સ્થાને પણ સુકોમળ તો હશે જ !

ગમે તે હોય, ફરિયાદ તમારી સામે હોય છતાં એ તમારી, પાસે જ રજૂ થયેલી છે એમ સમજીને એનું વાચન કરશો તો તમને આ પત્રો તમારી નિંદા રૂપ નહિ લાગે. પત્રોના શબ્દોની પાછળ ડોકિયાં કરી રહેલાં આંસુઓ તમે જોઈ શકશો અને તમારામાં જે કાંઈ શુભ, સુંદર અને કોમળ પડ્યું હશે તેને જાગૃત કરી શકશો.

[૨]

સંસ્કારનું પ્રાબલ્ય

વહાલાં સાસુજી,

તમને 'વહાલાં' લખું છું તે ખોટું ન માનશો. જે દિવસે તમારા ઘરમાં મેં પગ મૂક્યો તે દિવસે સાચે જ હું તમને વહાલાં માનતી હતી. આનો અર્થ એવો નથી કે તમારા પ્રત્યે મને આદર-

ભાવ નહોતો. આદરભાવ હતો જ અને તે અંતરની સાચી લાગણીથી સંસ્કારાયેલો હોવાથી એમાં બાહ્ય શિષ્ટાચાર કરતાં વહાલાપણું વિશેષ હતું. જેવો પ્રેમ મને મારી માતા પ્રત્યે હતો તેવો જ પ્રેમ તમારા પ્રત્યે હું અનુભવતી હતી. તમારી સાથે મારે પરિચય નહોતો અને મારી બાના પ્રેમથી હું પોષાઇ હતી તેમ તમારા પ્રેમનું પોષણ મને મળ્યું નહોતું, છતાં આ લાગણી મારા અંતરમાં પ્રગટેલી હતી. આનું કારણ તમારી માતૃત્વની લાગણીથી પોષાયેલા તમારા પુત્ર મારા પતિ હતા. અમારો પરિચય થયો ત્યારથી એમણે તમારા પ્રત્યેની એમની ભક્તિ મારા અંતરમાં રેડવા માંડી હતી. પહેલા કાગળમાં જ એમણે લખેલું:

'તારું સૌથી મોટું સૌભાગ્ય તો આવાં સાસુ પામવાનું છે. બાનો પ્રેમ જોઇને તું સાચે જ આશ્ચર્ય પામી જઈશ. હું ભાભી સાથેનું એમનું વર્તન જોઉં છું ત્યારે મને થાય છે કે સમાજમાં સાસુઓના ત્રાસની જે વાતો થાય છે તેમાં કેટલું સાચું હશે!'

વેવિશાળ નક્કી કરતાં પહેલા તમે મને ઘેર બોલાવેલી ત્યારે પણ મારા મન ઉપર એવી જ છાપ પડી હતી. સાચું પૂછો તો ત્યારે મને ભાભી–રૂઢિની ભાષામાં કહું તો મારાં જેઠાણીનો થોડો ડર લાગેલો ખરો. એમની નજરમાં મને થોડો તુચ્છકાર જણાયો હતો, પણ મેં મન વાળી લીધું. મને થયું કે તેઓ કશું ભણ્યા નથી અને ગરીબ માતા-પિતાને ત્યાં ઊછરેલાં છે એટલે સ્વાભાવિક રીતે મારાં શિક્ષણ અને ધનવાન માતાપિતા સામે માનસિક પ્રત્યાઘાત અનુભવતાં હશે. એ વખતે તમે મને સંયુક્ત કુટુંબના રક્ષણરૂપ લાગેલાં.

એ પછી વેવિશાળ, લગ્ન અને બીજા પ્રસંગોમાં તમારા માતૃત્વ-નાં જ મેં દર્શન કર્યાં હતાં. મારાં માતાપિતાના મન ઉપર પણ એ જ અસર હતી. તમે નહિ જાણતાં હો તેવી એક હકીકત હું

તમને જણાવું. મારાં માતાપિતા મારું વેવિશાળ ત્યાં કરવા માટે ખાસ ઉત્સાહ નહોતાં ધરાવતાં. તેઓ પોતાના કુટુંબને કંઈક ઊંચું અને ખાનદાન સમજતાં હતાં. પૈસો અને પ્રતિષ્ઠા એમની પાસે વિશેષ હતાં, પરંતુ એમની જ ભાષામાં કહું તો 'છોકરો સારો છે, ભણેલો છે, તેજસ્વી છે.' 'ઘર ગરીબ હોય તો શો વાંધો છે!' આવી દલીલને તેઓ વશ થયાં હતાં. મારું પોતાનું અંતર 'એમના' પ્રત્યે ખેંચાયેલું હતું એટલે જ આ બની શક્યું હતું.

પરંતુ લગ્ન પછી મેં જોયું તો મારું શિક્ષણ અને મારાં માતાપિતાનું મોટું ઘર મને મદદરૂપ થવાને બદલે ત્રાસરૂપ બનવા માંડ્યાં. કોણ જાણે શા કારણે, પણ તમે માની લીધું કે હું ધનવાનના ઘરમાં ઊછરેલી હોવાથી ઘરકામમાં હીણપત માનતી હોઈશ અને શિક્ષિત હોવાથી અભિમાની હોઈશ. લગ્નને આઠ દિવસ માંડ વીત્યા હશે ત્યાં તમે મને ઉપદેશ આપવાનું શરૂ કરી દીધું. ભાભીએ તેમાં સૂર પૂરાવ્યો.

આજે મને બરાબર યાદ આવે છે. તમે મને દરેક સૂચના કરતી વખતે કશાકથી ડરતાં હો એવું લાગતું હતું. આ ડરનો મેં ઉપયોગ કરી લીધો હોત તો કેવું સારું હતું? પણ મેં તો તમને સંતોષ આપવાનો અને તમારા મનમાં મારા વિષે જે કાંઈ આશંકા હોય તે દૂર કરવાનો નિશ્ચય કર્યો હતો એટલે તમારો ઉપદેશ, જ્યાં જ્યાં મારા સ્વમાનનો ભંગ કરનાર નહોતો ત્યાં ત્યાં મેં તેનો અમલ શરૂ કર્યો. મેં આશા રાખી હતી તે પ્રમાણે આનું સારું પરિણામ ન આવ્યું. હું શું કરતી હતી તે તો તમે કદી જોયું જ નહિ, હું શું નથી કરતી તે જ તમારી આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યું.

જે દિવસે તમારે ઘેર હું આવી તે દિવસે મેં એવી આશા રાખેલી કે મને પ્રાપ્ત કરીને તમે સમાજમાં ગર્વ અનુભવશો. સગાંવહાલાંમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે એમ માનશો. આટલી ભણેલી ને મોટા ઘરની

કન્યા તમારા કુળમાં કદી આવી નથી એમ કહીને તમારું હૃદય હર્ષથી ઊભરાઈ જશે એવી ધારણા મારા મનમાં હતી, પરંતુ તમે તો જ્યાં ને ત્યાં કહેવા લાગ્યાં: 'કન્યા તો આપણા કરતાં ગરીબ ઘરની જ સારી અને છોકરીઓ માટે બહુ ભણતર સારું નહિ.' મારા જે ગુણો હતાં, મારી જે વિશેષતા હતી તે જ તમને દોષ અને ઊણપરૂપ જણાવા લાગ્યાં. વાત આટલેથી અટકી નહિ. તમે એ દોષ અને ઊણપ દૂર કરવા સારુ ભાભી કરતાં યે વધુ પ્રમાણમાં મારી પાસેથી કામ લેવાનું શરૂ કર્યું. હું ગમે તેટલું કામ કરું છતાં હું નથી કરતી ને નહિ જ કરું એવી તમારા ઉપર અસર રહેવા લાગી. તમે મારી ચોકી કરતાં થઈ ગયાં.

આનું બીજું દુઃખદ પરિણામ એ આવ્યું કે તમે મારી પાસે ને સૌની પાસે ભાભીનાં વખાણ કરવા લાગ્યાં. એમનાં વખાણ તમે કરો તે સામે તો મારે શો વાંધો હોય? પરંતુ તે દ્વારા તમે મને ઉતારી પાડો એ કેમ સહન થાય? એટલે સહજ રીતે હું કેટલીક બાબતોમાં ખુલાસો કરવા લાગી જતી અને તેનું પરિણામ હું ભાભીની ઈર્ષા કરતી હોઉં એવું આવતું. તમારો પક્ષપાત તમે કોઈ દિવસ જોતા જ નહિ.

આમ કરતા કરતાં તમે મારાં માતાપિતા મને શું આપે છે ને શું નથી આપતાં તે પણ જોવા લાગ્યાં. ભાભીનાં માતાપિતા ગરીબ હતાં એટલે તેઓ કશું ન આપી શકે તે હું સમજતી મારાં માતાપિતાની હું એકની એક પુત્રી હતી. અને કર્મયોગે તેમને મારા પ્રત્યે અત્યંત પ્રેમ હતો એટલે તેઓ મને વધુ ને વધુ આપવાની ઇચ્છા રાખતાં મને થતું કે મારું હવે સ્વતંત્ર ઘર થયું છે એટલે માતાપિતા પાસેથી ઓછામાં ઓછું લેવું જોઈએ. માતાપિતાને નારાજ કરીને પણ હું તે આપતાં તેનું અર્ધું જ લેતી. આમ છતાં આપણા સમાજમાં, ધનવાન કુટુંબોમાં પણ કન્યાને જે કાંઈ આપવામાં આવતું તેથી તો મારા

માતાપિતા મને વિશેષ આપતાં જ હતાં, પરંતુ તમારી દૃષ્ટિ જ બદલાઈ ગઈ હતી. એટલે તમને કેમ સંતોષ થાય? તમે કંઈ ને કંઈ શોધી કાઢીને કહેતાં : 'વેવાઈ શાહુકાર છે પણ તેનો અમને શો લાભ? પૂરા વહેવારમાં પણ એ લોકો તો રહેતાં નથી. ગરીબ વેવાણની એમને શી પરવા?' હું આ સાંભળતી ત્યારે મારું હૈયું ચીરાઈ જતું. માતાપિતાની નિંદા કઈ પુત્રી સહન કરી શકે?

આ બધા દિવસો, મહિનાઓ અને વર્ષો દરમ્યાન મેં મારા પતિ પાસે આ દુઃખ ઉચ્ચાર્યું નહોતું. સાચું પૂછો તો મારા પોતાના સંસ્કાર મને કહેતા હતા કે 'આવી નજીવી વાતોને મહત્ત્વ ન આપવું.' કંઈક એમ પણ થતું કે 'ઘરડા માણસોનો, જૂની રૂઢિના માણસોનો સ્વભાવ જ આવો હોય.' એમનું કહેવું મને એમ પણ સમજાવતું કે 'આમાં વિરોધ કરવા જેવું કે સામા થવા જેવું છે શું? એમના તરફ સંપૂર્ણ બેદરકાર બની જે યોગ્ય લાગે તે કરવું ને અયોગ્ય લાગે તેનો ઇન્કાર કરવો.' આમ બંડની વૃત્તિ મારામાં જાગતી જ નહિ. એમને કહેવાનો પછી સવાલ જ ક્યાં રહ્યો?

પણ જેમ જેમ પક્ષપાત વધવા લાગ્યો ને ભાભી પણ તમારી ઓથે રહીને મારા દોષોનું પ્રદર્શન કરવા લાગ્યાં તેમ તેમ મારા મનની સ્થિતિ બદલાવા માંડી. પ્રથમ તો મારા સ્વભાવ પ્રમાણે હું આવાં કારણો શોધવા લાગી. મનોમન મેં પૂછ્યું : 'આવાં પ્રેમાળ સાસુમાં પરિવર્તન કેમ થયું? મારો પોતાનો તો કોઈ દોષ નથી? ભાભીના તો આ પ્રયત્નો ન હોય?' જવાબ શોધવા મેં ઓછી મહેનત નહોતી કરી, પણ જવાબ મને મળ્યો જ નહિ. ભાભીનો દોષ પણ જણાયો નહિ. તેઓ મારા વિષે સારી અસર નહોતાં ઉપજાવતાં તે હું જાણતી હતી. મારું શિક્ષણ અને પિયરની પ્રતિષ્ઠા એમને ખૂંચતાં હતાં. મારી પાસે પોતે ઝાંખાં ને સામાન્ય લાગશે તેવો એમને ડર હતો, સામાજિક રૂઢિ પ્રમાણે તેઓ મોટાં. લગભગ

સાસુ જેવાં દેખાવાં જોઈએ તેને બદલે નાના દેખાશે એવી એમની માન્યતા હતી. આ બધાં કારણોને લઈ એમના સંસ્કાર પ્રમાણે એમના મનમાં ઈર્ષાભાવ જાગે તે હું સમજી શકું છું, પરંતુ એમને ન્યાય આપવા ખાતર મારે કહેવું જોઈએ કે તમારું પરિવર્તન એમને આભારી નહોતું જ. એવા દુષ્ટ પ્રયત્નો એમણે કર્યો જ નહોતા. તેઓ ખુલ્લી રીતે મારી નિંદા કરવા લાગ્યાં તે તો તમારું વર્તન જોયા પછી જ અને તમને એથી આનંદ થશે એવું માની લઈને જ. એટલે હું એમના શિરે દોષ ઢોળી શકું નહિ.

ત્યારે શું તમને પણ એવી જ નાનમ લાગવા માંડી હતી? તમારું પણ અભિમાન ઘવાયું હતું? તમે કહેતાં હતાં તેમ હું મારાં શિક્ષણનો અને ભાવિ પિતાની પ્રતિષ્ઠાનો મદ કરતી હતી? હું ઘરકામ કરવામાં ને વિનય બતાવવામાં હીણપત માનતી હતી?

ઈશ્વરની સાક્ષીએ કહું છું કે કામમાં મેં કદી નાનમ માની નહોતી. માતાપિતાની પ્રતિષ્ઠાનો મને ગર્વ હતો પરંતુ તે ગર્વ તો મારા અંતરનો સાત્ત્વિક આનંદ હતો. એનું પ્રદર્શન મેં કદી કર્યું નહોતું. એવી મૂર્ખ હું કેમ બનું કે જે ઘર મેં છોડી દીધું તેની જ સ્તુતિ કર્યા કરું અને જે ઘર મારું છે તેને વગોવું? એક વાત અહીં જ મારે તમને કહી દેવી જોઈએ. મારા પતિની બાબતમાં હું એટલી સુખી હતી કે કોઈ મારા સુખનો અંદાજ કાઢે તો એને અપૂર્વ જ કહે. એમના તરફથી મને કોઈ વાતની ઊણપ નહોતી. એમનાં શિક્ષણ અને સંસ્કારનો મને ગર્વ હતો. દુનિયાના વહેવારમાં પ્રથમ પગલે જ એમને સફળતા મળી રહી હતી તે હું જોઈ શકતી હતી. મને ખાતરી હતી કે એમના દ્વારા પાંચદશ વર્ષે આપણું આખું યે કુટુંબ ઊંચું આવવાનું છે. સરખામણી કરીને કહું તો મને એમ થતું હતું કે 'અમે પણ પાંચેક વર્ષમાં મારાં માતાપિતાની હારમાં આવી જઈશું. અમારી પણ સમાજમાં એવી જ પ્રતિષ્ઠા જામશે.'

ત્યારે દોષ ક્યાં હતો ? તમારા પરિવર્તનનું કારણ શું હતું !

મારી બુદ્ધિ આ પ્રશ્નોના જવાબ ન આપી શકી એટલે જેમની બુદ્ધિ ઉપર સદા યે મને અપાર શ્રદ્ધા રહી છે તે તમારા પુત્રને જ પૂછવાનો મેં નિર્ણય કર્યો. આ નિર્ણયનું જોખમ હું સમજતી હતી. ઘરની વાતમાં એમને ન ખેંચવા જોઈએ એવો મારો નિશ્ચિત મત હતો. ઉપરાંત તેઓ પોતાનું નવું જીવન જ્યારે પરિશ્રમપૂર્વક ઘડી રહ્યા હતા ત્યારે આવી વાતમાં ખેંચવાથી એમને કેટલો ત્રાસ થાય તે હું જાણતી હતી, પરંતુ કરું શું ? જેમ દિવસ જતા ગયા તેમ મારા માટે સ્થિતિ અસહ્ય બનવા લાગી. તમે અને ભાભી, પ્રભુ જાણે શા ઉદ્દેશથી પણ બરાબર મારી પાછળ જ પડ્યાં ! મારી શાન્તિ અને સ્વસ્થતા હવે લુંટાવા લાગ્યાં. પુસ્તકોમાં પણ હવે હું રસ લઈ શકતી નહોતી કારણ કે એ પણ તમારી નિંદાનો એક વિષય હતો. મારાં માતાપિતાનાં દોષો પણ હવે તમે વધુ પ્રમાણમાં વર્ણવવા લાગ્યાં હતાં.

એક વખત વ્યવહાર પ્રસંગે તમે ચાર દિવસ માટે બહારગામ ગયા અને ભાભી સામેની મારી શાન્તિ તૂટી ગઈ. મોટાભાઈને એ કહી રહ્યા હતાં તે મેં સાંભળ્યું. ભાભી કહેતાં હતા: 'સવારમાં છાપું લઈને બેસી જાય છે. કામવાળીની માફક મારે જ આખા ઘરનો ઢસરડો કરવો પડે છે. સાહેબ (મારા પતિ)ના ધ્યાનમાં તો કાંઈ આવતું જ નથી અને તમે તો કંઈ કહેવાની બાધા જ લીધી છે.' વધુ હું સાંભળી શકી નહિ પરંતુ મોટાભાઈના કાનમાં પણ ઝેર રેડાઈ રહ્યું છે એવું જાણતાં મારી તમામ ધીરજનો અંત આવ્યો. થોડીવાર પછી મોટાભાઈ હું સાંભળું તેમ ભાભીને ઉદ્દેશીને બોલ્યા.

'બાને અને તને બીજો ધંધો જ નથી. બસ પણ જ્યારે ને ત્યારે આવી વાત કરતા શરમાતાં નહિ હોય ? કાન્તા કંઈ અણસમજુ નથી. ભણેલી છે, એની મેળે સમજશે.'

ભાભી બોલ્યાં: 'પણ ભાઈના ધ્યાન ઉપર તો લાવવું જોઈએ ને ?'

'એને બીજો કામધંધો નહિ હોય !' મોટાભાઈ બોલ્યા ને ચાલતા થયા.

હું સમજી. પહેલાં તમે બદલાયાં; તમારાં પ્રેરણાએ ભાભીને બળ આપ્યું ને હવે તમે બંને મોટાભાઈને તૈયાર કરી રહ્યાં હતાં. નાનપણથી સાંભળેલી સાસુ-વહુનાં રાતો મન યાદ આવી ગઈ. હવે બાકી રહ્યા હતા માત્ર મારા પતિ. હું વિચાર કરતાં ધ્રુજી ઊઠી. તમે એમને પણ સમજાવી દો તો ? એમને ઠસાવો કે હું અભિમાની છું, કશું કામ નથી કરતી, વિનય-વિવેક જાળવતી નથી અને મારા માતાપિતા વહેવારનું પાલન કરતાં નથી ! પછી બાકી શું રહ્યું ?

મેં એમની સાથે વાત કરવાનો નિશ્ચય કરી લીધો. તે જ રાત્રે તેઓ શાન્તિમાં હતા ત્યારે મેં વાત ઉચ્ચારી. ગમે તેમ કહો. પરંતુ મેં એ દિવસે પહેલી જ વાર એમની પાસે મારું હૃદય ખોલ્યું અને તે પણ નીચેના શબ્દોમાં જ. તમે ત્રણ વર્ષથી મારા નામે જે ને તે બોલો છો તેમ નહિ.

મેં કહ્યું: 'આજે તમને ચિંતા થાય એવી વાત કરવી છે.'

આટલું સાંભળતાં જ એમના મોં ઉપર ચિંતાની લાગણી ફરી વળી. મને થયું કે હવે વધુ ન બોલું; પણ એ હવે સાંભળ્યા વિના રહે ? એમણે પૂછવા માંડયું અને મેં જે કાંઈ બનતું હતું તે, લગ્નના પહેલા દિવસથી મોટાભાઈ અને ભાભી વચ્ચેની વાત સુધી કહેવા માંડયું. બધી વાત પૂરી થઈ ત્યારે તેઓ ગંભીર વિચારમાં ડૂબી ગયા અને થોડીવાર પછી બોલ્યા:

'મેં આશા રાખેલી કે મારા ઘરમાં તો આવો ક્લેશ થશે જ નહિ કારણ કે બા પ્રેમાળ છે ને તું સમજુ છે. પરંતુ અહીં પણ...' તેઓ વધુ ન બોલી શક્યા.

'પણ આનું કારણ તમને શું લાગે છે ? મેં ઘણો વિચાર કર્યો, મારાથી સમજાતું નથી.' મેં કહ્યું.

'કારણ તો તેં વાતની શરૂઆત કરી ત્યારે જ હું સમજી ગયો, પણ એ કારણ દૂર કરવાનો કોઈ ઉપાય નથી, એ બહુ ઊંડું છે.'

હું વિચારમાં પડી ગઈ. મને એમની વાતમાં કંઈક રહસ્ય લાગ્યું. હું પૂછવા જતી હતી ત્યાં જ એ બોલ્યા:

'એમ સમજતી નહિ કે આમાં કંઈ રહસ્ય હશે. ઊંડું એટલે કે જેમાંથી એ કારણ ઉદ્ભવે છે તે સંસ્કાર ઊંડા છે. લગ્ન પહેલાં જ એ મનોદશા મેં જોયેલી ને જાણેલી, પરંતુ તે આવું રૂપ લેશે એમ ધાર્યું નહોતું. આના પ્રેમાળ સ્વભાવ ઉપર મેં વધુ પડતો વિશ્વાસ મૂકેલો.'

પણ હતું શું ? છે શું ?' મેં આતુરતાથી પૂછ્યું.

એમણે વિસ્તારથી જે જવાબ આપ્યો તેનો સાર હું તમને કહી દઉં.

આ પત્રના આરંભમાં મેં તમને કહ્યું છે કે મારાં માતાપિતા આ વેવિશાળ માટે ઉત્સાહિત નહોતાં. મારા પતિ પાસેથી મેં જાણ્યું કે તમારી સ્થિતિ પણ લગભગ એવી જ હતી. ફેર એટલો જ હતો કે અમે સૌ તમારા પુત્રને જોઈ ખેંચાયાં હતાં અને તમે ડરતાં ડરતાં પણ અમારી પ્રતિષ્ઠા અને લક્ષ્મી જોઈને. મેં જાણ્યું કે શરૂઆતમાં તમે એ બોલેલાં 'એ આપણા ઘરમાં ન પોસાય. ભણેલી તો મારે જોઈએ જ નહિ' પણ સગાંઓએ તમને ઠસાવી દીધું કે 'આ સંબંધ બાંધવાથી કુળની આબરૂ વધશે. ચંદ્રકાન્ત–મારા પતિ–ને સારો ઓથ મળી જશે.' તમે એમ માનીને આશ્વાસન લીધું; 'પહેલેથી સંભાળ રાખીશું તો વાંધો નહિ આવે.' તમારા પુત્ર પાસે એવું બોલી પણ ગયાં કે 'એના આવ્યા પછી માને ને ભાઈભાભીને ભૂલી જતો નહિ, ચડાવ્યો ચડતો નહિ.' તે દિવસે આ શિખામણની ગંભીરતા એ સમજ્યા નહિ, તમારું માનસ પણ એમણે પૂરા રૂપમાં પારખ્યું નહિ.

એમને ય હું કેમ દોષ આપું? કારણ કે નક્કી થતાં જ તમે તમારું વલણ બદલ્યું હતું. તમે એમની પાસે ને સૌની પાસે મારી ને મારાં માતાપિતાની પ્રશંસા કરતાં થાકતાં નહોતાં. આજે મને સમજાય છે કે ખરેખર તો તમે તમારી પોતાની જ પ્રશંસા કરી રહ્યાં હતાં. ગરીબ અને સામાન્ય હોવા છતાં આવી શિક્ષિત અને ધનવાનની કન્યા લાવ્યાનો તમે ગર્વ અનુભવતાં હતાં.

તમારી આ મનોદશાએ જ આપણા ઘરમાં ઝેરનું બી વાવી દીધું હતું. એમાંથી હવે અંકુર ફુટવા માંડયા હતા. આ અંકુરો ઉખેડીને ફેંકી શી રીતે દેવા? મારા પતિએ કહ્યું કે પોતે તમારી સાથે શાન્તિથી વાત કરશે. મેં એમને સમજાવ્યા કે 'એનો અનર્થ થશે, મેં તમને બા વિરુદ્ધ ચડાવ્યા છે એમ માનવામાં આવશે.' પરંતુ એ દલીલ એમણે કાન ઉપર લીધી નહિ.

ત્રણેક દિવસ પછી તમે આવ્યાં ત્યારે સમય મેળવીને આ વાત એમણે કરવા માંડી. હું બાજુના ખંડમાં બેસીને ચિંતાપૂર્વક સાંભળી રહી હતી. ભાભી એક સગાને ત્યાં ગયાં હતાં, મારા કાનમાં તમારા એ શબ્દો આજે ય ખીલાની પેઠે ભોંકાય છે. તેઓ બોલી રહ્યા કે તુરત તમે તડુકયાં:

'મને ખાતરી જ હતી કે એ મા–દીકરા વચ્ચે ઝેરનાં બી વાવશે જ.'

બસ, વધુ કાંઇ જ નહિ! ખુલાસો કરવા ને તમને સાંત્વન આપવા એમણે વ્યર્થ ફાંફાં માર્યાં. તમે છેવટે બોલ્યાં: 'મારે કાંઈ સાંભળવું નથી ને કહેવું યે નથી. માની એકે ય વાત હવે સાચી નહિ લાગે. જમાનો હવે બદલાઇ ગયો છે.

નિરાશ થઇને તેઓ મારી પાસે આવ્યા. મને કહ્યું: 'બાનું માનસ સાવ બદલાઇ ગયું છે. તારે સમજીને શાન્તિ રાખવી અને એમને શાન્તિ થાય એમ જ રહેવું.'

તમે ગમે તેમ માન્યું હોય ને આજે ગમે તે માનતાં હો પણ એમણે જે શબ્દો મને કહ્યા તે ખરેખર તો મારા પોતાના અંતરના જ હતા, મારાં માતાપિતા' પાસેથી હું એવા જ સંસ્કાર પામી હતી.

પણ મારી શાન્તિ તમે ને ભાભીએ મળીને હચમચાવી નાખી..તે દિવસથી મારી વિરુદ્ધ બોલવામાં એક મહત્ત્વનો ઉમેરો થયો. હું 'કાન ભંભેરુ" છું ને મા–દીકરા વચ્ચે કંકાસ ઊભો કરું છું એવા આક્ષેપો તમે કરવા લાગ્યાં. આ બધું સાંભળવું મને આકરું લાગતું હતું. પરંતુ હું ગળી જતી હતી. એમને પણ નહોતી જણાવતી, પણ તમને એટલેથી કેમ સંતોષ થાય? તમે તો માની જ લીધું હતું કે હું દરરોજ અનેક સાચીખોટી વાતો કરીને તમારી વિરુદ્ધ તમારા પુત્રને ઉશ્કેરતી હોઈશ. એટલે આ શબ્દો તમે એમને પણ સંભળાવવા લાગ્યાં. એક દુર્ભાગી દિવસે એમણે શાન્તિ ગુમાવી ને બોલી ઊઠયા:

'તમે તે ભાભી જ મારા કાનમાં ઝેર રેડો છો. તમે મને જુદો કરશો ત્યારે જ જંપશો.'

મોટાભાઈ ત્યારે હાજર હતા, એમને લાગ્યું કે બાનું અપમાન થાય છે એટલે એ બોલી ઊઠયા:

'તને તારી કમાણીનું ને તારા સસરાના પૈસાનું અભિમાન હોય તો જુદો થઈ જા. અમને ભગવાન જાર–બાજરાનો રોટલો આપશે.'

મારા પતિ પણ મગજનો કાબૂ ગુમાવી બેઠા હતા. મેં વચ્ચે પડવા પ્રયત્ન કર્યો પણ હું ન ફાવી. એમણે તો જુદા થવાનું અને તે ક્ષણે તમારું ઘર છોડી દેવાનું જાહેર કરી દીધું. મને પણ એવી આજ્ઞા કરી નાખી. તમે, મોટાભાઈએ, ભાભીએ એમની એ જાહેરાત વધાવી લીધી.

પણ હું ત્યાંથી ન ખસી. તેઓ ગુસ્સે થયા, નારાજ થયા, એકલા ચાલ્યા જવાની ધમકી આપી છતાં હું બેસી રહી. મને આપણા ઘરની અને મારા માતાપિતાની આબરૂ વહાલી હતી.

એક દિવસ પસાર થઈ ગયો એટલે બધાનો રોષ કંઈક ઓછો થયો. મને થયું કે હવે આ વસ્તુ ભુલાઈ જશે. અપમાન પામીને પણ ઘરકામમાં મારું ચિત્ત પરોવ્યું, ભાભી અને તમે મારી સાથે બોલતાં નહોતાં છતાં ખુશામત કરતી હોઉં એમ હું તમારા સાથે બોલવાનો પ્રયાસ કરવા લાગી. ચારેક દિવસે મને કંઈક સફળતા મળી. ઘરનું વાતાવરણ પણ હળવું બન્યું.

પણ એ લાંબુ ન ચાલ્યું ભાભી અને મારી વચ્ચેનો પક્ષપાત હવે બંને ભાઈઓ સુધી પહોંચી ગયો. તમારી દૃષ્ટિએ મોટાભાઈ 'તમારો' અને નાનો દીકરો 'વહુનો' હોય એવું બની ગયું. આ ભેદ વાતોમાંથી હવે વર્તનમાં આવ્યો. સારસંભાળમાં પણ આ પક્ષપાત દેખાવા લાગ્યો. મારા પતિ બપોરના બે વાગે આવે ત્યારે એમને ઠંડી રસોઈ મળવા લાગી. ઘરના પ્રશ્નોમાં એમનું મહત્ત્વ હવે જતું રહ્યું. કોઈ બાબતમાં એમને પૂછવામાં આવતું જ નહોતું.

મારાથી આ સહન કેમ થાય? એમની થાળી સંભાળવાની જવાબદારી, તમને નારાજ કરીને પણ મેં લઈ લીધી. એ જ દિવસમાં એમાંથી ભડકો જાગ્યો.

વધુ શું લખું? ત્યાર પછીની વાત સાવ તાજી જ છે. રોજના કલેશ કંકાસમાં આપણું ઘર ડૂબી ગયું. જુદા થવાની ને જુદા કરવાની વાતો હવે સામાન્ય બની ગઈ. પ્રેમ અને આદરની લાગણીઓ તો મૂળમાંથી જ ઊખડી ગઈ. સગાંઓ પણ આ ઝગડાઓનાં હવે જાણકાર બન્યાં. હું જાણું છું કે સૌએ મારો જ દોષ કાઢ્યો. હું શાહુકારની છોકરી, ભણેલી છોકરી, ઉદ્ધત હોઉં એમાં નવાઈ શી?'

અને હું સીમંતિની બની, મારા પતિ સકારણ ચિંતાતુર બન્યા, એમણે મને આરામ લેવા આગ્રહ કર્યો, તમારી પાસે પણ બોલી ગયા, પરિણામે જે ભડકો થયો તેમાં પ્રેમના ને લાગણીના જે કોઈ અવશેષ હશે તે બળીને ખાખ થઈ ગયા.

આ સ્થિતિમાં અમે તે જ દિવસે પહેરવાનાં લૂગડાં સાથે જુદા ઘરમાં વસવાટ કર્યો. માન્યું કે હવે સૌને શાન્તિ થશે. પરંતુ એ આશા યે નિષ્ફળ નીવડી. અંગવડ છતાં અમે થાકીને, કંટાળીને, ત્રાસીને એ ગામ પણ છોડી દીધું !

વહાલાં સાસુજી, આ કાગળ હવે પૂરો કરવા ધારું છું. એ છેલ્લા પ્રસંગને ત્રણ વર્ષ વીતી ગયાં છે. આપણી વચ્ચે, બે ભાઇ વચ્ચે, મા દીકરા વચ્ચે પત્રનો વહેવાર પણ રહ્યો નથી. કયારેક સમાચાર મળે છે, પ્રભુ જાણે સાચા કે જુઠ્ઠા, પણ એમાં નિંદા સિવાય બીજું કશું જાણવા મળતું નથી. લોક કહે છે કે તમે બોલ્યા કરો છો: 'કેટલી આશા રાખીને પરણાવ્યો હતો પણ વહુનો સાવ ગુલામ બની ગયો !' હું એનો શો જવાબ આપું ? મારો કાગળ કદાચ તમને જવાબ આપી શકે. પ્રેમ તો હવે છે નહિ, પણ વિશ્વાસ રાખજો કે તમારા મનમાં છે તેવો તિરસ્કાર પણ નથી. આ કાગળ, એક જૂનું સ્મરણ જાગૃત થઇ આવ્યું એટલે લખ્યો છે. અમારી પાડોશમાં એક સાસુ–વહુ છે. નાનો દીકરો હજી કુંવારો છે. સાસુ–વહુ વચ્ચે અદ્દ્ભુત પ્રેમ છે. સાસુ એની વહુની મા કરતાં યે વિશેષ સંભાળ રાખે છે. એને જોઉં છું ને મને બધું યાદ આવી જાય છે. નાના દીકરાને જોતાં કયારેક આંખમાં પાણી ભરાઈ આવે છે. ભગવાનને પ્રાર્થના કરું છું કે 'અમારા જેવું કમનસીબ આ ભાઇઓનું, આ મા–દીકરાનું, આ દેરાણીજેઠાણીનું કદી ન હજો !'

આ લાગણીથી કાગળ લખ્યો છે. તમારે એનો જે અર્થ કરવો હોય તે કરજો.

લી० તમારી એક વેળાની
વહાલુડી વહુ.

[૩]

યશ અને અપયશ

સાસુજી,

આ કાગળ તમને લખું છું છતાં તમે એ વાંચી શકવાનાં નથી, કારણ કે તમને એ આપવા જેટલી હિંમત મારામાં છે નહિ. તમારાથી છૂટવા માટે ફાંફાં તો ખૂબ મારું છું, પણ છૂટી શી રીતે શકું ? મારા સસરા અને તમે, બંને વૃદ્ધ અને અશક્ત બન્યાં છો. બીજા દીકરા તમારે નથી. આ સ્થિતિમાં અમારાથી ' જુદા ' પણ કેમ થવાય ? કંઈક લોકલાજ અને કંઈક ફરજનું ભાન આ ઘરમાં જ અમને બાંધી રાખે છે. કોઈ વાર આ બંધન તોડી નાખવા જેવી આકુળતા મારામાં આવી જાય છે, પરંતુ ત્યારે ' એ ' મને સમજાવી દે છે. તમે ગમે તેમ વર્તો પણ મારાથી મારો ધર્મ છોડાય નહિ એવું મગજમાં ઠસાવે છે ને હું શાન્ત બની જાઉં છું.

પણ એ શાન્તિ લાંબો સમય ટકતી નથી. આજે તો એટલી બધી અશાન્તિ મારા મનમાં વ્યાપી ગઈ છે કે જો કોઈ જ જગ્યાએ હું એ ઠાલવું નહિ તો ઘરમાં મહાભારત મંડાઈ જાય. આજે તમે મારી બા પાસે જે જે વાતો કરી તે સાંભળીને મને રોમેરોમ ઝાળ લાગી ગઈ છે. મારી નિંદા કરવાની તમને ટેવ છે તે હું જાણું છું, પણ ખુદ મારી જ બા પાસે તમે મારું વાંકું બોલી એમને શરમથી નીચું જોવડાવશો એવું તો મેં સ્વપ્ને ય ધાર્યું નહોતું. મારી બા તમારી આ રીતભાત જાણતી નથી એટલે એને બિચારીને તો મરવા જેવું થયું છે. મેં એને રહેવાં માટે કેટલું સમજાવી, પરંતુ એ તો સાંજની જ ગાડીમાં ચાલ્યા જવાનો નિશ્ચય કરીને બેઠી છે.

તમે જાણો છો કે મારા લગ્નને સાત વર્ષ થઈ ગયાં, પરંતુ મારી બા કોઈ દિવસ અહીં આવી નથી. એ જૂની રૂઢિ પ્રમાણે જ પોતાનું જીવન ગુજારે છે એટલે શાની આવે ? પરંતુ મારા બાપુના પગનું ઓપરેશન કરાવવું હતું અને 'એમણે' ખૂબ ખૂબ લખ્યું એટલે આવવા માટે કબૂલ થયાં, આજે આવું સાંભળીને એમને જવું પડે છે તેનો ઘા મને કેવો લાગતો હશે ? તમારા માટે મારા અંતરમાં જરા યે પ્રેમ કે આદરભાવ નથી એમ તમે કહો છો, મારા સસરા યે એ વાતમાં પોતાની સંમતિ પૂરાવે છે, તો હું તમને બેયને પૂછું છું કે તમારા પ્રત્યે પ્રેમ કે આદરભાવ રહે એવું તમે રહેવા શું દીધું છે ?

અત્યારે કાગળ લખવા બેઠી છું તે તમને મોકલવા માટે નહિ પણ મારું હૃદય ઠાલવવા અને મારા મનની અશાન્તિ ઉલેચી નાખવા. એમ ન કરૂં તો આજે ઘરમાં રહેવાનું મારા માટે અસહ્ય બની જાય. આમ છતાં જે લખીશ તે તો તમને આ કાગળ મળવાનો છે એમ ધારી લઈને જ લખીશ. તમને આંખ સામે રાખ્યા વગર અશાન્તિ ઠાલવવી કયાં ?

યાદ આવે છે તમને, સાત વરસ પહેલાં હું આવી ત્યારે તમે મારાં કેવાં ને કેટલાં વખાણ કરતાં હતાં ? મારા જીવનમાં એ મોટામાં મોટી ઝંખના હતી કે તમને ને મારા સસરાજીને સુખ આપી મારાં માતા-પિતાની આબરૂમાં વધારો કરું. પરંતુ એવા સુખી દિવસો બે વરસથી વધુ વખત ન રહ્યા. શું બની ગયું બે વરસમાં કે તમે મારી કિંમત જ સાવ ઉતારી નાખી ? હું બદલાઈ ગઈ કે તમે બદલાઈ ગયાં ?

તમે તો એમ કહો છો, હું પહેલાં સારી હતી, પછી બદલાઈ ગઈ. હું બરાબર એથી ઊલટું જ માનું છું. હું તો જે હતી તે જ છું. તમારી સેવા જે ભાવપૂર્વક મેં લગ્ન પછીના પહેલા દિવસે કરી હતી તે જ ભાવપૂર્વક બે વર્ષ પછી પણ હું કરતી હતી. પરંતુ તમારા જીવનમાં મેં જ્યારથી ચડતો દિવસ જોયો ત્યારથી તમારી નજરમાં હું બદલાઈ ગઈ. ચોખ્ખું જ કહું તો તમારા દીકરાએ જે દિવસે નોકરી છોડી

ઈ ઘરનો ધંધો શરૂ કર્યો અને જે દિવસે ભગવાને મારા ખોળામાં એક બાળક આપ્યું તે દિવસથી તમારી નજરમાં ફેર પડી ગયો.

મને બરાબર યાદ છે. તમે ય જો એ દિવસો સંભારશો તો મારી વાત તમને ખોટી નહિ લાગે—કે મારા પતિ અને બાળકની સંભાળમાં મેં મન પરોવવા માંડયું ત્યારથી તમારા મનમાંથી હું ખસવા લાગી. તમે કહેશો કે ખરી વાત છે, ત્યારથી તારી નજરમાં પણ ફેર પડી ગયો. પણ એમ નથી. તમારી તો જે રીતે અને જેટલી સેવા-ચાકરી હું કરતી તેટલી મેં ચાલુ રાખી હતી. તમારી થાળીમાં મેં કચાશ આવવા દીધી નહોતી તેમ તમારી આજ્ઞા મેં ઉથાપી નહોતી.

મને કહેતાં શરમ થાય છે પણ આ તે કેવું કે તમારા દીકરાનું કહ્યું માનવા હું તત્પર થાઉં કે એ થાકેલાપાકેલા દુકાનેથી આવે ત્યારે એમની બધી સગવડ સાચવવા હું ખડે પગે રહું, તે જ તમારાથી સહન ન થાય? તમને મારો સ્ત્રીધર્મ પણ કેમ યાદ નહિ આવતો હોય? તમારા પોતાના દીકરા ઉપર પણ કેમ લાગણી નહિ થતી હોય? સવારના સાત વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી બજારમાં માથાઝીક કરનારની સેવા હું ન કરું તો કોણ કરે? મારે જો એ ન કરવાનું હોય તો જિંદગીમાં બીજું કરવાનું શું છે? આની યે તમને ઈર્ષા આવે ને તમે કાંચુંકોચું બોલો તે કેટલું શરમજનક? કેટલું બેહૂદું!

અને હું મા બની ત્યારે એ ફરજ પણ મારે બજાવવી તો જોઈએ ને? પશુપંખી પણ ઈશ્વરે આપેલી લાગણી અને સમજણ પ્રમાણે પોતાનો ધર્મ બજાવે છે. તો હું તો સમજુ માનવી છું. મારાથી બેદરકાર કેમ બની શકાય? તમે યે તમારી જુવાની અને તમારા પહેલા બાળકને યાદ કરો તો મારી લાગણી સમજી શકો. પરંતુ એમ લાગણી અનુભવવાને બદલે તમે તો કહો છો: 'અમારા નાનપણમાં અમને બાળકને તેડવાનું મન નહિ થતું હોય? પણ

મોટાની આમન્યા રાખવા બાળક રોઈ રોઈને મરી જાય તો ય અમે તો હાથ ન અડાડતા.' સાસુજી, આમ કહીને તમે કહેવા શું માગો છો ? તમારાં સાસુ તમારી લાગણીને કચડી નાખતાં તે શું યોગ્ય હતું ? અત્યારે શું એનો બદલો તમે લેવા માગો છો ? સમજાતું નથી કે તમારું મન શી રીતે કામ કરે છે ?

આ બે સિવાય બીજી કોઇ બાબત તમારી નારાજી માટે હતી ખરી ? હા, સૌ પછી અને આજે તો તમે મારા હજાર વાંક કાઢો છો પણ તમે ઊંડાં ઊતરીને જોશો તો મારા પ્રત્યે તમારી લાગણીમાં પહેલવહેલો પલટો તે દિવસોમાં આવ્યો અને તે પછી તો દિવસે દિવસે સ્થિતિ બગડતી જ ગઈ. આ બગાડો કેમ થયો તે તમે ધીરજ રાખો તો આજે કહી દેવા માગું છું.

તમને થશેં કે આવું બધું હું કેમ સમજી, ક્યાંથી સમજી, ને આ બધામાં હું આટલી .બધી ઊંડી કેમ ઊતરું છું તો તમને તેનું કારણ જણાવી દઉં. મારાથી તમારી નારાજી સહન થતી જ નહોતી. એમ થતું હતું કે ઘરમાં એક માણસ પણ જો ગંભીર હોય તો આખા ઘરનો આનંદ લૂંટાઈ જાય. વધુમાં મારો તો નિશ્ચય હતો કે તમને પૂરો સંતોષ આપવો ને તમારી પાછલી જિંદગી સુખમય બનાવવી. તમારા દીકરાની પણ એ જ ઝંખના હતી. અને આજે પણ એ જ ઝંખના ,એમના અંતરમાં પડી છે.

એટલે તમારી નારાજીનાં કારણો હું વિચારતી. એમની સાથે પણ પ્રસંગ મળ્યે ચર્ચા કરતી. એમાંથી મને જે મળ્યું તે મેં તમને કહ્યું.

આ સ્થિતિ ટાળવા મેં ઉપાય તો ઘણા લીધા પણ મારા એક ઉપાયથી સ્થિતિ વધુ વણસવા લાગી. હું મારા પતિ અને પુત્રની ચાકરીમાં કશી યે ખામી રાખ્યા વિના તમારી સેવા કરતી હતી. તમારી સેવામાં પણ કોઈ જાતની ખામી આવતી નહોતી પરંતુ તમે

તો પેલા અભિમાની દેવની પેઠે તમારી અને માત્ર તમારી જ પૂજા–સેવા માગતાં હતાં. તમારી આજ્ઞા અને ઇચ્છા વિના તમારા દીકરાનું હું કંઈ કામ કરું તે પણ તમારાથી સહન થતું નહોતું. તમારી પોતાની જુવાની તમે ભૂલી ગયાં હતાં અને એ વખતે જે સાસુ હતા તેનો જ અવતાર બનવાનું તમને યોગ્ય લાગતું હતું.

આવી સ્થિતિમાં હું એક ભૂલ કરી બેઠી. આ ભૂલ મને તે દિવસે તો સૂઝી નહિ પણ તે પછી બધું વણસી ગયું ત્યાં સુધી એનું ભાન ન થયુ. મારી ભૂલને મેં તો મારું ડહાપણ માન્યું હતું. હું એમ ધારતી હતી કે તમારો અસંતોષ વધુ સેવા–ચાકરીથી હું દૂર કરી શકીશ, પરંતુ બન્યુ ઊલટું જ. તમારા મનમાં દૃઢ થઈ ગયું કે મારી પાસથી કામ લેવાની, મને કબજામાં અને સદા ય નમતીભજતી (આ તમારા જ શબ્દ છે) રાખવાની આ જ યુક્તિ છે. પ્રેમને બદલે તમે તો નિંદાથી બધું મેળવવા માંડ્યું: મેં મૂર્ખીએ સારા દેખાવાના લોભમાં તમે માગ્યું તે આપ્યું અને પરિણામે બધું ગુમાવી બેઠી. આજે મને એનો પસ્તાવો થાય છે પણ હવે શું થાય? તમારામાં જડ ઘાલી ગયેલી ટેવ હવે શી રીતે નીકળે?

આ ભાન મને જે દિવસે થયુ, સાવ અચાનક નહિ, પણ ધીમે ધીમે જ આ ભાન મને થયું, પણ તે દિવસથી હું બદલાવા માંડી. સાચેસાચ તે દિવસથી તમારા પ્રત્યેનો આદરભાવ મારા અંતરમાંથી ઊખડી ગયો. મને થયું, કે તમે મને મૂર્ખ બનાવી રહ્યાં છો. એમ પણ થયું કે હું જેમ જેમ એમના માટે તૂટી મરું છું તેમ તેમ મને યશને બદલ અપયશનાં પોટલાં બંધાવે છે. બસ, ત્યારથી હું જે કાંઈ કરું છું તે ઉપર ઉપરથી અને માત્ર ફરજ સમજીને જ કરું છું. લાગણીનો છાંટો ય હવે મારામાં નથી.

આજે તમે મારી બા પાસે પણ એ જ કહ્યું છે, જે પ્રસંગે અપ્રસંગે બધાં સગાંવહાલાંને તમે કહી રહ્યાં છો. મારી નિંદા એ જ

હવે તમારું કામ બની ગયું છે. તમારા ભણાવ્યા મારા સસરાજી પણ એ જ કામ કરવા લાગ્યા છે. તમે ત્યાં સુધી બોલો છો કે 'અમે તમને લોકલાજની બીકે જ ઘરમાં રાખીએ છીએ, અંતરમાં તો તમે જલદી મરી પરવારો એમ જ ઇચ્છીએ છીએ.'

આવું બધું બોલવું ને માનવું તમને શોભતું નથી, પણ એ વિષે કંઈયે કહેવાનો અર્થ નથી. જિંદગીને આરે પહોંચેલા તમે હવે તમારા સ્વભાવમાં કંઈ ફેરફાર કરો એવી મને આશા નથી. છતાં એક વાત તમને અને જો બીજું કોઈ જાણવા માગે તો તેને હું કહી દેવા માગું છું કે અમે તમારા માટે જે કાંઈ કરીએ તેના બદલામાં ઓછામાં ઓછું યશની ભૂખ તો અમારામાં હોય જ છે. આ લાગણી અમે અમારા માતાપિતાને ત્યાંથી સાથે જ લઈને આવીએ છીએ. તમે યશ પણ ન આપી શકો તો અમારી સેવા લેવાનો તમને શો હક્ક છે? યશ–અપયશની ચિંતા કર્યા વિના સેવા કર્યા કરવા જેવો અમારો આત્મા ઊંચે નથી ગયો. અમે તો સાવ સાધારણ માટીનાં પૂતળાં છીએ. યશની પાછળ અમે અમારી કાયા ઘસી નાખતાં પણ અચકાતાં નથી અને જ્યારે યશને બદલે અમને અપયશ પ્રાપ્ત થાય છે ત્યારે અમારા અંતરમાંથી માયા, મમતા, પ્રેમ બધું બળીને 'રાખ થઈ જાય છે.

સાસુજી, આવી રાખ આ કાગળ મારફત તમને આપવા માટે જ આટલું લખ્યું છે. તમે નહિ તો બીજું કોઈ અમારી આ સ્થિતિ સમજશે તો મારી પોતાની રાખ પણ મને વહાલી લાગશે ને છેવટે 'મને યશ મળ્યો' એવો હું સંતોષ પામીશ.

તમારી યશભૂખી
પુત્રવધૂ.

[૪]

લુંટાયેલી પુત્રવધૂ

સાસુજી,

પહેલેથી જ કહી દઉં કે મારા અંતરમાંથી તમારા માટે હજાર હજાર શાપ સિવાય બીજું કાંઈ નીકળતું નથી. તમને હું મારી તો શું, તમારા દીકરાની મા પણ માનતી નથી. તમે મનુષ્યના રૂપમાં કોણ હશો તે હું જાણતી નથી. ડાકણની વાતો મેં સાંભળી છે પરંતુ તે પણ તમારા કરતાં વધુ ભયંકર ને નિર્દય હોય એમ હું ધારતી નથી. તમે...તમે...વધુ શું લખું ? કયા નરકમાં તમને જગ્યા મળશે તેનો જ હું વિચાર કરું છું.

ભગવાને મને આટલી નિર્બળ અને પોચા દિલની ન બનાવી હોત તો ઘોર પાપ વહોરીને પણ હું તમને મારી નાખવા તમારા ભોજનમાં ઝેર નાખી દેત. મારા પહેલાં આ ઘરની લક્ષ્મી બનીને જે આવેલી ને તમારા પાસે સળગી ગયેલી તેની પેઠે જ હું તમને સળગાવી દેત, પણ શું કરું ? તમારી ત્રાડથી અને તમારી આંખથી હું થરથરી જાઉં છું. એમ થાય છે કે મારે ય એક દિવસ ગ્યાસતેલ ને દીવાસળીનો સાથ શોધવો પડશે. એ સિવાય આ સંસારમાંથી હું છૂટી શકીશ નહિ.

લોક કહે છે. 'બે હાથ વિના તાળી પડે નહિ' 'બંનેના વાંક વિના ગૃહકલેશ થાય નહિ.' હું લોકમાત્રને પૂછું છું, 'મારા પહેલાં આ ઘરને શોભાવી ગયેલી કમુ સામે તમારે શું કહેવાનું છે ?' એનામાં જો કોઈ અવગુણ હોય તો તે એક જ હતો. એ મારા કરતાં યે મનની નિર્બળ હતી. કબૂતરે ય એનાથી વધુ હિંમતવાળું હશે. પોતાના ઉપર ગુજરતા જુલમોની વાત એણે કોઈ દિવસ કોઈને કરી જ નહિ. ચાર

વરસના લગ્નજીવનમાં એણે પિયરનો માર્ગ કોઈ દિવસ જોયો નહોતો. એના ઉપરના ચોકીપહેરામાંથી કોઈ વાર પિયરને સંદેશો મોકલવાનો મોકો મળી જતો ત્યારે પણ એ તો પોતાના સુખની વાતો જ મોકલતી. એના જેવી જ એની પોચા દિલની માને એ કહેવડાવતી કે 'તું શાન્તિ રાખજે. તારી દીકરી દુઃખી નથી, બાકી તો કર્મમાં જે લખ્યું હોય તે કોઈ મિથ્યા કરી શકતું નથી.'

તમારા ઘેર આવ્યા પછી આ બધું મેં ત્રણ મહિના પછી જાણ્યું. મને શી ખબર. મારા માતાપિતાને ય શી ખબર કે તમારા કુંવર વિધુર થયા પછી ત્રણ વરસ સુધી કેમ કોઈ કન્યાને પામી શક્યા નથી! આપણી જ્ઞાતિમાં કન્યાની સ્થિતિ કેવી છે તે મારા માતાપિતા જાણતાં હતાં. કોઈ વિધુર થાય, અરે, કોઈને ત્યાં વહુ માંદગીની પથારીમાં પડે ત્યારથી અનેક માબાપ એની કન્યાને લઈને હાજર થવા માંડે અને હજાર હજાર લાગવગ લગાડીને આગલી પત્નીની ચિતાની રાખ હજી ઠરી ન હોય ત્યાં તો નવું મીંઢળ બાંધી દે. જાણતાં હતાં કે તમારા દીકરાને વિધુર થયે ત્રણ વર્ષ થઈ ગયાં છે. પરંતુ એનો ભેદ અમારી બાજુ કોઈ જાણતું નહોતું. ક્યાં કલકત્તા અને ક્યાં મારું વઢવાણ! એ ભેદ ત્યાં સુધી પહોંચે શી રીતે? અમને તો એવું ઠસાવવામાં આવ્યું કે 'આગલી વહુનો છોકરાને ભારે આઘાત લાગેલો. 'પરણાવશો તો હું આપઘાત કરીશ' એવો ભય એ બતાવતો હતો. એટલે જ આજ સુધી એ મંડાયો નથી.' મારી મોટી ઉંમરથી ચિંતાતુર બનેલાં માતા-પિતાએ તમારા એ ભાઈ, આજે કહું તો તમારા એ દલાલ–ની વાત સાચી માની અને તમારા દીકરાને રૂબરૂ જોયા વિના જ, એનો ફોટો જોઈને અને સમૃદ્ધિની વાતો સાંભળીને મને પરણાવી દીધી! આજ તો બધું જાણ્યા પછી દીકરીને કુવે નાખ્યાનું પાપ સંભારીને એ બેય રાતે પાણીએ રૂવે છે તે હું જાણું છું ને આખું વઢવાણ શહેર પણ એ જાણે છે.

તમે ભારે હોશિયાર એટલે લગ્ન તો 'દેશમાં' જ કર્યાં. ધામધૂમમાં કંઈ બાકી ન રાખી. આખા ગામમાં વાહવાહના પોકારો થઈ ગયા. બેનપણીઓ મશ્કરી કરવા લાગી. આ સાહ્યબીમાં હું સૌને ભૂલી જઈશ એવી મજાક સાંભળતાં મારા આનંદનો યે પાર નહોતો. સેકન્ડ ક્લાસનાં ડબ્બામાં હું પહેલી વાર બેઠી ત્યારે મને લાગેલું કે આ ધરતી ઉપર મારા જેટલું સુખી કોઈ જ નહિ હોય.

પણ કલકત્તા પહોંચી કે તુરત વાતાવરણ બદલાયું. પહેલે જ દિવસે તમારા સાચા સ્વરૂપના મને દર્શન થયાં. કેમ જાણે વઢવાણથી અહીં સુધી તમે તમારું રૂપ બદલી નાખ્યું હોય ! એ હાસ્ય ને એ મજાક, એ પ્રેમ ને એ લાગણી કલકત્તાના સ્ટેશન ઉપર જ પડયાં રહ્યાં. ઘેર આવતાં જ તમારા વિકરાળ રૂપનાં મને દર્શન થયાં. પહેલી ક્ષણે તમે મને ત્રાડ પાડીને મને શિખામણ આપી. 'ઘર બહાર' નીકળવાનું નથી. કોઈની સાથે વાત કરવાની નથી. સગાંવહાલાં કે પાડોશી સાથે ભળવાનું નથી. કોઈ આવે તો હું કહું તેટલી' જ તેની ખાતરબરાસ કરવાની છે.' તમારા દીકરાના સાંભળતાં જ આ સૂચના મને મળી ત્યારે હું ડઘાઈ ગઈ, છતાં એમ માની લીધું કે 'હમણાં જ મા–દીકરા વચ્ચે બોલચાલ થઈ જશે.' પણ એ તો નીચું માથું રાખીને ઊભા હતા !

મને પહેલી રાતે જ ખબર પડી ગઈ. આ ઘર 'મારું' નથી. 'એમનું' યે નથી. મારા દિયરનું યે નથી, પણ તમારું અને તમારું જ છે. મારા સસરા આ બંને ભાઈઓને નાના મૂકીને મરી ગયેલા. એમની બધી મિલકત તમે સાચવી અને બહુ કુશળતાપૂર્વક એમાં તમે વધારો કર્યો, એવી વાતો, તમારી પ્રશંસા કરતા જે આખી રાત થાક્યા નહોતા તેવા તમારા દીકરા પાસેથી મેં સાંભળી. પહેલી રાતે હું એમને પૂછી તો શું શકું, પરંતુ વગર પૂછ્યે જ એમણે મને કહી દીધું: 'બાનો સ્વભાવ બહુ જ આકરો છે માટે સંભાળીને વર્તવું. એમની સામે તો

કોઈ દિવસ બોલવું નહિ.' વધારામાં એમણે ઉમેર્યું: 'હું પણ આટલી ઉંમરમાં કોઈ દિવસ સામે થયે નથી!'

ઘરનું વાતાવરણ મને સ્તબ્ધ કરી દેનારું હતું. પૈસાદારનું ઘર હોવાથી સગાંસંબંધીઓ તો આવતાં હતાં, પરંતુ હું જોતી કે કોઈના મોં ઉપર હાસ્યનો છાંટો નહોતો. તમારાથી જાણે બધાં બીતાં હોય એમ જ વર્તતાં. મારા તરફ એ સૌની નજર, કસાઈવાડે ગયેલા બકરા ઉપર પડે એવી લાગતી હતી. હું સમજી શકતી નહોતી કે આ બધું છે શું? આ ઘરમાં કેમ મને ગૂંગળામણ લાગે છે? કેમ કોઈ દિલ ખોલીને બોલતું નથી?

એક દિવસ તમે બહાર ગયેલાં ત્યારે કામવાળીએ આ રહસ્ય મારી પાસે ખુલ્લું કર્યું. તમે અચાનક આવી ચડશો તો—એવી બીકથી એણે બારણાં વાસ્યાં હતાં છતાં યે ડરથી બારણાં સામે જોયા કરતી હતી. એણે મને તમારી પહેલી પુત્રવધૂની કરુણ કથા કહી સંભળાવી. આ કથા પત્રમાં લખવાનો કંઈ અર્થ છે? તમારાથી એ ક્યાં અજાણ્યું છે! એણે તમને કહ્યું કે 'આ કરતાં તો બળી મરવું સારું' ત્યારે તમે જ એની સામે ગ્યાસતેલનો ડબ્બો ને દીવાસળીની પેટી મુકાવ્યાં! અને એ કામ કર્યું તમારા સુપુત્રે! બિચારી કમુ ત્યારે તો બળી શકી નહિ, પણ આખી રાત આ વિચારમાં એણે તરફડિયાં માર્યાં. તમારા દીકરાને તે દિવસે તમે એના ઓરડામાં જવા જ ન દીધો!

અને પરોઢીએ તો તમારા બાથરૂમમાં બિચારી કમુ ભડકો થઈ ગઈ! એણે બૂમો પાડી. તમે જાગ્યાં, દીકરો યે જાગ્યો. આ કામવાળી પણ જાગીને દોડી. પણ કોઈ બારણું ઉઘાડી શક્યું નહિ! તમે શાનાં ઉઘાડવા દો?

પણ વાત તો પ્રસરી ગઈ. પછી તમે ગભરાયાં. હજારો રૂપિયાનું પાણી કરી આપઘાતને અકસ્માતમાં બદલાવી દીધો!

આ વાત જ્યારે સાંભળી ત્યારે મારી દશાની કલ્પના મને આવી ગઈ. કામવાળીએ મને શિખામણ આપી. જે શિખામણ તમારા પુત્રે આપી હતી તે જ કે 'સામે બોલીશ નહિ! સંભાળીને રહેજે!'

હું તે દિવસથી તમારાથી કંપુ છું, થરથરું છું. મનમાં રોજ ભગવાનને પ્રાર્થના કરું છું કે કાં તો મને મારી નાખ, કાં તો મારી સાસુને ઉપાડી લે! આ પ્રાર્થના ભગવાન સાંભળતો નથી. દોઢ વરસ જ હજી તો મને થયું છે, પણ મારાં હાડકાં ગળી ગયાં છે. પિયરનું કોઈ સગું આવે છે ત્યારે તમારી હાજરી સિવાય એને મળી શકાતું નથી, પણ બેયની આંખમાંથી આંસુ ખરી પડે છે. આ આસુની કિંમત મારે પાછળથી ચૂકવવી પડે છે. તમારી ને તમારા કુળની હું બદનામી કરું છું એમ કહીને તમે મારાં પિયરીઆં ઉપર ગાળોનો વરસાદ વરસાવો છો ને તમારો દીકરો માની આજ્ઞા પ્રમાણે મારો વાંસો ખોખરો કરે છે!

આ કાગળ મારા ઓરડામાં બેઠી, અધીં રાત્રે બારણાં વાસીને લખી રહી છું. તમને એ હું આપવાની નથી, પણ મારે ય કો'ક દિવસ કમુના માર્ગે જવું પડશે. એ વખતે આ કાગળ તમને અથવા કોઈને મળી જશે એવી મેં ધારણા રાખી છે. સદ્ભાગ્યે આજે તમારા દીકરા વેપારના કામ અંગે આખી રાત પેઢી ઉપર રોકાયા છે ને તમે 'બધું સલામત છે' તેની ખાતરી કરીને ધસધસાટ ઊંઘો છો.

× × ×

આખો ય કાગળ ફરીને વાંચી જતાં એક વિચાર આવે છે કે આ પત્ર તમારા હાથમાં આવશે તો તો એમાં જે કાંઈ નથી લખ્યું તે બધું તમે સમજી જશો, પરંતુ બીજા કોઈના હાથમાં આ જશે અને જાય એવી મારી ભગવાનને પ્રાર્થના છે, તો એ મને પૂછશેઃ 'બહેન! તારા ઉપર અને કમુ ઉપર કેવા જુલમો થયા તે તો તેં લખ્યું જ નથી.' ખરી વાત છે, મેં કાંઈ લખ્યું નથી અને મારે કંઈ લખવું યે

નથી. એવું બધું લખવા બેસું તો મોટી વાર્તાની ચોપડી થાય. મારે તો આટલું જ કહેવું છે કે કોઈ પણ સ્ત્રી ઉપરનો મોટામાં મોટો અત્યાચાર એની પાસેથી એના પતિને ઝૂંટવી લેવો તે છે. મારાં સાસુએ એ અત્યાચાર કમુ ઉપર ગુજાર્યો હતો અને મારા ઉપર ગુજારે છે. કેટકેટલી કલ્પના લઈને અમે પતિના ઘેર આવતાં હોઈશું! એના વિના અમારા સાદા, સરળ જીવનમાં બીજો રસ શો હોય! જ્યાં મારા પતિ જ મારા નહિ, ત્યાં મારું બાકી શું રહ્યું!

અને આ એકમાંથી બીજા હજાર અત્યાચારો કેમ ઊભા થાય તે હવે મારે ગણાવવા પડશે? પતિના પ્રેમ વિના ઝૂરવાનું, જીવનમાં ક્યાં ય 'મારાપણું' અનુભવવાનું નહિ. ઘરમાં તો આ સ્થિતિમા ચાલે જ શું? ઘર અને વર બંને પરાયાં. વધુમાં એક પશુની પેઠે સાસુનું વૈતરું જ કરવાનું. એમની આજ્ઞામાં ને ગાળોમાં દિવસ પસાર કરવો. એમની ઢીંગલી બનીને જ રહેવાનું. કોઈ શોખ નહિ, સંબંધ નહિ, આશા નહિ, ઇચ્છા નહિ. જડયંત્રની પેઠે સાસુના હાથ નીચે ચાલવાનું.

આથી વધુ મારે કંઈ કહેવું નથી. સાસુજીને આની કંઈ યે અસર થવાની નથી, પણ કમુની પાછળ મને જતી જોઈને એમનું હૈયું પીગળે તો મારે એટલું જ કહેવું છે કે અમારા પતિને ઝૂંટવી લઈને તમને મળ્યું શું? કયું સુખ તમે પ્રાપ્ત કર્યું? તમારા જોધમલ દીકરાને ગુલામ બનાવવામાં તમને લાભ શો થયો? તમારી વહુઓને ઘર અને પતિ વિનાની બનાવીને તમે અંતે પ્રાપ્ત શું કર્યું? આંસુ, નિરાશા ને શાપ સિવાય તમારી જીંદગીમાં બીજું રહેશે શું?

તમારાથી ત્રાસેલી,
લુંટાયેલી 'ઘરની વહુ.'

[૫]

મારું મને આપો!

સાસુજી,

છેવટે અમે જુદા થવાનો નિર્ણય કરી નાખ્યો છે. ગૃહક્લેશની અને મારાં સૂક્ષ્મ દુઃખોની વાત હું ભાગ્યે જ એમને કહેતી, પરંતુ જ્યારે કહેતી ત્યારે તેઓ જવાબ આપતા, 'તો જુદા થઈ જઈએ.' 'પ્રેમ અને લાગણી ન હોય તો સાથે ન રહેવું' એ એમનો સિદ્ધાંત હતો પણ હું ના પાડ્યા કરતી. મને આશા હતી કે હું મોટી થઈશ, મારે ત્યાં બાળકો થશે, વ્યવહારમાં મારું નામ બોલાશે ત્યારે આ ઝગડાનો અંત આવી જશે. પણ આજે મને ખાતરી થઈ છે કે જ્યાં સુધી તમે જીવો છો ત્યાં સુધી આ સ્થિતિનો અંત આવવાનો નથી, કારણ કે તમારો આ સ્વભાવ ખુદ ભગવાન પણ બદલી શકે એમ નથી. તમારી પાસેથી માત્ર હું એટલી આશા રાખું છું કે તમે અમને હવે રોકવાનો પ્રયત્ન ન કરશો.

તમારી ટેવ પ્રમાણે જુદાં થવાનાં કારણો તમે માગશો જ. તમે એ માગો તે પહેલાં આ કાગળમાં હું એ આપી દેવા માગું છું. તમે જો સહાનુભૂતિપૂર્વક એનું વાંચન કરશો તો મને ખાતરી છે કે મારું દુઃખ તમને સમજાશે. સંભવ છે કે એમ છતાં યે તમારો સ્વભાવ ન બદલાય પણ અમે જુદા થઈએ તો યે તમારું મમત્વ તો અમારા તરફ રહે જ. હું ધારું છું કે એ જેવો તેવો લાભ ન ગણાય. તમારું મમત્વ અને અમારો આદરભાવ ઘર જુદાં થયાં પછી પણ કાયમ રહી શકે તો એ મોટી સિદ્ધિ ગણાશે. મારો આ પત્ર તેમાં નિમિત્ત રૂપ બને તો મારા આનંદનો પાર ન હોય.

પ્રે. પુ. ૨૧

મેં ઉપર કહ્યું તેમ મારું દુઃખ સ્થૂળ નહિ, પણ સૂક્ષ્મ છે. તમે નિષ્ઠુર સાસુઓની પેઠે મારા ઉપર જુલમ ગુજારતાં નથી. જો કે હું યે કબૂતર જેવી વહુ નથી કે જુલમો સાંખી લઉં, પણ મારા માતાપિતાએ મને જે શિક્ષણ અને સંસ્કાર આપ્યા છે અને મારા પતિએ એનું જે રીતે પોષણ કર્યું છે, તે જોતાં મારા મન ઉપર સ્થૂળ કરતાં યે સૂક્ષ્મ દુઃખોની વધુ અસર થાય એટલું તમે સ્વીકારજો.

તમે જાણો છો કે અમારાં લગ્ન પરસ્પરની ઇચ્છાથી થયાં છે. તમે ને મારાં માતાપિતા એમાં સંમત થયાં તે અમારાં સદ્ભાગ્ય ગણાય. અમે બંને પહેલેથી જ સંયુક્ત કુટુંબમાં માનનારાં છીએ. એકલવાયું જીવન અમને પસંદ નથી. એમ લાગે છે કે એવા જીવનથી સ્વાર્થ અને વિલાસની વૃદ્ધિ થાય છે, સંયુક્ત કુટુંબમાં પ્રેમ અને ત્યાગની ભાવના ખીલે છે. આવા અમે આજે જુદાં થવાનો નિર્ણય શા માટે કરીએ છીએ તે સમજવાનો તમે પ્રયત્ન કરો એવી મારી વિનંતી છે.

મારું જે સૂક્ષ્મ દુઃખ હું કહું છું તે આજનું નહિ, પણ જે દિવસે તમારા ઘરમાં મેં પગ મૂક્યો તે દિવસનું છે. આવતી કાલે એ દિવસને બરાબર ત્રણ વરસ પૂરાં થશે. મને લાગે છે કે મેં સારી પેઠે ધીરજ રાખી છે હવે જો હું થાકું તો કોઈ મારો દોષ કાઢી શકશે નહિ.

તમે જાણો છો કે હું બી. એ. સુધી ભણી છું. સાહિત્ય, સંગીત, કલા વગેરેનો મને શોખ છે. જાહેર પ્રવૃત્તિમાં પણ હું થોડો ઘણો રસ લઉં છું. મારે કબૂલવું જોઈએ કે આ બધામાં તમે મને પૂરી છૂટ આપી છે. મારાં માતાપિતાની પેઠે જ તમે મને બધી જાતની સ્વતંત્રતા આપેલી છે. મારાં માતાપિતાની પેઠે તમારા કુટુંબમાં પણ આવું વાતાવરણ છે તેનો મને ગર્વ અને આનંદ બંને છે.

પરંતુ એક મોટી ખામી જેને હું મારું સૂક્ષ્મ દુઃખ કહું છું તે તમારા ઘરમાં છે, તે મારા પિતાના ઘરમાં નથી. એ છે તમારો સત્તાલોભ. તમને આ વસ્તુ મેં સીધી ને આડકતરી રીતે અનેકવાર કહી છે પણ એ તમારા ખ્યાલમાં આવતી જ નથી એ અમારું અને તમારું બંનેનું દુર્ભાગ્ય છે.

મારામાં જો ગૃહિણી બનવાની વૃત્તિ ન હોત, આજની ઘણી શિક્ષિત કન્યાઓમાં એ વૃત્તિનો સદંતર અભાવ દેખાય છે તેવું જ મારું હોત તો આ બાબતનું મને દુઃખ થાત નહિ. એટલું જ નહિ પણ મને એવું પણ થાત કે 'એમને જ હસરડો કરવા દો ને આનંદ લૂંટવા દો.' પણ મને તો 'હસરડા'નો જ શોખ છે. સાહિત્ય, સંગીત, કલા, જાહેર જીવન એ બધા કરતાં મને ઘર વધુ વહાલું છે, લગ્ન કરવા પાછળનું મારું પ્રબળ કારણ પણ કદાચ ગૃહજીવન જીવવાની મારી અદમ્ય ઈચ્છા હશે. ઘર કરતાં વધુ સુંદર અને વધુ સરસ આ પૃથ્વીમાં મને કંઈ લાગતું નથી.

પણ એ ઘર જ તમે મને આપતાં નથી. તમે વયમાં વૃદ્ધ થયાં છો. ધર્મની વાતો પણ ઘણી કરો છો. તમારા ઉપરથી કોઈ ઘરનો બોજો ઓછો કરતાં નથી એમ પણ કહ્યાં કરો છો. પરંતુ કોણ જાણે શું છે કે માથા ઉપરથી જવાબદારીનું અને છાતી ઉપરથી અધિકારનું પોટલું તમે અળગું કરતાં જ નથી. 'એ બોજ સાથે જ જિંદગી પૂરી કરવાનો તમે નિશ્ચય કર્યો હોય એવો તમારો વર્તાવ છે.

સંયુક્ત કુટુંબ મને ગમે છે પરંતુ તે આવું નહિ. જેમાં કોઈ વ્યક્તિ પોતાનો અધિકાર બીજાને સોંપે જ નહિ. તમારે મારા ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. તમો હજી ઘણાં વર્ષ જીવશો—અને જીવો એવી મારી ભાવના છે: ત્યાં સુધી શું મને ઘર જ નહિ મળે ? ત્યાં સુધી આપણા વિશાળ બંગલામાં મારું કહી શકું એવું કંઈ જ નહિ હોય ?

મારી આ લાગણી તમે સમજી શકશો નહિ. તમારી કુમારાવસ્થા જો તમે યાદ કરી શકો તો કદાચ આ લાગણી તમને સમજાય. તમે જે દિવસે લગ્નનાં સ્વપ્નાં સેવ્યાં હોય તે દિવસે ઘર વિષે જે જે મધુર કલ્પનાઓ કરી હોય તે તમારા સ્મરણમાં હોય તો અને તો જ આ લાગણીની તમે કદર કરી શકો. વધુમાં, તમે મારી ઉંમર, સમજણ, શિક્ષણ અને ગૃહપ્રેમને ઉમેરો તો મારું દુઃખ કેટલું ઊંડું અને કેટલું તીવ્ર હશે તે તમને સમજાઈ જશે.

મારા પિતાના ઘરનો દાખલો આપીશ તો તમને ખોટું લાગશે તે હું જાણું છું, છતાં મારી સ્થિતિ સમજાવવા માટે એ દાખલો મારે આપવો જ પડશે, મારા ભાઈનાં જે દિવસે લગ્ન થયાં તે દિવસે મારી બા એમ બોલેલા કે હવે મને નિરાંત મળશે. આજે પાંચ વરસે તમે મારા પિતાને ઘેર જાવ તો તમને ખાત્રી થાય કે તેઓ અપૂર્વ નિવૃત્તિનો આનંદ ભોગવે છે. એમની તમામ સત્તા એમણે જાતે જ અને ક્યારેક તો આગ્રહપૂર્વક મારાં ભાભીને સોંપી દીધી છે. એના પરિણામે અમારાં ઘરમાં જે આનંદ–ઉલ્લાસ અને પ્રેમ–આદરનું વાતાવરણ છે તે ભાગ્યે જ તમને બીજે સ્થળે જોવા મળશે.

અને આપણે ત્યાં ? તમને બીક પેસી ગઈ છે કે ઘર મારા હાથમાં આવશે તો બધું ધૂળધાણી થઈ જશે. ઘરમાં સૌ ભૂખ્યાં મરી જશે! મહેમાનોનાં માન નહિ જળવાય !

આટલું જ નથી. તમને તો, તમે મરી જશો પછી શું થશે તેની પણ ચિંતા થાય છે! તમે ઘણીવાર બોલ્યાં છો કે 'હું છું ત્યાં સુધી સૌ ભોગવી લો, પછી ખબર પડશે કે ઘર કેમ ચાલે છે!' હું અને તમારી પુત્રીઓ પણ, ઘણીવાર કહીએ છીએ કે આજે જ તમે અમને સોંપી દો ને : જુઓ કે ઘર કેમ ચાલે છે.' પણ તમે એ વાતને હસી કાઢો છો, ક્યારેક ગુસ્સે પણ થઈ જાઓ છો.

તમને થશે કે 'પણ આમાં દુઃખ શાનું ?' મેં ઉપર કહ્યું તેમ એ દુઃખ લાગણીનું છે. અને સાથે એ પણ કહું કે એમાંથી બીજાં દુઃખો પણ પેદા થાય છે. સંભવ છે કે તમારા ખ્યાલમાં એ દુઃખો કદી આવતાં જ ન હોય! તમને હું અનુક્રમે ગણાવું.

આપણી સ્થિતિ સારી છે. સમાજમાં આપણું કુટુંબ પ્રતિષ્ઠિત ગણાય છે. બાપુજી અને મારા પતિ જ્યાં જાય ત્યાં માનપાન પામે છે. આમ છતાં ઘરની વાતમાં તો તમારા સિવાય કોઈનું કશું ચાલતું જ નથી. જે પૈસા કમાઈ આવે છે તે પોતે પણ વાપરી શકે નહિ એવી સ્થિતિ આપણા ઘરમાં છે. તેઓ ધારે તો હજારો ખરચી શકે એમ છે અને કોઈ વાર તમને નારાજ કરીને ખરચી પણ નાખે છે. છતાં દરરોજના ઘરખર્ચમાં તમારો સંકોચ સૌનો આનંદ લૂંટી લે છે. આમ કરવાથી તમે ખાસ બચત કરી શકો છો એવું પણ નથી કારણ કે ખર્ચ તો થયા જ કરે છે. 'ઊંટનાં ઊડી જાય અને પૂંણીનો ભાવ પૂછાય' એવી આપણા ઘરની સ્થિતિ છે.

હું મારી બેનપણીઓને કે મારાં સગાંઓને સંકોચ વિના બોલાવી શકતી નથી, એવું જ મારા પતિનું છે. તેઓ પણ પોતાના મિત્રોનો સાથ ઘરમાં મેળવી શકતા નથી. આ સ્થિતિ કેવી વિચિત્ર ગણાય? કેટલીકવાર તો આ માટે મિત્રોની પાસે અમારે ભોંઠપ સહન કરવી પડે છે.

અમારા શોખ પણ અમારે અંતરમાં જ સંઘરી રાખવા પડે છે. ઘરમાં કોઈ પણ વસ્તુ લાવવા માટે તમારી સંમતિની જરૂર પડે ને? અરે, ભોજનના સ્વાદમાં પણ આ સ્થિતિ પ્રવર્તે છે. તમે અમને સુખ આપવા માગો છો, પરંતુ તમારી રીતે જ. તમે જેમાં અમારું સુખ માન્યું હોય તે જ, બીજું કશું નહિ. આ સ્થિતિ સાચે જ હવે સહન થતી નથી. અમે તમારી પાસે જિંદગીભર અણસમજુ બાળક જ રહીશું કે શું, એવો ભય લાગે છે.

છેલ્લા ૭ માસથી એક નવો સવાલ ઊભો થયો છે. તમારો સ્વભાવ એમાં પૂર્ણપણે પ્રગટ થાય છે અને મારી સહનશક્તિની અહીં હદ આવે છે. એ છે મારી લેખીનો પ્રશ્ન. ૭ મહિનાથી હું માતા બની છું. બાળકને કેમ ઉછેરવું તેનો મેં ખાસ અભ્યાસ કર્યો છે. અનુભવીઓ પાસેથી પણ હું ઘણું શીખી છું, પરંતુ કેમ જાણે હું સાવ ગમાર હોઉં અને એ બાળક ઉપર મારો કંઈ અધિકાર જ ન હોય તેમ વર્તો છો. તમને ફાવે તે રીતે તમે એને રાખો છો, દવા આપો છો, ઉછેરો છો. હું સમસમીને માત્ર જોઈ જ રહું છું. સાચું પૂછો તો મારા દુઃખના ઘડાનું આ છેલ્લું ટીપું છે અને તે હવે ઘડામાં સમાતું નથી.

× × ×

તમે કારણો માગશો જ એમ માનીને આ કારણો મેં આપ્યાં છે. તમે જોઈ શક્યાં હશો કે બધી ફરિયાદો એક મહા ફરિયાદમાંથી જ જન્મી છે. એ ફરિયાદ તમે દૂર કરી શકશો નહિ, કારણ કે તમારા સ્વભાવમાં એ જડ ઘાલી બેઠી છે. તમે છોડી શકશો નહિ અને હું એ વિના હવે રહી શકીશ નહિ. તમે મારું ઘર મને આપશો નહિ અને હું એ વિના જંપી શકીશ નહિ. આ સ્થિતિમાં ઘર્ષણો ઊભાં કરવા કરતાં જુદાં થવું જ અમને સારું લાગે છે. તમે એમાં આશીર્વાદ આપો એ જ અમારી પહેલી ને છેલ્લી માગણી છે.

તમારી ઘરઘેલી
પુત્રવધૂ.

[૬]

નવા યુગની તાસીર

સાસુજી

આ ચારે ય પત્રોનું વાચન તમે જો ધ્યાનપૂર્વક અને ખુલ્લું હૃદય રાખીને કર્યું હશે તો મને ખાતરી છે કે તમે તમારી જાતને પલટવાના નિર્ણય ઉપર આવી ગયાં હશો. આ ચાર પત્રો મેં ક્યાંથી મેળવ્યા તેની તપાસ કરવાની પંચાતમાં પડશો જ નહિ. અનેક કુટુંબોમાં દૃષ્ટિ નાખતાં જે હાથ લાગ્યું તે મેં અહીં રજૂ કર્યું છે. મને ખાતરી છે કે આમાંનું કંઇ ને કંઈ તમને ઉપયોગી થશે. આ પત્રો ઉપરથી એમ માનશો નહિ કે માતા કરતાં યે વધુ પ્રેમાળ એવી સાસુઓની આ પૃથ્વી ઉપર હસ્તી જ નથી. કદાચ તમે જ એવાં હો તો આ પત્રો વાંચી તમને અન્યાય થયાનું દુઃખ લાગે. સાચું પૂછો તો એવી સાસુ મને તો હજારમાં એક જ નજરે પડી છે. જ્યાં જ્યાં એ છે ત્યાં ત્યાં ગૃહજીવનમાં સ્વર્ગની સ્થાપના થયેલી મેં જોઈ છે.

તમે કહેશો કે એનો એકે ય પત્ર તમે કેમ ન મૂક્યો? મારો જવાબ આટલો જ છે; એને મારે કશું યે કહેવું નથી. ના. મારે પ્રશંસાનાં ફૂલો પણ એના ઉપર નથી વેરવાં, કારણ કે હું તો માનું છું કે એમ જ હોવું જોઈએ. એ જ માનવતા છે અને એમાં જ સાસુનું પોતાનું પણ સુખ રહેલું છે. આવું સુખ સૌ સાસુઓ પ્રાપ્ત કરે એ હેતુથી આ પત્રો મેં મેળવ્યા છે ને તમારી પાસે રજૂ કર્યા છે.

આ પત્રો ઉપરાંત મારે થોડુંક કહેવું છે તે કહી દઉં. હું જાણું છું કે કેટલી યે પુત્રવધૂઓ સાસુ કરતાં યે વિશેષ પ્રમાણમાં ત્રાસ વર્તાવી શકે છે, અપંગ અને નિરાધાર સાસુની લાચાર સ્થિતિનો એ લાભ ઊઠાવે છે. આ પુત્રવધૂઓ માટે મારે કહેવું છે પરંતુ તે આ પત્રમાં નહિ. આ પત્ર તો મેં તમને—સાસુને જ લખ્યો છે. એમાં બીજાના ગુણદોષ મારે વર્ણવવા નથી. તમારે પણ પોતાની જાતનું પરીક્ષણ કરતી

વખતે આજુબાજુ નજર નાખવી જોઈએ. બીજા શું કરે છે તે જોવાથી ભાગ્યે જ, પોતે શું કરવું જોઈએ તે સૂઝે છે.

આ ચારે ય પત્રોનો સાર જો કાઢવો હોય તો એમ કહું કે જુદા જુદા સ્વરૂપમાં પણ તમારું અભિમાન જ આપણાં કુટુંબોનો સર્વનાશ કરે છે. એ અભિમાન તમારા સ્વભાવ, સંસ્કાર અને સંયોગો પ્રમાણે પ્રગટ થાય છે. તમે પોતે જ એક દિવસ વહુ બનીને ત્રાસ ભોગવ્યો હોય છે છતાં ય અભિમાનની આડે તમે એ જોઈ શકતાં નથી. તમારા પાછલા અનુભવો સાવ ભૂલી જ જાઓ છો, એટલું જ નહિ પણ તમને એવું ઠસી જાય છે કે જેમ તમે ત્રાસ ભોગવ્યો તેમ તમારી પુત્રવધૂઓએ પણ ભોગવવો જોઈએ! આ અજ્ઞાનના અંધારામાંથી તમારે હવે નીકળવું જ જોઈએ. કારણ કે જે યુગમાં સાસુઓનો ત્રાસ તમે સહન કર્યો તે યુગ હવે ખતમ થયો છે. નવો યુગ સારો છે કે ખરાબ તેની ચર્ચા અહીં નકામી છે, પરંતુ એ છે એમાં તો શંકા જ નથી. એ યુગમાં આવો ત્રાસ દેખાય છે ખરો, પરંતુ તેનાં પરિણામ સાસુને પોતાને પણ ભોગવવાં પડે છે. એનું ઘર ભાંગીને ભુક્કો થાય છે. એનો દીકરો એનો દુશ્મન બને છે. એની પુત્રવધૂ જીવનભર એને શાપ આપે છે ને એની નિંદા કરી જીવનને અસહ્ય બનાવી મૂકે છે. જે અભિમાનમાંથી સાસુનો ત્રાસ જન્મે છે, તે અભિમાન ઉપર આ બધા ફટકાઓ પડે છે એટલે તે વધુ ઘવાય છે. છેવટે સાસુ લાચાર બની જાય છે અને જગતમાં પણ દયાપાત્ર બનવાને બદલે તિરસ્કારપાત્ર બને છે.

નવા જમાનાની આ તાસીર જો સાસુઓ સમજી જાય તો અભિમાન છોડી દે. પુત્રવધૂને પુત્રી કરતાં યે વધુ વહાલી સમજે. પુત્રનું જીવન જેને સોંપ્યું છે તેના ઉપર વિશ્વાસ રાખે અને ધીમે ધીમે ઘરનું સુકાન એ વહુના હાથમાં સોંપી દઈ પોતે નિશ્ચિંત બને.

એમાં જ સાચું અને છેવટનું સુખ છે. એમાં જ પોતાનું અને પોતાના કુટુંબને ખરું કલ્યાણ છે.

આ માર્ગ સાસુઓ લેશે?

★

પુત્રવધૂ

★



(૧)

સંકલ્પ કરી લે.

કયા સંબોધનથી તને બોલાવું? કંઈ યે સૂઝતું નથી એટલે જે કહેવાનું છે તે કહેવા જ માંડું છું.

તને થશે કે આવો પત્ર લખનાર છે કોણ? હું મારી ઓળખાણ આપું તે પહેલાં વાંચનારને જણાવી દઉં કે આ પત્ર હું કોને લખું છું. એમ તો આ પત્ર જાહેર છે. અન્યનાં સુખદુઃખમાં રસ લેનાર સૌ કોઈ આનું વાચન કરી શકે છે. પરંતુ હું જ્યારે લખું છું ત્યારે મારી નજર સમક્ષ આખો સમાજ નથી, આખું કુટુંબ પણ નથી, મારી આંખ આગળ તો માત્ર 'પુત્રવધૂ' જ છે. હું જાણું છું કે જે પુત્રવધૂ છે તે કોઈની વધૂ ને કોઈની ભગિની પણ છે. એ માતા અને પુત્રી બંને છે: સમાજના અનેક સંબંધોથી એ બંધાયેલી છે, પરંતુ મારે એમાંના એકે ય સંબંધને આ પત્ર લખતી વેળા યાદ કરવો નથી. હું આ પત્ર લખું છું પુત્રવધૂને અને માત્ર પુત્રવધૂને.

જગતની વાત જવા દો. આપણા નાના સમાજમાં પણ પુત્રવધૂ એક જ પ્રકારની છે ખરી? જો નથી તો આ પત્રનો અર્થ શો? કયા પ્રકારને ઉદ્દેશીને આ પત્ર હું લખીશ?

મારા મનમાં અત્યારે નીચેના પ્રકારો રમે છે. મારી આંખ આગળ આ પત્ર લખતાં જે પુત્રવધૂઓ તરવરે છે તેનું સ્વરૂપ હું અહીં રજૂ કરી દઉં છું. જેનો સમાવેશ આ સ્વરૂપમાં ન થતો હોય તેને આ પત્રની વિગતો કદાચ નકામી નીવડશે.

આ સ્વરૂપો નીચે પ્રમાણે છે:

૧. રિબાતી પુત્રવધૂ: એ સાસુના ત્રાસથી રિબાય છે પરંતુ એક શબ્દ પણ ઉચ્ચારી શકતી નથી. એ કાં તો આપઘાત કરે છે અને કાં તો પ્રભુએ આપેલું આયુષ્ય ઘરનો ઢસરડો ખેંચીને પૂરું કરે છે.

૨. લડાયક પુત્રવધૂ: એ સામાન્ય રીતે ઝઘડાખોર નથી, પરંતુ એનું અપમાન કરવાનો કે એને ત્રાસ આપવાનો પ્રયાસ થાય છે ત્યારે એ પણ સામે નખ ભરાવે છે. કોઈ વાર એ જીતે છે ને કોઈ વાર એ કરુણ રીતે હારી જાય છે.

૩. આક્રમક પુત્રવધૂ: એની સંખ્યા બહુ ઓછી છે પરંતુ તે છે તો ખરી જ, એ પોતે જ સાસુને અને ઘરના વડીલોને ત્રાસ આપે છે. એ 'જુદી' થતી નથી. પણ બીજાંને 'જુદાં' કરે છે.

૪. આધુનિક પુત્રવધૂ: આ પણ એક ખાસ પ્રકાર છે. એના પ્રશ્નો અને ઘર્ષણો જુદી જ જાતના છે. એમાં યે પ્રકારો તો છે પરંતુ તેની ચર્ચા એક સાથે જ આપણે કરી લઈશું.

મને આશા છે કે આ પત્ર વાંચનાર કોઈ પણ પુત્રવધૂનો સમાવેશ આ ચારમાંથી એક પ્રકારમાં તો થઈ જશે. હું આ પત્ર તો સળંગ રૂપમાં જ લખવા ધારું છું કારણ કે એ ચારે ય માટે કેટલીક ફરીઆદો

તે સૂચનાઓ એક સરખી જ મારે કરવાની છે. જ્યાં અમુકને ઉદ્દેશીને જ લખવાની જરૂર પડશે ત્યાં હું એમ કરીશ.

હવે જણાવી દઉં કે હું કોણ છું. મને તમે તમામ પ્રકારની સાસુઓના પ્રતિનિધિ તરીકે ઓળખો તો ખાસ ખોટું નથી, પરંતુ સાસુ એટલે તો જુલમગાર એમ સમજો તો ગંભીર ગેરસમજ થઈ જાય, કારણ કે જુલમગારના પ્રતિનિધિના શબ્દો ઉપર તમે વિશ્વાસ જ શાના મૂકો? મને સાસુનો પ્રતિનિધિ સમજજો, પરંતુ સાસુઓની અંદર જે કોઈ સારું તત્ત્વ છે તેનું જ પ્રતિનિધિત્વ ધરાવું છું એમ માનજો. સાસુ ગમે તેવી નિષ્ઠુર હોય છતાં એને હૈયું હોય છે એમાં શંકા નથી. એની ક્રૂરતાની પાછળ કોઈ કરુણ કથા જ પડી હોવાનો ઘણો સંભવ છે. માનવ માત્રનું એવું છે. એટલે મારો આ પત્ર તમે આખી અનુકંપાયુક્ત દૃષ્ટિ રાખીને વાંચજો.

આ પત્રમાં હું જે કહીશ તે એક બાજુ અનેક સાસુઓની વતી કહીશ અને બીજી બાજુ સંયુક્ત કુટુંબ તથા સમાજના એક નિરીક્ષક અને હિતચિંતકની દૃષ્ટિએ કહીશ. આ બંને બાજુ ઉપર તમે સરખું ધ્યાન આપશો તો મને ખાતરી છે કે તમારા પોતાના અંતરમાં અવશ્ય થોડું અજવાળું પથરાશે. આ અજવાળામાં તમારા સૂક્ષ્મ કે સ્થૂળ દોષો દેખાઈ આવશે. તમે નિર્બળ બની પશુની પેઠે જુલમો સહન કરતા હશો તો તેનો સામનો કરવાનું બળ પણ તમારામાં રહેલું છે એમ તમે જોઈ શકશો. સુધારાના તોરમાં અને જોરમાં તમે બીજાંઓને અન્યાય કરી રહ્યાં હશો તો તે પણ છાનું નહિ રહે. ટૂંકમાં કહું, તો નાનો પણ દીવો આ પત્ર બની શકશે એવી મને શ્રદ્ધા છે, આવી શ્રદ્ધા તમારામાં પણ પ્રગટે તો કેવું સારું!

પ્રસ્તાવના લાંબી થઈ છે પણ બીનજરૂરી છે એમ હું માનતો નથી. જેમની પાસે દિલ ખોલવાનું છે અને જેમનું પોતાનું અંતર

પણ ઓળખી જઈ આ બધું જ્યાં પહોંચાડવું છે ત્યાં આટલી પ્રાથમિક ઓળખાણ બીનજરૂરી છે એમ કોણ કહેશે? ઉપદેશક તરીકે નહિ, પણ મિત્ર, તરીકે, શુભચિંતક તરીકે હું આ બધું લખી રહ્યો છું એટલે મારે ન ઉતાવળ કરવી જોઈએ, ન નિરર્થક લંબાણ કરવું જોઈએ.

પહેલાં તો એ જણાવી દઉં કે કુટુંબમાં અને સમાજમાં તારું–પુત્રવધૂનું સ્થાન મહત્ત્વનું છે એમ ખાતરી થયા પછી જ આ પત્ર લખવા હું પ્રેરાયો છું. તારી ખુશામત કરવા માટે આ મહત્ત્વ નથી આરોપનો, સાચે જ આજના ભાગતાં કુટુંબોનો મુખ્ય આધાર તું છે. તું જો એટલું સમજી જાય કે સંયુક્ત કુટુંબના પ્રેમને જીવાડવાનું અને મારવાનું મુખ્યત્વે તારા હાથમાં છે તો તારી જવાબદારીનું તને ભાન થયા વિના ન રહે. જેમ શરીરની તેના એકેએક અંગને આભારી છે, તેમ જ કુટુંબનું છે, છતાં જેમ દરેક અંગનું મહત્ત્વ એકસરખું નથી તેવું જ કુટુંબના સભ્યોનું સમજવું જોઈએ. કુટુંબ–શરીરમાં તારું મહત્ત્વ ફેફસાં જેવું કે હૃદય જેવું છે એમ હું કહું તો તેને તું અતિશયોક્તિ માનતી નહિ.

આ પત્રની સૂચનાઓ વાંચતા પહેલાં તારી જાતને તું બરાબર ઓળખી લેજે. આ સંસારમાં તારું શું મહત્ત્વ છે તે પણ પિછાનજે. યાદ રાખજે કે દરેક માણસે કંઈ ને કંઈ હેતુ સિદ્ધ કરવા અર્થે જ જીવવું જોઈએ. એ રીતે પુત્રવધૂ તરીકે તારે કયો હેતુ સિદ્ધ કરવાનો છે? જગતની નવરચનામાં તારો હિસ્સો તું શી રીતે નોંધાવશે?

કુટુંબમાં તારું સ્થાન કેટલું મહત્ત્વનું છે તે મેં તને જણાવી દીધું, જે ઘરમાં તારું સન્માન થાય છે તે ઘરમાં સાચે જ સ્વર્ગનું સુખ ઊતરે છે. શરત એક જ કે એ સન્માન તારી સત્તાનું નહિ, પણ

તારા ગુણનું થતું હોવું જોઈએ અને ન્યાયી રીતે જ તું એની અધિકારિણી હોવી ઘટે.

કોઇ દિવસ ભૂલતી નહિ કે જે ઘરમાં તેં પગ મૂકયો છે તે ઘરમાં શાન્તિ હોય કે કલહ, પ્રેમ હોય કે ઇર્ષા, આનંદ હોય કે શોક, પરંતુ એ ઘર તારું છે અને તરું જ રહેવાનું છે. એ ઘરનું ઘડતર તારા આવ્યાં પહેલાં ગમે તેણે કર્યું હોય અને તારા આવ્યા પછી પણ પોતાનો અધિકાર ન હોવા છતાં ગમે તે કરતું હોય છતાં એનાં પરિણામો તારે જ ભોગવવાનાં છે. આજે એ ઘરમાં જે તારો અધિકાર નહિ સ્વીકારતા હોય તે આવતી કાલે જતા રહેવાના છે અને અંતે તારો, માત્ર તારો જ અધિકાર સ્થાપિત થવાનો છે.

આ દૃષ્ટિ રાખીને તું તારા ઘરને જોજે. પિયરમાં સેવેલાં સ્વપ્નાં સિદ્ધ કરવામાં મુસીબતો તને આવશે જ. પરંતુ તું પહેલે જ પગલે એ નિશ્ચય કરી લઈશ કે આ ઘર મારું છે અને આજે એમાં બીજા કોઈની સત્તા ચાલતી હોય તો ડ઼ેમ અને કુનેહથી, જરૂર પડે તો દ્વેષરહિત સામનાથી એ સત્તા મારે ઉખેડી નાખીને ઘર મારું બનાવવું છે–તો ખાતરી રાખજે કે તારી સફળતા વિષે દુશ્મન પણ શંકા નહિ ઊઠાવી શકે.

આ દૃષ્ટિ જો તારામાં નહિ હોય તો ગમે તેટલા પ્રયત્નો છતાં તું એ ઘરને તું તારું બનાવી શકશે નહિ. ઘર્ષણ થશે ત્યારે તારે જ એ ઘરમાંથી ખસી જવું પડશે. ખસી જવાની કંઇ ચિંતા નથી, કારણ કે તે પછી તારું સ્વતંત્ર ઘર તું રચી શકશે પરંતુ એ તારો પરાજય હશે અને તેનાં ફળો પણ તારે ભોગવવાં પડશે.

તને થશે કે એમાં ફળો શું ભોગવવાનાં છે, મારા ઘરમાં હું સુખી રહીશ. અમે બંને, બીજાં કોઇની રોકટોક વિના મોજ ઉડાવીશું.

વાત તો સાચી છે. પરંતુ એવી મોજ આ જીવનનું ધ્યેય હોઈ શકે નહિ. માતા-પુત્ર વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, ભાઈ-બહેન વચ્ચે, ભાઈ-ભાઈ વચ્ચે, અરે સાસુ-વહુ વચ્ચે જ્યાં વૈમનસ્ય જાગે, જ્યાં એક બીજાંના અંતરમાંથી ઈર્ષા ને દ્વેષની વાણી નીકળે ત્યાં જીવનનો એક પરાજય થયો જ માનવો જોઈએ. એ પરાજય પછી જે સુખ પ્રાપ્ત થાય તે સાચું ગણાય જ નહિ. તું કલ્પી લે, તારો પુત્ર તારાથી દૂર ચાલ્યો જાય, તારું અપમાન કરે. તું એના પ્રત્યે લાગણીથી ન જુએ. આ સ્થિતિ કેવી કરુણ અને દુઃખદ છે!

હું એમ માનું છું કે તારા જીવનની સફળતા, તારા જીવનનો વિજય કુટુંબને અને ઘરને જીતી લેવામાં છે. દુર્ભાગ્યે એ સ્થિતિ તું ન જ નિપજાવી શકે તો નહિ જય-નહિ પરાજય, એવી સ્થિતિ તારે ઉત્પન્ન કરવી જોઈએ. એટલે કે પ્રેમની તીવ્રતા ન હોય, ત્યાગની પ્રબળ ભાવના ન હોય છતાં દ્વેષ કે ઈર્ષાનો ભાવ પ્રગટે નહિ. અપમાન અને અનાદર નજરે પડે નહિ. જુદા થવાં છતાં સદ્ભાવનાનો દીવો તો બંને કુટુંબોના અંતરમાં જલતો જ રહે અને સંકટ સમયે એકમેકને મદદરૂપ પણ બને.

આ બીજી સ્થિતિને હું છેવટનો માર્ગ ગણું છું. સમય આવ્યે આ પત્રમાં એ વિષે હું વિસ્તારથી લખીશ. અત્યારે તો મારે એટલું જ કહેવાનું છે કે સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવાનો જ તું નિશ્ચય કરી લે. હું વિશ્વાસ આપું છું કે તેની પ્રાપ્તિ અસંભવિત તો શું, મુશ્કેલ પણ નથી. જરૂર છે પ્રેમની, ત્યાગની, વ્યવહારકૌશલ્યની અને સ્વભાવની મધુરતાની. આમાંની એકે ય વસ્તુ એવી નથી કે જે ઓછાવત્તા પ્રમાણમાં તારામાં ન હોય. તું એની ખીલવણી કરે તો તને વિજય મળે જ એમાં સંશય નથી.

તું જે દિવસે કન્યા મટી જઈને પુત્રવધૂ થાય તે દિવસે તારી જીવનદૃષ્ટિમાં જે પરિવર્તન થવું જોઈએ તે તું કરી લેજે. માતાનું

ઘર હવે તેં છોડયું જ છે. એ ઘર ઉપર તારો અધિકાર રહ્યો નથી, હોય તો તે ભાઈ–ભાભી ને માતા–પિતાના સૌજન્યને આધારે જ છે એમ સમજીને તું તારી દૃષ્ટિ ત્યાંથી ઊઠાવી લેજે. એ સૌ તારા ઉપર પ્રેમ રાખશે અને તું એ સૌના ઉપર પ્રેમ રાખજે, પરંતુ તેથી વિશેષ તું કશું યે કરવાનો વિચાર સેવતી નહિ. તું બે ઘોડા ઉપર નહિ ચડી શકે. ખ્યાલમાં રાખજે કે એક નવી જ સૃષ્ટિમાં તું પ્રવેશે છે, ને એ સૃષ્ટિને તારે તારી પોતાની બનાવી દેવાની છે. તારી જાતને એમાં ઓતપ્રોત કર્યા વિના એ બની શકશે? તારી તમામ લાગણીના તંતુ ત્યાં જોડયા વિના તને સિદ્ધિ પ્રાપ્ત થશે?

તારી પાસે જે પુત્રીનો સ્નેહ ને આદરભાવ છે તે તારે સાસુ–સસરાના ચરણે ધરવો પડશે. ભાગનીનો પ્રેમ તારે દિયર–નણંદને સુપ્રત કરવો પડશે. ગૃહમમત્વ તારે ત્યાંના ઘરના એકેએક ખૂણાને આપી દેવું પડશે. ઘર તારું અને તું ઘરની એ સ્થિતિ નહિ થાય તો તું બંને ગુમાવી બેસશે. પિયર તો હવે તને પાછું મળવાનું જ નથી અને સાસરું પણ તું સાબૂત નહિ બનાવે તો તારું થશે શું?

તને થશે કે આ ઘરં ઘર હું કહ્યા કરું છું તે 'ઘર' તે છે શું? ખરું જોતાં આવો પ્રશ્ન કોઈ સ્ત્રીને થવો જોઈએ નહિ. ઘર એટલે ચાર દીવાલોમાં બંધાયેલા ઓરડા નહિ. ઝૂંપડાં નહિ તેમ મહેલો પણ નહિ. રાચરચીલું ને ઘરની બીજી સમૃદ્ધિ પણ નહિ. પ્રશ્ન થશે કે ત્યારે શું? ના, ઘરમાં રહેતાં ને આવતાં જતાં માણસો પણ નહિ. આ બધું ઘરમાં હોઈ શકે પણ 'ઘર' એમાં ન હોઈ શકે. 'ઘર' તો એક ભાવનાનું બીજું નામ છે. જે સામગ્રી ગણાવી તે તો એનું સ્થૂળ રૂપ છે. એનું સૂક્ષ્મ રૂપ છે મમત્વ. એ મમત્વ જાગે તો અને તો જ ઘર સ્થપાય. એ મમત્વ વિનાની મહેલાતો પણ મસાણરૂપ લાગે.

માટે જ કહું છું કે એ ઘર સત્તાથી પ્રાપ્ત થઈ નહિ. અન્યાયથી ઊભું કરી શકાય નહિ. બીજાંને દબાવીને, ત્રાસ આપીને

રચી શકાય નહિ. આ ઘર પ્રાપ્ત કરવા માટે, મેં કહ્યું તેમ પ્રેમ જોઈએ, ત્યાગ જોઈએ, વ્યવહારકૌશલ્ય જોઈએ ને સ્વભાવનું માધુર્ય જોઈએ. આ ચારમાંથી એક પણ વસ્તુ ઓછી હોય તો ઘરમાં એટલી ખામી રહી જાય. મૂળ વસ્તુ–પ્રેમ જો ઓછો હોય તો પાયો જ કાચો રહે. બીજી વસ્તુ–ત્યાગ ન હોય તો ચણતર નબળું બને. ત્રીજી વસ્તુ–વ્યવહારકૌશલ્ય–ન હોય તો! એમાં સુખસગવડો ન મળે. ચોથી વસ્તુ–સ્વભાવનું માધુર્ય–ત્યાં ન મળે તો સૌંદર્યની જ ખામી લાગે. આ ચારેય વસ્તુ તારે પ્રાપ્ત કરી લેવી જોઈએ.

તને લાગશે કે તારી સામે એવડો મોટો ડુંગર મેં ખડકી દીધો છે કે જે ઊંચકી જ ન શકાય. પણ તું એક વાર એની નજીક આવીશ તો ખાતરી થશે કે આ ડુંગર નથી અથવા તો જો એ ડુંગર છે તો તે ફૂલોનો છે. એને ઊંચકવામાં કશો શ્રમ જ પડે એમ નથી. સુગંધ અને સૌંદર્યનું પાન કરતાં કરતાં એ ઊંચકી શકાય એમ છે.

બીજી ઉપમા આપું તો આ પર્વતનું એક ઊંચું શિખર છે, પરંતુ નજીક આવીને જોતાં ખાતરી થાય કે ઉપર ચડવા માટે સુંદર ને મજબૂત પગથિયાંઓ પણ છે. ઠેર ઠેર પ્રવાસીઓનાં પગલાં પણ તને દેખાશે. તું જોઈ શકશે કે જાણેઅજાણે આ માર્ગે હજારો ગયાં છે ને જીવનકલ્યાણને પામ્યાં છે.

બોલ. એ માર્ગે જવાનો તું આજે નિશ્ચય કરી લેશે?

[૨]

આપઘાત અથવા સામનો

તારી પાસે કોઈ પણ પ્રકારની વ્યવહારુ સૂચનાઓ રજૂ કરતાં પહેલાં જે નિશ્ચયની હું અપેક્ષા રાખી રહ્યો છું તે વિષે જ થોડું કહી દેવા ઇચ્છું છું.

મને એમ જણાયું છે કે માનવ માત્રના જીવનમાં પ્રથમ પહેલી જરૂર પોતાના જીવનપ્રવાસનો આખરી મુકામ ક્યાં છે તે જાણી લેવાની છે. આપણે વિશેષ ઊંડા ઊતર્યા વિના જ, એક પુત્રવધૂ તરીકે તારા જીવનપ્રવાસના આખરી મુકામની શોધ કરી લીધી છે. 'ઘર' અને તેની વ્યાખ્યા મેં તારી પાસે કરી દીધી છે. તેની પ્રાપ્તિ એ જ તારું ધ્યેય હોઈ શકે.

આ રીતે ધ્યેય તો નક્કી થયું પરંતુ કેવળ નક્કી કરી લેવાથી જ એની પ્રાપ્તિ થઈ શકતી નથી. એ પ્રાપ્તિ માટે જે પુરુષાર્થ કરવો પડે છે તે એક પ્રકારનું સંકલ્પબળ માગે છે અને એ નિશ્ચયનું જ બીજું નામ છે. આ નિશ્ચય શ્રદ્ધા અને જ્ઞાન વિના અંતરમાં પેદા થતો જ નથી. તારામાં એટલી કલ્પનાશક્તિ હોવી જોઈએ કે તું છેવટે તો અમુક વસ્તુ પ્રાપ્ત કરી જ શકશે એવું સ્પષ્ટ જોઈ શકે. સાથે સાથે એ વસ્તુ પ્રાપ્ત કરવા માટે જે બળ જરૂરી છે તે પણ તારામાં છે જ એવો વિશ્વાસ અંતરમાં પ્રગટવો જોઈએ. આવું જ્ઞાન અને આવી શ્રદ્ધામાંથી સંકલ્પનો જન્મ થાય છે અને એક વાર સંકલ્પ થઈ જાય છે એટલે જેમાંથી તેનો ઉદ્ભવ થયો છે તે જ્ઞાન અને શ્રદ્ધામાં પણ નવું તેજ પૂરાય છે. એ પણ બળવાન બને છે.

પુ. ૨૨

આટલું થયા પછી આખરી મુકામે પહોંચવાના વ્યવહારમાર્ગો આપણને આપોઆપ જડી આવે છે. 'આપોઆપ' નો અર્થ અકસ્માત નહિ, પરંતુ સ્વાભાવિક રીતે આપણા અંતરમાં જે મનોમંથન જાગે અને આપણી બુદ્ધિ જે કસોટીએ ચડે તેમાંથી સાચા રસ્તાઓ આપણને મળી જાય છે. આવા માણસોને દુનિયામાં બીજાંની સલાહ–સૂચનાની બહુ ઓછી જ જરૂર પડે છે. પત્ર દ્વારા હું તને સલાહ–સૂચના આપી રહ્યો છું છતાં એમ માનું છું કે તને આની જરુર ન પડવી જોઈએ. સાચી સલાહ અંતરાત્મા જ આપી શકે છે અને સાચાં સૂચનો પણ પોતાની બુદ્ધિમાંથી જ પ્રગટ થાય છે. મારો આ પત્ર જો એ અંતરાત્માને સ્પર્શી ન શકે કે એ બુદ્ધિને સંતોષી ન શકે તો એને નકામો જ ગણવો જોઈએ.

પરંતુ દુનિયામાં આવી શક્તિઓ બહુ જૂજ માણસોમાં જ હોય છે અને તેથી જ જગતમાં ધર્મપુસ્તકો રચાયાં છે. જરા સૂક્ષ્મતાથી જોઈએ તો સાહિત્ય, સંગીત, કલા વગેરેનો ઉદ્‌ભવ પણ માનવ ચિત્રને સંસ્કારવા માટે જ થએલો જણાઈ આવશે. એટલું ખરું કે કલા પ્રથમ પહેલો આનંદ તો કલાકારને પોતાને જ આપે છે પરંતુ કલાકાર એટલાથી સંતુષ્ટ થતો નથી. બીજાંને એ આનંદનું પાન કરાવીને જ એ તૃપ્તિ અનુભવે છે.

તને લાગશે કે તારા પુત્રવધૂના પત્રમાં આવું બધું ગંભીર મેં શું લખી નાખ્યું ! સાચું પૂછે તો હું કશું યે ગંભીર લખવા ઇચ્છતો નથી. મારે મારી વિદ્વત્તા જો હોય તો તને થોડી જ બતાવવી છે ? મારે તો મારું અંતર જ અહીં ઉઘાડું મૂકવું છે. પણ એ અંતરને તારે કઈ દૃષ્ટિએ જોવું જોઈએ તે તો મારે બતાવવું જોઈએ ને ? એ દૃષ્ટિ તને સમજાવવા જતાં થોડાં ગંભીર વાક્યો લખાઈ ગયા છે એ વાક્યોનું મહત્ત્વ તું સમજશે તો આપણી વચ્ચે આંતરિક એકતા સ્થપાઈ જશે અને હું જે કહેવા ઇચ્છું છું તે સોંસરું તારા હૃદયમાં જ પ્રવેશશે.

માની લઉં છું કે તેં નિશ્ચય કરી લીધો છે. એ નિશ્ચય પાર પાડવા માટે જરૂરી ચાર ગુણો પ્રેમ, ત્યાગ, વ્યવહારકુશળતા અને મધુરતા કેળવવાનું પણ તેં નક્કી કરી નાખ્યું ,છે. હવે મારે તને વ્યવહારૂ સૂચનાઓ આપવાની રહે છે.

મારા મનમાં આ સૂચનાનો વિચાર કરતી વખતે આપણાં ઘરોના અનેક દશ્યો ખડાં થાય છે તેને હું દૂર ધકેલી શકતો નથી અને તેથી શું પહેલા કહું અને પછી કહું તેની મુઝવણમાં પડી જાઉં છું. હું જોઉં છું તો એ ઘરમાં તું દૂર દૂરના એક ખૂણામાં બેઠેલી છે. તારી સાથે હું વાત કરવા ઇચ્છું છું પરંતુ વચ્ચેની ચોકીઓ ઉપર નજર પડતાં મારો વિશ્વાસ તૂટી પડે છે.

આ મનોદશામાં મને એમ લાગે છે કે મારે જે સૌને કહેવાનું છે તે હું છેલ્લે જ કહીશ. જે ચાર વર્ગો, ચાર પ્રકારો મેં વર્ણવ્યા છે એને સ્વતંત્ર રીતે ઉદ્દેશીને મારે જે કહેવું છે તે પહેલાં કહી દઉં. આમ છતાં એટલું તો સૌએ સમજી લેવાનું કે જે એકને માટે સો ટકા સાચું છે તે બીજાં માટે પણ અમુક પ્રમાણમાં તો સાચું હશે જ એટલે આનું વાચન, તું ગમે તે પ્રકારમાં હોય તો પણ કરશે જ એવી આશા રાખું છું.

પ્રથમ પગલે રિબાતી પુત્રવધૂની પાસે આપણે જઇએ. એની સંખ્યા સૌથી વિશેષ છે એ હકીકત રજૂ કરતાં મને, સમાજની એક વ્યકિત તરીકે શરમ બહુ તો આવે છે, પરંતુ શું થાય! આપણા રોગનું સાચું દર્શન કર્યા વિના તેનું નિવારણ કેમ સૂઝી શકશે! આ પુત્રવધૂઓનાં આંસુ આપણા તમામ પુણ્યો ને તમામ સુખોને ધોઈ નાખે છે, એના નિસાસાથી આપણાં સામાજિક જીવનની તમામ પ્રવૃત્તિઓ ગૂંગળાઇને મૃત્યુ પામે છે. આજનું આપણું દુ:ખ, ગૃહજીવનનું દુ:ખ મુખ્યત્વે એ આંસુનો પ્રતાપ છે. જે પોતાના ઘરમાં જ રિબાય તે કરતાં વધુ કરુણ પાત્ર બીજું કયું હોઈ શકે!

આ પાત્રને મારે સૌથી પહેલાં એ કહેવું છે કે તું તારી જાતને ઓળખ! તું શા માટે રિબાય છે તેનો વિચાર કર! ક્યા સુખ માટે આ જિંદગી તું ખેંચી રહી છે તે વિષે તારા મનને તું પૂછ!

હું જાણું છું કે તારામાંથી કેટલીક બહેનો આવો પ્રયત્ન કરે છે અને તેના જે જવાબો એની બુદ્ધિમાંથી સ્ફુરે છે તે એને મૃત્યુના મુખ ભણી ખેંચી જાય છે. એ પોતાની જાતને ઓળખે છે ત્યારે એને કસાઈવાડે ગયેલાં ઘેટાંની યાદ આવે છે. પોતે શા માટે રિબાય છે એવો વિચાર કરે છે ત્યારે સામેથી પ્રશ્ન આવે છે, તું શા માટે જીવે છે—અને આત્મહત્યાની ઇચ્છા જાગી ઊઠે છે. કયા સુખ માટે આ દુઃખસહન, એવું જ્યારે મનને પૂછે છે ત્યારે એ જવાબ આપે છે કે એક ઝાટકે મરી જવાનું દુઃખ સહન થતું નથી માટે તસુ તસુ મોતે મને મરવાનું મને પસંદ છે. આ રીતે ત્રણે યે પ્રશ્નોનો જવાબ મૃત્યુમાં આવે છે અને ગામડા અને કસ્બાઓમાં એમનાં શરીર કૂવા કે વાવમાં પુરાય છે અથવા દોરડા ઉપર લટકી જાય છે. શહેરોમાં પ્રાયમસ અને ગ્યાસતેલનો સાથ મળે છે, દોડતી ટ્રેનો મદદગાર થાય છે. કાતીલ ઝેરોનો સાથ શોધાય છે, કોઈ વાર વીજળીના પ્રવાહો પણ મદદરૂપ બને છે. પરિણામ તો એક જ આવે છે.

હું જ્યારે જ્યારે આવા મૃત્યુ સમાચાર વાંચું છું કે સાંભળું છું ત્યારે પ્રથમ તો કરુણાથી દિલ ભરાઈ આવે છે, પરંતુ બીજી જ પળે એમ થાય છે: 'સારું થયું, બિચારી ત્રાસમાંથી છૂટી.' એનું જીવન મૃત્યુથી યે ભયાનક હોય ત્યાં બીજી લાગણી અનુભવી જ કેમ શકાય!

આવી બહેનના હાથમાં મારો આ પત્ર આવશે ખરો? વિશ્વાસ તો નથી છતાં જો આવી જાય તો હું કહું છું કે તું આપઘાતથી ડરીશ નહિ, એમાં પાપ છે જ નહિ. જંતુની પેઠે જીવવા કરતાં મરી જવાનું પસંદ કરજે. તારા મૃત્યુમાંથી અમારા સમાજના પથ્થર જેવાં હૈયાને કંઈક તો આઘાત પહોંચશે જ.

પરંતુ મારા શબ્દોને બરાબર સમજજે. તારી પાસે આ પત્ર ન પહોંચે તો તને કોઈ સાચી સલાહ આપવાની સ્થિતિમાં હોય અને તેની પાસે આ પત્ર પહોંચ્યો હોય તો તેને કહું છું કે મારા કહેવાનો અર્થ બરાબર સમજજો. મારે કોઈ પણ રીતે આજની સ્થિતિ, જંતુની પેઠે જુલમો સહન કરવાની સ્થિતિનો અંત જોઈએ છીએ. આવાં જુલમો સહન કરવાં એ પણ ઘોર પાપ છે કારણ કે એમાં માનવની માનવતા નથી. એમાં આત્માનું અપમાન છે. આ પાપમાંથી છૂટવા માટે કાંઈ પણ માર્ગ લેવો જોઈએ.

પરંતુ સૌએ સમજી લેવું જોઈએ કે આ સ્થિતિમાં ઉગરવાનો શ્રેષ્ઠ અને સહેલો માર્ગ છે જ. મૃત્યુ કરતાં એમાં યાતના ઓછી છે, પુરુષાર્થ વધારે છે. મૃત્યુ પામી જવાથી માનવતા ખીલતી નથી. જીવન અને તેનાં દુઃખો બંનેનો સાથે જ અંત આવે છે, જ્યારે બીજો જે માર્ગ છે તેમાં જીવન રહે છે ને દુઃખો નાશ પામે છે, એમાં માનવતાનો વિકાસ થાય છે.

અને એ માર્ગ ભયંકર નથી, એ માર્ગે દુઃખ તો છે જ, છતાં એ દુઃખો આ પુત્રવધૂ દરરોજ ભોગવે છે તેની પાસે આ દુઃખ કશી વિસાતમાં નથી.

આ માર્ગ કયો છે?

એક જ વાક્યમાં જવાબ આપું તો–દુઃખનો સામનો કરવાનો.

પ્રેમની અને ત્યાગની વાત હું અહીં કરવા ઇચ્છતો નથી. આવી દુઃખી સ્ત્રી પાસે એવી વાતો શોભતી પણ નથી, એ બધું તો એનામાં પડેલું છે જ પરંતુ એનું પ્રગટીકરણ તો ત્યારે જ શક્ય બને જ્યારે એનામાં માનવતા જાગે. જ્યારે એનામાં સ્વમાનની ભાવના પ્રગટે. આ ભાવના પ્રગટાવવા માટે સામનાની વૃત્તિ જ ખીલવી જોઈએ.

પ્રશ્ન પૂછવામાં આવશે કે સામનો કરવો શી રીતે? પોતે તો માતાપિતાથી છૂટી પડી ગયેલી એક ગભરૂ બાળા છે અને સામે અનુભવથી પીઢ થયેલાં સાસુ છે. પતિ છે. બીજાં સગાંઓ છે. જીવનનો તમામ આધાર પણ એમની જ પાસે છે. એમને છોડી જવાથી પિયરમાં કે ક્યાં યે સ્થાન મળવાનું નથી. કાયદો પણ ખાસ રક્ષણ આપતો નથી અને સમાજમાં તો છૂટી પડેલી એ હરિણીનો શિકાર કરવા માટે અનેક શિકારો તત્પર બેઠા છે. આ સ્થિતિમાં કરવું શું?

નાસી જવાની કે ઘર છોડવાની સલાહ હું આપતો નથી. મારી સલાહ તો એવી છે કે હાથ ઝાલીને કાઢી મૂકવામાં આવે તો યે ન નીકળવાનો પૂરો પ્રયત્ન કરવો. એમ છતાં યે જો જવું જ પડે તો શું કરવું તે આગળ ઉપર વિચારીશું. અત્યારે તો ઘરમાં રહીને જ સામનો કેમ કરવો તેનો વિચાર કરીએ.

યાદ રહે કે આ સ્ત્રીઓ દુઃખો તો સહન કરી જ રહી છે અને પ્રત્યેક લડાઈમાં, સામનામાં, સંઘર્ષમાં. દુઃખ રહેલું જ છે. ફેર એટલો જ કે સામનાથી નિપજતું દુઃખ આપણે સ્વેચ્છાએ સહન કરીએ છીએ એટલે એ દુઃખ ઘણી વાર સુખ બની જાય છે અને એમ ન થાય તો યે તેની તીવ્રતા તો ઓછી થાય જ છે. આ સામનો કરવાની રીત સાવ સાદી છે.

જ્યાં જ્યાં અપમાન અને અન્યાય જણાય ત્યાં ત્યાં એ સહન કરવા માટે ઇન્કાર કરવો. આ ઇન્કારથી જે કાંઈ સહન કરવું પડે તે મૂંગે મોંએ નહિ પણ સૌ જાણે તેવો વિરોધ નોંધાવીને સહન કરી લેવું. મૂંગે મોંએ સહી લેવાથી સામા પક્ષના અંતરાત્માને અસર થશે એવું માનવું નહિ. એવી સહનશક્તિ તો પ્રેમમાંથી જ પ્રગટી શકે પરંતુ અહીં એ પ્રેમનો અભાવ છે. આ સ્થિતિમાં સાસુનો ત્રાસ અસહ્ય બને ત્યારે પતિની, ઘરનાં બીજાં વડીલોની, દિયર-નણંદમાં કોઈ સહાયરૂપ બની શકે તો તેની જાહેર રીતે મદદ લેવી જોઈએ. કશું ફળ ન આવે

તો પાડોશી, સગાં અને જ્ઞાતિ સુધી પહોંચવું જોઇએ. આાંજનો યુગ ખ્યાનમાં લઇને વર્તમાનપત્રો ને સરકાર સુધી પહોંચવું જોઇએ. હું તો માનું છું કે જે પહેલે જ પગલે અન્યાય, સહન કરવાની ના પાડશે તેને આટલું આગળ જવું જ નહિ પડે.

હું ધારું છું કે આટલી સ્પષ્ટતા છતાં મારો મુદ્દ કદાચ નહિ સમજાય. અન્યાય અને અપમાન એટલે શું, તેના માટે દાખલા આપવા પડશે. મને આશા છે કે થોડા જ દાખલાઓ ઉપરથી વિશેષ સમજાઈ જશે. આ દાખલાઓથી પુત્રવધુને રિબાવવાની કઈ કઈ રીતો છે તે ઉપર પણ પ્રકાશ પડી જશે. આપણે એ દાખલાઓ અને તેમાંથી નીકળવાના માર્ગોનો બહુ વિસ્તારથી વિચાર નહિ કરી શકીએ, કારણ કે આ પત્રમાં તો એ સિવાય પણ મારે ઘણું કહેવાનું છે. સાસુઓ વતી જે કહેવું છે તેનો તો હજી ઇશારો સરખો પણ નથી કર્યો. પુત્રવધૂઓ તો દરેક સંયોગોમાં નિર્દોષ જ હોય છે એવા માન્યતા હું નથી ધરાવતો. એ પણ અનેક પ્રસંગે ધર્મ ચૂકે છે ને આખા કુટુંબની સ્થિતિ અસહ્ય કરી મૂકે છે. સાસુઓ એની સામે હજારો ફરીઆદો કરે છે તેમાં બે પાંચ સાચી પણ છે. આ બધું આપણે નાનકડા પત્રમાં જ વિચારી લેવાનું છે એટલે ત્રાસનો પ્રકાર અને તેનો ઉપાય હું ટૂંકમાં જ સમજાવીશ.

[૩]

ત્રાસ અને ઉપાય

ત્રાસના પ્રકારો વિચારતાં સૌથી પહેલું સ્થાન પિયરની નિંદાનું આવે. આવી નિંદા શા માટે થાય છે તેનાં કારણો તપાસવા બેસીએ તો આપણે સ્પષ્ટ જોઇ શકીએ કે એ દ્વારા અપમાન કરવાનો અને

પુત્રવધૂ હલકા કુળની છે એવી પોતાની માન્યતાને સંતોષવાનો ઈરાદો હોય છે. આ પ્રકારની માન્યતાને સંતોષ ન મળતાં પોતે જે અન્યાયો કરે છે તે તેને વ્યાજબી લાગવા માંડે છે અને આત્માનો ડંખ હળવો બની જાય છે. જ્યાં સાસુ ત્રાસદાયક હોય છે ત્યાં આ નિંદાનું કાર્ય પહેલા દિવસથી જ નહિ, લગ્ન વખતથી જ શરૂ થઈ જાય છે. આ અપમાનનો જો સામનો નથી થતો તો સાસુ સમજી લે છે કે આ પુત્રવધૂ કોઈ પણ જાતના દુઃખો ને અપમાનો બરદાસ્ત કરી લેશે. સાસુની આ ધારણા ઘણાખરા દાખલાઓમાં ખોટી પડતી નથી, કારણ કે જે પોતાના માતાપિતા અને ભાઈબહેનોનું અપમાન સહન કરી શકે તેનામાં સામનો કરવાની શક્તિ હોય એમ માને જ કોણ?

એટલે પહેલે પગલે જ પુત્રવધૂએ માતાપિતાનું સ્વમાન જાળવવા તત્પર બનવું જોઈએ. એમના વિષે એક પણ હીણું વાક્ય બોલાય કે તુરત એનો વિરોધ કરવો જોઈએ અને સાફ કહી દેવું જોઈએ કે સાસરાથી આ સાંખી શકાશે નહિ. આમ છતાં એ નિંદા જો ચાલુ જ રહે તો નિંદા કરનારનું સીધું અપમાન કરવા સુધી જવું જોઈએ. એમનાં કે એમનાં સગાંના જે દૂષણો હોય તે વર્ણવી બતાવવાં અને પોતાના પિયરનું જે સારું હોય તે જોરશોરથી કહેવા માંડવું. 'આબરૂ'નો જુઠ્ઠો ભય સદંતર છોડી દેવો. એમ કર્યા વિના આવી સાસુ ઠેકાણે આવે જ નહિ.

આ સલાહ કોઈ પણ પુત્રવધૂને હું આપી શકું નહિ, પરંતુ રિબાતી અને કચડાતીને જરૂર આપું. પ્રેમની અને સહન કરવાની વાત એમના માટે મને નકામી લાગે છે.

આ પ્રકારે સામનો થશે તો સાસુ ક્યાં તો ઠેકાણે આવી જશે અને ક્યાં તો વધુ ઉગ્ર બનશે. કહેવાની જરૂર નથી કે એ ઠેકાણે આવે તો તરત પણ ઠેકાણે આવી જઈ આદરપૂર્વક એમની સેવા કરવી જોઈએ.

પણ જો એ ઉમ અને તો ઉમ બન્ને જ છૂટીશ. થોડાક દિવસની અથડામણથી આ ઝગડાનો અંત આવશે અને જીવનભરનું સુખ પ્રાપ્ત થશે.

ત્રાસનો બીજો પ્રકાર અતિ કામનો છે. સ્થિતિ સારી હોય કે ખરાબ પણ સાસુ પોતાનો પંજો જમાવવા ઇચ્છતી હશે તો પુત્રવધૂના માથે કામનો ઢગલો ખડકી દેશે. આમાંથી એક સાથે બે અર્થ સારવા ઇચ્છશે. એક તો કામથી જ થકવી નાખવાનો અને બીજું એ રીતે પુત્રવધૂને કોઈ ને કોઈ વાંકમાં ગુનામાં લેવાનો.

આ બાબતમાં હું એમ કહું કે સાસુના ઘરની સ્થિતિ કેવી છે તે પહેલાં સમજી લેવું. તેઓ પોતે સશક્ત છે કે અશક્ત તે પણ જાણી લેવું. ઘણી સાસુ સશક્ત હોવા છતાં ઘરમાં પુત્રવધૂ આવતાં જ અશક્ત બની જાય છે! પરંતુ આ બાબતમાં જો ભૂલ થાય તો ભલે અશક્ત માનવા તરફ થાય, ઘરની અને સાસુની આ સ્થિતિ જાણ્યા પછી પોતાની શક્તિ પ્રમાણે અને તેટલું કામ કરી છૂટવું. આ બાબતમાં લેશમાત્ર મનચોરી ન કરવી, પરંતુ જ્યારે એમ લાગે કે શક્તિની હદ આવી પહોંચી છે અને વધુ કામના થાકથી તબિયત ઉપર માઠી અસર થાય છે ત્યારે અટકી જવું અને ચોખ્ખું કહી દેવું.

આ પત્ર હું ચાલી આવતી પુત્રવધૂને ઉદ્દેશીને જ નથી લખતો એટલે એ પણ જણાવી દઉં કે જો પતિ અમે બાળકોની અમુક જવાબદારી ઉઠાવવાની હોય તો તે માટે શક્તિ અને સમયનો બચાવ કરવો જ. સાસુની નિંદા કે રોકટોક તરફ બેદરકાર બની પત્ની અને માતાનો ધર્મ બરાબર બજાવવો.

આને પરિણામે પણ સાસુ નવા નવા નુસખા શોધી કાઢી પોતાના પુત્રની નજરે પુત્રવધૂના દોષો વધુ ને વધુ પ્રમાણમાં આવે એવું કરશે. એ બન્ને વચ્ચે વૈમનસ્ય વધારવાને યત્ન કરશે. આનો ઉપાય સાચી હકીકત દરરોજ રજૂ કરવાનો અને જ્યારે જ્યારે સાસુ ત્રાસ આપતાં

હોય ત્યારે ત્યારે પતિનું ધ્યાન દોરવાનો જ છે. મૂગા રહેવાની કે માત્ર આંસુ સારવાથી કશો અર્થ સરશે નહિ.

ત્રીજો ત્રાસ ભોજન ઉપર ઊતરશે. કોઈ પણ બહાના નીચે, સાસુ જાતે દુઃખી થઈને પણ પુત્રવધૂને ઓછું ને હલકા પ્રકારનું, ઓછા પોષણવાળું ખાવાનું આપવાનો પ્રયત્ન કરે જ છે. અહીં પણ નફ્ફટ બનવું એ જ ઉપાય છે. આમ છતાં યોગ્ય ખાવાનું ન મળે તો એક પ્રકારની હડતાળ પાડી દેવી જોઈએ. 'ખાવા ન મળે તો કામ શી રીતે થાય !' એમ ચોખ્ખું કહી દેવું. બાળકો માટે તો લડી–ઝઘડીને પણ ખાવાનું લેવું જ.

એ પછી બીજા શોખો, સંબંધો ને જરૂરિયાતો વિષે ત્રાસ ઊભો થાય છે. આ બાબતમાં મારો મત એવો છે કે સાસુને ન્યાયપૂર્વક ઠેકાણે લાવવા ઇચ્છનાર પુત્રવધૂએ એક બાજુ સંયમ અને બીજી બાજુ બેદરકારી ધારણ કરવી જોઈએ. જ્યાં સુધી ઘરનું વાતાવરણ ઠીક થાય નહિ ત્યાં સુધી અમુક શોખ ન સચવાય કે અમુક ઓછા મહત્ત્વના સંબંધો છોડવા પડે તો તે વિષે નિશ્ચિંત બનવું જોઈએ. આ બેદરકારી સાસુ ઉપર અસર કરશે જ.

ટૂંકમાં જ કહું તો જ્યાં સ્વમાન, આરોગ્ય અને કુટુંબના બીજા ધર્મો, દા. ત. પુત્ર, પતિ કે પોતાના માતાપિતા પ્રત્યેના ધર્મો ઉપર તરાપ પડતી હોય ત્યાં તે સાંખવું જ નહિ. એ માટે જે કાંઇ આવી પડે તે સહન કરી લેવું. લોકનિંદાનો અને માબાપની આબરૂ ચાલી જવાનો ભય પણ છોડવો કારણ કે એ બંને બાબતો સહન કરવા છતાં સુધરશે જ એવી ખાતરી નથી.

જ્યાં આ કરતાં યે વધુ ત્રાસ આપવામાં આવે છે. દા. ત. માર મારવામાં, અનીતિ આચરવાની ફરજ પાડવામાં આવે, ઘર બહાર જવાની કે કોઇ સાથે વાત સરખી કરવાની મનાઈ ફરમાવવામાં આવે,

પિયર તરફની દુશ્મનાવટ જ ઇચ્છવામાં આવે—ત્યારે પુત્રવધૂએ કોઈ પણ ભોગે, જાતના ભોગે પણ તે બાબતોમાં તાબે ન થવું. સામનો કરવો એટલું જ નહિ પણ એવા સામના માટે પૂરતું બળ ન હોય તો જ્યાંથી મળી શકે ત્યાંથી મદદ પણ મેળવવી. ગયા પત્રમાં મેં કહ્યું તેમ બધું જ અશક્ય હોય તો પ્રાણ કાઢી આપવો. પણ પશુ કરતાં ય બદતર જીવન તો પસંદ કરવું જ નહિ.

આટલું મેં લખ્યું રિબાતી પુત્રવધૂ માટે. હવે મારે લખવું છે લડાયક પુત્રવધૂને. ખરું પૂછો તો રિબાતી પુત્રવધૂ પાસે હું જે માગી રહ્યો છું તે જ આ પુત્રવધૂનું સાચું સ્વરૂપ છે. પ્રગતિના પગથીઆં ગણીએ તો આ પહેલું પગથીઉં છે. પરંતુ ત્યાં અટકી જવું નહિ, કારણ કે એ સ્થિતિમાં નથી શાન્તિ કે નથી સુખ. એ સ્થિતિ જડતા કરતાં, કાયરતા કરતાં સારી છે એટલું જ.

આ સ્થિતિમાંથી ઉગરવું શી રીતે? પ્રથમ તો પોતે ક્યાં ક્યાં અથડામણમાં આવે છે તે શોધી કાઢવું. આમાં પોતાનો દોષ કેટલા પ્રમાણમા છે તે સમજી લઈને, દૂર કરવો અને જ્યાં સાસુનો જ દોષ હોય ત્યાં પણ લડાઈ જારી રાખવા છતાં મનમાંથી ઝેર કાઢી નાખવું. પ્રયત્નપૂર્વક એમ માનવું કે સાસુ જે ત્રાસ વર્તાવે છે તેનું કારણ એનું અજ્ઞાન છે અને એના ખરાબ સંસ્કાર છે. એ અજ્ઞાન અને અસંસ્કારને વશ ન જ થવું પણ સાસુનો તિરસ્કાર પણ ન કરવો. આમ કરવાથી ધીમે ધીમે અમુક પ્રસંગે સાસુની સેવા કરવાની વૃત્તિ જાગશે. સાસુ પણ સમજશે કે મારી સાથે લડી શકે છે તેમ મારી ચાકરી પણ કરી જાણે છે. આ વસ્તુની એમના ઉપર ભારે અસર થશે. માંદગી કે એવો પ્રસંગ આવી પડે ત્યારે તો આડું-અવળું જોયા વિના એમની સેવામાં મંડી જ પડવું. એજ સાસુનું હૈયું જીતી લેવાનો માર્ગ છે.

હું ધારું છું કે મારા કહેવાનો આશય બરાબર સમજાશે. પહેલે પગલે સામનો અને બીજે પગલે સામનો છતાં તિરસ્કારનો અભાવ તથા

સેવાની વૃત્તિ. આટલું જો બરાબર સમજાય તો સાસુ પથ્થરની જ કેમ નથી હોતી, એણે પીગળવું જ પડે.

કેટલાક કહે છે કે સાસુ કે ઘરડું માણસ એનો સ્વભાવ બદલતું જ નથી. આ વાત માનવાની હું સાફ ના પાડું છું, બહુ સૂક્ષ્મ અર્થમાં જોવા જઇએ તો એ સાચુ છે, પરંતુ સહજ રીતે જોઇએ તો મરણ પહેલાંની ક્ષણે પણ સ્વભાવ બદલાઇ ગયાના ઘણા દાખલા મળી આવે છે. ઘણા પુત્રો ને પુત્રવધૂઓએ માતાપિતાના સ્વભાવમાં પલટા આણ્યા છે.

આનું ખરું કારણ એ છે કે પૃથ્વી ઉપર કોઇ માનવી સંપૂર્ણ રીતે કઠોર હોતો જ નથી. કતલનો ધંધો કરનાર કસાઇ શેરીના કૂતરાંને એક લાકડી પણ ન મારી શકે એવા દાખલાઓ છે. આપણે યાદ રાખવું કે દરેક માણસના હૃદયનો એકાદ ખૂણો તો પ્રેમ અને અનુકંપાથી ભરેલો હોય જ છે. સાસુ પણ માતા છે, પત્ની છે, બહેન છે વગેરે કદી ન ભૂલવું. એવો જ પ્રેમ સાસુના હૈયામા પડ્યો છે, તેને આપણા પ્રત્યે વાળવાના જો પ્રયત્નો થતા હોય તો વહેલી મોડી સફળતા મળે જ.

હવે ત્રીજો પ્રકાર આપણે જોઇએ. આવી સંખ્યા અલ્પ છે, પણ છે તો ખરી જ. પુત્રવધૂ પણ સાસુને રિબાવતી હોય એવા દાખલાઓ છે. કેટલીક સાસુમાં સાસુપણું હોતું જ નથી, એ પ્રેમાળ માતા જેવી હોય છે. કેટલીકવાર એ અતિશય નમ્ર અથવા ભોળી હોય છે. કોઇ વાર ગરીબી અને કૌટુંબિક આઘાતો સહન કરીને એની છાતી ભાંગી ગઇ હોય છે. આવી સાસુઓને જ્યારે પુત્રવધૂ ત્રાસ આપતી હોય એવાં દૃશ્યો હું જોઉં છું ત્યારે મારા અંતરમાંથી સાચે જ રોષની જ્વાળા પ્રગટે છે. એમ થાય છે કે આ સ્ત્રી ડાકણનું જ બીજું સ્વરૂપ છે.

આમ બનવાના સાસુ પક્ષના કારણો તો મેં ઉપર વર્ણવ્યા.

પુત્રવધુના પક્ષે જોઈએ તો એમાં મોટે ભાગે એની માતા જવાબદાર હોય છે. એ લગ્ન પહેલાં જ પોતાની પુત્રીને આ માટે તૈયાર કરે છે. લડાયક જેમ એનામાં ઊભું કરે છે. ઘરનો કબજો લેવાની અદમ્ય લાલસા એનામાં ઉત્પન્ન કરે છે; કેટલીકવાર માતાના પોતાના સંસ્કારો આમાં કારણભૂત હોય છે અને કેટલીક વાર સાસુઓના ત્રાસની વાતોથી દોરવાઈ જઈ પુત્રીને સંરક્ષણના માર્ગો સૂચવવાની વૃત્તિ કારણરુપ બને છે. પરિણામ તો બંનેનું એક સરખું જ આવે છે. ઘરડાં લોકો એની પાછલી અવસ્થામાં રિબાય છે. પુત્રવધૂનાં કારણે એ વહાલા પુત્રનો પ્રેમ પણ ગુમાવી બેસે છે.

આવી પુત્રવધૂને મારે એટલું જ કહેવું છે કે આમ કરવાથી તું સાસુને ત્રાસ ઉપજાવી શકે છે પરંતુ સુખ કે શાન્તિ તો મેળવી શકતી જ નથી. જેમ ક્રૂર સાસુ પુત્રવધૂને રિબાવતાં પોતાનાં સુખ–શાન્તિને વેડફી નાખે છે તેવું જ તારું બને છે. ઊંચા આદર્શોને તું ભલે બાજુએ રાખ, માનવતાનો વિચાર પણ ભલે ન કર, તારી ફરજનો ખ્યાલ પણ છોડી દે; પરંતુ તારા પોતાના ને તારા પતિના સુખનો ખ્યાલ તો કરીશ ને?

તો એક વાર તારા મનનું પૃથક્કરણ કર અને તારા વર્તનનું નિરીક્ષણ કર. મને ખાતરી છે કે તને પોતાને તું માનવીના અને તેમાં યે સ્ત્રીના રૂપમાં કોઈ હિંસક પશુ જેવી જ લાગશે. તને ભાન થશે કે તારા ઉપર પોતાના સુખનો મદાર બાંધીને બેઠેલાં વૃદ્ધજનોને તેં તિરસ્કાર્યાં, નકાર્યાં, અવગણ્યાં ને પાછલી અવસ્થાએ એના પોતાના ઘરમાં જ તેં એને સાક્ષાત નર્કાગારના દર્શન કરાવ્યાં!

આમાંથી તારે છૂટવું જ જોઈએ. તારું સુખ તો તને મળશે જ, એ વૃદ્ધો પણ સુખી થશે જ, પણ આ શુભ તત્ત્વ એટલેથી ન અટકતાં તારાં બાળકો સુધી પહોંચશે. નાનપણથી જ તેઓ વિશદ

અને સેવાના પાઠ શીખશે તો એ તને જ ખપમાં આવશે. તારા ઝેરી સ્વભાવથી એ મુક્ત રહેશે તો તારું ને તારા પતિનું પાછલું જીવન અમૃતમય બનશે.

ઘણી વાર એવું બને છે કે તને તારો વાંક દેખાતો જ નથી અને ઘરડાંઓનો એવો સ્વભાવ છે, દબાવીએ નહિ તો તેઓ આપણને દબાવે, હું તો બીજાં કરતાં સારી રીતે રાખું છું-વગેરે ભ્રમણાઓ તું સેવે છે. જાગૃત થઈને અંતરમાં ઊતરીશ તો આ ભ્રમણાઓ જરૂર દૂર થશે. સેવા કરવાનો તું સંકલ્પ કરશે તે ક્ષણથી તારા જીવનમાં શાન્તિ સ્થપાશે અને તે પછી તો એ સેવા જ તારા માટે નિરંતર વહ્યે જતું આનંદનું ઝરણું બની જશે. વૃદ્ધોના આશીર્વાદ એમાં ઉમેરાશે ત્યારે તેનું મહત્ત્વ પણ તને સમજાશે.

હું એક વાત આ પુત્રવધૂને કહીને આ પત્ર પૂરો કરવા ધારું છું. સાસુ નિર્બળ, અશક્ત, પ્રેમાળ અથવા ભોળાં હોય તો જ ત્રાસ કે અપમાન સહન કરે એટલું તો તું સ્વીકારશેને? એ સાસુ તારી સામે શીંગડા ભરાવે અથવા તને ત્રાસ આપવાનો પ્રયત્ન કરે ત્યારે તું એનો સામનો કરે તો તે સમજાય એમ છે, પરંતુ ગાયના ઉપર ઘા કરી શકાય? એમાં તારી બહાદુરી શી? જિંદગીના માર ખાઈને ભાંગી ગયેલાંને મલમપટ્ટા કરવા જોઈએ કે એના ઘા ઉપર અપમાનના મરચાં છાંટવાં જોઈએ?

આમ માનવતા, ધર્મ, વીરતા, તારું સુખ, પતિનું સુખ, સંતતિના શુભ સંસ્કાર એ બધું, જો તું સાસુને ત્રાસ આપે તો જોખમમાં મુકાય છે ને એની સેવા કરે તો સુવાસિત બને છે. તું શું પસંદ કરશે? સત્તાની દુર્ગંધ કે સેવાની સુગંધ?

આથી વધારે મારે કંઈ કહેવું નથી. જે ત્રણ પ્રકારો મેં વર્ણવ્યા તેમાં સૌનો સમાવેશ થઈ જાય છે એમ મારું માનવું છે. ચોથો પ્રકાર

નવાયુગની એટલે કે શિક્ષિત, સંસ્કારી અને સુધારક–સાચેસાચ કે કહેવાતી–પુત્રવધૂ માટે પણ આમાં ઘણું કહેવાઇ ગયું છે છતાં એના કેટલાક સવાલો તદ્દન નિરાળા હોવાથી હું જુદો જ પત્ર લખવાનું પસંદ કરીશ.

[૪]

આધુનિક પુત્રવધૂને

જેને આધુનિક કહી શકાય એવી પુત્રવધૂને ઉદ્દેશીને આ પત્ર લખવા ધારું છું. આધુનિકોમાં પણ પ્રકારભેદ તો છે જ, પરંતુ તેમાં ઊંડા ઉતરવાની જરૂર નથી, કારણ કે મુખ્ય ભેદ બે જં છે. એક તો જે સુધારક છે અને સુધારાનો મર્મ પણ સમજે છે તે અને બીજા સુધારક છે પણ સુધારાનું રહસ્ય તેમ જ વ્યક્તિ અને સમાજ ઉપરનાં તેનાં પરિણામો સમજતાં નથી કે સમજવાની પરવા કરતાં નથી તે. પહેલાં કરતાં આ બીજાંઓની સંખ્યા ઘણી મોટી છે. મારો આ પત્ર મુખ્યત્વે બીજા પ્રકારની પુત્રવધૂઓ માટે જ ઉપયોગી હશે.

આ પુત્રવધૂ પહેલા દિવસથી જ, ના, લગ્નનો વિચાર જ્યારે કરે છે ત્યારથી જ પોતાના જીવનની કલ્પનામાં સાસુ–સસરા કે કુટુંબના કોઈ સભ્યને સ્થાન આપતી નથી. એની નજરે પતિની આસપાસ જ ઘૂમે છે. એનાં લગ્ન પ્રેમ અને પરિચયના પરિણામે થયા હોય છે તો કુટુંબમાં બીજું છે કોણ તેનો વિચાર સુદ્ધાં એ કરતી નથી. કેટલાક દાખલાઓમાં લગ્ન પહેલાં જ એણે પોતાના સાસુ–સસરા પ્રત્યે તિરસ્કાર કેળવ્યો હોય છે. કોઈ વાર ભાવી પતિ સાથે સ્પષ્ટ કબૂલાત કરી હોય છે કે લગ્ન થતાં જ પોતાનું સ્વતંત્ર ઘર એ

વસાવશે. કેટલીક વાર પતિએ પણ સામે ચાલીને આ દરખાસ્ત મૂકી હોય છે.

આવાં પુત્રવધૂને મારે એટલું જ કહેવું છે કે કુટુંબની અને સમાજની રચના એ માનવ પ્રાણીએ આટલાં વર્ષોમાં સાધેલો 'વિકાસ છે. તમે ધારી લો છો તેવી એ સંકુચિત મનોવૃત્તિનું પરિણામ નથી. જગતમાં કોઈ પણ એક વ્યક્તિ પોતાના સુખનો જ વિચાર કરે તેમાં 'સુધારો' શો છે? સ્વતંત્રતા કે સંસ્કારિતા ક્યાં છે? 'પ્રેમ'ને પણ એમાં ક્યાં સ્થાન રહ્યું! જેવું એક વ્યક્તિ માટે તેવું જ બે વ્યક્તિ માટે કહી શકાય. જ્યાં 'પ્રેમ'નો વિકાસ અને વિસ્તાર નથી, જ્યાં પોતાની 'સંસ્કારિતા' બીજાંના સુખનો ખ્યાલ કરતી નથી, જ્યાં 'શિક્ષણ'નો અર્થ આચરણમાં તો બીજા પ્રત્યેના તિરસ્કારમાં જ દેખાય છે ત્યાં એ ત્રણે ય પ્રકારની યોગ્યતા ધરાવનાર પુરુષ કે સ્ત્રી સાચા અર્થમાં જોઈએ તો પ્રેમ, સંસ્કાર અને શિક્ષણનો કાં તો દંભ કરે છે અને કાં તો તેનો સ્પર્શ પણ તેઓ પામ્યાં નથી.

માણસ માત્ર પાસે સૌથી પહેલી અપેક્ષા એ બીજાંના સુખનો ખ્યાલ કરે એ રાખવામાં આવે છે. એમાં જ માનવતા છે. બીજાના માટે ઘસાવું એ દૈવી નહિ, પણ શુદ્ધ માનવી વૃત્તિ છે. આખું જગત આવા સહકાર ઉપર ટકેલું છે. સહકાર ન હોય તો આ જગતમાં એટલાં બધાં પરસ્પર વિરોધી તત્ત્વો વસે છે તેનો—જગતનો આટલો વિકાસ થવાને બદલે લાખો વર્ષ પહેલાં નાશ જ થઈ ગયો હોત. માણસ જ્યારે પોતાની જાત કરતાં સહેજ આગળ વધે છે ત્યારે એટલા પ્રમાણમાં એનો વિકાસ જ થાય છે. કોઈ પણ સ્ત્રી એક પુરુષને ચાહે, ભલે પોતાના સુખ ખાતર ચાહે પણ એ ચાહવામાંથી એના પ્રત્યે મમત્વ જાગે, એના સુખનો ખ્યાલ જાગે, એના દુઃખમાં ભાગ પડાવવાની વૃત્તિ જાગે એ બધું વિકાસની દિશા સૂચવે છે.

પરંતુ આપણે તો જ એ વિકાસ અટકી જવો નં જોઈએ. એકમાંથી બે અને બેમાંથી બત્રીસ, બત્રીસમાંથી બત્રીસ હજાર અને છેવટે આ પૃથ્વી ઉપરના કુલ બે અબજ તરફ પ્રેમની લાગણીનો વિસ્તાર થવો જોઈએ. દૂર દૂરની વાત જવા દઈએ, જે આપણાં પોતાનાં છે તેના તરફ પણ આપણું લક્ષ ન જાય તો એમ જ માનવું જોઈએ કે આપણામાં 'પ્રેમ' નથી, પરંતુ એક સ્ત્રી કે એક પુરુષને માત્ર ભોગવવાની જ વૃત્તિ છે. આ ભોગવૃત્તિને બહેકાવવા માટે સ્વતંત્ર જીવન આવશ્યક લાગે માટે આપણે તેમ કરીએ છીએ!

એક બીજું અને મહત્ત્વનું દૃષ્ટિબિંદુ રજૂ કરું. ઉપર કહ્યું તેમ બીજાંને માટે ઘસાવું એમાં માનવતા છે, પરંતુ બીજાં આપણે માટે ઘસાયાં હોય તેનો તિરસ્કાર કરવો, અવજ્ઞા કરવી, એ બધું ભૂલી જવું, તેને શું કહીશું? કઈ વૃત્તિનું એ લક્ષણ છે? પશુતા તો એને કહી શકાશે નહિ, કારણ કે હિંસક પશુઓમાં પણ સર્વ સ્થળે આ વૃત્તિ દેખાતી નથી. ત્યાં પણ પોતાને પાળનાર પ્રત્યે એ પક્ષપાત દર્શાવે છે. સમાજમાં વસતાં પ્રાણીઓ તો બિચારાં માનવીઓ પાસેથી જે લે છે તે કરતાં ઘણો મોટો બદલો વાળી આપે છે. કૂતરામાં પણ આ સ્વભાવનાં દર્શન થાય છે,

ત્યારે શું એક માનવી જ કૃતઘ્ન છે? જે પોતાના માતાપિતા અને વડીલોના અનંત ઉપકારોને ભૂલી જાય છે તેને શી ઉપમા આપવી? કોની સાથે તેની સરખામણી કરવી?

હું જાણું છું કે પુત્રો–પુત્રીઓ એવી દલીલ કરે છે: 'અમે તમને ક્યાં કહ્યું હતું કે અમને જન્મ આપો, ઉછેરો, શિક્ષણ આપો. તમે તો લોકલાજની બીકે અથવા તો તમારા સ્વાર્થ ખાતર જ આ બધું કર્યું છે!'

આ દલીલ સાવ ખોટી છે એમ હું કહીશ નહિ, પણ એટલું તો કહું છું કે વધુ નહિ તો એવાં જ કારણસર તો માતાપિતાની સેવા કરો!

અને આ દલીલ બધા દાખલામાં તો સાચી નથી જ અને સંપૂર્ણ અર્થમાં કદાચ એકેય દાખલામાં સાચી નથી. બાળક સમજણું થાય તે પછી તો એ જોઈ શકે છે કે માતાપિતા એના માટે કેટકેટલું કષ્ટ સહન કરે છે. આ માતાપિતા જો પુત્ર પાસે સેવાની અપેક્ષા રાખે તો એમાં પાપ શું છે? સ્વાર્થ શો છે? માનવી માત્ર એવી અપેક્ષા રાખે છે. જે 'પ્રેમી'ઓ એવી દલીલ કરે છે તે જ એકબીજાં પાસે આવી અપેક્ષા નથી રાખતાં?

જરા આગળ વિચારીએ. પ્રેમ અને પરોપકાર ન કરી શકાય તો માનવતાનો વિકાસ ન થાય, પરંતુ આપણી જાત ઉપર જેમણે પ્રેમ ઢાળ્યો છે ને પરોપકારો કર્યા છે તેને ભૂલી જઈએ તો? એ પછી મેળવેલું સુખ ન્યાયયુક્ત તો નથી જ, પરંતુ કર્મસિદ્ધાંતની વાત ઉખેળ્યા વિના જ હું કહી શકું કે એ સુખની સ્થિરતા પણ નથી. આપણાં બાળકોમાં આ સ્વાર્થી અને કૃતઘ્ન મનોવૃત્તિ મોટે ભાગે ઊતરશે જ અને ત્યારે કપાળે હાથ દઈને રોવા સિવાય બીજો માર્ગ આપણા પાસે રહેશે નહિ. સંભવ છે કે આજે આ 'ભય'ને આપણે હસી કાઢીએ. એમ પણ બોલી દઈએ કે 'અમે તો એમ માગીએ છીએ કે તેઓ પહેલી તકે જ સ્વતંત્ર થઈ પોતાનું જીવન જીવવા લાગે.' પણ પ્રસંગ આવે આ જોશ નથી રહેતું એમ અનેક દાખલાઓમાં જોઈ શકાય છે.

પણ હું આ શું લખું છું? કોને લખું છું? 'પુત્રવધૂ'ને આ વિચારણા સાથે કંઈ સંબંધ છે?

મારા મત પ્રમાણે તો સંબંધ છે જ. એનાં માતાપિતા પ્રત્યે એણે કેવો વર્તાવ રાખવો જોઈએ તે વિષે મેં જે કહ્યું છે તેને, ઉપરનું આટલું લખ્યા પછી પણ હું વળગી રહું છું. પ્રશ્ન થશે કે જો સ્ત્રી એના માતાપિતાની સેવા ન કરી શકે એ ન્યાય્ય હોય તો પુરુષ માટે એ કેમ ન્યાય્ય ન ગણાય?

મારો જવાબ આટલો જ છે: આજની સામાજિક રચનાને આપણે લક્ષમાં લેવી જોઈએ. જ્યાં સુધી સ્ત્રી 'પુરુષને ઘેર' જાય છે ત્યાં સુધી આમ વિચાર્યા વિના છૂટકો જ નથી. અને આ વસ્તુ આખા સમાજમાં વ્યાપક છે એટલે સોમાં નવ્વાણું કુટુંબોને પુત્રી આપી દેવી પડે છે ત્યારે "પુત્રવધૂ' મળી જાય છે. 'ઘરજમાઈ'ની પ્રથા અમલમાં આવે તો આ પત્ર પુત્રવધૂને બદલે જમાઈને ઉદ્દેશીને લખવો પડે.

કોઈ પણ કન્યાએ 'વધૂ'બનતી વખતે પોતાનો ધર્મ પુત્રવધૂ તરીકે શો છે તે વિચારવું જોઈએ. પોતાનો પતિ જો સંકુચિત સ્વાર્થને કારણે માતાપિતાને તજી દેવા તત્પર થયો હોય તો એણે પતિને એના ધર્મનું ભાન કરાવવું જોઈએ. નવા યુગના યુવક-યુવતીઓનું અવલોકન કરતાં એમ જણાય છે કે આ બાબતમાં મોટે ભાગે સ્ત્રી જ જવાબદાર હોય છે. પોતાના અંગત સુખ માટે નહિ, પણ પોતાની પ્રિયતમાને સુખ મળશે એવા ખ્યાલથી જ વિશેષ કરીને યુવકો પોતાનું જુદું ઘર રચવા તૈયાર થાય છે.. માતાપિતા પ્રત્યેની ફરજનો ખ્યાલ એને જરા સતાવે પણ છે પરંતુ 'પ્રેમ' અને એવી જ ભ્રમણાઓના આશ્રયે એ શુભ વિચારને એ દબાવી દે છે.

આ સ્થિતિમાં સ્ત્રીનો ધર્મ બેવડાય છે. એણે જાતે પણ વડીલોની સેવા ઇચ્છવી જોઈએ અને પતિને તો એક પુત્ર તરીકે કૃતઘ્ની થતો બચાવી લેવો જ જોઈએ.

શુદ્ધ પ્રેમ અને સંસ્કારની દૃષ્ટિએ તથા કૃતજ્ઞતા અને કર્તવ્યની દૃષ્ટિએ આ પ્રશ્ન વિષે આપણે વિચાર કરી લીધો. આ બંને દૃષ્ટિએ સંયુકત કુટુંબથી દૂર ભાગવાની અને કેવળ પોતાના જ સુખનો ખ્યાલ કરવાની વૃત્તિ નથી ઇષ્ટ કે નથી શિષ્ટ તે આપણે જોયું. હવે એક ડગલું આગળ વધીને જોઈએ કે શુદ્ધ રીતે પોતાના સ્વાર્થ માટે પણ સંયુક્ત કુટુંબ આવશ્યક છે કે નહિ!

મારો એવો નિશ્ચિત મત છે કે આપણા સમાજના અગ્રણીઓએ કુટુંબરચના કરીને અદ્ભુત કાર્ય કર્યું છે. એમાં સદ્‌ગુણોના વિકાસનો ખ્યાલ તો રખ્યો જ છે પરંતુ અજબ પ્રકારની સલામતી અને સંરક્ષણ એમા સિદ્ધ થયાં છે. અલબત્ત એમાં સાવ અંગત સ્વાર્થને અવકાશ નથી. એક પ્રકારની શ્રમવિભાગની યોજના આ રચનામાં દેખાય છે.

યાદ રાખવું જોઈએ કે માનવી સામાજિક પ્રાણી છે. એ સુખ ભોગવવા માટે એકલપણું ઇચ્છે છે પણ એ સુખની પ્રાપ્તિ અને સલામતી બીજાનાં સહકાર વિના સંભવી શકતી નથી. પતિ-પત્નીને સંયુક્ત રીતે લઈએ તો એમનાં સુખનો જેટલો આધાર એકબીજા ઉપર છે તેટલો જ કે તેથી વધુ આધાર બહારની દુનિયા ઉપર હોય છે. આ દુનિયામાં માતાપિતા નહિ હોય તો મિત્રો હશે, શુભેચ્છકો હશે, મુરબ્બીઓ હશે.

એમ દેખાય છે કે જેઓ સાધનસંપન્ન છે તેઓને બીજાની મદદની ઓછી જરૂર પડે છે, પરંતુ અહીં પણ એ વસ્તુ સમજી લેવાની જરૂર છે. એક તો સંપત્તિ સ્થિર નથી અને બીજું જે કામ પ્રેમથી અને કર્તવ્યથી થઈ શકે છે તે લાખો રૂપિયા ખરચવાથી થઈ શકતું નથી. આ બંને વાક્યોને ધાર્મિક સૂત્ર સમજીને ફેંકી દેતા નહિ. ધર્મના સૂત્રો ફેંકી દેવા જેવા નથી, છતાં શુદ્ધ વ્યવહારની રીતે જ આપણે વિચાર કરએ. આ દુનિયામાં ઉઘાડી આંખે રહેનાર એવો કયો અંધ હશે કે જે સંપત્તિની ફેરબદલી દરરોજ ન જોતો હોય? ગરીબને તવંગર અને તવંગરને ગરીબ બનતાં ન જોયાં હોય એવો માનવી જો મળે તો એને બેવકૂફ અથવા જંગલી જ માનવો જોઈએ.

એટલે સંપત્તિથી સુખનાં સાધનો અને સલામતી મળતાં હોય તો પણ એના જ ઉપર આધાર રાખીને રહેવું યોગ્ય નથી. સંપત્તિ નહિ હોય ત્યારે આપણું કોણ, એ વિચાર કરીને માણસે વર્તવું જોઈએ

અને એ પણ યાદ રાખવું જોઈએ કે પરસ્પર પ્રેમ હોય છતાં ક્લેશના પ્રસંગો આવે છે. જ્યાં 'સ્વતંત્ર' ઘર હોય ત્યાં આવા પ્રસંગો વિશેષ આવે છે. એ ક્લેશ ઉગ્ર રૂપ પકડે છે ત્યારે 'સ્વતંત્ર' ઘર ભાંગે પણ છે. આ વખતે કુટુંબીઓની મદદ, ખાસ કરીને ત્રીને જરૂરી થઈ પડે છે. આ ધારણાને અવાસ્તવિક ગણીને હસી ન કાઢશો.

એથી યે વધુ સંભવિત હકીકત માંદગીની છે. મોટામાં મોટા ડૉક્ટરોની મદદ શક્ય હોય તો પણ જ્યારે માંદગી, ગંભીર માંદગી આવી પડે છે ત્યારે કુટુંબીઓની મદદ વિના ચાલતું જ નથી.

આર્થિક સંકટને પણ લક્ષમા લેવું જોઈએ. ઘણા પ્રસંગે પિયરનો સાથ પણ શોધવા પડે છે.

મિત્રો મદદરૂપ બને છે ખરા, પરંતુ એક વસ્તુ લક્ષમાં રાખવી. પ્રેમ અને કર્તવ્ય વચ્ચે થોડો તફાવત છે. કેટલીક વાર પ્રેમની લાગણી મંદ પડી જાય છે ત્યારે પણ જો કર્તવ્યભાવના માણસમાં હોય છે તો સહકાર મળી શકે છે ને એમાંથી જ ફરીને પ્રેમ-લાગણી જાગૃત બને છે મિત્રોમાં, નિઃસ્વાર્થી મિત્રોમાં પણ એવું દેખાયું છે કે પ્રેમની લાગણી હોય ત્યાં સુધી જ એમનો સહકાર પ્રાપ્ત થાય છે, જ્યારે માતાપિતા, ભાઈબહેન, પતિપત્ની કર્તવ્યની અને લોકલાજની લાગણીથી લાંબા સમય સુધી સહકાર રાખે છે. આ સહકારને ફેંકી દેવામાં નથી ડહાપણ, નથી સુધારો, નથી સ્વાર્થ.

આમ બીજા કશા ખાતર નહિ તો પોતાના અંગત સ્વાર્થ ખાતર પણ પુત્રવધૂએ એના સસરાનું ઘર છોડવું ન જોઈએ. પ્રેમ, કર્તવ્ય અને સ્વાર્થ ત્રણે ય દૃષ્ટિએ એનું હિત સંયુક્ત કુટુંબ સાથે જ સમાયેલું છે. અલબત્ત, એ કુટુંબ છોડવાના પ્રસંગો નથી જ આવતા અથવા તો કોઈ પણ સંયોગોમાં એ ન છોડવું જોઈએ એમ હું ન કહી શકું.

પરંતુ એટલું તો જરૂર કહી શકું કે પહેલે પગલે દૂર થવાનો વિચાર તજી દેવો જોઈએ અને પોતાનું સ્વત્ત્વ ને વિકાસ સાધવામાં ગંભીર અંતરાયો ન આવતાં હોય તો કદી એ વિચાર ન કરવો જોઈએ. એ અંતરાયો નિવારવાના જુદા થવા સિવાયના જેટલા માર્ગો મળે તેટલા લેવા જોઈએ અને છેવટના પગલાં તરીકે જ સ્વતંત્ર ઘરનો વિચાર કરવો જોઈએ.

આ વિષે આપણે છેલ્લા પત્રમાં વિચારીએ.

[૫]

: આદર્શ પુત્રવધૂનાં લક્ષણો

આધુનિક પુત્રને માટે મેં ઠીક ઠીક લખ્યું છે છતા હજી થોડું લખવા ધારું છું. સંયુક્ત કુટુંબ શા માટે આવશ્યક છે તેના સમર્થનમાં મેં જે કારણો રજૂ કર્યાં છે તેમાં એક મહત્ત્વનો ઉમેરો કરવા ઇચ્છું છું. હમણાં હમણાં એક ઉપર બીજી કરવાના જે બનાવો બને છે તેનું નિરીક્ષણ કરતાં એમ જણાય છે કે ઘણા દાખલામાં સંયુક્ત કુટુંબ ન હોવાને લીધે જ પુરુષને અનુકૂળતા સાંપડે છે. પુરુષભાવ વૈવિધ્ય ઇચ્છે છે એ વિધાન સાચું હોય કે ખોટું પરંતુ એટલું ખરું છે કે સંયુક્ત કુટુંબમાં એના સ્નેહને અને પુરુષાર્થને પૂરો માર્ગ મળી રહે છે. પોતાના ચિત્તને પ્રફુલ્લ અને કાર્યશીલ રાખવા માટે એને પત્ની ઉપરાંત પણ ઘણાં સ્નેહાળ તત્ત્વો મળી આવે છે.

આ પ્રશ્નને સ્થૂળ રીતે જોઈએ તો નવી મૈત્રીઓ માટે જેટલો અવકાશ 'જુદા' ઘરમાં હોય છે તેટલો સંયુક્ત ઘરમાં હોઈ શકે નહિ. કોઈ પણ બે માણસ લાંબો સમય એકલાં જ રહી શકતાં નથી. પોતાના

આનંદમાં ભાગીદાર બનાવવા માટે એમને ત્રીજી વ્યક્તિની જરૂર પડે છે. આ ત્રીજી વ્યક્તિ અનેક સમસ્યાઓ ઊભી કરે છે એ હકીકત નવા યુગના લોકો માટે નવી નથી. આમાંથી બચવા માટે પણ સંયુક્ત કુટુંબ રક્ષણરૂપ બને છે.

આ ઉપરાંત બાળકોના ઉછેરનો વિચાર પણ કરવો જોઈએ. આવી પુત્રવધૂ પોતાના ઘરમાં જ ભરાઈ રહી શકતી નથી એટલે બાળકો નોકરોના હાથમાં જ જાય છે. એની ઉપર દેખરેખ પણ રાખી શકાતી નથી. બાળઉછેરનો અનુભવ પણ નહિવત્ હોય છે. આ સ્થિતિમાં માતૃધર્મનું પાલન સુયોગ્ય રીતે થતું નથી. જેમ જૂના યુગની જડતા અને દુષ્ટ સાસુનો ત્રાસ બાળકો માટે આફતરૂપ બને છે તેમ આ સ્થિતિમાં અજ્ઞાન અને બેદરકારી બાળકો માટે શાપરૂપ થાય છે. બાળકના વિકાસ માટે પ્રેમભર્યું કુટુંબ આશીર્વાદરૂપ છે.

આ બાળકોમાં નાનપણથી જ વડીલો પ્રત્યે જો અનાદર પેદા થાય તો નવાઈ નહિ, પણ એમ જોવાને બદલે ઊલટી રીતે જ આપણે જોઈએ તો નવયુગી માતાપિતાને મારે પૂછવું જોઈએ: 'તમે જેવું વર્તન તમારા માતાપિતા સાથે કર્યું છે તેવું જ તમારા બાળકોનું તમારા પ્રત્યે ઇચ્છો છો ? એ તમે સાંખી શકશો ? તમારું બાળક 'તમારું' રહે જ નહિ, કોઈ બીજાનું બની જાય તે સહન થઈ શકશે ? તમારી પાછલી અવસ્થામાં કોઈનો સાથ ન હોય તે સ્થિતિ તમે બરદાસ્ત કરી શકશો ?' હું ધારું છું કે જો આ પ્રશ્નોનો જવાબ અંતઃકરણપૂર્વક આપવો હોય તો ભાગ્યે જ હકારમાં આપી શકાશે.

પુત્રવધૂને પૂછવા ચાહું છું: 'જેવું વર્તન તારા સાસુ-સસરા સાથે તું રાખે છે તેવું તારા માતાપિતા સાથે તારી ભાભી રાખે તો તને મંજૂર છે ? તારા માતાપિતા પાસેથી તારો ભાઈ ઝૂંટવાઈ જાય તો તેને તું યોગ્ય ગણશે ? તારા ભાઈ-ભાભીને તું અભિનંદન આપી શકશે ? તારા માતાપિતાને તું કહી શકશે કે એમનો રોષ અને એમની

નિશ્વાસા ખોટા છે?' જો જવાબ નકારમાં હોય તો હું પૂછું—તને આમ કરવાનો શો અધિકાર છે?

આ રીતે જોતાં આધુનિક યુવતીએ પ્રેમભર્યું સંયુકત કુટુંબ જ ઇચ્છવું જોઈએ એમાં શંકા નથી. એક શરત મેં પહેલેથી જ મૂકી દીધી છે તે એ કે કુટુંબ "પ્રેમભર્યું" હોવું જોઈએ. "પ્રેમભર્યું" ન હોય તો તેને એવું બનાવવું જોઈએ. લાખ પ્રયત્ને પણ એ અશકય હોય તો અને તો જ ત્યાંથી ખસવું જોઈએ.

હવે આપણે ત્યાં સુધી પહોંચી ગયાં છીએ કે જ્યાં આદર્શ પુત્રવધૂનું સ્વરૂપ આપણી પાસે સ્પષ્ટ થઈ જાય. ગયા પત્રમાં આધુનિકોમાં મેં મુખ્ય બે પ્રકાર કહ્યા છે તેમાંનો પહેલો પ્રકાર આદર્શ પુત્રવધૂનો છે, એ પત્રનુ વાકય 'જે સુધારક છે અને સુધારાનો મર્મ સમજે છે.' તમે યાદ રાખશો તો મારું કહેવાનું વધારે સમજાઈ જશે.

અહીં એટલું સ્પષ્ટ કહી દઉં કે આધુનિકોમાં જ આદર્શ છે એમ કહેવાનો મારો આશય નથી. આદર્શ પુત્રવધૂનાં લક્ષણ જેનામાં હોય તે આદર્શ જ છે. એનાં લક્ષણો મેં અગાઉ વર્ણવી બતાવ્યાં છે. ફરીને કહું તો એનામાં પ્રેમ હોય, ત્યાગભાવના, વ્યવહાર કુશળતા અને માધુર્ય હોય. આ ગુણો એકમેકમાંથી ફલિત થતા હોય એવા છે છતાં સ્પષ્ટતા ખાતર મેં એને જુદા મૂકયા છે, આમ છતાં આધુનિક તરફ મને વિશેષ આકર્ષણ તો છે જ, કારણ કે મને ત્યાં જ્ઞાનનો પ્રકાશ વધુ દેખાય છે. જ્ઞાનપૂર્વકના પ્રેમ—ત્યાગનું મહત્ત્વ મારે મન વિશેષ છે.

આવી પુત્રવધૂમાં જૂના જમાનાની શરણાગતિનો ભાવ ન હોય તેમ નવા જમાનાની બંડખોરી પણ ન હોય. જૂના યુગની જડતાને એ ધિક્કારે અને નવા યુગની ચંચળતા તરફ પણ ન આકર્ષાય. જૂના યુગની સ્વમાનહીનતા એનામાં હોય જ નહિ અને નવા યુગના અવિનય તથા ઉદ્ધતાઈથી પણ એ મુકત હોય. જૂના જમાનાના ઘરના હસારક

એને ગમે નહિ, તેમ નવા યુગની નારીની કામ માત્રની સૂગ પણ એને સ્પર્શે નહિ. જૂના યુગની સ્ત્રીઓની પેઠે એ પતિ અને બાળકો પ્રત્યે બેદરકાર બનીને પણ સાસુની ચાકરી ન કરે તેમ નવા યુગની યુવતીની પેઠે પતિ પાસે જ એના પ્રેમનું પૂર્ણવિરામ નં આવી જાય. આદર્શ પુત્રવધૂ સમજપૂર્વક પોતાના નિષ્ઠા ને પ્રેમ પતિને અર્પણ કરે. પુત્રમાં પોતાના સંસ્કારો સીંચે અને સેવાવૃત્તિને વડીલોને માટે અનામત રાખે. કર્તવ્યનું ભાન એ કદી ચૂકે જ નહિ.

આવી પુત્રવધૂને અથડામણમાં આવવું જ ન પડે એમ માનવા નહિ. એને પણ ત્રાસ આપવાનો પ્રયત્ન કરનારી સાસુઓ આ દુનિયામાં વસે છે. આવે વખતે જેને આદર્શ જીવન ગાળવું છે તે થાકીને હારી ન જાય, પણ સાસુનું અંતર પલટાવવાનો ગંભીર પ્રયત્ન આદરે. આવી પુત્રવધૂ ત્રાસ સામે ત્રાસ ન વર્તાવે, નિંદા સામે નિંદા ન ફેલાવે, કઠોરતા સામે કઠોરતા ન દાખવે, પરંતુ પ્રત્યેક પ્રસંગને બરાબર ઓળખે અને એના પ્રેમધર્મમાંથી જે કર્તવ્ય સૂઝી આવે તે પ્રકારનું વર્તન રાખે. અન્યાયને તાબે થાય જ નહિ અને છતાં યે નવાણું બાબતના વિરોધ છતાં એક બાબતમાં જો મેળ હોય તો સહકાર કરવામાં પાછાં પગલાં ન ભરે.

આવી પુત્રવધૂ પહેલેથી જ સ્વીકારી લ્યે કે પોતે સંસ્કારી છે એટલે એનાથી સાસુ જેવા થવાય જ નહિ. સાસુના અજ્ઞાનમાંથી જન્મેલાં તમામ દુર્ગુણો તરફ એ અનુકંપાની દૃષ્ટિ રાખે. એ જોઈ શકે કે સાસુ પોતે પણ દુઃખી જ થઈ રહ્યાં છે એટલે તિરસ્કાર તો કદી એના મનમાં વ્યાપે જ નહિ. સાસુને છાનાં શાપ પણ એ ન આપે. સાસુનું કલ્યાણ ઇચ્છતી જ એ પોતાનું કલ્યાણ સાધી લે.

આમ છતાં પણ સાસુને પલટો ન થાય તો? જીવનભર આ સાધનામાં જ એણે મચ્યા રહેવું? સાસુનો પલટો કરવા જતાં બાળકો તરફ પૂરી દરકાર રાખી શકાય નહિ તે ચલાવી લેવું? પતિની અશાન્તિ

વધતી જતી હોય તે તરફ એણે દુર્લક્ષ કરવું !

હું ના કહું છું. આ પ્રયત્નો પછી પણ સાસુ પલટે જ નહિ તો જુદા થવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે. જો એ વખતે પણ જુદા ન થતા સાથે જ ઐક્ય રાખવાનો પ્રયત્ન થાય તો સંભવ છે કે પુત્રવધૂ પોતાનું સ્વત્ત્વ ગુમાવી બેસે. પોતાના પતિ અને પુત્ર પ્રત્યેના ધર્મો પણ એ ચૂકી જાય.

પણ જુદા થવા છતાં એ પ્રેમની લાગણી અને કર્તવ્યની ભાવના ગુમાવે નહિ. સંયુક્ત કુટુંબના જે લાભો મેં જણાવ્યા છે તે બધા લાભો સ્થૂળ જીવનમાંથી નથી મળતા, બાહ્યાચારમાથી નથી નિપજતા, પણ આ લાગણી અને ભાવનામાથી ઉદ્ભવે છે. વ્યવહારીક રીતે વિચારીએ તો જૂદા થવા છતાં એ સંબંધ છોડે નહિ. સાસુ–સસરાને જ્યારે જરૂર પડે ત્યારે તેમની સેવામાં હાજર રહે. માંદગી વખતે તો એ જ એને સંહાયરૂપ બને. આર્થિક મદદ આપવાની જરૂર પડે તો એમાં પોતાને લહાનો મળે છે એમ માને. જુદા થતી વખતે પણ જેટલું તેઓ પ્રેમથી આપી શકે તેટલું જ લ્યે. લેવા કરતાં આપતાં શીખવાની વૃત્તિ જ વધારે ગમે.

જો આમ થાય તો સ્વતંત્ર ઘરનાં જોખમો ઓછાં થઈ જાય અને સંયુક્ત કુટુંબના લાભો પ્રાપ્ત થાય. પતિ અને બાળકોને પૂરી રીતે ઉપયોગી થઇ શકાય અને છતાં વડીલો નિરાધાર ન બને.

આમાં વર્તનની અસર ન થાય એમ હું માની શકતો નથી. ગમે તેવી દુઃખદ સાસુ પણ, આ વખતે તો પીગળે જ. સાથે હોય ત્યાં સુધી પુત્રવધૂની સેવા પાછળ સ્વાર્થ છે એમ એ માની શકે. એમ પણ કદાચ ધારે કે જુદા થઈને કરે શું ? મિલકત હોય તો એનો લોભ પણ કલ્પી લ્યે, પરંતુ જુદા થાય ત્યારે તો એણે બેદરકારી અને નિંદાની જ અપેક્ષા રાખી હોય. આ વખતે સાસુને જો બધું ઊલટું જ દેખાવા લાગે તો એના અંતરને અસર પહોંચ્યા વિના ન રહે.

આવા આદર્શને પહોંચવા માટે દરેક પુત્રવધૂએ પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રયત્નોનો આરંભ કરતાં જ સાસુમાં જે કોમળ લાગણી પડી હોય—એ હોય જ છે એવો વિશ્વાસ રાખવો—તેને જાગૃત કરવા યત્ન કરવો. સાસુના પ્રત્યેક ત્રાસને સારી રીતે સમજવો. એ ત્રાસની પાછળ પણ કોઈ કારણ જ હોય છે. પોતે વહુ હોય ત્યારે જે ત્રાસ સહન કર્યો હોય તે અસંસ્કારને કારણે અત્યારે પોતામાંથી જ પ્રગટ થતા હોય છે. કેટલીક રૂઢ માન્યતા, આસપાસનું વાતાવરણ, સત્તાશોખ એ બધું ભેગું મળીને અનેક વિકૃતિઓ જન્માવે છે.

પુત્રવધૂએ માનવું કે સાસુ માતા છે. એના પુત્રને દુઃખી કરવાનો એનો ઇરાદો ન હોય. સંસ્કારને કારણે એ સત્તા ઇચ્છે, સેવા ઇચ્છે, બહુમાન ઇચ્છે, કુશળ પુત્રવધૂએ આ બધું સામે ચાલીને એમને આપવું. ટૂંકમાં એમને વશ કરી લેવાં. એમને જે પ્રિય હોય તે સ્વમાન અને સત્યની વિરુદ્ધ ન હોય તો જરૂર આચરવું. આમ કરવાથી સાસુને લાગશે કે પોતાની પાસે સત્તા છે અને છતાં યે એ નહિ હોય. એ માનશે કે પુત્રવધૂ મારી સેવા કરે છે અને હકીકતમાં પુત્રવધૂનું જ એ વધુ ધ્યાન રાખતાં હશે. એને થશે, પુત્રવધૂ મને ગમતું જ બધું કરે છે; પણ વાસ્તવમાં સાસુ જ એમ કરતાં હશે.

સાસુમાં આ પ્રકારની જે સ્વાભાવિક નબળાઈઓ હોય છે તે દરેકે સમજી લેવી જોઈએ. જો એમ થાય તો ઘણાં ઘર્ષણોનો અંત આવે અને ઘરમાં મંગલની સ્થાપના થાય.

આમ કરવા માટે પુત્રવધૂએ પોતાના સ્વભાવને કેળવવો જોઈએ. ક્યારે બોલવું ને ક્યારે ગળી જવું તે જાણી લેવું જોઈએ. ક્રોધ ભાગ્યે જ લાંબો વખત સજીવ રહી શકે છે. એ જ્યારે ભભૂકી ઊઠે ત્યાર શાન્તિ ધારણ કરવી જોઈએ. પ્રસંગ વીતી ગયા પછી એ વસ્તુ સમજાવી શકાય છે. બીજાની હાજરીમાં તો દરેક સાસુ વધુ માન ઇચ્છે છે. આ નબળાઈને વશ થવામાં હરકત ન થવી જોઈએ.

સાદાઈની સાસુ ઉપર બહુ અસર થાય છે. એનો પ્રત્યાઘાત એવો થાય છે કે સાસુ પોતે પુત્રવધૂના શોખ પૂરા કરવા, એ દ્વારા પોતાનું અભિમાન પોષવા તત્પર બને છે. સાસુની આ નબળાઈ પંપાળવામાં પણ હરકત ન હોવી જોઈએ. અલબત્ત, જીવનના સિદ્ધાન્તો જાળવીને, પૂતળી બની જઈને નહિ જ.

શક્ય હોય ત્યાં સુધી પતિ પાસે ફરિયાદ કરવી નહિ અને કરવી જ પડે તો એ સાસુ પાસે ન જાય તેની સંભાળ રાખવી. દરેક સાસુને એમ લાગે છે કે પોતાનો પુત્ર હવે 'પારકી જણી'નો બની જશે. આ પૂર્વગ્રહને કારણે પુત્ર તરફથી આવતું કોઈ પણ સૂચન એનામાં વિરોધ અને દ્વેષનો ભાવ જગાડે છે. અસહ્ય સ્થિતિ થાય ત્યારે જ પતિની મદદ લેવી જોઈએ.

આ બધાં સૂચનો, મેં ઉપર વર્ણવ્યા તે ચાર સૂત્રોમાં સમાઈ જાય છે. ફરીને એનું સ્મરણ કરાવી આ પત્રમાળા પૂરી કરું.

પ્રેમ, ત્યાગ, વ્યવહારકૌશલ્ય અને 'સ્વભાવની મધુરતા.

લિ૦............ના

શુભાશિષ

*

ભાઇ અને બ્હેન

★



[૧]

પ્રાસ્તાવિક

વહાલાં ભાઈ-બહેન,

મને આશા જ નહોતી કે અમુક સંસ્કારી ભાઈ અને સંસ્કારી બહેન વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર મારા હાથમાં આવી પડશે. હું તો વિચારી રહ્યો હતો કે તમને મારે જે કાંઈ કહેવું છે તે શી રીતે કહું,

બંનેને એક સાથે જ પત્ર લખું કે જુદા જુદા લખું ? સમાજના પ્રેક્ષક તરીકે લખું કે ભાઈ–બહેનની પુનિત લાગણી હૈયામાં ભરીને લખું ?

તમે જાણો તો છો કે પત્રો તો મારા માટે એક બહાનારૂપ છે. મારે જે કહેવું છે તે તો, કહેવું જ છે. શી રીતે કહેવું ? વાર્તા કહું ! ચર્ચા કરું ? નાટક લખું ? વિચારો તો ઘણાય આવ્યા, અંતે પત્ર લખવા ઉપર જ મન ઠર્યું. એમ લાગ્યું કે બીજી કોઈ પણ પદ્ધતિ કરતાં એ પદ્ધતિ જ વધુ અસરકારક નીવડશે. મારું આ લખવું સાચું છે કે ખોટું તે તો તમે જ નક્કી કરી શકો.

લખવાનો તો વિચાર કર્યો, પણ કેવી રીતે ને કોને ઉદ્દેશીને લખવું તેની મુઝવણમાં હતો ત્યાં તો તમારા બેયના ખુલ્લાં અંતઃકરણ જેવો પત્રવ્યવહાર મારા હાથમાં આવી પડ્યો. મેં જોયું તો મારે જે કહેવું હતું તેમાંનું ઘણું એમાં દેખાયું. બહેન અને ભાઈની આંતરિક લાગણીનાં મેં એમાં દર્શન કર્યાં. પ્રેમનો દોર તો એ બધા પત્રોની આરપાર પરોવાયેલો મેં જોઈ જ લીધો, પરંતુ સાથે સાથે વેદના, અસંતોષ, આશા, ઝંખના વગેરેનાં યે મને દર્શન થયાં.

આ પત્રવ્યવહાર જ સમાજના સર્વ ભાઈ–બહેનો પાસે રજૂ કરી દઉં તો શું ખોટું–એવો વિચાર આવ્યો. થયું કે માત્ર એટલું પૂરતું નહિ થાય. મારે જે કહેવું છે તે બધું તો એમાં આવી જતું નથી. પણ તુરત ઉપાય સૂઝી આવ્યો. પત્રવ્યવહાર રજૂ કર્યા પછી મારે જે કહેવું છે તે સ્વતંત્ર જ કહી દઉં તો ! ઉપાય સારો લાગ્યો. એક સાથે જ બંને અર્થ સરશે એવો વિશ્વાસ બેઠો. જે ભાઈ હશે ને જે બહેન હશે તે એકબીજાંના અંતર પણ પામી શકશે અને સાથોસાથ મારા જેવા તટસ્થનો અભિપ્રાય પણ જાણી શકશે.

હું તટસ્થ જ છું એમ ખાતરીથી માનજો. કોઈ વકીલ બનીને લખવાનું મને રુચતું નથી. તટસ્થ છું માટે તો આ પત્રો રાગદ્વેષ

વિના રજૂ કરી દઉં છું. આ પત્રોનો મોટામાં મોટો ગુણ એની સ્વભાવિકતામાં રહેલો છે. મારી પેઠે ઉપદેશ કે સૂચના આપવા માટે એ પત્રો લખાયા નથી. એમાં વ્યવસ્થાનો અભાવ દેખાય છે તે પણ એનો ગુણ જ છે. ભાઈ અને બહેન, બંને સુશિક્ષિત ને સંસ્કારી છે. માતાપિતા ય એવાં જ સંસ્કારી છે. આમ છતાં એ બંનેના હૈયામાં કંઈ કંઈ આશાઓ અણપુરાયેલી પડી છે. તેઓ પોતાની વાત કરતાં કરતાં આખા સમાજ ઉપર દૃષ્ટિ ફેરવી જાય છે, તે બતાવે છે કે તેઓ સંકુચિત નથી. પોતાની લાગણીના સમર્થનમાં આસપાસની દુનિયામાં જે દેખાય છે તે પણ તેઓ રજૂ કરે છે.

આ કારણોને લઈ પત્રો જીવતા તો બન્યા જ છે પણ એની પ્રેરક શક્તિનો પણ આપણને અનુભવ થાય છે.

પણ લાંબી પ્રસ્તાવના કર્યા વિના પત્રો જ રજૂ કરી દઉં. એ ક્યારે ને ક્યાંથી લખાયા છે તે તો વાંચતાં જ સમજાઈ આવશે.

[૨]

ઝંખના

મુંબઈ

તા. : જુલાઈ '૪૩

પ્રિય કુન્દન

વિનુભાઈ સાથે મોકલેલો તારો સંદેશો મળ્યો. એ બિચારા સંદેશો આપવા આવતાં રસ્તામાં સાવ પલળી ગયા: મુંબઈનો વરસાદ કેવો

ખાંડો છે તેની તને ખબર છે? હોય, તું ચોમાસામાં અહીં આવી છો જ ક્યારે? પણ પલળવામાં યે મઝા તો આવે જ હો! વિનુભાઈએ આજે એ મઝા ભોગવી.

તું કહેવડાવે છે કે હું કાગળ કેમ નથી લખતો. મારો જવાબ હું પ્રશ્નાર્થમાં જ આપું? આપે મને કેટલા કાગળો લખી નાખ્યા? બાપુજી ઉપર હું કાગળ લખું છું તેમાં તારું નામ તો લખું જ છું. તું એટલું યે કોઈના કાગળમાં લખે છે?

તું કહે છે કે ઇન્ટર પૂરું કર્યા પછી તારે ભાવનગર નથી રહેવું અને મુંબઈ આવવું છે. હું કહું છું, તને ના કોણ પાડે છે? બા-બાપુજીના તો તારા ઉપર ચારે ય હાથ છે. મારા કરતાં યે તું એમનો વિશેષ 'લાડકો દીકરો' છે. હા, બા હવે એ દીકરાની ચિંતામાં પડયાં હશે અને તારા કાન ઉપર એવું અથડાઈ જતું હશે કે ઇન્ટર પછી આગળ નથી ભણવું, પણ 'પારકે ઘેર' જવાની તૈયારી કરવાની છે. સંભવ છે કે એટલે જ તને ભાવનગરનું વાતાવરણ છોડવાની ઇચ્છા થઈ હોય.

પણ તારા કાગળ વિના મારે લખવું શું? મુંબઈની અને મારી કોલેજની વાતો તો પેટ ભરીને ઘર ઉપરના સંયુક્ત કાગળમાં મેં લખી નાખી છે. એને બેવડાવવાથી શો લાભ? તને ય કદાચ કંટાળો આવે. તેં વિનુભાઈ સાથે જે કાગળ માટે સંદેશો કહેવરાવ્યો છે તે આ જ કે કોઈ બીજા પ્રકારનો?

તારા જવાબ પછી વધુ લખીશ.

તારો ભાઈ

ભાવનગર

તા. જુલાઈ ૧૯૪૬

પ્રિય ભાઈ

તમારા આવા કાગળમાં મને શી મઝા આવે ? મારે તો સરસ સરસ પત્રો જોઈએ, મારી એક મિત્ર છે. એના ઉપર દર અઠવાડીએ એના ભાઈનો કાગળ આવે છે. ભાઈ કલકત્તા છે ને બહેન અહીં છે પણ સાથે બેસીને વાતો કરતાં હોય એટલાં નજીક લાગે છે. કંઈ પણ વાત કરતાં એના ભાઈનું નામ તો એક વાર આવે જ આવે.

એને જોઉં કે એની સાથે વાત કરું ત્યારે હંમેશ મને તમારા કાગળની મૂર્છા થાય. કોઈ વાર લાગી પણ આવે કે મારા ભાઈને આ સુશીના ભાઈ જેટલી હું વહાલી નથી ! સુશીને કંઈ પણ મુઝવણ થાય કે બસ, કાગળ લખ્યો જ છે અને દસમે દિવસે જવાબ પણ આવ્યો જ સમજો. એ બંને વચ્ચે પણ આપણી પેઠે ત્રણ વરસનો જ ફેર છે. હું તો 'તમે' કહું છું પણ એ તો તું કહીને જ ભાઈને બોલાવે છે. એ બે ય વચ્ચે છે એવો પ્રેમ આપણું ન થાય ? એવા પત્રો મને ન મળે ?

પણ મારો જ વાંક છે. હું જ ક્યાં લખું છું ? કયે દિવસે તમારી સાથે મેં વાત કરી છે ? બા–બાપુજી ખૂબ ખૂબ સારાં છે એટલે 'દીકરી' છું તો યે મુશ્કેલી તો કદી આવી જ નથી. ભાઈની મદદની સુશીને જરૂર પડે છે, મારે તો પડતી જ નથી, પણ એમ તો થયા જ કરે છે કે આપણે જાણે ભાઈબહેન છીએ જ નહિ ! અજાણ્યાં ને આપણી વચ્ચે ફેર હોય તો એટલો જ કે ઊંડે ઊંડે પ્રેમની લાગણી પડી હશે. એ સિવાય તો કંઈ જ નહિ. તમારા મિત્રો જુદા ને મારા ય જુદા. તમારો આનંદ જુદો ને મારો ય જુદો, ભાઈબહેન તો માત્ર કહેવાનાં જ ને ?

વિનુભાઈ સાથે કહેવડાવ્યું ત્યારે મોટો કાગળ મારે તો લખી આપવો હતો પણ હિંમત ન ચાલી. આયું કહું તો વિનુભાઈ સાથે અમારે તે દિવસે ચર્ચા જામી પડી હતી. વિનુભાઈ એમ કહેતા હતા કે 'આપણો સ્વભાવ એવો છે કે નજીકમાં નજીક હોય તેની મદદ ન લઈએ ને બહાર દોડીએ. ભાત ભાઈબહેન હોય તો યે બીજા મિત્રો તો જોઈએ જ અને તે પણ ભાઈબહેન ઉપરાંત નહિ, પણ એમના વિના જ.' મેં સામે દલીલ કરી. 'એ તો એમ જ હોય. ઘરનાં સાથે તો રોજ રહેતાં હોઈએ. એમાં શી મઝા આવે ?'

એમણે સરસ જવાબ આપ્યો : 'ક્યાંથી મઝા આવે ? લાગણી હોય તો જ આનંદ આવે ને ! અને કોણ કહે છે કે ઘરમાં જ બંધાઈ રહેવું ! પહેલાં સગાં ભાઈ–બહેનો ને પછી મિત્રો એમ રાખીએ તો બધું જળવાય.'

હું તો કંઈ ન બોલી, પણ સુશી એમના પક્ષમાં બોલી ઊઠી: 'મને તો ભાઈ જેટલું વહાલું કોઈ જ નથી. પ્રવીણ કલકત્તા નહોતો ગયો ત્યાં સુધી અમારાં બંનેના મિત્રો પણ એક જ હતા. અમને તો એમાં જ મઝા આવે.'

હું તે દિવસે વિચારમાં પડી ગઈ હતી, સાંજના ફરવા ગઈ ત્યારે પણ એ જ વિચાર મારી પાછળ પડયો હતો. એમ થતું હતું કે ભાંડરૂમાં આપણે બે જ છીએ પણ આપણી વચ્ચે સંબંધ જ ક્યાં છે ? છેક નાનપણને યાદ કરતાં તો એવું લાગ્યું કે હું તમને ગમતી જ નહોતી. બા હમેશાં મારો પક્ષ ખેંચી તમને ઠપકો આપતાં ને કહેતાં 'પોતાની બહેન છે પણ જરી યે વહાલ કરે છે ? પાડોશીના છોકરાંને રમાડશે પણ પોતાની નાની બહેનને નહિ !' આ શબ્દોનો અર્થ ત્યારે તો સમજાયો નહોતો, આજે બરાબર સમજાય છે.

એ પછીના દિવસો યાદ ન કરું તો યે તમને યાદ આવી જશે. વિનુભાઈની વાતોએ મને તો પહેલાં ચિંતામાં ડુબાડી દીધી અને પછી

રડાવી મૂકી. એમ થઇ ગયું કે મારે ભાઈ છે પણ ભાઇનો પ્રેમ નથી!

અને બીજે દિવસે પણ વિનુભાઇએ એ જ ચર્ચા શરૂ કરી. ત્યારે પણ સુશી હાજર હતી. વિનુભાઈ એ કહ્યું :

'બધાં ભાઈબહેનો એમ કહે છે કે અમારી વચ્ચે ખૂબ સ્નેહભાવ છે પણ મને તો એ સાચું જ લાગતું નથી. એટલું હું માનું છું કે એવું બોલનારાઓમાં દ્વેષભાવ નહિ હોય, પણ સાથે સાથે સ્નેહભાવની પણ ઊણપ જ હશે.'

મેં તુરત પૂછ્યું : 'શા ઉપરથી તમે કહો છો ?'

વિનુભાઇએ જવાબ આપ્યો : 'સ્નેહ છાનો રહે નહિ. પ્રેમનો સ્વભાવ એવો છે કે બીજાંને માટે કંઇ ને કંઈ કર્યા વિના જંપ જ ન વળે. જે ભાઇબહેનો એમ કહેતાં હોય કે અમારી વચ્ચે પ્રેમ છે તેમને હું પૂછું છું કે એની નિશાની શી ? મને કોઇ જવાબ જ આપતું નથી.'

સુશી તુરત બોલી ઊઠી: 'કુન્દન જવાબ આપશે.' અને હું શરમથી નીચું જોઈ ગઈ.

વિનુભાઈ એ વખતે સાવ ઢીલા પડી ગયા હોય એવું લાગ્યું, કારણ તો મારાથી સમજાયું નહિ. ચર્ચા છોડીને કોઇ ગંભીર વિચારમાં એ ડૂબી ગયા !

થોડીવાર પછી એ ગંભીર સ્વરે બોલ્યા ત્યારે જ એમની ગંભીરતાનું રહસ્ય સમજાયું અને જેવું સમજાયું તેવું જ મારા અંતરમાં ફરીને મંથન જાગી ઊઠ્યું.

વિનુભાઇએ કહ્યું : 'આ બધા વિચારો મને એટલા માટે આવે છે કે હું બહેન વિનાનો છું. કોઇ ભાઇબહેનને સાથે રમતાં, ફરતાં કે ચર્ચા કરતાં જોઉં ત્યારે મને મારું દુર્ભાગ્ય યાદ આવી જાય છે. એમ થાય છે કે મને ય આવી બહેન હોત તો કેવું સારું થાત! એ પછી કોઇને બહેન બનાવવા મથું છું પણ એમાં તો સમાજ, સમાજની

રૂઢિઓ, 'બહેન'ના કુટુંબીઓની ભાવના વગેરે હજાર વાતો આડી આવે છે.........'

હું વચ્ચે બોલી ઊઠી : 'પણ તમે તો કહો છો ને કે ભાઈબહેન વચ્ચે સાચો પ્રેમ મને ક્યાંય દેખાતો જ નથી !'

'એવું મેં ક્યારે કહ્યું છે?' વિનુભાઇ બોલ્યા: 'હું તો એમ કહું છું કે એવો પ્રેમ દરેક સ્થળે નજરે પડતો નથી, સાચેસાચ કહું તો, બહેન માટેની મારી ઝંખનામાંથી જ આ નિરીક્ષણ કરવાની વૃત્તિ ઉદ્‌ભવી છે.' આટલું બોલી એ જરા અટક્યા ને પછી બોલ્યા: 'આવી બધી વાતો સાંભળવી તમને ગમે છે?'

અમે બંનેએ તુરત માથું હલાવી હા પાડી એટલે વિનુભાઇએ આગળ ચલાવ્યું :

'હું નાનો હતો ત્યારથી બહેનને ઝંખતો રહ્યો છું. અમારી પડોશમાં એક ભાઇ-બહેનની સુંદર જોડી હતી એ બંને સાથે જ ઊઠે, સાથે જ જમે, સાથે જ નિશાળે જાય, સાથે જ રમે બીજાં મિત્રો ખરાં, પણ બેમાંથી એકનાં નહિ, બંનેના જ. એટલે મિત્રોમાં પણ એ સાથે જ. અને માતાપિતાના લાડમાં કશી યે ખામી નહોતી પણ બહેન વિનાનો હું મને એકલો જ લાગતો હતો. એ પછી મારી બાએ મને બે ભાઈઓ આપ્યા. પણ એકે ય બહેન નહિ! નાના ભાઇઓ આવતા મારી એકલતા તો ઓછી થઈ પણ બહેનની ઝંખના શમી નહિ. વગર સમજ્યે એમ લાગ્યા જ કરે કે જેણે ખૂબ પુણ્યો કર્યાં હોય તેને જ બહેન મળે. જેમ મોટો થતો ગયો તેમ આ લાગણી વધુ દૃઢ થવા લાગી.

'લાગણીના સૂક્ષ્મ પ્રવાહો અને ભાઇબહેનના સંબંધની જીવન અને સમાજ ઉપરની અસર વિષે તો હું અત્યારે તમને કશું નહિ કહું, પરતુ તે દિવસથી જ હું દરેક ભાઈબહેનનું નિરીક્ષણ કરતો થઇ ગયો. જેમ જેમ હું જોવા લાગ્યો તેમ તેમ મને દુઃખદ રીતે જણાયું કે જે ઇશ્વરદત્ત

સંબંધને હું ઝંખું છું તે સંબંધ તરફ દુર્લક્ષ કરનારાઓનો પાર નથી. પહેલાં તો મને આ નિરીક્ષણથી થોડું આશ્વાસન મળ્યું. એમ થયું કે ‘મારે જેમ બહેન નથી તેમ મોટા ભાગના ભાઈઓને પણ ‘બહેન’ નથી. બહેનભાવ ન હોય તો બહેન હોય કે ન હોય એ સરખું જ ગણાય ને?’ આટલું બોલી વિનુભાઈ મારી સામે જોઈ રહ્યા. શા માટે જોતા હશે તે તો એ જાણે પણ મારે નીચું જોઈ જવું પડ્યું.

એમણે આગળ ચલાવ્યું: ‘જેને નથી તે ઝંખે છે અને જેને છે તે પરવા કરતા નથી. એમ લાગે છે કે એ સંબંધનું મહત્ત્વ જ તેઓ નહિ સમજતાં હોય. સૂક્ષ્મ તત્ત્વોને. બાજુએ રાખીએ તો યે સ્થૂળ જીવનમા, સામાજિક અને કૌટુંબિક જીવનમાં ભાઈબહેન એકમેકને કેટલાં સહાયક થઈ શકે તેનું તેમને ભાન જ નહિ હોય.’

મને કહેવાની ઇચ્છા થઈ કે ‘એ મહત્ત્વ સમજાવો’ પણ હિંમત ન ચાલી. ડર લાગ્યો કે કદાચ મારા મનમાં ભાઈની ઝંખના જાગી બેઠી છે તેની એમને ખબર પડી જશે?

ત્યાર પછી વિનુભાઈ બે’વાર મળ્યા, પણું એ વાત ઉચ્ચારી જ નહિ. વિનુભાઈના ગયા પછી સુશી અને હું ચર્ચા કરતાં. પરંતુ એમાં સુશીનો આનંદ વર્ણવવા ઉપરાત કંઈ લખવા જેવું નથી.

વિનુભાઈ મુંબઈ આવવા નીકળ્યા ત્યારે મેં ભાર દઈને કહેલું કે જયંતભાઈ મને કાગળ લખે જ, એમ કહેજો—તેની પાછળ આ ચર્ચા અને આ ચિંતા પડેલાં હતાં. બોલો, હવે સમજી ગયા ને કે વિનુભાઈ વરસતે વરસાદે પણ શા માટે ત્યાં આવ્યા હતા?

અને તમે કહો છો ને કે મને ‘રીપોર્ટ’ કરતાં સરસ આવડે છે? તેનો નમૂનો પણ આ કાગળમાંથી મળી આવશે. વિનુભાઈ સાથેના ‘વાર્તાલાપ’નો ‘અહેવાલ’ કેવો લાગ્યો તે લખજો.

અને...અને કંઈ નહિ. આટલું વાંચ્યા પછી જે પ્રશ્ન ગીરે

વિનુભાઈને પૂછવો હતો પણ હિંમત ન ચાલી તેનો જવાબ શું તમે નહિ લખી નાખો !

ભાવનગર શા માટે છોડવું છે તેનાં કારણો બીજા પત્રમાં. તમારો સરસ પત્ર આવશે તો જ લખીશ.

નાની બહેન
કુન્દન.

મુંબઈ
તા. : જુલાઈ '૪૩

પ્રિય કુન્દન,

તારો આજ સવારે જ મળેલો લાંબો કાગળ વાંચી હું તો ઊંડા વિચારમાં પડી ગયો છું. એક વાર તો તને તાર કરી અહીં બોલાવી લેવાની ઇચ્છા થઈ આવી. બીજી પળે એક આંટો ભાવનગર માગે જઉં એવી લાલચ થઈ, પણ એ બંને ઇચ્છાઓ રોકીને ભાઈબહેનના, મારા ને તારા વિચારમાં જ ઊંડા ઊતરવાનું પસંદ કરું છું.

તેં સ્પષ્ટ રીતે જે પ્રશ્ન પૂછ્યો છે તે તારા પત્રમાંથી બીજા જે પ્રશ્નો ઊઠે છે તે બધાનો જવાબ હું તને અવશ્ય લખીશ, પણ અત્યારે નહિ. મારું મન અત્યારે તો અનેક વિચારોથી ઘેરાવા માંડ્યું છે. એમાં એકાદ વિચાર મારામાં સ્થિર થાય પછી જ હું તને વિસ્તારથી જવાબ લખીશ.

વિનુભાઈ આટલા વર્ષથી મારા મિત્ર છે પણ એમની આ ઝંખનાનો પરિચય મને કદી થયો જ નહિ. હું એમને મળીશ અને તારી પાસે એમણે જે જે કહ્યું તે વિષે અમે બંને ચર્ચા પણ કરીશું. આ બધો 'અહેવાલ' તારી પેઠે અક્ષરશઃ તો નહિ, પણ સારરૂપે તને જરૂર જણાવીશ.

આ કાગળ તો આજની લાગણી વ્યક્ત કરવા પૂરતો જ છે. ત્રણ ચાર દિવસમાં તું આનંદથી નાચી ઊઠે અને પેલી સુશી મોં ફાડીને જોઈ રહે એવો કાગળ હું લખવા ધારું છું.

તારો...ભાઈ.

[૩]

ભાવના

ભાવનગર

તા. ૬ : જુલાઈ '૪૩

પ્રિય મોટાભાઈ,

ત્રણ દિવસ સુધી તમારા પત્રની રાહ જોયા પછી આ કાગળ લખું છું. 'મોટાભાઈ' એટલા માટે લખું છું કે હવે તમે મારા ભાઈ જ નહિ, મોટાભાઈ બનવાનો નિર્ણય કરી લીધો હશે.

તમને છેલ્લો કાગળ લખ્યા પછી કોણ જાણે શા માટે, પણ એમ લાગ્યા જ કરે છે કે મને મારો ભાઈ મળી ગયો. હું એની વહાલુડી બહેન બની ગઈ! આ લાગણીમાં તમારા કાગળે ઉમેરો કર્યો. સુશી સાથે મારે સાધારણ ઓળખાણ તો હતી જ, પણ વિનુભાઈની વાતો પછી અમે તો ખાસ બેનપણીઓ બની ગયાં છીએ. તમારો કાગળ મેં એને વંચાવ્યો. એ મોં ફાડવાનો અભિનય કરીને બોલી 'તારો ભાઈ ઊંઘમાંથી ઊઠ્યો ખરો!'

સુશી બહુ સરસ છોકરી છે. એના ભાઈના એ બહુ જ વખાણ કરતી એટલે મને એના પ્રત્યે થોડો કંટાળો આવેલો, પણ હવે, તો

લાગે છે કે મારું યે સુશી જેવું થઇ જશે. આજે બાએ પણ કહ્યું: ‘ભાઈને આટલું બધું હેત ક્યાંથી આવી ગયું કે બહેનને જુદો કાગળ લખ્યો ?’ મેં જવાબમાં કહ્યું: ‘હવે તો મોટા મોટા કાગળો આવશે.’ બાપુજી આ સાંભળીને ખડખડાટ હસી પડ્યા.

આપણાં બા-બાપુજી કેટલાં સરસ છે! સુશી બિચારી એ બાબતમાં ભારે કમભાગી છે. મા-બાપુ જૂના વિચારનાં તો ખરાં જ, પણ જરી યે પ્રેમાળ પણ નહિ. એના ભાઈનો સાથ ન હોત તો બિચારી ઇન્દરમાં ભણવાને બદલે પરણીને સાસરે જઈને બેઠી હોત. મોટો ભાઈ સારું કમાય છે એટલે એનાં બા-બાપુજીને પરાણે મોટાભાઈનું માન રાખવું પડે છે. હમણાં એના સગપણની વાતો ચાલે છે સુશીને ભાઈનો ઓથ છે એટલે ગભરાતી નથી.

આની સામે આપણાં બા-બાપુજીનો વિચાર કરીએ તો! મને ભાવનગર છોડવાની ઇચ્છા થઈ છે તેનું તમે ધાર્યું તેવું કારણ તો છેક નથી, પણ સહેજ ખરું. બા તો કંઈ બોલતાં નથી અને બાપુજી તો ક્યારે એવું બોલે છે? પણ ભાભુ અને ભાઈજીએ હમણાં બા-બાપુજીનો જીવ ખાવા માંડ્યો છે. આપણાં બીજાં સગાંઓ પણ અવારનવાર ‘દરખાસ્તો’ લઈ આવે છે. આ બધાને જવાબ આપતાં બા થાકે છે. મને થયું કે હું મુંબઇ હોઉં તો બાની મુઝવણ ઓછી થાય.

તમે મશ્કરી ન કરો તો કહું. મારે એમ. એ. થઇ ગયા પહેલા આ વિષે વિચાર જ કરવા નથી. બા-બાપુજી મને દબાણ કરશે જ નહિ, પણ જો કરે તો સુશીના ભાઇની પેઠે તમારે... .....પણ એનાં ને આપણાં બા-બાપુજીમાં કેટલો બધો ફેર છે!

વિનુભાઇને તમે મળો ને ચર્ચા થાય તે સવિસ્તાર મને લખજો. એમની વાતો સાંભળવી મને બહુ ગમે છે. એમની પાસે ‘બહેન”

નથી એટલે એ કેવાં ઝંખે છે! મારે હવે એવી બહેન શોધી કાઢવી છે કે જેને ભાઇ ન હોય અને ઝંખતી હોય.

તમારો કાગળ હવે ક્યારે આવશે? સુશી તો મોં ફાડીને જોઈ રહેવાની વાટ જુએ છે.

તમારી બહેન.

તા. ઑગષ્ટ '૪૪

પ્રિય કુન્દન,

તને કાગળ લખવા બેસતો હતો ત્યાં તારો બીજો કાગળ આવી પડ્યો સુશીને કહેજે કે તારા પ્રવીણભાઇનો કાગળ આઠ–દસ દિવસે આવતો હશે, મારા જયંતભાઇનાં કાગળો તો હવે દર ચાર દિવસે આવશે, જો કે આ કાગળને તો જરા મોડું થઇ ગયું છે.

વિનુભાઈ સાથે વાતો થઇ. એ તો ગજબના નીકળ્યા. તમારી પાસે એ જે કાંઈ બોલ્યાં તે તો સાવ સામાન્ય છે. એમના મનમાં તો ભાઈબહેનના સંબંધ વિષે હજારો વાતો અને હજારો કલ્પનાઓ પડેલી છે. તારી પેઠે અને તું પૂછે છે તેમ એમની સાથેની ચર્ચાનો અક્ષરશઃ અહેવાલ તો હું નહિ આપી શકું. પણ એનો સાર અવશ્ય આપીશ. આ સારમાં કંઇ પણ ભૂલ રહેશે નહિ તેની ખાતરી રાખજે અને કોઈ વાર પ્રસંગ મળી આવે તો વિનુભાઇને પૂછીને પણ પાકી ખાતરી કરી લેજે.

વિનુભાઈને મેં તારા કાગળની વાત કરી ત્યારે પ્રથમ તો તેઓ હસ્યા. પછી બોલ્યાઃ 'કોણ જાણે કેમ, એ બંને બહેનોને જોઈ મારાથી આટલું કહ્યા વિના રહેવાયું જ નહિ. પાછળથી તો હું મૂંગો બની ગયો.' મને થયું કે આવી વાતોની એમના મન ઉપર કોણ

જાણે કેવી અસર થશે! પણ એમ લાગે છે કે મારી ઝંખના એમના હૃદયને સ્પર્શી ગઈ છે.'

તારો કાગળ વંચાવીને એમનું મન હળવું કરવાની મને ઇચ્છા થઈ ખરી, પણ એમણે માગ્યો નહિ એટલે મેં આપ્યો નહિ. તારો પ્રશ્ન તો એમને કહી સંભળાવ્યો. જવાબમાં એમણે જે કહ્યું તેનો આ સાર :

'મારા નાનપણની વાત તો મેં એમને કરી જ છે. એ પછી જેમ સમજતો થયો તેમ એ લાગણી દૃઢ બની. નાના ભાઈઓ મળ્યા ત્યારે એકલતા ગઈ અને મિત્રો મળ્યા ત્યારે હૃદય ખોલવાનું સાધન પણ પ્રાપ્ત થયું, પરંતુ બહેન તો ન જ મળી. આજે પણ નથી.

'તમને થશે કે બહેનની આવી તે મને શી જરૂર ઊભી થઈ! જેમને બહેન છે તેમને આ ઝંખના નહિ સમજાય, જેમને નથી તેમના દિલમાં પણ અમુક પ્રકારના લાગણીપ્રવાહો નહિ હોય તો આના મર્મની ખબર નહિ પડે. કોઈ તો મારી વાત માનશે નહિ ને મને ઘેલો પણ ગણી કાઢશે.

'પણ હું કહું છું કે બહેન અને ભાઈનો સંબંધ સ્થાપિત કરનાર ઈશ્વર હોય કે મનુષ્ય હોય, તેણે આ સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો કર્યો છે. પુરુષ અને સ્ત્રી, એ બે શબ્દો બોલતાં ને તેના વિષે કલ્પનાની એક સૃષ્ટિ રચવા જતાં જે દૃશ્યો નજરે પડે છે તે મનોહર તો છે જ. એમાં પ્રેમની પરાકાષ્ટા પણ કોક કોઈ વાર દેખાય છે, પરંતુ સ્થૂળ જગતમાં જે જોઈએ છીએ તે સુખ ઉત્પન્ન કરનારું નથી. એ દૃશ્યો પ્રસન્નતાને બદલે દુઃખ અને ક્યારેક તો ઘૃણાની લાગણી જન્માવે છે. સ્ત્રી-પુરુષ એકમેકને ભોગવવા માટે જ કેમ જાણે પૃથ્વી ઉપર અવતર્યાં ન હોય, એવું લાગે છે.

'આ દુનિયામાં એક ભાઈ-બહેન જ એવાં સ્ત્રી-પુરુષ છે કે જ્યાં

ભોગવવાની વૃત્તિનો સર્વથા અભાવ છે. જ્યાં પ્રેમ છે પણ શાન્ત ઝરણાં જેવો. જ્યાં ત્યાગની વૃત્તિ છે પરંતુ કંઈ યે મેળવવાની ઇચ્છા નથી. જ્યાં આંખોમાંથી અમી ઝરે છે પણ ખેંચાઈ જઈને ભાન ગુમાવાતું નથી. આ ભાઈબહેનને સ્ત્રી–પુરુષથી જુદાં ગણવાની કલ્પના જેણે માનવસમાજને આપી હોય તેને હું કોટિ કોટિ વંદન કરું છું

'મને હમેશાં એમ લાગ્યું છે કે પશુના અને માનવના વર્તનમાં ભેદ પાડનારું આ એક મોટું તત્ત્વ છે. 'આ બહેન છે' એવી માન્યતા માણસના ચિત્તને કેવું ફેરવી નાખે છે! માતા, પુત્ર કે પિતા–પુત્રી માટે મને એવું નથી લાગતું. ત્યાં વયનું અંતર તો છે જ, ઉપરાંત એકની પાસે બીજાનો ઉછેર થયો હોય છે તેની યે સંસ્કારો ઉપર અસર પડે છે. ભાઈબહેન સમવયસ્ક હોય છે અને છતાં યે ત્યાં ઊંચેરાં અને અનોખા પ્રેમની સ્થાપના થાય છે

'હું જાણું છું કે માનવીમાં યે પશુઓ છે, પરંતુ એક દિવસ જ્યારે આ કલ્પનાનો હસ્તી જ નહિ હોય ત્યારે તો બધાં પશુઓ જ હશે. ભાઈબહેનનો ભેદ સ્પર્શતો નહિ હોય એટલું જ નહિ પણ જાતીય આકર્ષણ માટે એ જ નિકટનું સાધન બનતું હશે. માનવ–શક્તિના વિકાસ માટે આ મોટો અંતરાય ત્યારે હશે: એમાંથી સંયમની ભાવના પ્રગટી હશે. ભોગ અને આકર્ષણ ઉપર ત્યારે જ પહેલી વાર મર્યાદા મુકાઈ જશે. કુદરતી રીતે કશું યે ભિન્ન ન હોવા છતાં એ સંબંધો ત્યારે ભિન્ન ગણાયા હશે.

'આ માન્યતાની અસર કેટલી પ્રબળ થઈ છે તે તો તે પછીના માનવ–ઇતિહાસમાંથી મળે છે. સ્ત્રી–પુરુષને આ ભાવનાએ ભારે રક્ષણ આપ્યું છે, પતિ–પત્ની સિવાયના સંબંધો ભાઈબહેન રૂપ હોવાં જોઈએ એ વિચાર આમાંથી જ ઉદ્ભવ્યો હશે. એટલે જ કુટુંબો

રચી શકાયાં હશે અને સમાજ વ્યવસ્થિત બન્યો હશે.' લગ્નસંસ્થાની ઉત્પત્તિ અને તેમાં પવિત્રતાનું આરોપણ પણ ત્યારે જ થયું હશે.

'આ સંયમભાવના, પવિત્ર ભાવના જે સંબંધના મૂળમાં રહેલી છે તે સંબંધ જેને પ્રાપ્ત થયો હોય તે કેવો દુર્ભાગી ગણાય! આવો દુર્ભાગી હું—તારો મિત્ર વિનુ છું.'

વિનુભાઈના આ શબ્દો તારા મન ઉપર શી અસર કરશે, એનો મર્મ તું સમજશે કે નહિ વગેરે વિચારો આ લખતા મને આવી જાય છે, પરંતુ મારી બહેન જેટલી નાની લાગે છે તેટલી એની બુદ્ધિ નાની નથી એમ માનીને આ બધું હું લખી રહ્યો છું.

કાગળ ધાર્યા કરતાં ઘણો લાંબો થઈ ગયો છે. વિનુભાઈની વાતોનો સાર આપવાનું પણ મારે માટે તો અઘરું થઈ પડ્યું છે. કારણ કે મેં જેટલું ઉપર લખ્યું છે તે તો એમની વાતોના ચોથા ભાગનો પણ સાર નથી; ખરું જોતાં તો એમણે કહેલો આ એક જ મુદ્દો છે. એવા બીજા મુદ્દાઓ પણ આ પત્રમાં લખું તો નાની શી પુસ્તિકા થઈ જાય. તને કદાચ કંટાળો યે આવે.

આવા વિચારથી અત્યારે આટલું જ લખું છું. તારા મન ઉપર આની શી અસર થાય છે તે લખજે. તારો પત્ર વાંચ્યા પછી જ હું વિશેષ લખીશ.

× × ×

ભાવનગર છોડવા માટેના તેં જે કારણો આપ્યાં છે તે મને સાચાં લાગે છે. બા–બાપુજી ખૂબ ભલા છે. પરંતુ દૃઢ મનનાં નથી. બીજા માણસોની વાતો એમના ઉપર અસર કરી જ જાય છે. તું નહિ જાણતી હો પણ મારા માટે ય તૈયારી ચાલી રહી છે. ત્યાં...મોદીની પુત્રી પ્રમિલા માટે મને પુછાવ્યું છે, મારી ઇચ્છા તો અહીંનો

અભ્યાસ પુરો કરી બે વર્ષ સુધી આખા દેશની સફર કરવાનો છે; અને જો લડાઈના સંયોગો અનુકૂળ હોય તો પરદેશ જવાનો પણ વિચાર છે. આ બધું પૂરું થયા પછી જ લગ્નનો વિચાર કરવો છે. સદાયે પ્રેમ અને સગવડો આપનાર બા–બાપુજીની ઇચ્છાનો વિરોધ કરતાં મને દુઃખ તો ખૂબ થાય છે, પણ કરું શું? એમની સાથે દલીલો કરું છું ત્યારે તેઓ સમજી જાય છે, પણ પાછળથી બીજા લોકો એમનું મન ફેરવી નાખે છે.

તાગ માટે તું ચિંતા કરીશ જ નહિ. બા–બાપુજીને હું સમજાવીશ. માગ જેવો ભાઈ હોવા છતાં તાગી ઇચ્છા વિરુદ્ધ કોઇ કશું યે કરાવી શકે ખરું? સુશીના ભાઈ કરતા તું મને કોઇ રીતે–લાગણીમાં કે શક્તિમાં નબળો ગણીશ નહિ.

સુશીને તું બધા કાગળો વંચાવે છે! મને તો વાંધો નથી, પણ ગંભીર વાતો સંઘરવા જેટલું એનું હૈયું વિશાળ છે? અને એવો ભાર ઉપાડવાની એમાં તાકાત છે? આવા પત્રવ્યવહાર જાહેરમાં ચર્ચાય તે સારું નહિ એમ તો તું પણ સ્વીકારશે.

મારો બીજો કાગળ હવે આ કાગળની પહોંચ પછી.

તારો ભાઈ.

ભાવનગર
તા — : ઓગષ્ટ '૪૬

પ્રિય મોટાભાઈ,

તમારો લાંબો કાગળ મળ્યો. વિનુભાઇના ઉદ્ગારો વાંચીને મને તો એમના પ્રત્યે અદ્ભુત માન ઉપજ્યું છે. તમે પૂછશો કે હું એમાં સમજી કેટલું? મારો જવાબ આટલો જ છે કે તમે મારી સમજણની ચિંતા કર્યા વિના વિનુભાઇનું કહેલું બધું જ લખો અને સાથે સાથે

તમારા સ્વતંત્ર વિચારો પણ મને જણાવો. અમે છોકરાંઓના કરતાં વધુ સમજણ ધરાવીએ છીએ એમ હું કહું તો તમે ચિડાશો તો નહિ ને ?

પ્રમિલા માટે તમે લખ્યું, તેને હું ઓળખું છું. મારા જ વર્ગમાં એ અભ્યાસ કરે છે. તમારી ઇચ્છા હોય તો હું એની સાથે પરિચય કેળવું ને મારી અસર તમને જણાવું. બાએ એક વાર એને આપણે ઘેર બોલાવી હતી.

સુશીને હું પત્રો વંચાવીશ નહિ. એ ગંભીર અને ઉદાર તો છે જ, છતાં ન વંચાવવામાં કંઈ નુકસાન નથી. એમાં એને માઠું પણ નહિ લાગે. એના પ્રવીણભાઈના પત્રો વાંચવાનું હું બંધ કરીશ તો એને બધું સ્વાભાવિક લાગશે. ઘરની વાતો બહાર ફેલાય તે ઠીક નહિ, એ વિષે તમેં મારું ધ્યાન ખેંચ્યું તે સારું કર્યું.

વિનુભાઈના વિચારો તમે જરૂર જરૂર લખજો. એ બાબતમાં લખવાની આળસ કરતા નહિ. તમે જે રીતે લખ્યું છે તે જો સાર હોય તો એવા 'સાર'થી મને સંતોષ છે. બીજા મુદ્દાઓ પણ એટલા વિસ્તારથી અને સ્પષ્ટતાથી જણાવજો.

અને તમારા પોતાના વિચારો જણાવવાનું તો ભૂલતા જ નહિ. બહેન વિનાના ભાઈના વિચારો જાણ્યા પછી મારા જેવી બહેન પામેલા ભાઈના વિચારો તો જાણવા જ જોઈએ ને ?

મુંબઈ આવવાની ઇચ્છા તો ખૂબ છે અને મેટ્રીક પછી આવવું પણ છે, પરંતુ છેલ્લા થોડાક દિવસથી એમ થાય છે કે પછી કાગળો કેમ લખાશે ? તમે અહીં તો મારી સાથે કોઈ દિવસ વાતો કરી નથી. હવે કરશો ખરા ? આ પત્રોનું એટલું પરિણામ તો આવશે જ ને !

બા, બાપુજી તમને ખૂબ યાદ કરે છે. તમે એમના ઉપર છેલ્લા

વીસ દિવસમાં કાગળ લખ્યો જ નથી ને ! મારો કાગળ હું એમને વંચાવતી નથી. તમે જુદો લખજો.

તમારા બીજા કાગળની રાહ જોતી............નાની બહેન.

[૪]

ભેરૂ

મુંબઈ
તા. ઓગષ્ટ '૪૩

પ્રિય કુન્દન,

તારો કાગળ મળ્યો. મારી ધારણા સાચી પડી. વિનુભાઈએ કહેલુ બધું અને મારો પોતાનો અભિપ્રાય હું તને અવશ્ય જણાવીશ. તારી જિજ્ઞાસાને પૂરેપૂરી સંતોષવાનો હું પ્રયાસ કરીશ.

મને દૃષ્ટિમાં રાખીને પ્રમિલા સાથે તું પરિચય કેળવીશ નહિ. જો એ દિશામાં પગલું માંડવાનો મારો વિચાર હોત તો તારી આ મદદનો હું પૂરેપૂરો ઉપયોગ કરત. વિનુભાઈએ પોતાની વાતોમાં ભાઈબહેન એકમેકને કેટલાં ઉપયોગી થઈ શકે તે કહેતી વખતે તારી આ મદદનો ઉલ્લેખ પણ કર્યો હતો. તારું નામ દીધા વિના જ એમણે કહ્યું હતું કે પસંદગીમાં પણ ભાઈ કે બહેન જ વધુ ઉપયોગી થઈ શકે. મારો દાખલો આપીને બોલેલા કે તારા જીવનસાથીની પસંદગીમાં તારી બહેન જ વધુ મદદગાર બની શકે. ઓનું દિલ પણ એ જ ઉકેલી શકે. રૂઢિના બંધન હોય તો એ જ એમાંથી માર્ગ કાઢી શકે.

પણ પ્રમિલા વિષે કંઈ વિચારવાનું નથી કારણ કે આ ક્ષણે હું

લગ્ન વિષે નિર્ણય તો શું, વિચાર પણ કરવા ઇચ્છતો નથી. એ સમય આવશે ત્યારે કુન્દનની જરૂર પડશે જ. કોઇના પરિચયમાં આવીને લગ્ન કરવા તત્પર થઇશ તો પણ કુન્દનના તટસ્થ અભિપ્રાયની અપેક્ષા રાખીશ. મને ઓળખનાર મારા જીવનસાથીની યોગ્ય ઓળખાણ મને અવશ્ય આપી શકશે. એ જ રીતે હું પણ............પરંતુ તને એ વાત અત્યારે નહિ ગમે.

સુશીને પત્રો નહિ વંચાવવાનું નક્કી કર્યું તે બહુ સારું કર્યું. મને પણ એટલા પ્રમાણમાં લખવામાં સ્વતંત્રતા રહેશે. પત્ર લખતી વખતે ભૂલી શકાતું જ નથી કે એ કોણ કોણ વાંચવાનું છે? હૃદય એ રીત એટલા પ્રમાણમાં જ ઊઘડે છે.

તારી સમજણ જોઈને મને ચીડ ઉપજવાને બદલે આનંદ ઉપજ્યો છે. સાચું પૂછ તો આ પત્ર પછી મને એમ લાગ્યું કે આપણે મિત્રો જેમ રહી શકીએ. જીવનના અને જગતના પ્રશ્નોની ચર્ચા કરી શકીએ. આ 'મિત્રો' શબ્દ વાપરતાં મને વિનુભાઇનું સ્મરણ થઇ આવે છે, કારણ કે તેઓ સહેજ ઉશ્કેરાટમાં આવીને કહે છે:

'પહેલાં એમ કહેવાતું કે અમારા વચ્ચે ભાઈ–ભાઈ, બહેન–બહેન કે ભાઈ–બહેન જેવો પ્રેમ છે તેને બદલે હવે ઊલટું જ બોલાય છે ભાઈઓ વચ્ચે નિખાલસ પ્રેમ હોય તો સૌ બોલે છે—આ લોકો મિત્રોની જેમ રહે છે. એમ જ ભાઈ બહેનના સબંધનું બની ગયું છે.'

વિનુભાઇના મત પ્રમાણે જૂના કાળમાં ભાઇબહેનનો સંબંધ જ સૌથી નિકટનો ગણાતો. મૈત્રીનો શ્રેષ્ઠ સંબંધ ભાઇ કે બહેન જેવો શબ્દપ્રયોગો કરીને ઓળખાવી શકાતો. આજે મિત્રોએ એ સ્થાન લીધું છે તેની ચિંતા નથી, પરંતુ ભાઈ અને બહેને એ સ્થાન ખોઇ નાખ્યું છે તે દુઃખદ વસ્તુ છે. ભાઈ અને બહેન નિકટના મિત્રો હોય એ જ સ્વાભાવિક ગણાય. તેઓ સાથ રમે, ખેલે, કૂદે, સ્વપ્નાં રચે અને

જગતનો પ્રવાસ કરે. આ બધું કશા પ્રયત્ન વિના થાય. એમાં જાગૃતિની પણ જરૂર નહિ.

પણ વિનુભાઈની વાત મારે તને વ્યવસ્થિત રીતે કહેવી જોઈએ.

એમણે કહ્યું : 'આવો સંબંધ જીવનવિકાસમાં સહાયરૂપ ન થાય તો કયો સંબંધ થઈ શકે? આ સંબંધ સ્વાર્થરહિત હોય. એમાં ઉશ્કેરાટ ન હોય. એમાં જીવનભર સાથે રહેવાનું ન હોય છતાં કલ્યાણની ભાવના તો પ્રત્યેક ક્ષણે બંનેના અંતરને ભરી દેતી હોય. બહેન દૂર દૂર પોતાના ઘરમાં બેઠી ભાઈનું શુભ ઇચ્છતી હોય અને ભાઈ પોતાના ગૃહજીવનમાં બહેનની મીઠી યાદ અનુભવતો હોય. બંને મળે ત્યારે આંખ અને હૈયાં હસી ઊઠે. બાળકો વધુ પ્રેમ મેળવે.

'સ્ત્રી અને પુરુષ, આ પૃથ્વીના બે અડધીઆં એમને કહું! એમના સાથ-સહકાર વિનાં જગતની રચના જ ન થાય. એ બંને વચ્ચે કેવળ જાતીય આકર્ષણ જ હોય તો જગતનો નાશ થાય. સ્ત્રી અને પુરુષમાં માત્ર એટલું જ નથી. એ સિવાય અથવા એ ઉપરાંત પણ એમનો સાથ જીવનને કેળવવામાં આવશ્યક છે. જુવાનીનું ફૂલ પૂર્ણપણે ખીલે તે પહેલાં સ્ત્રી-પરિચય અને પુરુષ-પરિચય સાવ સ્વાભાવિક રીતે થવો ઘટે. એમાં જાતીય આકર્ષણને સ્થાન ન હોય. સ્ત્રી કે પુરુષ એકબીજાને ભડકાવનારું તત્ત્વ ન હોય.

'આ સ્થિતિ સંયુક્ત કુટુંબમાં સહજ હોય છે. બહેન કે ભાઈનો નિર્દોષ સહવાસ અને નિર્દોષ આનંદ એમનામાં આ તત્ત્વો સહજ રીતે દાખલ કરે છે. બહેનનો ભાઈ સ્ત્રીને જોઈ કરતો નથી. અસ્વાભાવિક સંકોચ એનામાં જાગતો નથી. બીજી કન્યા તરફ પણ એ બહેનભાવે જોઈ શકે છે.

'જેને બહેન નથી, નિકટનો એવો નિર્મળ ને સરસ સ્નેહ નથી
પ્રે. પુ. ૨૫

તેનામાં આ સ્થિતિ આવતી નથી. એ બીથી ડરે છે અને ડરે છે એટલે જ એનું અંતર નબળું બને છે.

'આ યુગમાં યુવક અને યુવતીને મિત્રની ઝંખના જાગે છે અને એવી મૈત્રીઓ તેઓ શોધે છે તેનું કારણ પણ મને તો ભાઈબહેનના સંબંધનું અવસાન થયું છે એ જ લાગે છે. પ્રત્યેક મૈત્રીની પાછળ લગ્નપ્રેમની ભાવના હોય નહિ, હોવી જોઈએ પણ નહિ. પરંતુ આ મૈત્રીઓ અસ્વાભાવિક વાતાવરણમાં થતી હોવાથી અને સમાજ—નવો સમાજ પણ એક તરફ એવી જ દૃષ્ટિથી જોતો હોવાથી મોટે ભાગે વિકૃતિમાં જ પરિણમે છે. આવી મૈત્રીઓમાં કોઈક જ સ્થળે 'ભાઈ-બહેન'નો સંબંધ નજરે પડે છે.

'એટલે કુટુંબોમાં પહેલેથી જ જો ભાઈબહેનના સંબંધો કેળવવા તરફ લક્ષ અપાય તો જીવનમાં સ્વાભાવિકતા અને સરળતા વૃદ્ધિ પામે'

વિનુભાઈની વાતોનો બીજો મુદ્દો આ હતો. ત્રીજા મુદ્દામાં એમણે એક નવી જ વાત કહી :

'આજે સ્ત્રી–ઉદ્ધારની આપણે વાતો કરીએ છીએ. ગૃહજીવન અને સમાજજીવન સુધારવાની વાતો કરતાં યે થાકતાં નથી. જૂના રીત-રિવાજોને તિલાંજલી આપવા માટે પણ પોકારો પાડીએ છીએ. આ બધું ભાઈબહેન વચ્ચે સાચો પ્રેમસંબંધ સ્થપાય તો આપણે પાર પાડી શકીએ એમ જો હું કહું તો તમે હસી કાઢતા નહિ. આ સંબંધને મારું હૈયું અહોરાત ઝંખે છે પણ તેથી મેં મારું ડહાપણ ગુમાવી દીધું નથી. ભાઈબહેનના જોડામાં પૃથ્વી ઉપર સ્વર્ગ આવી જાય અને નર્ક માત્રનો નાશ થાય એવી વાત હું કરવા નથી માગતો. સાવ વ્યવહારિક રીતે જ આ પ્રશ્નને હું જોઉં છું.

'સ્ત્રી–ઉદ્ધાર અને સમાજ સુધારાની વાતો આ યુગમાં આવી છે અને મુખ્યત્વે પુરુષ જ એ બોલે છે એમ તો તમે સ્વીકારશો.

આ પુરુષ એટલે પિતા, પતિ, પુત્ર કે ભાઈ. આ ચારેય સ્વરૂપમાં મને સૌથી ક્રાંતિકારી રૂપ ભાઈનું લાગે છે. પિતા પુત્રીમાં, પતિ પત્નીમાં કે પુત્ર માતામાં જેટલા પ્રમાણમાં ક્રાંતિકારી વિચારોનું સીંચન કરી શકે તે કરતાં અનેકગણું વધુ સીંચન જો ઇચ્છે તો ભાઈ પોતાની બહેનમાં કરી શકે, એ બંને ભેરૂઓ પણ બની શકે. એ બંને એક થાય તો આખા ઘરનું વાતાવરણ પલટાવી શકે. એકમેકને સહાય આપવા માટે દૃઢ નિશ્ચય કરે તો એકેય જંગલી રિવાજ સ્થાન ન પામી શકે.

જાહેર પ્રવૃત્તિમાં પણ પતિપત્ની જેટલી જ નિર્ભયતાથી ભાઇ બહેન ઝુકાવી શકે. વાતાવરણને તેઓ પવિત્ર કરવા ઉપરાંત અનેક યુવક-યુવતીઓને, ભાઈબહેનોને ખેંચી પણ શકે.

'કુટુંબની બાબતમાં તો મને હર પળે એમ લાગે છે કે જો ભાઈબહેન વચ્ચે મેળ હોય તો સાસુવહુના, નણંદભોજાઈના અને એવા બીજા ઝગડાઓ સંભવે જ નહિ. ભાઈબહેનનો પ્રેમ સાચો હોય તો તેઓ એકબીજાના સુખ માટે જ મથે. એ મથામણમાંથી બીજાનું સુખ આપોઆપ ઉત્પન્ન થાય.

'અને સૌથી મોટી વાત. એ સ્નેહ કેવો સુંદર, શાન્ત અને સ્વસ્થ લાગે છે?'

આ ઉપરાંત પણ વિનુભાઈએ ઘણું કહ્યું. આ જ કાગળની શરૂઆતમાં મેં લગ્નપ્રશ્નમાં મદદ વિષે જે લખ્યું છે તેવું ઘર-કુટુંબના અનેક સવાલોમાં એમણે કહી બતાવ્યું. મને ઘડીભર તો એમ થઈ ગયું કે વિનુભાઈએ સમાજના આ એક અંગનું અદ્ભુત નિરીક્ષણ કર્યું છે અને અપૂર્વ કહી શકાય એવો એનો અભ્યાસ કર્યો છે.

પણ છેવટે તેઓ જે બોલ્યા તે તારે જાણવું છે? એ ઘણું કરુણ છે પણ ખૂબ ટૂંકું છે એટલે કહી દઉં છું.

એમના જ શબ્દોમાં કહું:

બહેન ભાઈના સંબંધમાં આટલું બધું માનનારો હું બહેન વિહોણો છું તેનું મને પારાવાર દુઃખ છે. મેં પણ બીજાંની પેઠે 'બહેન' મેળવવા પ્રયત્નો કર્યા પણ સમાજનું વાતાવરણ દૂષિત હોવાથી હું કરુણ રીતે નિષ્ફળ ગયો. જૂના કાળમાં આ સંબંધ એટલો વિકસેલો હતો કે એની સુવાસ ઇશ્વરદત્ત સંબંધો ન હોય ત્યાં પણ પહોંચી જતી. ધરમનો ભાઇ'. કે 'ધરમની બહેન' વળી મેં નાનપણમાં સાંભળી હતી. અહીં ધર્મ શબ્દનો ઉપયોગ શા માટે છે તે હું ખૂબ મોટો થયા પછી જ સમજ્યો. આ સંબંધ ધર્મભાવના વિના રાખી શકાય નહિ, ટકી શકે નહિ એવુ મને ઘણું મોડું સમજાયું

'આરંભમાં હું કોઇ ઘણુ સ્નેહાળ કન્યાને કહી દેતો કે તું મારી બહેન છે પણ પછી મને સમજાઇ જતું કે કહેવાથી 'બહેન' મળતી નથી. એવી લાગણીનું પ્રગટીકરણ ઈશ્વરના હાથમાં છે. કોઈ વાર એ લાગણી પ્રગટતી હું જોતો ત્યારે આસપાસની ત્રાંસી નજરોથી અંતર વીંધાઈ જતું. મનમાં ભય પણ લાગતો કે 'હું અંતરથી નબળો નહિ હોઉં તો આ લોકો મને નબળો બનાવી મૂકશે.' છેવટે મેં નક્કી કર્યું. કે ઈશ્વર દયાળુ હોવા છતાં જેમ અંધ, બધિર, અપંગ જન્માવે છે તેમ મને બહેનવિહોણો જન્માવ્યો છે. મારે હવે કલ્પનાની બહેનનો સાથ શોધવો ને ભ્રાતૃભાવને આ જગતમા પ્રકટાવવો.'

વિનુભાઇ ~~આ~~ બોલતી વખતે ગળગળા થઈ ગયા હતા. એમનો કંઠ રૂંધાયો હોય એવું તે દિવસે મેં પહેલી જ વાર જોયું હતું. આ વાત શરૂ કરનાર હું જ હતો. મારે તો ભાઈબહેનના સંબંધ વિષે ચર્ચા, સાચું કહું તો વાદવિવાદ કરવાની ઇચ્છા હતી, પરંતુ વાત જરા વધી કે તુરત એમણે પોતાની વિચારણા ઠાલવવા માંડી, હું સ્તબ્ધ બનીને સાંભળી જ રહ્યો. તું જ કહે, આવી વાતો કરનાર સાથે વાદવિવાદ, વાર્તવિવાદ કે ચર્ચા શક્ય છે?

વિનુભાઈની વાતો મેં જણાવી દીધી. હું મારો મત પણ આપું એવી તારી માગણી છે. મારા પત્રોમાં ને વિનુભાઈની આ વાતોમાં એવું કેટલુંક છે કે જે વિષે મારે ખુલાસાઓ કરવા જોઈએ, પરંતુ એ બધું પત્રો દ્વારા બની શકશે? આ કાગળ તો ખૂબ મોટો થઈ ગયો. ફરી કોઈ વાર લખું તો?

બા-બાપુજીને કાગળ લખાયો નથી એ વાત ખરી છે. આજે આટલું લખીને થાકી ગયો છું અને......સામેથી વિનુભાઈ જ આવતા દેખાય છે એટલે પૂરું કરું છું. બા-બાપુજીને કહેજે કે આવતી કાલે જ હું એમને પત્ર લખીશ.

વધુ તારો પત્ર આવ્યે.

તારો ભાઈ.

ભાવનગર

તા. : સપ્ટેમ્બર : '૫૩

પ્રિય મોટાભાઈ

તમારો લાંબો પત્ર મળ્યો. બાપુજી ઉપરનો પત્ર મળી ગયો છે. વિનુભાઈના વિચારો વાંચતાં વાંચતાં તેઓ મારી સામે બેસીને બોલતા હોય એવું જ મને લાગ્યું. આ બાબતમાં મને પણ વિચારો આવ્યા છે, પરંતુ તમારો મત જાણ્યા પછી જ હું મારા વિચારો જણાવીશ. એટલે તમે વગર વિલંબે નિબંધ જેવો એક પત્ર લખી નાખશો.

છેલ્લા અઠવાડીઆમાં મારી આસપાસમાં બે બનાવો બની ગયા. તમને એ જાણવાનું ગમશે એમ ધારીને લખું છું.

એક બનાવ તો સુશીનો છે. એ બહુ કરુણ છે અને એ વિષે મને ભારે ચિંતા થાય છે. સુશીના પિતાએ સુશી કે તેના ભાઈને પૂછ્યા વિના જ એનું વેવિશાળ કરી નાખ્યું છે. સુશી ચોધાર આંસુએ રડે છે. ભાઈને તાર કર્યો તેના જવાબમાં એ તારથી લખે છે

ખૂબ કામમાં છું એટલે આવી શકું તેમ નથી. તું નિશ્ચિંત રહે. આપણે એ સમપણ ફોક કરીશું.' પણ સુશીલાની હિંમત ભાંગી ગઈ. છે. ભાઈની મદદ ન મળે તો માતાપિતાની સામે થવાની એનામાં તાકાત રહી નથી. બિચારી અભ્યાસમાં મુદ્દલ ધ્યાન આપી શકતી નથી.

બીજો બનાવ આશ્ચર્યકારક છે. આપણી પાડોશમાં રહેતા ધનસુખલાલે એમનાં પત્નીને તજી દઈ પેલી કમળા સાથે લગ્ન કર્યાં છે. આ લગ્નનો વિરોધ થયો છે પણ તેની અસર થઈ નથી. આગલી પત્ની કાન્તામાં કશી ખામી નથી. એ અત્યારે જુદી રહે છે. ધનસુખલાલ એને માસિક પચીસ રૂપિયા ખર્ચ આપવા તૈયાર છે, વધુ કંઈ કરવા માગતા નથી.

પણ આમાં એક આશ્ચર્ય બન્યું છે. એક બાજુ ધનસુખલાલની વિધવા બહેન અને બીજી બાજુ કમળાના ભાઈ પ્રભાકરે આ લગ્નના વિરોધ તરીકે ઉપવાસ શરૂ કર્યા છે. આજે ચોથો ઉપવાસ છે. સગાંઓ સમજાવે છે કે જે થયું તે મિથ્યા થઈ શકે નહિ, કારણ કે લગ્ન થઈ ગયાં છે. આ બંને જવાબ આપે છેઃ 'મારા ભાઈનું—મારી બહેનનું પાપ સહન થતું નથી. લગ્ન ફોક ન થાય તો અમે પ્રાણ આપીએ.' ખબર નથી પડતી કે શું થશે, પરંતુ સૌના અંતરમાં એ બહેન–ભાઈ માટે આદરભાવની લાગણી જન્મી છે. મને તો એમનો માર્ગ સાચો લાગે છે. બહેન અને ભાઈ જો પોતાનાં ભાઈબહેનનું પાપમાંથી રક્ષણ ન કરે તો કોણ કરે ?

× × ×

પ્રમિલા માટે તમે લખ્યું તે જાણ્યું. એની સાથે પરિચય કેળવ્યો નથી, પરંતુ તમારા કાગળ પછી હું જેમ જેમ એના તરફ જોઉં છું તેમ તેમ મારી એનાં પ્રત્યેની લાગણી વધતી જાય છે તેનું શું કારણ હશે ?

જવાબ જરૂર લખજો.

તમારી બહેન.

[૫]

સ્પષ્ટતા

મુંબઈ

તા. સપ્ટેમ્બર '૪૪

પ્રિય કુન્દન,

તારો કાગળ મળ્યો, જવાબ આપવામાં તને આટલી વાર લાગી એટલે મેં માન્યું કે તારા તરફથી મને કોઈ લાંબો કાગળ મળવાનો છે, પરંતુ આ કાગળ જોયા પછી એમ લાગે છે કે વિનુભાઈના પત્ર ઉપર વિચાર કરવામાં, પેલા બે કિસ્સાઓનું અવલોકન કરવામાં અને પ્રમિલાનું નિરીક્ષણ કરવામાં તેં વખત ગાળ્યો છે. મારી આ ધારણા સાચી છે?

પહેલાં પ્રમિલા વિષે જ લખું: તારામાં લાગણી પ્રગટી છે તેનું કારણ સમજવાનું અઘરું નથી. મારા પત્ર પછી એને જોવાની તારી દૃષ્ટિ બદલાઈ ગઈ હશે. તારા આંતરમન ઉપર એણે એવી છાપ પાડી હશે કે એ તારા ભાઈનું એટલે કે તારું સ્વજન છે. આ લાગણી સુંદર છે પરંતુ તારી પરીક્ષક શક્તિમાં એ અંતરાયરૂપ ન નીવડે તે જોવું જોઈએ. આ શબ્દો હું પ્રમિલા માટે નથી લખતો, જ્યારે તારો ભાઈ કોઈ પણ 'પ્રમિલા' સાથે જોડાવા ઈચ્છે ત્યારે તારે કેવી જાગૃતિ રાખવી જોઈએ તે સૂચવવા માટે લખું છું. અત્યારે આ પ્રશ્ન પૂરતો તો મારો મત એવો છે કે તારે એ વિચાર મનમાંથી પ્રયત્નપૂર્વક દૂર કરવો.

જે બે કિસ્સાઓ તેં લખ્યા છે તેણે મારા અંતરમાં અનેક વિચારોને જાગૃત કર્યા છે. આપણી વચ્ચે પત્રવ્યવહાર શરૂ થયો

ત્યારથી વધુ સ્પષ્ટ રીતે કહું તો ભાઈ અને બહેન તરીકે આપણે જાગૃત બન્યાં તે ક્ષણથી આવા કિસ્સાઓ તરફ આપણું વધુ લક્ષ જાય છે. મારી આસપાસ પણ એવા બનાવો બને છે, પહેલાં પણ બનતા હતા પરંતુ હમણાં હમણાં એમાં જેટલો રસ લેવાય છે તેટલો પહેલાં કદી લેવાતો નહોતો.

ગઈ કાલે જ એક સહવિદ્યાર્થીની વાત સાંભળી. ભાઈ સાહેબનું નાનપણમાં જ લગ્ન થયેલું છે. આજ સુધી અભ્યાસના બહાને ઘરથી દૂર રહ્યા છે. બી. એ. પૂરું કર્યા પછી ઘેર ગયેલા ત્યારે ઉશ્કેરાટમાં કહી આવેલા કે 'આ ગામડાના ભોથાં સાથે મારું જીવન નહિ નભે. હું મારો માર્ગ કરી લઈશ.' આ બાબતમાં આખું ઘર ચિંતામાં પડી ગયેલું. ભાઈની પેઠે બહેને પણ નવું શિક્ષણ લીધું છે. બહેન મોટાં છે. ને પરણેલા છે. એમને ખબ પડી એટલે ભાભીને પોતાને ત્યાં, અમદાવાદ લઈ ગયાં ને ત્રણ મહિનામાં સાધારણ લખતાંવાંચતાં શીખવી દીધું. છ મહિનામ રીતભાત શીખવી. એક વરસ પછી તો એ પત્ર લખતી થઈ ગઈ. આ બિરાદર એમ. એ. પૂરું કરશે ત્યાં તો એમનાં પત્ની થોડીક યોગ્યતા મેળવી લેશે. પતિપત્ની અને કુટુંબ આ રીતે એક મહાન આફતમાંથી બચી ગયું.

બીજો કિસ્સો ભાઈના પરાક્રમનો જાણવા મળ્યો. જૂના વિચારના માતાપિતાએ બહેનનાં લગ્ન જે વ્યક્તિ સાથે કર્યાં હતાં તે સ્વભાવે દુષ્ટ અને સર્વ દુર્ગુણોનો ભંડાર હતા. બહેન ઉપર ત્રાસ વરસવામાં કશી મણા નહોતી. માતાપિતાની સહાય મળી શકતી નહોતી. પેલા જાલિમથી બધા ડરતા હતા. છેવટે ભાઈ હિંમત કરીને બહેનને લઈ આવ્યો. પેલો પતિ કેસ કરવા તૈયાર થયો છે પણ ભાઈને એની પરવા નથી. બહેન બિચારી ભાઈ ઉપર લાખ આશીર્વાદ વરસાવે છે.

સુશી માટે મને ખાતરી છે કે એનો ભાઈ મદદરૂપ બનશે જ. પેલા ઉપવાસના કિસ્સામાં શું બને છે તે લખજે. એ ભાઈ–બહેન

પ્રાણ આપવા સુધી તૈયારં થયાં હશે તો છેવટે જીતશે જ એમ મારું માનવું છે. પ્રાણત્યાગની ભાવના અંતરની ઊંડી લાગણી વિના સંભવી શકે નહિ.

વિનુભાઈના પત્ર ઉપર મારા વિચારો હવે જણાવી દઉં. તારા પત્રમી અનુત્તર રહેલી બાબતો પણ એમાં આવી જશે. તું વળતો કાગળ લખે ત્યારે તારા પ્રત્યાઘાતો અવશ્ય જણાવજે.

વિનુભાઈએ ભાઈબહેનના સબંધનુ જે મૂળ શોધ્યું છે તે મને સાચું લાગે છે. એ સંયમભાવના 'કેવળ ભાઈ–બહેન પૂરતી જ નથી, બીજા સંબંધોમા પણ છે અને તે પ્રયત્નપૂર્વક જ કેળવાઈ હશે છતાં ભાઈબહેન એમાં અગ્રણી છે એ હકીકત બરાબર છે. આ ભાવનાએ માનવીના વિકાસક્રમમાં અદ્ભુત ફાળો આપ્યો છે એમાં પણ શંકા નથી.

ભાઈ–બહેન જ મિત્રો બનવા જોઈએ એવું વિનુભાઈ ભારપૂર્વક કહે છે તે મને બરાબર લાગતું નથી. મિત્ર બનવા માટે સ્નેહ ઉપરાંત પણ અમુક તત્ત્વોની જરૂર પડે છે. મિત્રોમાં અમુક અંશે વિચારોની સમાનતા અને અમુક અંશે શક્તિની સમાનતા પણ જરૂરી છે. દરેક ભાઈબહેનમાં આવું હોઈ શકે નહિ, પરંતુ એટલી વાત ખરી છે કે જ્યા યુવક સ્ત્રી–મિત્ર શોધે છે ને યુવતી પુરુષ–મિત્ર શોધે છે ત્યાં પણ આવી સમાનતા બહુ ઓછા દાખલાઓમાં નજરે પડે છે. માનવની સહજ લાગણીને સંસ્કારવા પૂરતી જ આ મૈત્રી હોય તો બીજા સંબંધો કરતાં ભાઈબહેનનો સંબંધ શ્રેષ્ઠ છે એમા શંકા નથી.

કુટુંબ અને સમાજની બદીઓ ને ક્લેશ–કંકાસ દૂર કરવામાં આ સંબંધને એમણે જે મહત્ત્વ આપ્યું છે તે મને યોગ્ય લાગે છે. ભાઈબહેન વચ્ચે મેળ હોય તો કુટુંબના જૂનવાણી તત્ત્વોનું જોર ઘટી જાય અને એ બંને પ્રયત્ન કરે તો તૂટી પણ જાય એ શંકા વિનાની.

વાત છે. લગ્ન પસંદગી અને એવા જ પ્રશ્નોમાં એકબીજાને સહાયરૂપ બની શકાય એ વસ્તુ પણ સાચી જ છે. તેં જે બે કિસ્સાઓ લખ્યા અને મેં આ પત્રમાં જે જણાવ્યા છે તે આ પ્રકારની મદદને વધુ સ્પષ્ટ કરી બતાવે છે.

આટલું સ્વીકાર્યા પછી પણ જેને બહેન ન હોય કે ભાઇ ન હોય તે કોઇ શાપિત વ્યકિત છે એમ મને નથી લાગતું. અલબત્ત એટલી ઊણપ તો છે જ, પરંતુ બીજા સંબંધોથી એ પૂરી શકાય છે. એ સંબંધ મૈત્રીમાંથી નથી પ્રાપ્ત થતો. હું તો કોઇ દિવસ એમ માનતો જ નથી કે સ્ત્રી–પુરુષની મૈત્રી ભાઇબહેનના સંબંધ જેવી હોય. 'ધરમની બહેન' કે 'ધરમના ભાઈ' વિષે વિનુભાઇએ જે લખ્યું છે તે સાચું છે. એ ભાવના આજે લુપ્ત થઇ ગઈ છે. એમાં અદ્‌ભુત બળ હતું તે હું કબૂલ કરું છું પરંતુ આજની મૈત્રીઓ પાછળ એ દૃષ્ટિ જ નથી. આજની મૈત્રીમાં 'ભાઈબહેન જેવો સંબંધ છે' એવું જ્યાં કહેવાતું હોય ત્યાં તેનો અર્થ એટલો જ છે કે એ સંબંધ પતિપત્ની જેવો નથી. ભાઈબહેનનો સંબંધ નિષ્ક્રિય ન હોઈ શકે. એમાં પણ પરસ્પરના 'ધર્મો' ને સ્વાભાવિક કર્તવ્યો રહેલાં જ છે.

આજની મૈત્રી ખરું જોતાં એક અસ્પષ્ટ સ્થિતિનું જ બીજું નામ છે. મિત્રો સંસ્કારી અને ચારિત્રવાન હોય તો થોડા પરિચય પછી તેઓ પોતાના મનનું પૃથક્કરણ કરી લે છે. એમને લાગવા માંડે છે કે આ મૈત્રી લગ્નપ્રેમમાં પરિણમશે કે કેવળ મૈત્રી જ રહેશે. આ કેવળ મૈત્રીનો અર્થ ભાઈબહેનનો સંબંધ જ એમ કહી શકાય, કારણ કે બંનેના અંતરથી જ એવો જવાબ આવે કે અમે લગ્ન માટે સરજાયાં નથી. એવું આકર્ષણ ઉદ્‌ભવ્યું જ નથી અને છતાં યે જો સ્નેહભાવ રહેતો હોય તો ભ્રાતૃભાવ કે ભગિનીભાવ છે એમાં શંકા નથી.

પરંતુ આ જવાબ અંતરનો ન હોય અને સંયોગનો હોય, બુદ્ધિનો હોય, તો એ બંને પતિપત્ની ન બનવા છતાં ભાઈબહેન બની શકતાં નથી.

આનો અર્થ એ થયો કે ભાઈ-બહેન એ એક મનોવૃત્તિનું પરિણામ છે. આવી મનોવૃત્તિ અન્ય સંબંધોની પેઠે પરસ્પર હોવી પણ જરૂરી છે. વિનુભાઈને જો બહેન ન મળી હોય તો તેનું કારણ આ મનોવૃત્તિનો એમનામાં કે સામા પક્ષમાં અભાવ છે.

એક બીજી વાત વિનુભાઈએ નથી કહી તે હું કહું. ભાઈબહેનના સંબંધની એક વિશિષ્ટતા અને વિશેષતા એમના લક્ષમાં આવી લાગતી નથી. મને પણ વિચાર કરતાં જ સૂઝયું કે ભાઈ અને બહેન ગમે તેટલાં હોઈ શકે. ઈશ્વરે પણ આ બાબતમાં કેટલી છૂટ મૂકી છે! પાંચ ભાઈ વચ્ચે એક બહેન હોય અને પાંચ બહેન વચ્ચે એક ભાઈ હોય. બંને લગભગ સરખા પણ હોય. આમ છતાં ઈર્ષાને ત્યાં સ્થાન હોય નહિ. એક બીજાંના વિકાસના તત્વોને મદદ પણ આપી શકાય આ દૃષ્ટિએ ભાઈ-બહેનનો સંબંધ મારી દૃષ્ટિએ બહુ મહત્ત્વનો બની જાય છે. આપણે તો એકલાં જ છીએ પણ એવું નથી લાગતું કે તને એકને બદલે ત્રણ ભાઈ હોય તો વધુ સારુ લાગે? અને એ જ રીતે મને પણ?

મૈત્રીઓમાં પણ આવું હોવું જોઈએ, પરંતુ ઉપર જણાવી તેવી અસ્પષ્ટતા હોવાના કારણે ત્યાં ઈર્ષાનો ભાવ પેદા થાય છે. આ ઈર્ષા ભાવના મૂળમાં નજર નાખીએ તો સ્વાર્થની દુર્ગંધ આપણે અનુભવી શકીએ છીએ. મને તો તર્કશાસ્ત્રના નિયમ જેવું જ આ લાગે છે કે જ્યાં જ્યાં ઈર્ષા છે ત્યાં ત્યાં સ્વાર્થ છે જ.

એક મુદ્દો વિનુભાઈ ચૂકી ગયા લાગે છે. બહેનનો અભાવ એમને એટલો સાલે છે કે ભાઈ ભાઈ અને બહેન બહેન વચ્ચેના સંબંધો વિષે તેઓ વિચારી શક્યા નથી. બીજો ભાઈ ન હોય તે પણ મોટી ખોટ છે અને,

એ જ રીતે બહેન ન હોય તે પણ ઊણપ છે, એટલો ફેર છે ખરો. મૈત્રીથી એ બે ખોટ અમુક અંશે પુરાય છે, પુરુષ પુરુષ કે સ્ત્રી સ્ત્રી મિત્રોમાં ઈર્ષાભાવ ઓછો હોય છે. ઓછો હોય છે તેનો અર્થ એનો સાવ અભાવ તો હોતો જ નથી. એમ તો બહુ ઊંડા ઊતરીએ તો ભાઈ ભાઈ કે ભાઈબહેનમાં પણ ઈર્ષા કે સ્વાર્થનાં દર્શન થાય, પરંતુ આપણે અહીં અતિશયતાનો જ વિચાર કરવો જોઈએ.

મને લાગે છે કે બધા મુદ્દા મેં સ્પષ્ટ કરી દીધા છે. હવે તારા વિચારો જાણ્યા પછી જ નવું કંઈ સૂઝી આવે તો જુદી વાત છે.

ફરીને યાદ આપું છું કે પેલાં ભાઈબહેનનાં ઉપવાસનું શું પરિણામ આવ્યું તે લખજે.

તારો ભાઈ.

ભાવનગર.
તા. સપ્ટેમ્બર '૪૩

પ્રિય મોટાભાઈ,

તમારો કાગળ આજ સવારે મળ્યો. પેલા ઉપવાસનું પરિણામ ગઈ કાલે રાત્રે આવી ગયું. ધનસુખલાલના હૃદયને તો વિધવા બહેનના ઉપવાસની કે માંદગીને કશી અસર ન થઈ, પરંતુ કમળા એના ભાઈનું દુઃખ જોઈ શકી નહિ. ધનસુખલાલને કહ્યા વિના એ પોતાના પિતાને ત્યાં ચાલી આવી છે. આખા શહેરમાં ચર્ચાનો વંટોળ જાગ્યો છે. એ બંને પરણી ગયાં છે એટલે કમળા હવે શું કરશે, ધનસુખલાલ શાન્તાને પાછી બોલાવશે કે નહિ વગેરે પ્રશ્નો લોકોમાં ચર્ચાય છે. હું તો ધારું છું કે કમળા હવે પાછી નહિ જ જાય અને એનો ભાઈ આમાંથી કંઈક માર્ગ કાઢશે.

સુશીના પિતા પ્રવીણના તાર અને કાગળથી ગભરાયા છે. સગપણ તોડી નાખવાનો અને સાથે સાથે ભાઈ આવે તે પહેલાં જ પરણાવી

વાનો વિચાર તેઓ કરતા હતા, પણ ગઈ કાલે ખબર મળ્યા કે પ્રવીણ આવતી કાલે જ આવે છે. સુશી હવે હિંમતમાં આવી ગઈ છે.

× × ×

તમારા વિચારો વાંચ્યા પછી મારે હવે કંઈ જ લખવાનું નથી. વિનુભાઈના વિચારોએ મને દબાવી મૂકી હતી છતાં મને એમાં વિશેષ ઉગ્રતા લાગતી હતી. તમારા બંનેના વિચારો એક સાથે વાંચતા આ સંબંધનું મહત્ત્વ—જે મારો પ્રશ્ન હતો તે મને સમજાયું છે એક વિચાર આજ સવારથી મનમાં આવ્યા કરે છે. હું વિનુભાઈની બહેન ન બની શકું ? આટલી વાતો ને આટલા પત્રવ્યવહાર પછી મને તો એમના પ્રત્યે એવી જ લાગણી થઈ આવે છે. આ દિવાળી ઉપર તમે અહીં આવો ત્યારે વિનુભાઈને પણ સાથે લાવશો ? તો એમને ય ભાઈબીજનું જમણ હું જમાડું.

બા—બાપુજી આપણા પત્રો વાંચતા નથી, પણ ખૂબ ખૂબ આનંદ પામતાં દેખાય છે. જુઓ આ મુદ્દો તો તમે ચૂકી જ ગયા. ભાઈ બહેન વચ્ચેનો સ્નેહ માતા-પિતાને અપૂર્વ આનંદ આપે છે.

એક વિચાર અત્યારે આવે છે. આ પ્રશ્ન તો આપણે ચર્ચી લીધો. હવે પછી કાગળમાં શું લખીશું ? તમારા લાંબા પત્રો હવે શું બંધ થઈ જશે ?

તમારી બહેન.

મુંબઈ

તા. : ઓક્ટોબર'૪૪

પ્રિય કુન્દન,

તારો પત્ર મળ્યો. તને હું લખતાં જ ભૂલી ગયો કે વિનુભાઈ તે દિવસે, તને હું કાગળ લખી રહ્યો હતો ત્યારે આવેલા અને તને

એમણે ખૂબ ખૂબ યાદ કરેલી. તારા પત્રમાં એમની બહેન બનવાની ઇચ્છા છે તે એ સ્મરણનું તો પરિણામ ન હોય! એમણે મને કહ્યું હતું: 'એ કુન્દન જેવી બહેન મારે હોય!' બસ, આગળ કંઇ બોલ્યા જ નહિ, મેં પૂછ્યું: 'તો શું?' જવાબમાં એમનાં મુખ ઉપર પ્રસન્ન હાસ્ય છવાયું.

દિવાળી ઉપર હું એમને જરૂર સાથે લેતો આવીશ. એ મારા મિત્ર તો છે જ, એ મૈત્રી આ ચર્ચા પછી વધુ દૃઢ થઇ છે. તારા એ ભાઇ બને તો વિશેષ દૃઢ બનશે.

પેલા ઉપવાસનું પરિણામ જાણી મને તો ખૂબ આનંદ થયો. હવે ગમે તે થાય, એકવાર બંધુપ્રેમનો વિજય થયો એ કાંઇ એવું નથી. પ્રાણત્યાગની શક્તિનું જ એ પરિણામ, સુશી પણ હવે ઉગરી જશે એમ ધારું છું.

પત્રવ્યવહાર ટૂંકો થઇ જશે કે અટકી પડશે એવો ભય તું રાખીશ નહિ. બહેન અને ભાઇએ આ જગતના અનેક પ્રશ્નો સમજવા જેવા છે અને અનેક કાર્યો એમણે સાથે મળીને કરવાનાં છે. તું પૂછજે. હું જવાબ આપીશ. આપણે આટલા વર્ષ પછી પણ જાગ્યા છીએ તો તેનો સંતોષ લઇએ અને હવે ઊંઘી ન જઇએ. આદર્શ ભાઇબહેન બનીને જીવનની સુવાસ ચારે બાજુ ફેલાવીએ.

પત્રો લખ્યા કરજે.

તારો ભાઇ.

[૯]

આખરે

પ્રિય ભાઇ બહેન,

આશા રાખું છું કે આ પત્રવ્યવહારમાં તમને રસ પડ્યો હશે. એવો પણ સંભવ છે કે ભાઇ-બહેનનાં પ્રશ્નોની આટલી છણાવટ પછી એમના પત્રોમાં બીજા કયા વિષયોની ચર્ચા ચાલતી હતી તે જાણવાની પણ તમને જિજ્ઞાસા હોય. આ જિજ્ઞાસા અત્યારે તો હું સંતોષી શકું એમ નથી કારણ કે એ પ્રશ્નો માત્ર તમારા જ નથી અને અહીં તો જે સવાલો તમારા છે તેની જ મારે ચર્ચા કરવી એવી મર્યાદા મેં સ્વીકારી છે.

હવે આ પત્રોમાં જે નથી આવ્યું અને જે જાણવું તમારા માટે આવશ્યક છે તે મારા અભિપ્રાય રૂપે અહીં રજૂ કરી દઉં છું. વિનુભાઇ, પ્રવીણ, જયંત, સુશી, કુન્દન વગેરેને ભૂલ્યા વિના પણ આ અભિપ્રાય ઉપર તમે તમારો તટસ્થ મત બાંધી શકશો એવી મને આશા છે.

ભાઇ અને બહેન વચ્ચે જે સ્નેહસંબંધની હું અપેક્ષા રાખી રહ્યો છું તે અત્યારે નથી એમ તો મને ચોખ્ખું દેખાય છે. એનાં કારણોમાં ઊંડા ઊતર્યા વિના એટલું જોઇ શકાય છે કે આજનું સામાજિકજીવન, માતા-પિતાની બેદરકારી, પ્રેમ અને સહકાર અંગેના સાચાખોટા ખ્યાલો વગેરેમાંથી આજની સ્થિતિ ઉદ્‌ભવી છે. આપણે જો ભાઈબહેનના સંબંધને કીમતી ગણતા હોઈએ તો આ અંતરાયો દૂર કરવા જોઇએ અને સાચો સ્નેહસંબંધ સ્થાપવો જોઇએ.

મને એમ જણાયું છે કે કુટુંબના બીજા સંબંધો જેટલા પ્રમાણમાં કલુષિત થયા છે તેટલા પ્રમાણમાં આ સંબંધ થયો નથી. હું જે કહું

છું તે સરખામણીમાં જ કહું છું તે લક્ષમાં રાખજો. ભાઇ ભાઇ અને બહેન બહેન વચ્ચે જેટલું ઘર્ષણ દેખાય છે તેટલું યે ભાઇ-બહેન વચ્ચે દેખાતું નથી.

આનો અર્થ એ કે ભાઇ-બહેન એક બીજાંના વિરોધી બન્યા નથી, પરંતુ એક બીજા પ્રત્યે બેદરકાર બન્યાં છે. તેઓ એકમેકને કશું નુકસાન કરતાં નથી પરંતુ લાભ આપી શકે એવી સ્થિતિમાં હોવા છતાં આપતાં નથી. આ બેદરકારી દૂર થવી ઘટે. એ કેમ થાય તે આપણે જોઇએ.

સૌથી પહેલાં તો આ સંબંધ જીવનમાં ઉપયોગી છે એવું એનું મહત્ત્વ સ્વીકારવું જોઇએ. હું ધારું છું કે કુન્દન અને જયંત વચ્ચેના પત્રવ્યવહારે એટલું કાર્ય તો કર્યું જ હશે. તો પછી એમાં વિક્ષેપ કેમ ઊભો થાય છે તે જ આપણે જોઇએ.

પહેલો વિક્ષેપ જાણતાં અજાણતાં માતાપિતા તરફથી ઊભો થાય છે. કોઇ પણ કારણસર એ ભાઇ-બહેન વચ્ચે પક્ષપાત ઊભો કરે છે. સામાન્ય રીતે પુત્ર તરફ તેઓ વિશેષ મમત્વ બતાવે છે. બીજી બાજુ જે કહ્યાગરું હોય તે વધુ વહાલું બની જાય છે. આવો ભય માતાપિતાએ ન રાખવો જોઇએ, પરંતુ અહીં તો મારે ભાઇ-બહેનને જ કહેવાનું છે એટલે એમ કહું છું કે એવા ભેદ પારખવાની તમારામાં સમજણ આવે કે તુરત તેનો વિરોધ કરજો અને એકતા સ્થાપજો. માબાપને બંને આંખ સરખી હોવી જોઇએ એ સૂત્રનો ઘરમાં પ્રચાર કરજો. આ ભય દૂર થશે તેટલા પ્રમાણમાં એકતા વધશે.

આવો જ ભેદ જ્યાં વધુ ભાઇ-બહેનો હોય ત્યાં અંદર અંદર થાય છે. સ્વભાવમેળના કારણે અમુક ભાઇ કે બહેન સાથે વધુ ફાવે તે સમજી શકાય છે છતાં અંતરની લાગણી અને બાહ્ય રૂપે જ્યાં મદદ

કરવાની હોય ત્યાં આ ભેદને સ્થાન ન મળવું જોઈએ. ભાઈબહેનનું સંપૂર્ણ જૂથ બની શકે તો વધુ સારું.

જ્યાં બહેન એક હોય ને ભાઈ વધુ હોય ત્યાં આ સંબંધને જાળવવાનો વધુ ભાર બહેન ઉપર આવી પડે છે. એણે બધા ભાઈઓને સરખા પ્રમાણમાં પોતાનું મમત્વ આપવું જોઈએ અને ભાઈઓની શક્તિના પ્રમાણમાં તેમની સહાય લેવી જોઈએ. એ જ રીતે ભાઈ માટે પણ સમજી શકાય. એ એકલો હોય તો પાંચ બહેનમાં એક બહેનના જ એણે દર્શન કરવાં જોઈએ.

આનો અર્થ એ નથી કે એક બહેન કે ભાઈ જીવનમાં કોઈ પણ રીતે નબળાં હોય તો એને વિશેષ સાથ નહિ આપવો જોઈએ, પરંતુ સ્પષ્ટ અર્થ આટલો જ છે કે સૌના પ્રત્યે સમાન દૃષ્ટિ કેળવવી જોઈએ. જેને જેટલી મદદની જરૂર હોય તેટલી તેને મળવી જોઈએ.

ત્રીજો અંતરાય મિત્રોને લઈ ઊભો થાય છે. મિત્રો ન જ કરવા કરવા એમ હું કહેતો નથી. મિત્રોનું પણ જીવનમાં વિશિષ્ટ સ્થાન છે, પરંતુ એ મૈત્રી ભાઈબહેનના સંબંધનું સ્થાન લઈ શકે નહિ. ભાઈબહેનનો સંબંધ લોહીનો છે અને ઈશ્વરદત્ત છે. સ્વદેશીની વ્યાખ્યા પ્રમાણે જોઈએ તો આપણું પહેલું કર્તવ્ય આપણી નિકટમાં જે હોય તેમના પ્રત્યે છે. શક્ય હોય ત્યાં મિત્રો, કુટુંબ સમસ્તના મિત્રો બને એવી ઈચ્છા રાખવી, જ્યાં એ ન બને ત્યાં કુટુંબના બીજા સભ્યો પ્રત્યે મિત્રોનો સદ્‌ભાવ તો કેળવવો જ જોઈએ. સાચી મૈત્રીમાં આ વસ્તુ સહજ હોય છે.

આ અંતરાયોમાં એકે ય એવો નથી કે જે સહેલાઈથી દૂર ન થઈ શકે. આ પછી એક પ્રશ્ન વિચારવાનો રહે છે. જો તમે કુટુંબોનું અવલોકન કરશો તો તમને જણાશે કે ભાઈ કે બહેન, વિશેષ ભાઈ, જ્યારથી લગ્નબંધનમાં બંધાય છે ત્યારથી ભાઈબહેનના પ્રેમમાં ઊણપ

આવવા માંડે છે. આ બાબતમાં હું બહેન વતી એક ભાઈને એટલું કહેવા ઇચ્છું છું કેઃ

'મારી ભાભી પ્રત્યે તમે અનહદ પ્રેમ ઠાલવો, પરંતુ તમે અમને વીસરી ન જાઓ. ભાભી ભલે તમારું નિકટનું સ્વજન બને પણ અમને અમારા સ્થાન ઉપર તો રહેવા દો. ભાભીને પ્રેમ કરો પણ એને વેચાઈ ન જાઓ. અમે બહેનો પણ તમારી શક્તિના અને લાગણીના ભાગીદાર છીએ. અમે અમારા જીવનમાં તમારો સાથ અને સહકાર માગીએ છીએ.'

એ જ રીતે ભાઈ પણ બહેનને કહેશેઃ 'તારી ભાભીનો તું દ્વેષ ન કર. એ પારકે ઘેર જન્મીને અહીં આવી છે. મારા માટે જ આવી છે. અમારા પ્રેમમાં વૃદ્ધિ થાય એવા તું પ્રયત્નો કર. તારા ભાઈમાં ભાભીને અને ભાભીમાં ભાઈને તું જોવા માંડ. હવે અમે બંને મળીને એક છીએ એટલું લક્ષમાં રાખ.'

બહેન ભાઈને કહેશેઃ 'તારા બનેવીથી તું દૂર ન નાસજે. એને પરાયો પણ ન સમજજે. મને સુખી કરવી હોય તો તું એનો મિત્ર બની જજે.'

જવાબમાં ભાઈ કહેવાનોઃ 'એમાં તારો સહકાર વિશેષ જરૂરી છે. તારે અમારું—અમારા બન્નેનું સ્વાગત કરવું જોઈએ અને મારે તમારું—તમારા બંનેનું માન જાળવવું જોઈએ.'

આવી ભાવના જો કેળવાય તો ભાઈ અને બહેન વચ્ચે કશો યે અંતરાય ન રહે. સામાન્ય રીતે ભાઈ વધુ શક્તિશાળી હોય છે. બીજી બાજુ બહેનમાં વ્યવહારબુદ્ધિ અને સ્નેહભાવ વિશેષ હોય છે. એ બંને પરસ્પર અસાધારણ મદદ કરી શકે એમાં શંકા નથી.

છેક નાનપણથી જોઈએ તો પોતાની બહેન પ્રત્યે જો અસમાનતા રાખવામાં આવતી હોય તો ભાઈ તે દૂર કરાવી શકે. બહેનનું

સ્થાન પણ ભાઈના જેવું જ પ્રતિષ્ઠિત છે એમ એ ઠસાવી શકે. એને અભ્યાસ અને જીવનના અન્ય માર્ગોમાં જે સહજ અંતરાયો આવે છે તે હઠાવવામાં મદદ આપી શકે. લગ્નના પ્રશ્નમાં તો ભાઈ એની પડખે હોય, અન્યાય થવાનો ભય જ ઉપસ્થિત ન થાય.

મોટા થયા પછી એ બહેનનો વિસામો બને. સસરા પક્ષે ત્રાસ હોય તો માતાપિતા તો સામાજિક રિવાજ પ્રમાણે લાચારી પ્રગટ કરી દે છે. જુવાન ભાઈમાં એવી કાયરતા ન હોય. એ બહેનની પડખે રહેવા માટે સદા યે તૈયાર હોય.

એ જ રીતે બહેન ભાઈના વ્યવહારિક પ્રશ્નો ઉકેલવામાં સહાયરૂપ બને. કુન્દનની પેઠે એ પ્રમિલાની પરીક્ષા કરી શકે. પ્રમિલા ગમાર હોય તો એને સંસ્કાર પણ આપી શકે. ભાઈ કુમાર્ગે જતો હોય તો પોતાના પ્રેમ અને તપના બળે એને પાછો વાળી શકે.'

આ બધું, તમે કહેશો, કે મિત્રોથી ન થઈ શકે શું? હું કહું છું ના, ન થઈ શકે. મિત્રો ગૃહજીવનમાં અમુક હદ સુધી જ દાખલ થઈ શકે છે, આગળ જવાનો એને અધિકાર નથી મળતો. કુન્દન પ્રત્યે વિનુભાઈને ગમે તેટલો પ્રેમ હોય પરંતુ જે મદદ જયંત કરી શકે તે વિનુભાઈ ન જ કરી શકે. આવી સ્થિતિ સમાજમાં દરરોજ આપણે જોઈએ છીએ. ભાઈ અને બહેન ભાઈબહેન હોવાનાં કારણે જ અમુક વિશિષ્ટ અધિકારો ધરાવે છે. આ અધિકારોનો ઉપયોગ જીવનને સંસ્કારવામાં અને ભીડને વખતે મદદ કરવામાં થવો જોઈએ.

ભાઈબહેનને હું કહું છું, તમે નવા યુગના પ્રતિનિધિ બનો. સમાજે તમારા સંબંધને માન આપ્યું છે તે મનોવૃત્તિનો સન્માર્ગે ઉપયોગ કરો. તમે બંને એક થશો તો કુટુંબમાં, સમાજમાં અને દેશમાં અનેક કાર્યો કરી શકશો. આજની બેદરકારી છોડો અને પરસ્પરના જીવનને સુવાસિત કરવા તત્પર બનો! આજના યુવક-યુવતીના જીવનને વેડફી

હેતી મૈત્રીઓમાં પણ તમારો પ્રવેશ થશે તો વાતાવરણમાં જબરદસ્ત પલટો આવશે. સ્ત્રી-પુરુષના, યુવક-યુવતીના, કુમાર-કુમારીના સંબંધો પવિત્ર બનશે.

તમે એક ભાવના છો, એ ભાવનાની આજના સમાજને અત્યંત જરૂર છે. આજે એ ભાવના લુપ્ત થઈ છે. તમે ઇચ્છો તો એ સજીવન કરી શકો છો. આજે તમારો ભાઈ બીજી કોઈ કન્યા સાથે ઘૂમે છે ને તમે બીજા કોઈ યુવક સાથે. આ સ્થિતિનો અંત આણો. યુવક યુવતીના સંસર્ગ અને સહવાસનો વિરોધ નથી. પરંતુ આજની સ્થિતિમાં તો ઇષ્ટ નથી જ. એમાં સ્વાભાવિકતા નથી, સ્વતંત્રતા નથી, સ્પષ્ટતા નથી. એ સંબંધો દેખાય છે તે કરતાં ઊંડા અને ગુપ્ત બનતા જાય છે. એમાંથી અનિષ્ટો જન્મે છે. ભાઈબહેનનો સહકાર અને પ્રેમ એવા સંબંધોને શુદ્ધ કરી શકે એમાં સંશય નથી.

આ રીતે વ્યક્તિના, સમાજના અને રાષ્ટ્રના જીવન માટે તમારી ભ્રાતૃભાવના અને ભગિની ભાવના જાગૃત કરો!

※

સૌ સગાંને

★



[૨]

'કાકાભત્રીજા

પૂજ્ય કાકાશ્રીની સેવામાં,

તમારો પત્ર બે દિવસ પહેલાં મળ્યો છે. જવાબમાં શું લખવું તેના વિચારમાં આટલી ઢીલ થઈ. તમે લખો છો કે અમારે અમારી ફરજનો ખ્યાલ કરવો જોઈએ અને અત્યારે તમે મુશ્કેલીમાં છો એટલે તાણ ભોગવીને પણ તમને રૂા. પાંચસો મોકલવા જોઈએ.

જવાબમાં લખવાનું કે મારી પાસે પૈસાની છાકમછોળ હોત તો હું જરૂર રૂા. પાંચસો મોકલી આપત, પરંતુ તમે જાણો છો તેમ મારી

સ્થિતિ પણ સામાન્ય છે. હું ધારું તો પાંચસો ન જ મોકલી શકું એવું તો નથી, પરંતુ. મારી નાની મૂડી, કૌટુંબિક સલામતી માટે મેં એકઠી કરી છે તેમાં મોટો ખાડો પડી જાય એમ છે એટલે રકમ મોકલવાનું દિલ થતું નથી.

તમે મને યાદ આપો છો કે મારા પિતાના મૃત્યુ પછી તમે જ પિતાને સ્થાને ગણાઓ, એટલે મારે પિતા સમજીને જ તમારી સાથે વર્તવું જોઈએ અને કમાણીમાં પણ તમારો હક્ક સ્વીકારવો જોઈએ. દલીલ કરતાં તમે એમ પણ કહો છો કે કાયદેસરનો તમારો કંઈ હક્ક નથી પણ મારા જેવા નીતિ ઉપર ચાલનાર છોકરાએ કાયદાની દૃષ્ટિએ વિચાર કરવાને બદલે ફરજનો જ ખ્યાલ કરવો ઘટે.

આ બધું વાંચ્યા પછી મને એમ થયું કે આજે કે ભવિષ્યમાં આવા સવાલો ઊભા જ ન થાય તે માટે તમારા વિષે મારા અંતરમાં જે વિચારો પડેલા છે તે હું તમને જણાવી દઉં. તમારા જેવા બીજા કાકાઓ હશે અને તેમની નજરમાં આ વિચારો આવશે તો એમને પણ કંઈક જાણવાનું મળી આપશે. ઉપરાંત, મારી પાસે છે છતાં હું તમને રૂા. પાંચસો શા માટે નથી મોકલતો તેનું કારણ પણ આ ઉપરથી તમને સમજાઈ જશે.

તમે ઘણા વર્ષોથી મારા પિતાથી જુદા પડી ગયા છો. મારા પિતાના સુખદુઃખમાં તમે કદી સાથ આપ્યો નથી. પિતાના મૃત્યુ પછી અમારી સંભાળ લેવાનું પણ તમને કોઈ દિવસ સૂઝયું નથી. આવા તમે, માત્ર કાકા છો એટલા ખાતર જ ખાસ હક્ક શી રીતે ભોગવી શકો તે મારી સમજમાં આવતું નથી. કાયદાની વાત હું કરતો નથી. નીતિની દૃષ્ટિએ વિચારું છું તો મારી કમાણી ઉપર પહેલો હક્ક મારાં સ્ત્રી-બાળકો અને બાનો છે. એ પછી મારી બહેનો ને ભાઈઓનો છે. એ પછી મને કે મારા પિતાને મદદ કરનારા

સગાંઓનો છે. આમાં 'પછી પણ તમારું નામ' આવી શકતું નથી, કારણ કે મિત્રોનાં બળ ઉપર મારો કામધંધો ચાલે છે. એમના પછી સમાજમાં શુભ કાર્યો કરતી સંસ્થાઓને મારે સ્થાન આપવું જોઈએ.

આ રીતે તમારા માટે કોઈ સ્થાન જ મને દેખાતું નથી. તમે મારા કાકા છો. તે સ્વીકારું છું. એટલે જ કહું છું કે મારી પાસે પૈસાની છાકમછોળ હોત તો તમને જરૂર આપત.

તમે કે કોઈ મને એવો પ્રશ્ન કરશો કે 'કાકાએ મદદ નથી કરી અથવા તો એક ભૂલ કરી છે એટલા ખાતર શું તમારે પણ ભૂલ કરવી જોઈએ? તમે તો સુધારક છો, તો તમારી ફરજ અપકાર ઉપર પણ ઉપકાર કરવાની નથી?' દેખીતી રીતે તો આ પ્રશ્ન મૂંઝવનારો લાગે છે, પણ એના ઉપર મેં વિચાર કરી લીધો છે. કાકા-ફૈબા અને એવાં સગાંઓ સાથે સંબંધ રાખવા વિષે મેં એક નિયમાવલિ જેવું જ તૈયાર કરી નાખ્યું છે. તમને એ મોકલું તો કદાચ અપમાન જેવું લાગે એટલે એનો સાર જ જણાવી દેવા ઇચ્છું છું.

કુટુંબના અને સમાજના બધા સંબંધો પરસ્પરની સહાય ઉપર જ નભે છે. જો મારે બીજાની મદદની જરૂર હોય તો મારી શક્તિ અનુસાર બીજાને મારે મદદ કરવી જ જોઈએ. જો હું કોઈ તરફથી ઉદારતાની અપેક્ષા રાખતો હોઉં તો બીજા કોઈ તરફ મારે પણ ઉદાર બનવું જોઈએ. એકલી લાભ લેવાની વૃત્તિથી સમાજને પારાવાર નુકસાન થયું છે. આ વૃત્તિને ઉત્તેજન પણ ન આપવું જોઈએ.

ઉપરાંત એ પણ સમજવું જોઈએ કે દરેક માણસની શક્તિ અને સાધનોને મર્યાદા હોય છે. આપણી સામે ફરજના તો ઢગલા પડ્યા છે. એ બધી ફરજનો ક્રમ ગોઠવવો જોઈએ અને તે પ્રમાણે જ સાધનો વાપરવાં જોઈએ. આનું નામ વિવેકબુદ્ધિ. હું તમને જ પૂછું કે તમારા ચિરંજીવી માટે તમે જે કંઈ કરવા તૈયાર થશો તે બધું મારે

માટે કરશો ખરા ! 'તમે ન કરો તો મારે તો 'માઠું' લગાડવું યોગ્ય છે ! તમે અમારાથી 'જુદા' ન થયા હો તો પણ આટલો ભેદ તો રહેવાનો જ. અને લાગે છે કે એમાં વાંધો પણ ન હોઈ શકે.

આમ છતાં સંકટના, માંદગીના, દુઃખના એવા પ્રસંગો આવે કે જ્યારે માણસે પોતાથી થાય તે બધું કરી છૂટવું જોઈએ. આ વખતે પણ એ વિવેક તો વાપરે જ, પોતાના સાધનો અને બીજી ફરજોનો પણ ખ્યાલ કરે. તમે અત્યારે જે રકમ મગાવો છો તેને હું એવું સંકટ ગણતો નથી. બાણુના લગ્ન તમારે સાદાઈથી જ કરવાં જોઈએ. સામો પક્ષ ઇન્કાર કરતો હોય તો તમારે બીજી કંઈ વ્યવસ્થા કરી લેવી જોઈએ.

તમને થશે કે હું ઉદ્ધત બનીને આ ડહાપણ કરી રહ્યો છું. પણ તમે શાન્તિથી વિચારશો તો મારી વાત તમને સાચી લાગશે. હું જોઉં છું કે ફૈબાને પણ મારા વિષે ઘણી વાર દુઃખ થાય છે. ફૈબા સારી સ્થિતિનાં છે છતાં મારા જેવા સામાન્ય સ્થિતિના ભત્રીજા પાસેથી વારતહેવારે કંઈ ને કંઈ અપેક્ષા—રાખી રહ્યાં છે. મારા પિતાના એ બહેન છે એટલે ગમે તેવી સ્થિતિમાં પણ મારે એમને મદદ કરવી જોઈએ એવી એમની માન્યતા છે. હું તો સમજી જ શકતો નથી કે આ મનોવૃત્તિ કયા પ્રકારની છે ! મારી પોતાની બહેન હોય ને આવી માગણી કરતી હોય તો યે મને અયોગ્ય લાગે, પછી ફૈબાની તો વાત જ ક્યાં ?

મેં તો મારા મન સાથે એક સિદ્ધાંત નક્કી કરી નાખ્યો છે કે આપવું તો લાગણીથી આપવું અથવા તો કર્તવ્ય સમજીને આપવું. એ રીતે ન આપી શકાય તો લોકનિંદાના ભયથી તો ન જ આપવું. હું જોઉં છું કે ઘણાખરાં સગાંઓનાં સંબંધો આજે નિંદાના ભયને કારણે જ નભી રહ્યા છે. આ સ્થિતિ દુઃખદ ગણાવી જોઈએ. આવા દંભના પડદા અમારા જેવા જુવાનોએ દૂર હઠાવી જ દેવા જોઈએ.

જેવું મદદ વિષે છે તેવું જ માનમર્યાદા વિષે છે. વડીલોનું માન સાચવવું જોઇએ એવું માનનારો હું છું જ અને એ પ્રકારે મારું વર્તન પણ વિનયી છે એમ માનું છું, પરંતુ મારો ને મારી પત્ની પાસે તમે ને ફૈબા માન માગ્યા જ કરો છો તે મને રુચતું નથી. માગવાથી માન મળે નહિ. અમે ક્યાંક ભૂલ કરતાં હોઈએ તો તમે જરૂર અમને સમજાવો પરંતુ અમારા ઉપર ગુસ્સો કરો અથવા પાંચ માણસોની વચ્ચે અમને ભોંઠા પાડવાનો પ્રયાસ કરો તે તો સહન ન જ થાય. અમે એ વખતે જો તમારું અપમાન નથી કરતાં તો તેનું કારણ અમારી સમજણ અને અમારા સંસ્કાર છે, નહિ કે લોકનિંદાનો ભય અથવા અમારી ભૂલનો સ્વીકાર. તમારી હાજરીમાં અમારે કેમ બેસવું, કેમ બોલવું, કેમ વર્તવું તે અમે સમજીએ છીએ. આ બાબતમાં તમે સૂચના આપ્યા જ કરો તો અમને કંટાળો આવે.

આજે આપણી વચ્ચે એટલો સંબંધ છે કે વારતહેવારે એકબીજાને મળીએ. ક્યારેક સાથે જમીએ કે કોઇ સ્થળે ફરવા જઇએ. મને લાગે છે કે આ પૂરતું છે. આ સ્નેહમાં જો વૃદ્ધિ કરવી હોય તો મેં ઉપર લખ્યું તે પ્રમાણે એકબીજાએ પોતાની મર્યાદા સમજીને વર્તવું જોઇએ.

આ કાગળનો ભાવ તમે સમજશો કે નહિ તે વિષે મને બીક તો છે છતાં એ મોકલું છું

અમારા બંનેના પ્રણામ સ્વીકારશો.

લિ૰.........ના
પાયવંદન.

ભાઇ......,

તમારા કાકા ઉપરનો તમારો પત્ર મેં પણ વાંચ્યો છે. તેઓ તો એ કાગળ વાંચીને ખીજી જ ગયા છે. એમના માટે તમે જે કંઇ લખ્યું છે તેમાંથી એક પણ વસ્તુ સામે તેઓ વિરોધ કરી શકે એવી સ્થિતિમાં

નથી, પરંતુ એ કાગળ વાંચ્યા પછી મને, તમારા અને તમારા કાકાના એક સંબંધીને જે વિચારો આવ્યા તે તમને ઉપયોગી થશે એમ માનીને લખવા ઇચ્છું છું.

પહેલેથી જ એટલું જણાવી દઉં કે તમારા પત્રમાં જે લાગણી વ્યક્ત કરી છે તે યોગ્ય છે પરંતુ હું તમને એક વિચારવંત અને સુધારક યુવાન તરીકે ઓળખું છું એટલે સામાન્ય ભત્રીજા કરતાં તમારી પાસે જો હું વિશેષ અપેક્ષા રાખું તો તે ગેરવ્યાજબી નહિ ગણાય. મારે ખાસ તો તમને એ કહેવાનું છે કે તમારા કાકાએ તમારી પાસે રૂા. ૫૦૦ ની મદદ માગી તેના જવાબમાં તમે આટલું બધું ન લખ્યું હોત તો ચાલી શકત. કૌટુંબિક સંબંધો અંગેના તમારા વિચારો માટે આ પ્રસંગ શોધવાને બદલે તમે સ્વતંત્ર જ પત્ર લખ્યો હોત તો તેની અસર વધારે થાત. તમે એટલું તો કબૂલ કરશો કે કોઈ પણ વ્યક્તિ પાસે આપણે નવો વિચાર રજૂ કરવા ઇચ્છતા હોઈએ તો એની માનસિક સ્થિતિ અને આપણા પત્રના પ્રત્યાઘાતો કેવા થશે તે પહેલેથી જ વિચારી લેવું જોઈએ. આ દૃષ્ટિએ તમારો પત્ર તમને યોગ્ય લાગે છે ખરો ?

બીજી વાત, તમારે નાની નાની બાબતોને મોટું રૂપ આપવું ન જોઈએ અને એ જ રીતે જૂના વિચારના લોકોનું જે વર્તન તમે જુઓ તે આજની કસોટીએ ન તપાસતાં તેની પાછળ રૂઢ રિવાજોનું કેટલું બળ છે તે પણ તમારે જોવું જોઈએ. ફૈબા વિષે તમે જે લખ્યું છે તે માટે હું એટલું કહી શકું કે ફૈબાની એમાં સ્વાર્થવૃત્તિ કરતાં જૂની માન્યતાનું બળ વિશેષ છે. મારો કહેવાનો આશય એ નથી કે એવી માન્યતાને પોષવી જોઈએ. એ માન્યતાઓ તો પહેલી તકે જ ઉખેડી નાખવી ઘટે પરંતુ તેનો આપણને ખ્યાલ હોય તો આપણે ફૈબા વિષે ઓછો ભાવ કદી ન અનુભવીએ–એમના પ્રત્યેની ફરજમાં કે લાગણીમાં પાછા ન પડીએ અને છતાં યે તેઓ જે માગતાં હોય તે અયોગ્ય હોય

તો ન કરીએ. આમ આપણે જેટલું ખરાબ છે તેટલાનો વિરોધ કરીએ અને જેટલું સારું છે તેને સ્વીકારીએ અને પોષીએ. હું ધારું છું કે તમે સહેજ પણ વિચાર કરશો તો મારી આ વાત ખરી લાગશે. ઉપરાંત બહેનો કે ફૈબાઓ પોતાના પિયર પાસેથી કાંઈ લેવાની અપેક્ષા રાખે છે તેની પાછળ મુખ્ય કારણ સસરા પક્ષમાં પોતાનું અને પોતાના પિયરનું સારું દેખાડવાનું પણ હોય છે. આ વસ્તુ જો તમારા લક્ષમાં હોય તો ફઈબા સાથેના તમારા વર્તનમાં ઘણો ફેર પડી જાય. જૂનાં રિવાજોમાં જે અનિષ્ટ તત્ત્વો છે તેનો તો આપણે નાશ કરીએ જ. પરંતુ એટલું સમજી લઈએ કે મોટા ભાગના રિવાજોનો ઉદ્‌ભવ તો કોઈક શુભ હેતુમાંથી જ થયેલો હોય છે. આ હેતુને જીવતોજાગતો રાખવો અને અનિષ્ટોને વિદાય આપવી એ કામ આજના વિચારવંત સુધારકોનું છે.

તમે જ્યારે કાકાને ઉપદેશ આપવા બેસો છો ત્યારે તમારે તમારા પોતાના કર્તવ્યનો પણ ખ્યાલ કરી લેવો જોઈએ. ફરજો બજાવવા અંગે તમે જે ક્રમ ગોઠવ્યો છે તે મને સાચો લાગે છે. પરંતુ તેને પણ જડતાપૂર્વક વળગી રહેવું યોગ્ય નથી. તમે કાકાને લખો છો કે ભાઈના લગ્ન સાદાઈથી કરો ત્યારે તમે તેમની પરિસ્થિતિનો પૂરો વિચાર કરતા નથી. મારા મન પ્રમાણે તો તમારે પાંચસો નહિ તો એકસો પણ, તમારી શકિત અનુસાર આપવા જોઈતા હતા. તમે જો એમ કર્યું હોત તો તમારા કાકાની પાસે નવા વિચારો રજૂ કરવાનો તમારો હક્ક તમે મેળવી શકત. એક વસ્તુ સતત લક્ષમાં રાખવી જોઈએ કે કોઈપણ વસ્તુ મેળવવા માટે ભોગ તો આપવો જ પડે છે. તમે કુટુંબમાં પ્રેમભર્યો સંબંધ સ્થાપવા ઇચ્છતા હો તો તમારે પણ થોડી તાણ ભોગવીને બીજા માટે ઘસાવું જ જોઈએ. તમને હું એક વ્યવહાર-જડ વ્યકિત તરીકે ઓળખતો હોત તો આ બધું ન લખત, પરંતુ હું તો તમને સાચી રીતે ન્યાય અને નીતિ ઉપર ચાલનાર બુદ્ધિશાળી જુવાન

તરીકે પિછાનું છું; એટલે જ કહું છું કાકા ભૂલ કરતા હોય તો પણ તમારે તો તમારી ફરજ બજાવવી જ જોઇએ.

કાકાએ તમારા પિતાને ભીડને પ્રસંગે પણ કશી મદદ કરી નથી તે હું જાણું છું: તેઓ ઘણા લોભી અને સ્વાર્થી છે તેની પણ મને માહિતી છે, પરંતુ આ મનોદશા કાકાના જુવાન દીકરાઓમાં ઊતરવા ન દેવી હોય તો આપણે કાકા જેવા ન થવું જોઇએ. તમારા પિતા અને કાકા ભલે જુદા થયા. આજે તમે ફરીને સંયુક્ત કુટુંબની રચના ન કરી શકો તે હું સમજું છું. તમે એવો પ્રયાસ કરો તો નિષ્ફળતા જ મળે એમાં યે મને શંકા નથી. પરંતુ તમે સ્નેહનો તંતુ તો રચી જ શકો. એ તંતુ વડે તમારું આખું યે કુટુંબ સ્નેહભાવથી બંધાયલું રહે. આ સિદ્ધિ કાંઈ ઓછી ન ગણાય.

જ્યાં જુદા પડવા છતાં આવા સ્નેહતંતુ કાયમ રહે છે ત્યાં એક પ્રકારની સલામતીનો ભાવ સૌ કોઈ અનુભવે છે. દરેકને એમ લાગે છે કે મારી પીઠ પાછળ આટલા બધા ઊભા છે, આ વિશ્વાસથી માણસનું બળ અને સમૃદ્ધિ બંને વધે છે–સ્વાર્થવૃત્તિ કાંઈક ઓછી થાય છે. બીજા માટે ઘસાતી વખતે મારૂં લૂંટાઇ જશે એવો ભય નથી રહેતો. આનું નામ કુટુંબભાવના છે. આ ભાવના તમારે કેળવવી જોઈએ અને નજીકના સગાંઓમાં પ્રસરાવવી જોઈએ.

મને આશા છે કે મારા આ પત્રનું યોગ્ય રીતે વાંચન થશે. આવું બધું લખવાનો મને શો હક્ક છે એવું માનીને તમે એમની અવજ્ઞા નહિં કરો એટલું માની લઉં છું.

લિ. શુભેચ્છક……

[૨]

મામા ભાણેજ

પૂજ્ય મામા,

હું તમારો ભાણેજ નથી અને છતાં તમને મામા લખું છું તેનું કારણ એ કે તમે મારા નહિ તો કોકના તો મામા છો જ. એમ તો તમે પિતા હશો, બંધુ હશો, પતિ હશો પણ અત્યારે એ બધું ભૂલી જઇ તમને કેવળ મામા તરીકે ઓળખીને જ આ કાગળ લખું છું. આ કાગળની અંદર લખેલી દરેક વિગત એક સુહૃદયી અને સમજુ ભાણેજે લખી છે એમ માનજો.

મારા મન ઉપર સૌથી પ્રબળ અસર બહેન અને ભાણેજ પ્રત્યેની તમારી મીઠી લાગણીની છે. વર્ષોથી હું જોઇ રહ્યો છું કે તમે એમને માટે ઘસાવામાં કાંઇ બાકી રાખતા નથી. કોઇ અપવાદરૂપ સ્થળે તમે તેમના ઘરના કારભારમાં માથું મારો છો ત્યારે તમે બહુ બેહૂદા લાગો છો. એ વખતે તમારા તરફ તિરસ્કાર પણ પેદા થાય છે. 'શેઠના સાળા' જેવી ગાળ તમારા માટે જ વપરાય છે. આવું બિહૂદું સ્થાન તમે કાં તો ખુશામત કરીને મેળવો છો અને કાં તો અનેક કાવાદાવા કરી તમારી બહેનને તમારા પક્ષમાં લઈ પ્રાપ્ત કરો છો. આમ કરવાને પરિણામે તમારો સ્વાર્થ કદાચ સધાતો હશે, પરંતુ મામાના જ પવિત્ર સંબંધને તો તેથી કલંક જ લાગે છે. આજે એ અપવાદરૂપ મામાને એક બાજુ મૂકીને મોટા ભાગના મામાઓ આ પત્ર લખતી વખતે મારી નજર સમક્ષ હું રાખું છું. અને એમની મીઠી લાગણી માટે જીવનની ધન્યતા અનુભવું છું.

સામાન્ય રીતે કૌટુંબિક સંબંધોમાં એક પક્ષની બીજા પક્ષ સામે જે મુખ્ય ફરીઆદ હોય છે તે મામા સામે તો કોઈ ભાણેજની હોતી જ નથી. દરેક સ્થળે એમ કહેવું પડે છે કે લેવા કરતાં આપવાની વૃત્તિ વિશેષ રાખો. મામાભાણેજના સંબંધમાં તો એમ છે જ. ઉપર જણાવ્યા પ્રમાણેના અપવાદો બાદ કરતાં મામા હમેશાં ઘસાય છે અને ભાણેજના ભાગે ઘસાવાનું કદી આવતું જ નથી.

આ બાબતમાં મારે એમ કહેવું છે કે તમે ઘસાવાની વૃત્તિની થોડી મર્યાદા બાંધો. હું જાણું છું કે દરેક વખતે તમે લાગણીપૂર્વક જ નથી ઘસાતા. કોઈ વાર પ્રચલિત રિવાજોને માન આપી બહેન અને ભાણેજ માટે તમારે ઘસાવું પડે છે અને કોઈ વાર એક જ માના ખોળે રમેલાં ભાંડુઓમાંથી જુદી પડી ગયેલી બહેન પ્રત્યે તમને સ્વાભાવિક લાગણી જન્મે છે. એમાંથી તમે ઘસાવા માટે, કંઈક કરવા માટે, કંઈક આપવા માટે તત્પર થાઓ છો. આ બધું ભાણેજને સારું લાગે છે ને લાભદાયી થાય છે છતાં આજના સંસ્કારી ભાણેજો મામા ઉપરનો આ બોજો ઓછો કરવા ઇચ્છે છે.

તેઓ એમ માગે છે કે જે વસ્તુ રિવાજને ખાતર કરવી પડતી હોય તે તો આજે જ બંધ કરો. અમારે મદદની જરૂર પડશે તો અમે સ્પષ્ટ શબ્દોમાં એ માગી લઈશું. એ વખતે તમારી શક્તિ હોય તો મદદ કરજો, પણ રિવાજને ખાતર એક પાઈનો પણ ઘસારો સહન કરતા નહિ. જે ઘસારાની પાછળ પ્રેમનું બળ ન હોય તે ઘસારો ખરું જોતાં પૈસાનો નહિ પણ સ્નેહનો જ હોય છે. એવા દરેક રિવાજને અંતે સ્નેહભાવ ઓછો થતો જાય છે. જે વસ્તુ બળપૂર્વક અને અણગમતા મને કરવી પડે તેનું પરિણામ આખરે કેવું આવે ?

મને ખાસ તો લગ્ન અને એવા પ્રસંગો આ વખતે વધુ યાદ આવે છે. આવા દરેક પ્રસંગે મામાને શક્તિ હોય કે ન હોય, ઇચ્છા

હોય કે ન હોય છતાં સારો એવો ઘસારો સહેવો પડે છે. આવા પ્રસંગે પ્રેમ વધવાને બદલે ઘટી જાય એ કેવી કરુણતા ગણાય! તમારા સંબંધ પરત્વે જ નથી કહેતો, પરંતુ સર્વ સંબંધો લક્ષમાં રાખીને કહું છું કે આવા દરેક પ્રસંગમાં કલેશ-કંકાસ થાય છે અને મન જુદાં પડી જાય છે તેનું કારણ આ ખોટો, પરાણે સહેવો પડતો ઘસારો જ હોય છે. આ પદ્ધતિ અને મનોદશા બદલાવાં જ જોઈએ.

એટલે રિવાજને ખાતર તો તમે કશું કરો જ નહિ, પણ તમે લાગણીપૂર્વક જે કાંઈ કરી રહ્યા છો તે વિષે પણ મારે એ કહેવાનું છે કે ત્યાં તમારી મર્યાદાનો હંમેશાં ખ્યાલ રાખો. તમારો પ્રેમ અમે સમજીએ છીએ અને તેની કદર પણ કરીએ છીએ. તમારી સ્થિતિ સારી હોય અને મદદ કરતા રહો તો બહુ ન લાગે, પરંતુ ગમે તેવી સ્થિતિમાં પણ તમે અમારા માટે કંઈ કરો છો ત્યારે જરા લાગી આવે છે. અમારાં સંસ્કારોને એ બંધબેસતું થતું નથી.

વળી તમે અમારી મદદ તો કોઈ સંયોગોમાં સ્વીકારતા જ નથી એટલે વિશેષ લાગી આવે છે. અમે સાચે જ 'સો બ્રાહ્મણ બરાબર એક ભાણેજ' થવા નથી ઇચ્છતા. એમાં અમારું અપમાન છે. જે કાળમાં સ્ત્રી નિરાધાર ગણાતી હશે તે કાળમાં આ કહેવત શોભતી હશે, આજે એમાં શોભા નથી રહી.

એક બીજી વસ્તુ પણ મારે તમને કહેવી છે.. ઉપર જણાવેલા અપવાદરૂપ મામાને તો હું તિરસ્કારું છું. એનામાં માણસાઈનો જ અભાવ હોય છે એમ મારું માનવું છે. કોઈ વાર બહેનના ઘરના કારભારમાં બહેન અને તેનાં બાળકોના હિતને ખાતર રસ લેવો પડે તે હું સમજી શકું છું, પરંતુ એ વખતે તો મામાની નિઃસ્વાર્થતા વિશેષ ઝળકી ઊઠવી જોઈએ. એ વખતે એ 'શેઠનો સાળો' ન હોય, પણ દુઃખિયારી બહેનનો બાંધવ હોય.

પણ આ બંને અપવાદરૂપ પ્રકારને છોડીને સર્વ સામાન્ય સંબંધો વિષે એક વસ્તુ મને ખૂંચી રહી તે જણાવવા ઇચ્છું છું. મામા પોતાની બહેનના ભાણેજના ઘરમાં કેમ મુદ્દલ રસ લેતા નથી તે મારી સમજમાં નથી આવતું. એણે શા માટે એમ માની લેવું જોઇએ કે બહેન કે એના દીકરાઓ પ્રત્યે પોતાને કોઇ હક્ક જ નથી! શરીરથી છૂટા પડી ગયેલા અંગની પેઠે એમને શા માટે ગણવા જોઇએ?

કુટુંબ વ્યવસ્થા ખાતર એટલું જરૂરી છે કે બંનેનું સંચાલન તે તે ઘરનાં માણસો જ કરે, પરંતુ કોઈ પણ પ્રકારનો રસ ન લેવાનું પરિણામ એ આવ્યું છે કે બહેનના કે ભાણેજના સુખદુઃખમાં ભાઈ-મામા કશો હિસ્સો જ લઇ શકતાં નથી. દૂર બેઠાં બેઠાં આંસુ સારીને જ તેઓ બેસી રહે છે. મારો મત એવો છે કે આમાં મામા પોતાના ધર્મ ચૂકે છે. એમણે બહેન સાથેનો સંબંધ જીવંત રાખવો જ જોઇએ.

આમ કરવાથી એક પ્રકારનો સમાનભાવ પણ કેળવાશે. બહુ જતા આવતા રહેવાથી સંબંધો શુદ્ધ બનશે ને એમાં સ્નેહની પ્રગાઢતા આવશે. ભાણેજ એટલે લેનારો અને મામા એટલે દેનારા એ સ્થિતિનો પણ અંત આવી જશે. તમે આમ કરશો તો આજે અમે માસી સાથે કોઇ જાતનો સંબંધ ધરાવતા નથી તે પણ સંધાશે. તમે જ આ બધા સંબંધોમાં સાંકળરૂપ બનશો અને સૌને આપણું કુટુંબજીવન આ પદ્ધતિથી વધુ સમૃદ્ધ અને વિશાળ બનતું લાગશે.

લિ૦.........ના પ્રણામ

વહાલા ભાણેજ.

હું તારો મામો ન હોવા છતાં જો તેં મને મામો ગણીને પત્ર લખ્યો છે તો હું પણ તને ભાણેજ માની લઈ એનો જવાબ આપી દઉં. મેં તારો કાગળ જે સ્નેહથી વાંચ્યો છે તે જ સ્નેહથી મારો કાગળ તું વાંચીશ એવી આશા રાખું છું.

તારી લખેલી એકેએક વાત સો ટચનું સોનું છે. આજના જમાનાને લક્ષમાં રાખતાં તેં જે કાંઇ લખ્યું છે તે મને બરાબર લાગે છે. મારે એમાં ઉમેરવાનું એટલું જ છે કે મામાભાણેજના સંબંધમાં આ નવીનતા આણવાનું બળ મારા કરતાં તારામાં વિશેષ છે. અમે તો ગમે તેમ તો.યે જૂના જમાનાના બાળકો છીએ. નવી હવા અમને સ્પર્શે છે ખરી પરંતુ અમે એથી ડરીએ છીએ. શું સાચું અને શું ખોટું તે અમે સમજીએ તો છીએ પણ સાચું આચરવાનું અમારામાં બળ નથી અને ખોટું છોડી દેવાની હિંમત નથી. આ બંને વસ્તુ તમારી પાસે છે એટલે બધી બાબતમાં પહેલ તારે જ કરવી જોઈએ.

તને થશે કે જે કરવાનું મારે છે તેની પહેલ તારે શી રીતે કરવી? આનો વ્યવહારૂ જવાબ તારે જોઈતો હોય તો હું આપવા માટે તૈયાર છું. જેમ સિદ્ધાંતની વાત તને વધુ સૂઝે છે તેમ વ્યવહારની વાત અમારા જેવાને વધારે સમજાય છે.

તું લખે છે કે રિવાજને ખાતર જે કરવું પડતું હોય તે ન કરો. વાત તો સાવ સાચી છે પણ તું ભૂલી જાય છે કે અમારી દુનિયામાં વ્યવહાર વિના સુખે જીવી શકાય નહિ. આટઆટલું સાચવ્યા પછી પણ અમારે ટીકાને પાત્ર થવું પડે છે. તું લખે છે તેવું કરીએ તો કોઈ સાથે અમારો સંબંધ જ ન રહે. અમારા પરણુ-મરણુમાં કોઈ આવે નહિ અને અમને ય કોઇ પોતાના ઘરના પ્રસંગમાં બોલાવે નહિ. અમે આખી જ્ઞાતિમાં એકલા પડી જઇએ એટલે લાચાર થઈને એ સૌના પગમાં પડવા જવું પડે.

આમાંથી ઉગરવાનો રસ્તો જ નથી એમ ન માનતો, પણ એ તો તું લઈ શકે એવો રસ્તો છે. અમે મામા તરીકે જે કંઈ કરવા-

તૈયાર થઈએ તે યોગ્ય ન લાગતું હોય તો તમારે જ ન સ્વીકારવું જોઈએ. તમે આમ કરો તો તે ગેરવ્યાજબી પણ ન ગણાય. અમને રક્ષણ મળે કે 'અમે શું કરીએ, એ સુધારક છે.' એટલે તમે, આજના યુગના ભાણેજો અમારો ઘસારો બચાવવા જ માગતા હો તો આ સીધો રસ્તો તમારે પકડવો જોઈએ. આવું થોડા કુટુંબોમાં થાય તો રિવાજનું જોર ઓછું થઈ જાય અને ધીમે ધીમે સૌ કોઈ એમાંથી નીકળી જાય. બોલ, આ રસ્તો તું લઈ શકશે?

લાગણીથી જે આપીએ છીએ તેમાં મર્યાદા મૂકવા બાબત તું જે લખે છે તે તો ઠીક નથી લાગતું. એ તો તમારા બાપુને કે બાને તમે ઘસાવાની ના પાડો તેના જેવું છે. આ બાબતમાં તમારે કંઈ બોલવું જ ન જોઈએ. એટલું ખરું કે આજે તમારો કંઈ ઉપયોગ જ અમે લઈ શકતા નથી તે બરાબર ન ગણાય, પરંતુ એ માટે પણ તમારે જ–ભાણેજોએ જ પ્રયાસ કરવાની જરૂર છે. મામાના પુત્ર–પુત્રીઓને માટે એ કંઈ કરે તો અયોગ્ય ન ગણાય. એમને કરેલી મદદ અમને જ કર્યા બરાબર છે ને? એકલા પૈસાથી આ દુનિયામાં જીવાતું નથી અને પૈસા મેળવવામાં પણ અક્કલ, હોશિયારી અને કિસ્મતની સાથે લાગવગ અને સાથ–સહકારની જરૂર પડે છે. આવો સાથ તમે જરૂર આપી શકો.

તમે જે અપવાદરૂપ મામાઓ ગણાવ્યા તેમાં પહેલાની અમને પણ શરમ છે અને બીજા, દુઃખિયારી બહેનના ભીરૂ થનારને અમે પણ વંદન કરીએ છીએ. સાચું પૂછ તો અમારી લાગણી હમેશાં એ બીજા પ્રકારના મામા જેવી જ હોય છે. અમારી અશક્તિ કે બીકને કારણે અમે પ્રસંગ આવ્યે એમ ન વર્તી શકતા હોઈએ તે જુદી વાત છે.

હવે એક જ વસ્તુનો જવાબ આપવાનું બાકી રહે છે. અમે

તમારા ઘરમાં અને તમારા જીવનમાં કેમ રસ લેતા નથી, આ તારો પ્રશ્ન છે. મારો જવાબ અમુક અંશે તો તેં પોતે જ આપી દીધો છે. આપણા કુટુંબોની રચના જ એવી છે કે અમે વધુ પડતો રસ લેવા માંડીએ તો અવ્યવસ્થા અને અસંતોષ જ પેદા થાય. આમ છતાં આજે અમે અજાણ્યાની પેઠે દૂર જ ઊભા રહીએ છીએ તે તો યોગ્ય ન જ ગણાય, પરંતુ તે માટે પણ મારે તો તારા ઉપર જ ભાર નાખવાનો છે. તું ધારે તો આપણી વચ્ચે જે અંતર છે તે પૂરી શકે. તું મામાના ઘરમાં રસ લેવા માંડ અને એમને તારી પ્રવૃત્તિમાં સાથે રાખે તો આપોઆપ એ રસ પેદા થશે. તારા પિતાશ્રીને પણ તારે આ વાત સમજાવવી જોઈએ અને પરસ્પર લાગણી વધારવાના પ્રયાસો કરવા જોઈએ.

તને થશે કે મામાએ તો બધું મારે માથે જ ઢોળી નાખ્યું, પણ તું જરા ઊંડે ઊતરશે તો જોઈ શકશે કે નવા યુગના સુધારાનો ભાર ઊંચકવા જેટલી અમારી પીઠ મજબૂત નથી. અમારા પગ રૂઢિના બંધનથી બંધાયેલા છે અને એટલે અમારી કેડ વાંકી વળી ગઈ છે. અમને સુધારાને માર્ગે ચલાવવા હોય તો અમારા સંબંધમાં જે જે જુવાનો આવતા હોય તે સૌએ અમારી અવગણના કરવાને બદલે, અમારી મુશ્કેલીઓ સમજી અમને સાથ આપવાનો પ્રયાસ કરવો જોઈએ.

આ મામાના ભાણેજો એટલું કરશે?

લિ. મામાના આશીર્વાદ.

સાસુસસરા

પિતાતુલ્ય વડીલશ્રી,

પહેલેથી જ કબૂલ કરી લઉં છું કે આ કાગળ લખતાં મને સંકોચ થાય છે. તમારી સાથે હું એટલા પરિચયમાં નથી કે મારા મનની વાત સામે બેસીને કહી શકું. જો એ વાત ન કહેવાથી કશું નુકસાન થવાનો સંભવ ન હોત તો હું મૌન રાખવાનું પસંદ કરત, પરંતુ મને મારા પોતાના જીવનથી અને મારા જેવા જમાઈઓના જીવનથી જે જાણવા મળ્યું છે તે આ પત્ર લખવા માટે પ્રેરે છે. તમને આ પત્ર લખતી વેળા કોઈ ચોક્કસ જમાઈના સસરા તરીકે હું કલ્પતો નથી પરંતુ આપણા સમાજના સર્વ સસરાઓના પ્રતિનિધિરૂપ ધારી લઉં છું. આમ છતાં મારે જમાઈ વતી બોલવાનું છે એટલે થોડો સંકોચ રહે તે સાવ સ્વાભાવિક છે. મારા આ પત્રમાં હું જે લખું છું તે 'થોડું લખ્યું ઝાઝું કરી વાંચજો'ના જેવું છે. મને આશા છે કે મારો આ કાગળ મારા માતાતુલ્ય સાસુજી પણ વાંચશે કારણ કે મારી નજર સમક્ષ તમને બંનેને રાખીને આ પત્ર લખવા હું તત્પર થયો છું.

મારે એટલું બધું લખવું છે કે પહેલું શું લખવું ને પછી શું લખવું તે નક્કી થઈ શકતું નથી. પત્રમાં અવ્યવસ્થા લાગે તો માફ કરજો કારણ કે મારે તો જેવા છે તેવા મારા વિચારો નિખાલસપણે તમારી પાસે રજૂ કરી દેવા છે. એમાં હું કંઇ ભૂલ કરતો હોઉં તો તમે એક વડીલ તરીકે દરગુજર કરશો એવી મારી આશા છે.

સૌથી પહેલું મારે એ કહેવાનું છે કે મને મારા કુટુંબથી તમે જુદો ન ગણો. તમારી પુત્રી તમે મને સોંપી છે છતાં તમારે યાદ

રાખવું જોઈએ કે હું મારા કુટુંબને સોંપાયેલો છું એટલે તમે તમારી પુત્રી મારા આખા કુટુંબને સોંપી છે એમ કહું તો ખોટું નથી. અમારાં લગ્ન પહેલાં તમારી પુત્રીને તમે કેવા વિચારો આપ્યા હશે, એનામાં કેવા સંસ્કારોનું સિંચન કર્યું હશે, મારા ને મારા કુટુંબ પ્રત્યે કેવી ભાવના તમે એના હૃદયમાં કેળવી હશે તે બધું હું જાણતો નથી. તમારી પુત્રીના આજના વર્તન ઉપરથી પણ હું તે નક્કી કરવા માગતો નથી. પરંતુ તમને એટલું તો જણાવું છુ કે હવે પછી એના ઉપર જે કાંઈ અસરો પડવાની હોય તે મારા અને મારા કુટુંબના હિતને લક્ષમાં રાખીને પાડવામાં આવે. તમે એનામાં સારા સંસ્કારો સાચશો તો તેનો લાભ એને પોતાને પણ મળશે.

ઘણી વાર મને એમ લાગે છે કે અમારા ગૃહજીવનને સુખી કરવાનું તમારા હાથમાં પણ છે. તમે તમારા કુટુંબ જેવો જ, પ્રેમ અમારા કુટુંબ પ્રત્યે કેળવો તો અમારા ગૃહજીવનમાં અનેરી મીઠાશ આવે એવું મારું માનવું છે. આજે ઘણાખરા કુટુંબોમાં. હું દુઃખ સાથે એ કરતાં ઊલટી સ્થિતિમાં જ દર્શન કરું છું. કન્યાના માતાપિતા એના શ્વસુર પક્ષના કેમ જાણે વિરોધી હોય એમ જ વર્તે છે. પુત્રી જ્યારે પોતાને ત્યાં આવે છે ત્યારે એને ઉશ્કેરવાનો જ તેઓ આડકતરો પ્રયત્ન કરે છે. પોતાની પુત્રીને એનાં સાસુ નણંદ, દિયર, જેઠ, સસરા તરફ ભક્તિભાવ ઉપજે તેવું કશું કહેવાને બદલે તેમના પ્રત્યે તિરસ્કાર અથવા અવજ્ઞા થાય તે પ્રકારનું જ બોલવામાં આવે છે.

આમ શા માટે થાય છે તેનાં કારણોમાં હું ઊંડો ઊતર્યો છું. જૂના અને નવા વિચારના કુટુંબોનાં કારણો જુદાં જુદાં છે. એ બંને અહીં રજૂ કરીશ તો તમને સમજવાનું સહેલું થશે અને તમે ગમે તે વર્ગમાં હશો છતાં આ પત્ર તમને ઉપયોગી નીવડશે.

આ કારણો શોધવા જતાં પુત્રી માટે જીવનસાથીની પસંદગી કેમ થાય છે તે આપણે જોવું પડશે. જ્યાં વિચારો જૂના છે ત્યાં જમાઈ

તરફ ઓછું લક્ષ રહે છે. 'મુરતીઓ જોવાય છે ખરો, પરંતુ તે કરતાં વિશેષ તેનું ઘર, માતાપિતા અને સગાંઓનું નિરીક્ષણ થાય છે અહીં મુરતીઓ તો માત્ર સાધન જ હોય છે. બીજી બાજુ, નવા વિચારો ધરાવનારાઓ માતાપિતા અને ઘરકુટુંબ તરફ દુર્લક્ષ કરી 'જમાઈ'માં જ સર્વસ્વ જુએ છે.

મારી દૃષ્ટિએ એ બંને પદ્ધતિઓ ભૂલ ભરેલી છે. આમાંથી જ ઉપર કહેલી અવગણનાની ભાવના જન્મે છે, અને આમાંથી જ બીજા અનિષ્ટો પણ ધીમે ધીમે અવતાર લે છે.

જ્યાં ઘરને લક્ષમાં રાખવામાં આવ્યું હોય છે ત્યાં જમાઈની અવગણના થાય છે. બાહ્યરૂપે એને માન મળે છે ખરું, એનો વિનય પણ કરવામાં આવે છે પરંતુ અંતરમાં એનું પ્રતિષ્ઠાભર્યું સ્થાન રહેતું નથી. એ સ્થાન તો એના માતાપિતાનું જ હોય છે. આ માતાપિતા પ્રત્યે પણ રૂબરૂમાં વિનય-વિવેક અને ગેરહાજરીમાં મજાકો દેખાય છે.

જ્યાં 'જમાઈ'ને મહત્ત્વ હોય ' છે ત્યાં તો ઘર, જમાઈના માતાપિતા કે અન્ય સગાંઓનું કશું સ્થાન જ હોતું નથી. એમની મશ્કરી કેવળ દીકરી પાસે નહિ, જમાઈ પાસે પણ ઘણી વાર થઈ જાય છે.

આના પ્રત્યાઘાતો બહુ ખરાબ થાય છે. તમારી પુત્રીના અંતરમાં ભક્તિભાવ પેદા થવાને બદલે અણગમાનો અથવા તો તોછડાઈનો ભાવ પ્રગટે છે. આ સ્થિતિમાં લોકલાજને વશ થઈ અથવા તો મને ખુશ કરવા જો મારા વડીલોનું બહુમાન કરે તો યે તેમાં સંતોષ કે આનંદ પ્રગટતો નથી.' સાચી લાગણી ન હોવાના કારણે ખરે પ્રસંગે એ હારી જાય છે. પોતાના કર્તવ્યમાંથી ખસી જાય છે અને સામા પક્ષના દૂષણો જોવાની એની વૃત્તિ કેળવાય છે.

આ વસ્તુ સાવ નજીવી લાગે છે, પરંતુ તેની અસર નજીવી નથી. તમારે ઘેર જ્યારે એ આવે ત્યારે અમારા ઘર માટે તમે શું કહો છો તે જાણવાની સ્વાભાવિક જિજ્ઞાસા એનામાં હોય છે. આરંભના દિવસોમાં તો સસરાનું ઘર એનું પોતાનું થયું હોતું નથી અને તમારું ઘર એ ભૂલી હોતી નથી એટલે આવી ચર્ચાની એના ઉપર ઊંડી અસર થાય છે. આને પરિણામે તમને કશો લાભ થતો નથી અને અમારા ઘરની શાન્તિ જોખમમાં મુકાય છે.

હું જાણું છું કે આવું તમે ઇરાદાપૂર્વક કરતાં નથી. તમારી પોતાની પુત્રીને દુઃખમાં મૂકવાનો વિચાર તમે કરો જ નહિ, પરંતુ સહજ બેદરકારી અને જૂની પદ્ધતિનું જ આ પરિણામ છે. તમે તમારા ઘરમાં આ વિષે જાગૃતિ રખાવી શકો તો આ દોષ સહેલાઈથી નિવારી શકાય એવો છે.

આટલું તો મારા કુટુંબ વિષે. હવે મારા પોતાના વિષે થોડું લખવા ધારું છું. આપણા સમાજમાં ચાલી આવતા રિવાજ પ્રમાણે હું માન અને આદર આપવા લાયક વ્યક્તિ છું, પરંતુ હું જોઉં છું કે બધે સ્થળે મારા પ્રત્યે એક જ પ્રકારનું વર્તન ચલાવવામાં નથી આવતું. પુષ્કળ વિચાર અને અવલોકનને અંતે મને એમ લાગ્યું છે કે સસરા-જમાઈના સંબંધો નીચેના ત્રણ પ્રકારોમાં વહેંચાઈ જાય છે.

પહેલો પ્રકાર : પુત્રી આપી દીધા પછી એનાં વિષે બેદરકાર રહેનારાઓનો છે. કેટલાક વારતહેવારે દીકરી–જમાઈને પોતાને ત્યાં બોલાવે છે અને વ્યવહાર પૂરતો સંબંધ રાખે છે અને કેટલાક તો દીકરી જતાં એક મોટો બોજો દૂર થયો હોય એમ તે પછી સંબંધ જ છોડી દે છે. વ્યવહારમાં રહેવા માટે જે થોડોઘણો સંબંધ રાખવો પડે છે તેમાં સ્નેહભાવનો લગભગ અભાવ જ હોય છે.

હું ઇચ્છું છું કે આ સ્થિતિમાં ફેર પડે. જે દિવસથી હું તમારી પુત્રીનો સ્વીકાર કરું છું તે દિવસથી હું તમારો પુત્ર બનું છું. તમારું મારી સાથેનું વર્તન એ પ્રકારનું જ હોવું જોઈએ. તમે મારા–અમારા જીવન પ્રત્યે બેદરકારી કેળવો તો હું ઇષ્ટ ગણુતો નથી. તમારે અમારા જીવનમાં રસ લેવો જ જોઈએ અને તમારા કુટુંબમાં અમે કંઈ પણ ઉપયોગી થઈ શકતા હોઈએ તો અમારી સેવા લેવાનો તમારો પણ અધિકાર હોવો ઘટે. આ પ્રકારનો સંબંધ રહે તો અમને હમેશાં એમ લાગે કે તમે અમારાં વડીલ છો, આ મનોવૃત્તિનો લાભ તમારી પુત્રીને પણ મળે જ.

તમારે લક્ષમાં રાખવું જોઈએ કે જે પુત્રીને અઢાર કે વીસ વર્ષ સુધી તમે ઉછેરી છે તે લગ્ન થતાં જ તમને ભૂલી જઈ શકે નહિ. એના અંતરની શાન્તિ માટે એ હમેશાં તમારા ઘરને ઝંખતી હોય છે. સસરાને ત્યાં એના માથે જવાબદારીનો બોજ હોય છે. આ બોજ ઉતારીને લહેર કરવાની, નિશ્ચિંત બનવાની પણ તેને ઇચ્છા થાય છે. તમારો લાભ લેવાની વૃત્તિથી નહિ, પણ આશ્વાસન અને નવું બળ મેળવવાની ઇચ્છાથી એ તમારે ત્યાં આવવા ચાહે છે.

તમે કહેશો કે એ સવાલ તો અમારો અને અમારી પુત્રીનો છે, એ માટે તમે શા માટે આટલું બધું લખો છો? જવાબમાં મારે જણાવવાનું કે આ ભેદ તમે ભૂંસી નાખો, તમારી પુત્રી અને હું લગ્ન પછી એક જ શ્વાસે જીવનારા બે શરીરો છીએ એવું માનો. અને બીજું એ પણ ધ્યાનમાં રાખો કે તમારી પુત્રીને મન એનું જીવન–સર્વસ્વ હું છું અને મારામાં માનવતા હોય તો મારું જીવન–સર્વસ્વ એ છે. અમે બંને એમ ઇચ્છીએ કે અમારા ઉપર જે સ્નેહ વરસાવવા ઇચ્છે તે બંને ઉપર એક સરખો અને એક સાથે જ વરસાવે. એમાં અમને અપૂર્વ આનંદ મળે છે.

વળી તમારે એ પણ જોવું જોઇએ કે તમારી પુત્રી વમારે ત્યાં આવે, તમારી સાથે ઘનિષ્ઠ સંબંધ રાખે વગેરે મને અનુકૂળ છે કે નહિ! તમે આ ન જુઓ તો અમારા જીવનમાં તો કલેશનાં બીજ જ રોપાય. હું જોઉં છું કે ઘણાં પુત્રીઘેલાં માતાપિતા આ વસ્તુ તરફ દુર્લક્ષ કરે છે. આમ કરવાને પરિણામે પુત્રીના દિલમાં અવગણના તો પેદા થાય જ છે, પણ જમાઈ અને સસરા વચ્ચે પણ મોટો ખાડો ખોદાય છે. એ બંને એકબીજાથી દૂર જતા જાય છે.

આ બધાંનું નિવારણ અમારાં બંને સાથે જીવતો સંબંધ રાખવામાં રહ્યું છે. આ સંબંધ કેવળ અમારા જ લાભ માટે હું નથી માગતો. તમારો પણ એમાં જ લાભ રહેલો છે. જે સ્નેહ આપે છે તે અધિકાર પણ ભોગવી શકે છે. અમે તો સ્નેહ અને સેવા બંનેને ઝંખીએ છીએ.

બીજો પ્રકાર આથી ઊલટી જ મનોવૃત્તિ દર્શાવતા સસરાઓનો હોય છે. તેઓ પોતાની પુત્રીને હમેશાં 'પોતાની'જ માને છે. એ 'પુત્રી હવે એના શ્વસુર પક્ષની છે, એના પતિની છે વગેરે ખ્યાલો એમના મગજમાં બેસતા જ નથી. તેઓ વધુ ને વધુ દિવસો પુત્રીને પોતાને ત્યાં રાખવાનું ચાહે છે. પુત્રીને તેઓ સ્નેહથી ભીંજવી નાખે છે અને જે કાંઇ આપી શકાય તે બધું એને આપે છે.

આનું પરિણામ પણ વિપરીત જ આવે છે. પુત્રીનું મન એના પતિને ઘેર સ્થિર થતું નથી. પતિને ત્યાં એ પરાયા જેમ રહે છે એટલે જે સ્નેહબીજ લગ્નની પળથી જ રોપાવાં જોઈએ તે રોપાતાં નથી. પુત્રીના માતાપિતાએ આ વસ્તુ ધ્યાનમાં લઈ પોતાના સ્નેહની મર્યાદા બાંધવી જોઇએ.

આ પ્રકારમાં એવાં સાસુ-સસરા પણ હોય છે કે જેઓ પુત્રીની પેઠે જમાઇને પણ પોતાને ત્યાં રાખવા ઇચ્છતાં હોય. તેઓ ઘણી વાર તો એમાં અભિમાન લેતાં હોય છે. તેઓ એમ માને છે કે અમે પુત્રી અને

જમાઈની સર્વ જવાબદારી ઉઠાવીએ તેમાં જ અમારી શોભા છે. ઓછાવત્તા પ્રમાણમાં 'ઘરજમાઈ' રાખવાની આ મનોવૃત્તિ છે. આ બાબતમાં મારું કહેવું એમ છે કે પોતાના પુત્ર માટે આવી સ્થિતિ તેઓ સહન કરશે ખરાં ?

જો તમારે ત્યાં સંતાનમાં એક પુત્રી જ હોય અને મારા પિતાને ત્યાં મારા ઉપરાંત બીજા ભાઈઓ પણ હોય તો તમારી આ મનોવૃત્તિ હું સમજી શકું છું. ખરું પૂછો તો મને એ યોગ્ય પણ લાગે છે. 'ઘરજમાઈ' જેવું કંઈક શરમભર્યું સ્થાન લેવાનું પણ આ સ્થિતિમાં મને અયોગ્ય ન લાગે, ઊલટું એમ લાગે કે તમને સ્નેહ ઢાલવવાનું અને અમને સેવા–ભક્તિ ઢાલવવાનું સાધન પ્રાપ્ત થાય. કુટુંબભાવના એથી વધુ ઉજ્જવળ બને.

પરંતુ સામાન્ય પરિસ્થિતિમાં આ વસ્તુ ઇષ્ટ નથી. એમાં બીજાંના પુત્ર અને પુત્રવધૂ ઝૂંટવી લેવાનું પાપ રહ્યું છે. કોઈ જમાઈ આ સ્થિતિ પસંદ કરે જ નહિ. પરંતુ જો એ બેજવાબદાર, સ્વમાનહીન અને પ્રમાદી હોય તો એ તરફ લલચાય પણ ખરો. આ વખતે તમારે જ એના પુત્ર–ધર્મનું એને ભાન કરાવવું જોઈએ.

મને એમ લાગ્યું છે કે સસરા–જમાઈના સંબંધની આ મર્યાદા છે અને તેનું બરાબર પાલન થવું જોઈએ.

'ઘરજમાઈ' જેમ ન રાખી શકાય તેમ એને જ્યારે ને ત્યારે આપ્યા કરવાની રીત પણ યોગ્ય નથી. કબૂલ કરી લઉં છું કે એ આપવાની વૃત્તિ તમારા પુત્રી–પ્રેમનું પરિણામ હશે. તો પણ એ વસ્તુથી અમને લાભ થવાને બદલે ગેરલાભ જ થાય છે. એટલા પ્રમાણમાં અમારો પુરુષાર્થ હણાય છે. તમારી પાસે સાધન, સગવડ અને જ્ઞાન હોય તો અમે એટલું જ માગીએ છીએ કે અમારા પુરુષાર્થને માર્ગ આપવામાં તમે સહાયરૂપ બનો, એથી વિશેષ અમે કશું ઇચ્છતા જ નથી.

એક વસ્તુ મારે આ સ્થળે જ તમને કહી દેવી જોઈએ કે તમારી આપવાની વૃતિ પાછળ હમેશાં સ્નેહભાવ જ હોય છે એવી પણ અમને ખાતરી નથી થઈ. કેટલીક વાર સમાજમાં તમારા અભિમાનનું પ્રદર્શન ભરવા માટે પણ તમે અમને નવાજો છો. આ મનોવૃત્તિ ઇષ્ટ નથી. અમને એ તરફ તિરસ્કાર સિવાય બીજી કોઈ પ્રકારની લાગણી નથી.

સમાજમાં આવા ઘણા દાખલાઓ જોયા પછી જ હું આ શબ્દો લખી રહ્યો છું. પુત્રીને કે જમાઈને કંઈ આપવું હોય તો ઊંડા અંતરથી આપવું જોઈએ અને તેની કશા યે પ્રકારની જાહેરાત ન હોવી જોઈએ. તમે દીકરી-જમાઈને એવું ભાન કરાવો કે 'તમે અમારી મદદથી જ સુખે જીવી શકો છો' તો ખાતરીથી માનજો કે તમારી મદદ લેવા કરતાં આત્મહત્યા કરવાનું, તેઓ જો સ્વમાનશીલ હશે તો વધુ પસંદ કરશે.

અને તેઓ એવી કફોડી સ્થિતિમાં મુકાયાં હશે કે તમારી મદદ વિના ચાલે જ નહિ. સાથે કોઈ પણ ભોગે એમાંથી છૂટવાનું મનોબળ એનામાં નહિ હોય તો તેઓ તમારી મદદ લેતાં લેતાં મનમાં તો તિરસ્કારનો ભાવ જ સેવશે અને એક દિવસે પોતાની સ્થિતિ ઠીક થતાં તમારું અપમાન કરતાં પણ નહિ અચકાય. તે દિવસે તમને લાગશે કે 'મારા ઉપકારોનો આવો દુષ્ટ બદલો એ લોકોએ આપ્યો!' તમે ભૂલી જ જશો કે તમે જે મદદ કરી હતી તે ઉપકાર માટે નહિ, પણ સમાજમાં તમારી વાહવાહ બોલાવવા માટે કરી હતી. આ મનોદશાનું ફળ અપમાનમાં ન આવે તો શામાં આવે?

એટલે જે આપો તે સ્નેહપૂર્વક આપો અને એની જાહેરાતની અપેક્ષા ન રાખો, એટલું જ નહિ, પણ પ્રયત્નપૂર્વક એ જાહેરાત ન થાય તેની કાળજી રાખો. આમ કરશો તો તમારા દીકરી-જમાઈ ઉપર તેની ઘેરી અસર થશે..

આટલું લખતાં આ પ્રકારમાં જ મૂકી શકાય તેવો એ મુદ્દો સૂઝી આવ્યો છે તે કહી દઉં.

તમારી મદદનું અભિમાન કેટલીક વાર તમારામાં નથી જાગતું, પણ તમારી પુત્રીના સંસ્કારો ઊંચા ન હોય તો એનામાં જાગે છે તે તમે જાણો છો? 'મારા બાપના ઘરનું છે' એવું સૂત્ર જ્યારે પોતાને ઘેર ઉચ્ચારવા માંડે છે ત્યારે એ ઘરમાં દ્વેષ, ઈર્ષા અને કલેશની શરૂઆત થવા માંડે છે. કોઈ કોઈ વાર તો આ મૂર્ખ પુત્રી પિતાની આબરૂ વધારવા માટે પોતાના પતિને કમઅક્કલ અને કમાવા માટે અશક્ત ગણાવતાં પણ અચકાતી નથી. આવે વખતે જમાઈની ઇચ્છા મદદ લેવાની હોતી નથી, પરંતુ એ તમને કહી શકતો નથી એટલે સ્થિતિ બગડતી જાય છે. આમાં તમારી જવાબદારી ઘણી ઓછી છે છતાં આ વસ્તુ તમારા ખ્યાલમાં આવે ત્યારે તો તમારે એ સુધારવી જ જોઇએ. આ સુધારા માટે તમે તમારાં દીકરી–જમાઈને કોઈ પ્રકારની મદદ ન કરો તો પણ હું તેને યોગ્ય માનીશ. એમનું જીવન સુખી કરવા માટે એ જ મોટી મદદ બનશે.

ત્રીજો પ્રકાર આદર્શ સસરા–જમાઈનો છે. આ વર્ગની સંખ્યા ઘણી ઓછી છે પણ છે તો ખરી જ. તેઓ વચ્ચે પિતા–પુત્ર જેવો સંબંધ હોય છે. જે કંઈ આપલે થાય છે તેની પાછળ પ્રેમ સિવાય બીજી પ્રેરણા હોતી નથી. આવા સંબંધમાં આપવાનું મોટે ભાગે સસરાએ હોય છે પણ જમાઈ કૃતઘ્ન બનતો નથી, પુત્ર બનીને એક અથવા બીજી રીતે એનો બદલો વાળી આપે છે, સસરાને હમેશાં એની મદદની ખાતરી હોય છે. પિતા જેમ પોતાના પુત્રોને પોતાની અનામત તાકાત માને છે તેવું જ જમાઈ વિષે બને છે. અહીં દીકરી અને જમાઈ એક સ્વરૂપે જ ઓળખાય છે, એમના પુત્ર અને પુત્રવધૂ તરીકેના ધર્મો બજાવવામાં કશા અંતરાયો ઊભા થતા નથી એટલું જ નહિ પરંતુ એ પ્રકારની પ્રેરણા જ એમને આપવામાં આવે છે.

એમના ઉપર અધિકાર સ્થાપવાની ઇચ્છા સસરાને કદી થતી જ નથી, એનું સ્વતંત્ર વ્યક્તિત્વ ખીલે એ જ એની અભિલાષા હોય છે. આવા સસરા–જમાઈ આપણે બનીએ એવી મારી તમારી પાસે ને પ્રભુ પાસે પ્રાર્થના છે.

લિ. છોરૂ......ના

પ્રણામ.

તા. ક.

કાગળ પૂરો કર્યા પછી એક વસ્તુ યાદ આવી છે તે લખી નાખું મેં તમને કહ્યું કે તમારી પુત્રી પાસે મારા ઘરના કોઈ સભ્ય વિષે તમારે ત્યાં વાંકુ ન બોલાય, તોછડું ન બોલાય, મજાક ન થાય તેનો તમે ખ્યાલ રાખજો. અમારા ઘર પ્રત્યે તમારા ઘરમાં અને તમારી પુત્રીના દિલમાં આદર કેળવાય એવો તમે પ્રયાસ કરશો તો આપણા બે કુટુંબના સંબંધમાં સ્નેહની સુગંધ પ્રસરશે.

પણ આનો અર્થ એમ ન કરશો કે હું કે અમે ભૂલ કરી રહ્યાં હોઇએ, તમારી પુત્રીને કંઇ અન્યાય થતો હોય અથવા અમારા તરફથી તમને માઠું લાગે તેવું કંઈ બન્યું હોય તો તમે મૂંગા બેસી રહો, એમ હું કહેવા માગું છું. મારી એવી માગણી નથી જ. આવા પ્રસંગે હું એમ ઇચ્છું છું કે મારા ઘરના કોઈ પણ સભ્ય સામેની ફરીઆદ તમે મને, માત્ર મને જ કરો. તમારી પુત્રી પાસે તમે એ ન બોલશો. હું ખાતરી આપું છું કે તમે યોગ્ય રીતે મારું ધ્યાન ખેંચશો તો હું બધું ઠીક કરવા માટે મારાથી બનતા તમામ પ્રયત્નો કરીશ.

[૪]

જમાઈને

ચિ.........ની દીર્ઘાયુ,

સુકન્યા અને તમે તમારે ઘેર પહોંચશો કે બીજે જ દિવસે તમને આ પત્ર મળશે. પહેલાં તો તમે બંને મારા હસ્તાક્ષરો જોઈને આશ્ચર્ય પામી જશો, પરંતુ જેમ જેમ વાંચવા માંડશો તેમ તેમ તમને વિદાય આપતી વખતે સુકન્યાની બાની આંખોમાંથી આંસુ કેમ સરી પડ્યાં અને મેં મહામહેનતે આંસુને ખાળવાનો પ્રયત્ન કર્યો છતાં મારી આંખો કેમ ભીની થઇ ગઈ તેનાં આંતરિક કારણો સમજાઈ જશે.

આ પત્રની લીટીએ લીટીએ તમે એક પ્રેમાળ માતાપિતાનું હૈયું વાંચી શકશો એવી મને આશા છે, આ હૈયું વાણીમાં વ્યક્ત ન થઈ શકે તે સમજવાનું પણ તમને અઘરું નહિ પડે. હૈયાની લાગણીને વાણી કરતાં લેખન સહેલું પડે છે છતાં તેમાં યે એ પૂરેપૂરા રૂપમાં તો પ્રગટ થઈ શકતી નથી, પરંતુ મને ખાતરી છે કે મારા પુત્ર જેવા તમે આ શબ્દો દ્વારા એ લાગણીની ઝાંખી તો કરી શકશો.

આ પત્રમાં મારી લાગણી ઉપરાંત તમારા માટે મેં થોડાક વ્યવહારુ સૂચનો મૂક્યાં છે તે તમે લક્ષમાં લેવાનું ચૂકતા નહિ. આ સૂચનો આપનાર અહોરાત્ર તમારું કલ્યાણ ઇચ્છનાર વ્યક્તિ છે એટલું તમે સ્વીકારશો તો એનું બળ વધી જશે. આ સૂચનામાં મુખ્યત્વે તો આપણો સંબંધ કેમ ઊંચા દરજ્જાનો રહી શકે તે જ મેં લખ્યું છે પરંતુ તેમાં સમગ્ર જીવનને ઊંચે લાવનારું બળ પણ છે એમ હું માનું છું. જીવનનું દરેક વિશિષ્ટ કર્તવ્ય સમગ્ર જીવનને બળ આપનારું હોય છે એમ ખાતરીથી માનજો.

જેને તમે જીવન સોંપ્યું છે અને જેણે તમને જીવન સોંપ્યુ છે તે મારી પુત્રી છે એટલું હું કહું તો તમે બધું સમજી જશો ખરા ? એ પુત્રીની અમે સાચે જ આત્માનું અમૃત પાઈ ને ઉછેરી છે. અનેક માબાપોની પેઠે અમે કોઈ દિવસ એને 'પથરો' માની નથી. અમારે ઘેરથી એક દિવસ એ ચાલી જનારી છે એ જ્ઞાનથી અમને એના પ્રત્યે બેદરકારી થવાને બદલે વધુ મમત્વ જ પેદા થયુ છે. હમેશાં એમ લાગ્યું છે કે દીકરા તો અહીં જ રહેવાના છે અને આ ઘરની તમામ સમૃદ્ધિ કે સુખદુઃખમાં ભાગીદાર બનવાના છે, પરંતુ જે એક દિવસ અમને સૌને જીવનભરને માટે છોડી કોઈ અજાણ્યા સ્થળે ચાલી જવાની છે તેને તો લાડ લડાવીએ ! આ મનોવૃત્તિ સાથે સુકન્યાને અઢાર વર્ષ સુધી અમે ઉછેરીને છેવટ તમને સુપ્રત કરી છે.

તમારાં બંનેનાં લગ્ન એકબીજાંની ઇચ્છા અને સંમતિથી થયાં છે અને બંને પક્ષના વડીલોએ પણ એમા આશીર્વાદ ઉચ્ચાર્યાં છે, તે આ યુગમાં પરમ ભાગ્યની નિશાની ગણાય. આવાં લગ્નમાંથી જન્મેલો પ્રેમ જીવનભર તમને સુખ, શાન્તિ અને શક્તિ આપી રહેશે. એવી આશા હું વ્યક્ત કરું તો તે યોગ્ય જ ગણાશે. એ પરમ મંગલ સ્થિતિને અંગે જ મારે તમને બે શબ્દો કહેવા છે.

સુકન્યા અમને કેવી વહાલી છે તે મં તમને કહ્યું. તેના સંસ્કારો કેવા છે તે તો હું નહિ કહું, કારણ કે અમારી પોતાની પ્રશંસા કરવા જેવું એ છે. આ કન્યાને અમે જે પ્રેમથી ઉછેરી છે તે જ પ્રેમથી તમને સોંપી છે અમારી આંખના આંસુની પાછળ એ દુઃખી થશે એવી કોઈ ભાવના હતી નહિ, હોઈ શકે નહિ, એવી ભાવના સાથે પોતાની પુત્રીનું નસીબ બીજાંની સાથે જોડનાર અમે નથી. એના ભાવિ સુખ વિષે માનવીથી શક્ય એટલી ખાતરી ન મળે તો અમે એને જીવનભર કુમારિકા રાખવાનું પસંદ કરીએ. જાણીએ છીએ કે માનવીની શક્તિ મર્યાદિત છે અને ભવિષ્ય વિષે કોઇ જ કશુ જાણતું નથી, છતાં પરમાત્માએ

જે બુદ્ધિ સૌને આપેલી છે તેનો ઉપયોગ તો એણે કરવો જ જોઈએ એમ માનીને અમે વર્તીએ છીએ.

એટલે અમારી સુકન્યા પ્રેમ અને વિશ્વાસથી તમને સોંપી છે. આમ છતાં માતાપિતાનું દિલ તમને એટલું તો કહી દેવા તલપે છે કે તમે એને પ્રેમ અને વિશ્વાસથી સંભાળજો. એ કન્યા છે તે કદી ભૂલતા નહિ. એનું દિલ બહુ કોમળ છે. આ મારા ઘરમાં એણે પ્રેમ સિવાય બીજી કોઈ લાગણીનાં દર્શન કર્યાં નથી એટલે જીવનના ઘર્ષણોમાં એ ડગી જાય અને થાકી જાય એવી છે તે હમેશાં લક્ષમાં રાખજો. એમ તો અમે કહેતાં નથી કે જે રીતે અમે એને જાળવી છે તે રીતે તમે જાળવજો, કારણ કે તમારે ત્યાં એ પત્ની, ગૃહિણી, પુત્રવધૂ વગેરે બનીને આવે છે. હવે એની પુખ્ત ઉંમર થઈ છે, એટલે ઘરનો ભાર એણે ઉપાડવાનો છે. એની સેવાપરાયણ માતાએ આ શક્તિ એને આપી હશે એમ ધારું છું, છતાં મારે તમને એટલી ભલામણ કરવાની છે કે એના ઉપર ધીમે ધીમે બોજો મૂકજો. મને ખાતરી છે કે તમે એમ જ કરશો અને મારી સુકન્યા પણ હોંસભેર તમારા ઘરનો બોજ ઊઠાવશે છતા એક પિતાનું દિલ પુત્રી વિષે ભલામણ કર્યા વિના રહી શકતું નથી માટે લખ્યે જાઉં છું.

તમે તો જાણો જ છો કે હું વિચારોમાં મધ્યમમાર્ગી છું. ઉદ્દામ વિચારો હું ધરાવતો નથી. તેમ જૂની જડતામાં પણ હું પડયો રહ્યો નથી. મારી દૃષ્ટિએ તમારા લગ્નની ક્ષણે મેં પુત્રી ગુમાવી દીધી છે એમ હું માનતો નથી. એ જ રીતે મેં તમને મેળવી લીધા છે એવી યે મારી માન્યતા નથી. હું તો એમ સમજ્યો છું કે મેં જેટલું ખોયું–સુકન્યાને તમારે ત્યાં મોકલીને–તેટલું મને મળી ગયું છે–તમારો સંબંધ મેળવીને: બોલો, મારી માન્યતા તમને સાચી લાગે છે? એવી લાગણીને તમે ઝીલી શકશો ખરા? તમારી બુદ્ધિ આ વસ્તુનો સ્વીકાર કરે છે?

તો તમે પ્રેમની લાગણીથી જ મારા વિશિષ્ટ પ્રકારના પુત્ર બન્યા છો. વિશિષ્ટ શબ્દ હું ઇરાદાપૂર્વક વાપરું છું કારણ કે તમને હું પુત્ર કહું અને તમે મને પિતા કહો છતાં તમારા જે જન્મદાતા માતાપિતા છે અને અમારાં લોહી-માંસમાંથી જન્મેલા પુત્રો છે તેમાં તો અમુક ભેદ રહેશે જ. તમે પુત્ર બનશો અંતરથી, તમારી પહેલી ફરજ તમારા પિતા તરફ હશે તે બજાવીને તમે મને યાદ કરશો. એવું જ હું કરીશ. એટલે આપણી વચ્ચે ફરજ કરતાં યે, સામાજિક રિવાજ કરતાં યે અંતરનો સંબંધ વિશેષ રહેવો જોઈએ. સામાજિક જીવનમાં આપણાં ઘર સદા યે નિરાળાં હશે. વ્યક્તિત્વનો વિકાસ પણ જુદા માર્ગે થતો હશે પરંતુ અંતરમાં પ્રેમ અને આદરની જે લાગણી પડી હશે તે આપણને એક પ્રકારની હિંમત હમેશાં આપ્યા કરશે.

માટે હું કહું છું કે તમે મારા વિશિષ્ટ પ્રકારના પુત્ર છો. તમારા પ્રત્યેની મારી લાગણી કોઈ વાર સ્પષ્ટ રીતે અને કોઈ વાર મારી પુત્રી દ્વારા વ્યક્ત થતી રહેશે. તમારી પાસેથી પણ એવી જ લાગણીની હું અપેક્ષા રાખું તો તમે મને સ્વાર્થી તો નહિ કહો ને? પ્રેમની ઝંખના સ્વાર્થ ગણાય ખરી?

આ તો મેં કહી મારી માનસિક અવસ્થાની વાત. મને ખાતરી છે કે તેનો તમે સ્વીકાર કરશો જ. કદાચ આ વાંચતા વાંચતા તમે પણ એવી જ કોમળ અને મધુર લાગણી અનુભવતા હશો.

હવે મારે થોડીક વ્યવહારૂ વાતો કરવી છે. પહેલેથી જ હું કહી દઉં કે તમારામાં કંઈ જોઈને આ સૂચનાઓ કે વાતો હું કરતો નથી. તમને મેં સંસ્કારી અને સુધરેલા યુવાન માન્યા છે. અહીં હું જે કહું છું તે તો તમને જ નહિ પણ પ્રત્યેક જમાઈને ઉદ્દેશીને કહું છું. ખરું જોતાં તો આપણા સંબંધમાં તમારી બાજુએ કયા કયા ભયસ્થાનો

છે તે જ હુ જણાવવા ઇચ્છુ છું. આ ભયો તમારો માર્ગ કોઈ દિવસે રુંધી શકશે એમ હું માનતો નથી, પરંતુ સાથે સાથે હું એમ તો માનું છું કે આ ભયોનો તમને ખ્યાલ હોય તો કશું ખોટું નથી. એટલા પ્રમાણમાં તમારો 'જીવનમાર્ગ' સરળ બનશે.

કઇ રીતે આ ભયસ્થાનો તમારી સમક્ષ રજૂ કરવા તેનો વિચાર કરું છું તો એક એવી પદ્ધતિ સૂઝે છે કે ઘડીભર તમને અંગત રીતે વીસરી જઈ, જમાઈને જ ઉદ્દેશીને થોડું લખી નાખું. એમ ન કરું તો મારે ક્રમશઃ સૂચનાઓ મૂકવી પડે અને તે પણ બધી તમને જ ઉદ્દેશીને હોઇ એવું બને નહિ. એટલે જમાઇમા જે દોષ મને દેખાય છે અથવા જેની સંભાવના છે તે કહી દેવાનુ વધુ યોગ્ય થશે.

સૌથી પહેલો દોષ તમે લગ્ન કરીને અમારી પુત્રી પ્રત્યેનો અમારો હક્ક ઝૂંટવી લો છો 'તે મને સૂઝે છે. અમારી પુત્રીએ શ્વસુરપક્ષના ધર્મો બજાવવામાં ઇન્કાર કરવો જોઈએ એમ કહેવાનો આશય નથી પરંતુ અમારા પ્રત્યે એની કશી ફરજ જ નથી, એ લાગણી પણ ન રાખી શકે એવી જે મનોવૃત્તિ દેખાય છે તે મને દોષરૂપ લાગે છે. તમારા ઘર પ્રત્યેની ફરજ અદા કર્યા પછી જો અમારા પ્રત્યેની ફરજો વિચારે તો તેમાં અજુગતું શું છે? આ ફરજ હંમેશની તો હોતી જ નથી અને સાચું પૂછો તો એમાં ફરજ કરતાં વિશેષ પુત્રીની લાગણી જ દેખાતી હોય છે. આવા પ્રસંગો ક્યારેક આવે છે. ખાસ કરીને અમારે ત્યાં કોઇની માંદગી હોય અથવા લગ્ન જેવો કોઇ પ્રસંગ હોય. મેં જોયું છે કે આવે વખતે તમારા તરફથી એક પ્રકારની છાની ઈર્ષા સેવવામાં આવે છે. તમે એને ઉત્તેજન આપવાને બદલે તમારા ઘરની મુશ્કેલીઓ બતાવવા માંડો છો અને સીધી કે આડકતરી રીતે અમારે ત્યાં આવતી રોકવાનો પ્રયત્ન કરો છો.

હું એવા દાખલા તો અત્યારે તમારી સમક્ષ મૂકતો જ નથી કે જ્યાં વ્યવસ્થિત રીતે કન્યાના માનસ ઉપર પણ એના માતાપિતા પ્રત્યે દ્વેષ પ્રગટે એવી અસરો મૂકવામાં આવતી હોય! એ જ રીતે એવા દાખલા પણ મારે યાદ નથી કરવા કે જ્યાં કન્યાની તમામ લાગણી તરફ ક્રૂર બેદરકારી બતાવીને એના માતાપિતાના ઘર સામે નજર નાખવાનું પણ બંધ કરાવવામાં આવ્યું હોય! હું તો સામાન્ય સ્થિતિ કલ્પીને કહું છું કે અમારી પુત્રીની જે લાગણી અમારા પ્રત્યે વહે છે તેને તમે પોષજો અને ઉત્તેજન આપજો, એને રુંધશો નહિ.

કોઇ વાર એવું પણ બને છે કે અમે અમારી પુત્રી પ્રત્યે અમુક લાગણી બતાવતા હોઇએ અને ગમે તે કારણસર જમાઇ પ્રત્યે ઉદાસીન હોઇએ તો તમે અમારી વિરુદ્ધ થઇ જાઓ છો. તમને માન નથી મળતું તો તમે અમારી કન્યાને મળતો પ્રેમ પણ અટકાવવાનો પ્રયાસ કરો છો. હું કબૂલ કરી લઉં છું. કે જ્યાં જમાઇ પ્રત્યે આવી ઉદાસીનતા સેવવામાં આવતી હોય ત્યાં ભૂલ રહેલી છે પરંતુ એ ભૂલ સુધારવાનો માર્ગ કન્યાના માર્ગને રુંધવાનો નથી. જમાઈ પ્રત્યેની લાગણી જો કોઇ દિવસ પ્રગટવાની હોય તો તે કન્યા દ્વારા જ પ્રગટે છે કારણ કે એ સંબંધનુ ઉદ્ભવસ્થાન જ એ છે

બીજી દૃષ્ટિએ પણ આ જ વસ્તુ હું કહેવા ઇચ્છું છું: અમારી પુત્રીની લાગણી તો ન જ રુંધવી જોઇએ, પણ અમારી લાગણીની યે તમારે કદર કરવી જોઇએ. કોઈ વાર પ્રસંગ વિના જ, અમે અમારી દીકરીને બોલાવવા, થોડા દિવસ અમારી સાથે રહેવા ઇચ્છા રાખીએ તો તમારે એ ઇચ્છાને માન આપવું જોઇએ. એ અમારું ફરજંદ છે તે તમારે ન ભૂલવું જોઈએ. માતાપિતા અને બીજાં ભાઇબહેનની આ લાગણી માટે તમને પ્રેમ ઉપજવો જોઇએ.

હવે બીજો દોષ એની બંને બાજુઓ સાથે બતાવું. કેટલાક જમાઈઓ અમારી પાસેથી કેમ વધુમાં વધુ લાભ લેવો એ વૃત્તિ રાખે છે અને કેટલાક અભડાઈ જવાનો ભય હોય એટલા બધા દૂર નાસે છે. આ બંને સ્થિતિ સારી નથી. પહેલી સ્થિતિ વધુ ખરાબ છે અને એ પ્રકારના જમાઈઓની સંખ્યા પણ વિશેષ છે. મને આશ્ચર્ય થાય છે કે આ પ્રકાર જૂના જમાનામાં હતો તે કરતાં આ સુધારાના જમાનામાં અનેક ગણો વધી ગયો છે. કન્યાવિક્રયનું સ્થાન આજે વરવિક્રયે તો લઈ જ લીધું છે પરંતુ દોષ એટલેથી અટક્યો નથી. લગ્ન પછી પણ સસરાને કેમ નીચોવવો એ આજના શિક્ષિત, સંસ્કારી અને સુધારક કહેવાતા જમાઈઓનો મહાન વ્યવસાય થઈ પડ્યો છે. આમાં જુવાન માણસોનો પુરુષાર્થ હણાય છે, પ્રેમનો નાશ થાય છે, પતિ–પત્ની પ્રત્યે પણ સારા સંબંધ રહેતા નથી કારણ કે એની પત્નીએ જ પૈસા લઈ આવવામાં મનેકમને મદદ કરવી પડે છે. પરિણામે આખું ગૃહજીવન ક્લેશમય બની જાય છે.

આવા જમાઈઓને મારે એટલું જ કહેવાનું છે જો ત્રેવડ ન હોય તો એમણે પરણવું જ ન જોઈએ. કોઈ દુર્ભાગી ક્ષણે અમે તમને એવી લાલચો આપીએ તો યે તમારે એમાં ન ફસાવું જોઈએ કારણ કે અંતે તો એનું દુઃખ અમારા કરતાં યે તમારે જ વિશેષ ભોગવવું પડે છે. તમારું આખું જીવન નષ્ટ થાય છે.

સસરા પાસેથી કોઈ પણ સંયોગોમાં મદદ જ ન લઈ શકાય એમ કહેવાનો આશય નથી. જો કે મદદ ન જ લેવી પડે તે ઉત્તમ તો છે જ, પરંતુ મદદ લેવી હોય તો કોઈ ત્રાહિત માણસ પાસે જેમ પોતાની લાયકાત પુરવાર કરવી પડે, પોતાની જરૂરિયાત સાચી છે એમ ઠસાવવું પડે છે તેવું જ આ સંબંધમાં પણ બનવું જોઈએ. કેવળ એની પુત્રી તમારા ઘરમાં છે અને તમે એના ઉપર જુલમ ગુજારી શકો

છો એટલે જ મદદ માગો તો એ વૃત્તિ એક બાજુ કસાઈની છે અને બીજી બાજુ એ એક પ્રકારની હલકાઈ છે. આ· સ્થિતિમાંથી સમજ-પૂર્વક જમાઈઓએ નીકળી જવું જોઈએ.

અભડાઈ જનારાઓનો વર્ગ ઘણો નાનો છે પણ છે તો ખરો જ. આ વર્ગનું માનસ હું સમજી શકું છું. ખોટું અભિમાન જ એને મીઠા અને પ્રેમભર્યા સંબંધથી અળગો રાખે છે. આ અભિમાન તજવું જોઈએ. મદદ આપવી અને લેવી એ તો આ જગતનો સનાતન નિયમ છે. એકમેકને મદદ કરવાથી પ્રેમમાં વૃદ્ધિ થાય છે અને ગૃહજીવનમાં મધુરતા આવે છે.

આ બે મુખ્ય દોષો મેં વર્ણવ્યા તેમાં હું માનું છું કે બધા દોષો, જો તમે અને હું આંખ ઉઘાડી રાખીએ તો જોઈ શકીએ તે આવી જાય છે. એનો પડછાયો પણ તમારા જીવન ઉપર ન પડે એમ હું ઇચ્છું છું. ઉપર લખ્યું તેમ આપણે સાચા અર્થમાં વિશિષ્ટ પ્રકારના પિતા–પુત્ર બનીએ અને બંને કુટુંબોની અંદર પ્રેમની સુવાસ પ્રસરાવીએ.

ચિ. સુકન્યા આ પત્ર વાંચશે જ એમ હું ધારી લઉં છું. એને મારે એટલું જ કહેવાનું છે કે તારો ધર્મ તું પાળજે. બીજા પોતાનો ધર્મ પાળે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરજે, પરંતુ કોઈ દિવસ એ માટે દબાણ કરતી નહિ. ધર્મપાલન બળપૂર્વક કરાવી શકાતું નથી. અંતરના સહકાર વિના જે ફરજ બજાવીએ તેમાં સફળતા ન મળે. એ બધાં તો સુગંધી વિનાનાં કાગળનાં ફૂલ. આપણે એનાથી દૂર રહીએ.

લિ૦.........ના

આશીર્વાદ.

[૫]

વેવાઇને

શ્રીમાન્,

તમને પત્ર લખનાર હું કોણ છું તે પૂછશો જ નહિ. હું તમારો સગો નથી, તમારો વેવાઈ નથી, પણ તમારો એક હિતચિંતક તો છું જ. આ પત્રના વાંચન પછી તમને એમ લાગે કે તમારા હિતની બે વાતો આ પત્રમાં મેં કહી છે તો તેને ગ્રહણ કરી જીવનમાં ઉતારજો અને એમ લાગે કે નકામો બકવાદ જ કર્યો છે તો ફાડીને ફેંકી દેજો. હું ખાતરી આપું છું કે નકામો કાગળ ફાટી જશે તો મને મુદ્દલ અફસોસ નહિ થાય.

આ કાગળ હું તમને, એટલે કે વેવાઈને લખું છું. કઈ રીતે તમે વેવાઈ છો તે જોવાનું કામ મારું નથી. તમે કન્યાના પિતા છો કે વરના તે તમે જાણો, મારે મન તો તમે વેવાઇ છો. તમે તમારી પુત્રી કે પુત્રનું જીવન બીજા સજ્જનના પુત્ર કે પુત્રી સાથે જોડયું છે. આ જોડવામાં તમારો પોતાનો કેટલો હિસ્સો છે તે જોવાનું પણ મારું કામ નથી. હું તો તમે વેવાઈ બન્યા છો એટલું જાણીને આ પત્ર લખી રહ્યો છું.

તમારો સંબંધ બહુ મહત્ત્વનો હું માનું છું. જ્યાં સુધી તમે વેવાઈ બન્યા નથી ત્યાં સુધી તમારા બંને કુટુંબો સમાજના સામાન્ય અંગો જેવાં છે, પરંતુ જે દિવસથી તમે સંબંધ જોડો છો તે દિવસથી તમે વિશિષ્ટ સ્થાન ભોગવવા લાગો છો. એ પછી સમાજમાં તમારે સંયુક્ત રીતે જ ઊભા રહેવું પડે છે.

આપણા સમાજમાં આજે જોઈએ તો વેવાઈઓ વચ્ચે ભાગ્યે જ મીઠા સંબંધો નજરે પડે છે. એ બંને કેમ જાણે ભિન્ન ભિન્ન મોરચા સાચવવા માટે જ ઊભા હોય—એવા લાગે છે. એમની વચ્ચે સગાં થયા પહેલાં જે સામાન્ય સદ્ભાવ હોય છે તે પણ સગપણ પછી ઘણી વાર નાશ પામતો દેખાય છે. બંને વચ્ચે એક વાર ઘનિષ્ટ સંબંધ સ્થપાયા વિના તો તેઓ સ્વેચ્છાએ વેવાઈ બનતા નથી પરંતુ સંબંધ નક્કી થયા પછી બંનેનું અભિમાન એકબીજા સાથે અથડાવા લાગે છે. કોણ મોટો ને કોણ નાનો તેની હરીફાઈ ચાલે છે. એમાં દીકરી અને દીકરાનો બાપ કોણ છે તે વસ્તુ તો અતિ મહત્ત્વની બની જાય છે! બંને પોતાનાં બાળકોને એકબીજાંનાં હાથમાં સોંપી રહ્યા છે અને જગતમાં અપૂર્વ કહેવાય એવો સંબંધ જોડી રહ્યા છે તે વસ્તુ જ સાવ વિસારી દે છે.

આ સ્થિતિનાં કારણો આપણે પહેલાં તપાસવાં જોઈએ. મુખ્ય કારણ તો ગુમાન, મિથ્યા અભિમાન, બીજું કારણ જૂના રીતરિવાજો, ત્રીજું કારણ વર અને કન્યાના બાપની સ્થિતિ વચ્ચેનો પ્રચલિત ભેદ અને ચોથું, જે ઓછું નજરમાં આવે છે છતાં મહત્વનું છે તે વિરોધીઓની ઉશ્કેરણી. આ વિરોધીઓ જ મોટે ભાગે બંને વચ્ચે સમાધાન થવા દેવામાં અંતરાય નાખે છે. વિરોધ ગમે તે કારણે હોય પરંતુ તે વ્યક્ત કરવા માટે અસંસ્કારી લોકો આવા જ માર્ગો શોધે છે.

ઘણી વાર આ વિરોધના મૂળમાં નિરાશા પણ પડેલી હોય છે. અમુક જગ્યાએ પોતાનાં સગાંની પુત્રી આપવી હોય કે છોકરો પરણાવવો હોય એ સ્થળે બીજા કોઈ ફાવી જાય તો તેનાથી સહન થતું નથી. આ નિરાશા વિરોધમાં પરિણમે છે. પોતાના બદલે જે બીજું ઘર પસંદ કરવામાં આવ્યું છે તેની છાની અથવા પ્રગટ નિંદા એ શરૂ કરે

છે. આ માણસ બહુ યુક્તિબાજ હોય તો બીજાઓને સાધીને વિરોધી વાતાવરણ પેદા કરે છે.

આ ચારે ય દોષો દૂર કરવા જોઈએ. તો જ વેવાઈઓ વચ્ચે સ્નેહસંબંધ સ્થપાઈ શકે. વેવાઈઓ જ્યારે વેવાઈ બને ત્યારે એટલું સમજી લે કે બંને કુટુંબોના સુખદુઃખ અને શાન્તિને ઘણો મોટો આધાર તેઓના સંપ ઉપર રહ્યો છે–તો આ દોષ નિવારવાનું અઘરું નથી. વેવાઈઓ વચ્ચેના કલેશમા વહેલા અથવા મોડા પરણેલા યુગલે પણ પડવું જ પડે છે. બેમાંથી એક ઘરનો ત્યાગ કરવાનો અથવા તો સાવ જુદા થઈ જવાનો પ્રસંગ કેટલીક વાર આવા ઝગડામાંથી પણ ઊભો થાય છે. વેવાઈઓ સમજી જાય તો આ સ્થિતિ પલટવાનુ મુશ્કેલ નથી જ.

ઉપર લખેલાં ચાર કારણો જો તમે દૂર કરી નાખો તો બંને કુટુંબ વચ્ચે પ્રેમની લાગણી પ્રગટી શકે એમ છે. અભિમાન દૂર કરવાંનું શી રીતે બની શકે એમ તો તમે નહિ પૂછો એમ માની લઉં છું. એ વૃત્તિ માણસ માત્રમાં હોય છે. જરૂર છે એની મર્યાદા સમજવાની. આપણે બીજાને ભોગે અભિમાન ન રાખવું જોઈએ. અને સતત્ એ વસ્તુ લક્ષમાં રાખવી જોઈએ કે આપણા સગાં મોટાં ગણાય તેમાં આપણી પોતાની પણ શોભા રહેલી છે. બંને કુટુંબો વચ્ચે જ્યારે ઘનિષ્ટ સંબંધ બંધાય ત્યારે બંનેના માનાપમાનનો હિસાબ એક સાથે જ થવો જોઈએ. બંને સમજપૂર્વક વર્તે તો કોઈના અભિમાન ઉપર ઘા પડે નહિ અને સમાજમાં બંને ઉન્નત મસ્તકે રહી શકે.

જૂના રિવાજોમાં જે સ્પષ્ટ રીતે હાનિકારક છે તે દૂર કરી જ નાખવા જોઈએ. આ બાબતમાં બંને વેવાઈઓ વચ્ચે આ યુગમાં

મતભેદ થવાનો સંભવ છે, પરંતુ એ વસ્તુ જો પુત્રપુત્રી ઉપર, પરણનારાંઓ ઉપર છોડી દેવામાં આવે તો મતભેદનો બહુ ઓછો અવકાશ રહેશે. એમ ન જ બની શકે તો છૂટછાટ મૂકી સમાધાન શોધવું જોઈએ. એવું સમાધાન પણ અશક્ય હોય તો અમુક મતભેદ રાખવા છતાં બંનેએ એકબીજાનો વિનય જાળવવો જોઈએ. આ વિનયભાવના જો હોય તો પ્રેમની લાગણીને કદી હાનિ પહોંચે નહિ.

ત્રીજી વસ્તુ પુત્ર-પુત્રીના પિતા વચ્ચેના ભેદની છે. આ યુગમાં આવો ભેદ વધુ બેહૂદો લાગે છે. આ બાબતમાં મુખ્યં ધ્યાન પુત્રના પિતાએ જ રાખવું જોઈએ: જો બે કુટુંબો વચ્ચે સ્નેહગાંઠ મજબૂત કરવી હોય તો પુત્રના પિતાએ કન્યાના પિતાને નિશ્ચિંત બનાવી સમાન માન-આદર આપવાં જોઈએ. આ પ્રકારના વર્તનથી પુત્રના પિતાની આબરૂ વધશે જ.

ચોથી બાબતનો નિકાલ તો સહેલાઈથી લાવી શકાય એમ છે. બીજાની વાતો તરફ દુર્લક્ષ કેળવવું જ જોઈએ. દુનિયા સામે જો બંને એક રૂપે જ ઊભા રહે તો એ નિંદા કરનારાએ ભોંઠા પડીને છેવટ ખસી જાય.

અંતે મારે એટલું જ કહેવાનું છે કે જો સગાં બનો તો સાથોસાથ વહાલાં પણ બનજો. વહાલાં બન્યા વિનાના સગાં માત્ર નામનાં જ સગાં રહે છે. જીવનની ભીડમાં તેઓ એકબીજાને કામ આપવાને બદલે આડકતરી રીતે બોજારૂપ જ બને છે. તમે એ સ્થિતિ તમારા જીવનમાં કદી ન આવવા દો અને સાચાં 'સગાંવહાલાં' બનો એવી આશા સાથે પત્ર પૂરો કરું છું.

લિ૦......ના જયજય

[૬]

સૌ સગાંને

લાંબા સમયથી લખાઈ રહેલી આ પત્રમાળાનું પહેલું વર્ષ આજે પૂરું થાય છે. પહેલું વર્ષ એટલા માટે કે ભવિષ્યમાં પત્રો નહિ જ લખાય એમ તો કેમ કહું? ગ્રંથાવલિના બાર પુસ્તકોની યોજના પ્રમાણે આ છેલ્લા પુસ્તકનું છેલ્લું પ્રકરણ છે માટે મેં એને પહેલું વર્ષ કહ્યું છે. બીજા વર્ષનો આરંભ કેમ કરવો તે મેં વિચારી રાખ્યું છે. આ પત્રો તમને ઉપયોગી જણાયા હશે તો બીજા વર્ષનો 'વાર્તાલાપ' એટલા જ રસ અને ધ્યાનપૂર્વક તમે સાંભળશો એવી હું આશા રાખું છું.

બધા પત્રોને અંતે મારે કંઈક કહેવું એવી ઇચ્છા થાય છે, પણ કહું શું? આ લાંબા પત્રોમાં કહેવાનું બધું કહી દીધું છે. એ પત્રો લખવા પાછળ દૃષ્ટિ કઈ રહી છે તે જણાવું? એમાં શું શું કહ્યું છે તેનો સાર મૂકી દઉં? એમ લાગે છે કે એ બધું નકામું અથવા હવે વધારે પડતું છે.


છતાં એક વાત મારે કહેવી છે, આ પત્રોના વાંચનને અંતે તમારા માનસ ઉપર જે અસર પડી હોય તે મને જણાવશો તો હું તમારો ઉપકાર માનીશ.

અંતમાં, જે મંગલ ભાવના સાથે આ પત્રોનો આરંભ કર્યો છે તે ભાવના સાથે એ પૂર્ણ કરું છું. એ ભાવના છે આપણાં ઊગતાં જતાં કુટુંબોમાં પ્રેમ, ત્યાગ, ઉદારતા, કુશળતા અને

પુરુષાર્થની સ્થાપના થાય. માનવજીવનના વિકાસ માટે જે ગુણો આવશ્યક છે તે બધાંને ખીલવાનો અને ખીલવવાનો જ્યાં પૂર્ણ અવકાશ છે એ કુટુંબ-વાડી નવા યુગના પ્રયોગો ઝીલીને વધુ સુંદર અને વધુ સ-રસ બને.

આ ભાવના સાથે કુટુંબના સર્વ સભ્યોને નમ્રતાપૂર્વક પ્રણામ કરું છું.







ગૃહસ્થ જીવનનું એ રસાયન. એ વિના જીવનના ઝંઝાવાતમાં ઝૂઝવાનું બળ પ્રાપ્ત ન થાય. લગ્નજીવનની સિદ્ધિની પ્રથમ પહેલી શરત અંતરનો પ્રેમ. આ પ્રેમની પરીક્ષા સ્વાર્પણ અને સેવા. લૂંટવાની અને ભોગવવાની વૃત્તિનો સર્વથા અભાવ હોય ત્યાં જ પ્રેમની વીણા અહો-રાત વાગતી રહે અને પ્રેમના દીપક જીવન-માર્ગના અંધારામાં પંથ સૂઝાડતા રહે.

આતિથ્ય

પ્રેમનું જ એક સ્વરૂપ તે આતિથ્ય-ભાવના. અતિથિ જોતાં હૈયું નાચી ઉઠે અને ભેટવાનો મનમાં તલસાટ જાગે તો સમજવું કે ભારત વર્ષના ગૌરવસમી આતિથ્યભાવના હજી જીવે છે. અંતરનો દીવો ઓલવાઈ ગયો હોય ને વ્યવહાર-નાં ધક્કાથી જ જો સત્કાર કરવો પડે તો તે જીવનનું દુર્ભાગ્ય સમજવું. આવું દુર્ભાગ્ય કોઈને પ્રાપ્ત ન થાઓ.

આતિથ્ય . . .



આ ચરાચર સૃષ્ટિની આધારશીલા એ સહકાર. સંયુક્ત કુટુંબની મંગલ ભાવનામાં એનું પ્રથમ સ્થાન છે. એ વિના સંયુક્ત કુટુંબ સંભવી શકે નહિ, પરસ્પરના પ્રેમ–આદર ટકી શકે નહિ, જીવનનો થાક કદી ઉતરે નહિ અને બીજાનો થાક ઉતારવાની પ્રેમભાવના કદી પ્રગટે નહિ. અહોનિશ પરમાત્માને પ્રાર્થીએ કે અમારા ગૃહજીવનમાં સહકારની ભાવના સદાએ જીવતી જાગતી રહે. એ ભાવનાના બળ ઉપર જીવનનો બોજ હળવા ફૂલ જેવો બની રહે.



ઉત્સવ

માનવજીવનના વિકાસમાં ઉત્સવનું અનેરૂં મહત્વ છે. ચાલુ જીવનનો થાક એથી ઉતરે છે અને સાથી ઉત્સવીઓ પ્રત્યે આત્મીયતા કેળવાય છે. 'ગુલામોને ઉત્સવ કેવાં?' એવું બોલી ઉત્સવની નિંદા ન કરીએ, પણ ઉત્સવમાંથી જ ગુલામી ફેડવાનું જોમ મેળવીએ. ઉત્સવને જે પ્રજા તજી દે છે તે આઝાદીને પણ તજી દે છે. મનની મુક્તિ વિના ઉત્સવ ઉજવી શકાય નહિ. સાચા ને ખોટા ઉત્સવની કસોટી એ જ કે એથી જીવનબળમાં વધારો થયો કે ઘટાડો, આશાની વૃદ્ધિ થઈ કે નિરાશાની! જો આશા ને બળ વધતાં હોય તો ઉત્સવમા મચ્યા રહેજો.



એટલે પ્રેમનું પ્રગટીકરણ. દીવો થાય અને અંધારૂં ન ભેદાય તો દીવો દીવો જ નહિ. એ જ રીતે વ્યક્તિ પ્રત્યે કે કુટુંબ પ્રત્યે પ્રેમ હોય તો તેની સેવા કરવાની વૃત્તિ સહજ પેદા થાય. એ સેવાનો થાક કદી લાગે જ નહિ. કુટુંબજીવનમાં સુગંધ પ્રસરાવવાનો આ રાજમાર્ગ છે. આ સેવાવૃત્તિ કુટુંબથી જ અટકી જાય તો ધીમે ધીમે સ્વાર્થવૃત્તિ પોષાય. સેવાને મર્યાદા હોય જ નહિ. શક્તિ અનુસાર એ દીવામાં દીવેલ પૂર્યા જ કરવું ને એનો પ્રકાશ વિશાળમાં વિશાળ પ્રદેશમાં પ્રસરાવવો એ જીવનનો રસ બની જવો ઘટે.



સૌંદર્ય

સૌંદર્ય જેમ દેહનું તેમ દિલનું યે છે. જીવન-પંથમાં લાંબા સમય સુધી તો દિલ જ સાથ આપી શકે છે એ દૃષ્ટિએ એનું મહત્ત્વ વિશેષ છે. સૌંદર્યનું આકર્ષણ સ્વાભાવિક છે. એથી માનવહૈયાને નવું બળ મળવું જોઇએ. એ આકર્ષણ જો પાગલતા પ્રેરે કે જાગૃતિ હરી લે તો બીજા માટે ભલે એ સૌંદર્ય હોય, આપણા માટે તો એ ઇન્દ્રજાળ જ છે. એકને જે સુંદર લાગે તે બીજાને ન લાગે એવો જગતનો અનુભવ છે એટલે અંતરના રસની પરીક્ષા કરીને જ સૌંદર્ય શોધવું જોઇએ.

